"અહો ! શ્રુતજ્ઞાનમ્" ગ્રંથ જીર્ણોદ્ધાર ૧૬૧

# ગિરનાર માહાત્મ્ય

: દ્રવ્ય સહાયક :

પૂ. આ. શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરીશ્વરજી મ.સા. સમુદાયના
દીક્ષા દાનેશ્વરી પૂ. આ. શ્રી ગુણરત્નસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન
પૂ. શ્રી મુનીશરત્નવિજયજી મ.સા.ના શિષ્ય
પૂ. શ્રી કલ્પેશરત્નવિજયજી મ.સા., પૂ. શ્રી યોગેશરત્નવિજયજી મ.સા.
તથા પૂ. શ્રી દક્ષેશરત્નવિજયજી મ.સા.ની પ્રેરણાથી
શ્રી ટાણા જૈન સંઘ, ટાણા (જી. ભાવનગર)
જ્ઞાનખાતાની ઉપજમાંથી

: સંયોજક :

શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૫
(મો.) 9426585904 (ઓ.) 22132543

સંવત ૨૦૬૯ ઈ. ૨૦૧૩

# श्री आशापूरण पार्श्वनाथ जैन ज्ञानभंडार

संयोजक – शाह बाबुलाल सरेमल - (मो.) 9426585904 (ओ.) 22132543 - ahoshrut.bs@gmail.com
शाह वीमळाबेन सरेमल जवेरचंदजी बेडावाळा भवन
हीराजैन सोसायटी, रामनगर, साबरमती, अमदावाद-05.

## अहो श्रुतज्ञानम् ग्रंथ जीर्णोद्धार – संवत २०६५ (ई. 2009) सेट नं.-१

प्रायः अप्राप्य प्राचीन पुस्तकों की स्केन डीवीडी बनाई उसकी सूची। *यह पुस्तके www.ahoshrut.org वेबसाइट से भी डाउनलोड कर सकते हैं।*

| क्रमांक | पुस्तकनुं नाम | कर्त्ता-टीकाकार-संपादक | पृष्ठ |
|---|---|---|---|
| 001 | श्री नंदीसूत्र अवचूरी | पू. विक्रमसूरिजी म.सा. | 238 |
| 002 | श्री उत्तराध्ययन सूत्र चूर्णी | पू. जिनदासगणि चूर्णीकार | 286 |
| 003 | श्री अर्हद्गीता-भगवद्गीता | पू. मेघविजयजी गणि म.सा. | 84 |
| 004 | श्री अर्हच्चूडामणि सारसटीकः | पू. भद्रबाहुस्वामी म.सा. | 18 |
| 005 | श्री यूक्ति प्रकाशसूत्रं | पू. पद्मसागरजी गणि म.सा. | 48 |
| 006 | श्री मानतुङ्गशास्त्रम् | पू. मानतुंगविजयजी म.सा. | 54 |
| 007 | अपराजितपृच्छा | श्री बी. भट्टाचार्य | 810 |
| 008 | शिल्प स्मृति वास्तु विद्यायाम् | श्री नंदलाल चुनिलाल सोमपुरा | 850 |
| 009 | शिल्परत्नम् भाग-१ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 322 |
| 010 | शिल्परत्नम् भाग-२ | श्रीकुमार के. सभात्सव शास्त्री | 280 |
| 011 | प्रासादतिलक | श्री प्रभाशंकर ओघडभाई | 162 |
| 012 | काश्यशिल्पम् | श्री विनायक गणेश आपटे | 302 |
| 013 | प्रासादमञ्जरी | श्री प्रभाशंकर ओघडभाई | 156 |
| 014 | राजवल्लभ याने शिल्पशास्त्र | श्री नारायण भारती गोंसाई | 352 |
| 015 | शिल्पदीपक | श्री गंगाधरजी प्रणीत | 120 |
| 016 | वास्तुसार | श्री प्रभाशंकर ओघडभाई | 88 |
| 017 | दीपार्णव उत्तरार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 110 |
| 018 | જિનપ્રાસાદ માર્તણ્ડ | શ્રી નંદલાલ ચુનીલાલ સોમપુરા | 498 |
| 019 | जैन ग्रंथावली | श्री जैन श्वेताम्बर कोन्फ्रन्स | 502 |
| 020 | હીરકલશ જૈન જ્યોતિષ | શ્રી હિમ્મતરામ મહાશંકર જાની | 454 |
| 021 | न्यायप्रवेशः भाग-१ | श्री आनंदशंकर बी. ध्रुव | 226 |
| 022 | दीपार्णव पूर्वार्ध | श्री प्रभाशंकर ओघडभाई | 640 |
| 023 | अनेकान्त जयपताकाख्यं भाग-१ | पू. मुनिचंद्रसूरिजी म.सा. | 452 |
| 024 | अनेकान्त जयपताकाख्यं भाग-२ | श्री एच. आर. कापडीआ | 500 |
| 025 | प्राकृत व्याकरण भाषांतर सह | श्री बेचरदास जीवराज दोशी | 454 |
| 026 | तत्त्पोपप्लवसिंहः | श्री जयराशी भट्ट, बी. भट्टाचार्य | 188 |
| 027 | शक्तिवादादर्शः | श्री सुदर्शनाचार्य शास्त्री | 214 |
| 028 | क्षीरार्णव | श्री प्रभाशंकर ओघडभाई | 414 |
| 029 | वेधवास्तु प्रभाकर | श्री प्रभाशंकर ओघडभाई | 192 |

| | | | |
|---|---|---|---|
| 030 | **शिल्परत्नाकर** | **श्री नर्मदाशंकर शास्त्री** | **824** |
| 031 | **प्रासाद मंडन** | **पं. भगवानदास जैन** | **288** |
| 032 | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-१** | **पू. लावण्यसूरिजी म.सा.** | **520** |
| 033 | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-२** | **पू. लावण्यसूरिजी म.सा.** | **578** |
| 034 | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-३ (१)** | **पू. लावण्यसूरिजी म.सा.** | **278** |
| 035 | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-3 (२) (३)** | **पू. लावण्यसूरिजी म.सा.** | **252** |
| 036 | **श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-५** | **पू. लावण्यसूरिजी म.सा.** | **324** |
| 037 | વાસ્તુનિઘંટુ | પ્રભાશંકર ઓઘડભાઈ સોમપુરા | 302 |
| 038 | તિલકમઞ્જરી ભાગ-૧ | પૂ. લાવણ્યસૂરિજી | 196 |
| 039 | તિલકમઞ્જરી ભાગ-૨ | પૂ. લાવણ્યસૂરિજી | 190 |
| 040 | તિલકમઞ્જરી ભાગ-૩ | પૂ. લાવણ્યસૂરિજી | 202 |
| 041 | સપ્તસન્ધાન મહાકાવ્યમ્ | પૂ. વિજયઅમૃતસૂરિશ્વરજી | 480 |
| 042 | સપ્તભઙ્ગીમિમાંસા | પૂ. પં. શિવાનન્દવિજયજી | 228 |
| 043 | ન્યાયાવતાર | સતિષચંદ્ર વિદ્યાભૂષણ | 60 |
| 044 | વ્યુત્પત્તિવાદ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 218 |
| 045 | સામાન્યનિર્યુક્તિ ગુઢાર્થતત્ત્વાલોક | શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા) | 190 |
| 046 | સપ્તભઙ્ગીનયપ્રદીપ બાલબોધિનીવિવૃત્તિઃ | પૂ. લાવણ્યસૂરિજી | 138 |
| 047 | વ્યુત્પત્તિવાદ શાસ્ત્રાર્થકલા ટીકા | શ્રીવેણીમાધવ શાસ્ત્રી | 296 |
| 048 | નયોપદેશ ભાગ-૧ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 210 |
| 049 | નયોપદેશ ભાગ-૨ તરઙ્ગિણીતરણી | પૂ. લાવણ્યસૂરિજી | 274 |
| 050 | ન્યાયસમુચ્ચય | પૂ. લાવણ્યસૂરિજી | 286 |
| 051 | સ્યાદ્યાર્થપ્રકાશઃ | પૂ. લાવણ્યસૂરિજી | 216 |
| 052 | દિન શુદ્ધિ પ્રકરણ | પૂ. દર્શનવિજયજી | 532 |
| 053 | બૃહદ્ ધારણા યંત્ર | પૂ. દર્શનવિજયજી | 113 |
| 054 | જ્યોતિર્મહોદય | સં. પૂ. અક્ષયવિજયજી | 112 |

# શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર

**સંયોજક – બાબુલાલ સરેમલ શાહ**

શાહ વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૦૫.

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (ઇ-મેલ) ahoshrut.bs@gmail.com

## અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર – સંવત ૨૦૬૬ (ઈ. ૨૦૧૦) – સેટ નં-૨

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પુસ્તકોને સ્કેન કરાવીને ડી.વી.ડી. બનાવી તેની યાદી.

*આ પુસ્તકો www.ahoshrut.org વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

| ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | કર્તા-ટીકાકાર-સંપાદક | પૃષ્ઠ |
|---|---|---|---|---|
| 055 | श्री सिद्धहेम बृहद्वृत्ति बृहद्न्यास अध्याय-६ | सं | पू. लावण्यसूरिजी म.सा. | 296 |
| 056 | विविध तीर्थ कल्प | सं | पू. जिनविजयजी म.सा. | 160 |
| 057 | ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા | ગુજ. | पू. पूण्यविजयजी म.सा. | 164 |
| 058 | सिद्धान्तलक्षणगूढार्थ तत्त्वलोकः | सं | श्री धर्मदत्तसूरि | 202 |
| 059 | व्याप्ति पञ्चक विवृत्ति टीका | सं | श्री धर्मदत्तसूरि | 48 |
| 060 | જૈન સંગીત રાગમાળા | ગુ. | श्री मांगरोळ जैन संगीत मंडळी | 306 |
| 061 | चतुर्विंशतीप्रबन्ध (प्रबंध कोश) | सं | श्री रसिकलाल एच. कापडीआ | 322 |
| 062 | व्युत्पत्तिवाद आदर्श व्याख्यया संपूर्ण ६ अध्याय | सं | श्री सुदर्शनाचार्य | 668 |
| 063 | चन्द्रप्रभा हेमकौमुदी | सं | पू. मेघविजयजी गणि | 516 |
| 064 | विवेक विलास | सं/ગુ. | श्री दामोदर गोविंदाचार्य | 268 |
| 065 | पञ्चशती प्रबोध प्रबंध | सं | पू. मृगेन्द्रविजयजी म.सा. | 456 |
| 066 | सन्मतितत्त्वसोपानम् | सं | पू. लब्धिसूरिजी म.सा. | 420 |
| 067 | ઉપદેશમાલા દોઘટ્ટી ટીકા ગુર્જરાનુવાદ | ગુજ. | पू. हेमसागरसूरिजी म.सा. | 638 |
| 068 | मोहराजापराजयम् | सं | पू. चतुरविजयजी म.सा. | 192 |
| 069 | क्रियाकोश | सं/हिं | श्री मोहनलाल बांठिया | 428 |
| 070 | कालिकाचार्यकथासंग्रह | सं/ગુ. | श्री अंबालाल प्रेमचंद | 406 |
| 071 | सामान्यनिरुक्ति चंद्रकला कलाविलास टीका | सं. | श्री वामाचरण भट्टाचार्य | 308 |
| 072 | जन्मसमुद्रजातक | सं/हिं | श्री भगवानदास जैन | 128 |
| 073 | मेघमहोदय वर्षप्रबोध | सं/हिं | श्री भगवानदास जैन | 532 |
| 074 | જૈન સામુદ્રિકનાં પાંચ ગ્રંથો | ગુજ. | श्री हिम्मतराम महाशंकर जानी | 376 |

| | | | | |
|---|---|---|---|---|
| 075 | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૧ | ગુજ. | **श्री साराभाई नवाब** | 374 |
| 076 | જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૨ | ગુજ. | **श्री साराभाई नवाब** | 238 |
| 077 | સંગીત નાટ્ય રૂપાવલી | ગુજ. | **श्री विद्या साराभाई नवाब** | 194 |
| 078 | ભારતનાં જૈન તીર્થો અને તેનું શિલ્પસ્થાપત્ય | ગુજ. | **श्री साराभाई नवाब** | 192 |
| 079 | શિલ્પ ચિન્તામણિ ભાગ-૧ | ગુજ. | **श्री मनसुखलाल भुदरमल** | 254 |
| 080 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૧ | ગુજ. | **श्री जगन्नाथ अंबाराम** | 260 |
| 081 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૨ | ગુજ. | **श्री जगन्नाथ अंबाराम** | 238 |
| 082 | બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૩ | ગુજ. | **श्री जगन्नाथ अंबाराम** | 260 |
| 083 | આયુર્વેદના અનુભૂત પ્રયોગો ભાગ-૧ | ગુજ. | **पू. कान्तिसागरजी** | 114 |
| 084 | કલ્યાણ કારક | ગુજ. | **श्री वर्धमान पार्श्वनाथ शास्त्री** | 910 |
| 085 | **विश्वलोचन कोश** | सं./हिं | **श्री नंदलाल शर्मा** | 436 |
| 086 | કથા રત્ન કોશ ભાગ-1 | ગુજ. | **श्री बेचरदास जीवराज दोशी** | 336 |
| 087 | કથા રત્ન કોશ ભાગ-2 | ગુજ. | **श्री बेचरदास जीवराज दोशी** | 230 |
| 088 | હસ્તસઞ્જીવનમ્ | સં. | **पू. मेघविजयजीगणि** | 322 |
| 089 | ઐન્દ્રચતુર્વિંશતિકા | સં. | **पू.यशोविजयजी, पू. पुण्यविजयजी** | 114 |
| 090 | સમ્મતિ તર્ક મહાર્ણવાવતારિકા | સં. | **आचार्य श्री विजयदर्शनसूरिजी** | 560 |

# श्री आशापूरण पार्श्वनाथ जैन ज्ञानभंडार

संयोजक – शाह बाबुलाल सरेमल - (मो.) 9426585904 (ओ.) 22132543 - ahoshrut.bs@gmail.com
शाह वीमळाबेन सरेमल जवेरचंदजी बेडावाळा भवन
हीराजैन सोसायटी, रामनगर, साबरमती, अमदावाद-05.

## अहो श्रुतज्ञानम् ग्रंथ जीर्णोद्धार – संवत २०६७ (ई. 2011) सेट नं.-३

प्रायः अप्राप्य प्राचीन पुस्तकों की स्केन डीवीडी बनाई उसकी सूची। *यह पुस्तके www.ahoshrut.org वेबसाइट से भी डाउनलोड कर सकते हैं।*

| क्रम | पुस्तक नाम | कर्त्ता / टीकाकार | भाषा | संपादक / प्रकाशक | पृष्ठ |
|---|---|---|---|---|---|
| 91 | स्याद्वाद रत्नाकर भाग-१ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 272 |
| 92 | स्याद्वाद रत्नाकर भाग-२ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 240 |
| 93 | स्याद्वाद रत्नाकर भाग-३ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 254 |
| 94 | स्याद्वाद रत्नाकर भाग-४ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 282 |
| 95 | स्याद्वाद रत्नाकर भाग-५ | वादिदेवसूरिजी | सं. | मोतीलाल लाघाजी पुना | 118 |
| 96 | पवित्र कल्पसूत्र | पुण्यविजयजी | सं./अं | साराभाई नवाब | 466 |
| 97 | समराङ्गण सूत्रधार भाग-१ | भोजदेव | सं. | टी. गणपति शास्त्री | 342 |
| 98 | समराङ्गण सूत्रधार भाग-२ | भोजदेव | सं. | टी. गणपति शास्त्री | 362 |
| 99 | भुवनदीपक | पद्मप्रभसूरिजी | सं. | वेंकटेश प्रेस | 134 |
| 100 | गाथासहस्त्री | समयसुंदरजी | सं. | सुखलालजी | 70 |
| 101 | भारतीय प्राचीन लिपीमाला | गौरीशंकर ओझा | हिन्दी | मुन्शीराम मनोहरराम | 316 |
| 102 | शब्दरत्नाकर | साधुसुन्दरजी | सं. | हरगोविन्ददास बेचरदास | 224 |
| 103 | सुबोधवाणी प्रकाश | न्यायविजयजी | सं./गु | हेमचंद्राचार्य जैन सभा | 612 |
| 104 | लघु प्रबंध संग्रह | जयंत पी. ठाकर | सं. | ओरीएन्ट इन्स्टीट्युट बरोडा | 307 |
| 105 | जैन स्तोत्र संचय-१-२-३ | माणिक्यसागरसूरिजी | सं, | आगमोद्धारक सभा | 250 |
| 106 | सन्मति तर्क प्रकरण भाग-१,२,३ | सिद्धसेन दिवाकर | सं. | सुखलाल संघवी | 514 |
| 107 | सन्मति तर्क प्रकरण भाग-४,५ | सिद्धसेन दिवाकर | सं. | सुखलाल संघवी | 454 |
| 108 | न्यायसार – न्यायतात्पर्यदीपिका | सतिषचंद्र विद्याभूषण | सं. | एसियाटीक सोसायटी | 354 |
| 109 | जैन लेख संग्रह भाग-१ | पुरणचंद्र नाहर | सं./हि | पुरणचंद्र नाहर | 337 |
| 110 | जैन लेख संग्रह भाग-२ | पुरणचंद्र नाहर | सं./हि | पुरणचंद्र नाहर | 354 |
| 111 | जैन लेख संग्रह भाग-३ | पुरणचंद्र नाहर | सं./हि | पुरणचंद्र नाहर | 372 |
| 112 | जैन धातु प्रतिमा लेख भाग-१ | कांतिविजयजी | सं./हि | जिनदत्तसूरि ज्ञानभंडार | 142 |
| 113 | जैन प्रतिमा लेख संग्रह | दौलतसिंह लोढा | सं./हि | अरविन्द धामणिया | 336 |
| 114 | राधनपुर प्रतिमा लेख संदोह | विशालविजयजी | सं./गु | यशोविजयजी ग्रंथमाळा | 364 |
| 115 | प्राचिन लेख संग्रह-१ | विजयधर्मसूरिजी | सं./गु | यशोविजयजी ग्रंथमाळा | 218 |
| 116 | बीकानेर जैन लेख संग्रह | अगरचंद नाहटा | सं./हि | नाहटा ब्रधर्स | 656 |
| 117 | प्राचीन जैन लेख संग्रह भाग-१ | जिनविजयजी | सं./हि | जैन आत्मानंद सभा | 122 |
| 118 | प्राचिन जैन लेख संग्रह भाग-२ | जिनविजयजी | सं./हि | जैन आत्मानंद सभा | 764 |
| 119 | गुजरातना ऐतिहासिक लेखो-१ | गिरजाशंकर शास्त्री | सं./गु | फार्बस गुजराती सभा | 404 |
| 120 | गुजरातना ऐतिहासिक लेखो-२ | गिरजाशंकर शास्त्री | सं./गु | फार्बस गुजराती सभा | 404 |
| 121 | गुजरातना ऐतिहासिक लेखो-३ | गिरजाशंकर शास्त्री | सं./गु | फार्बस गुजराती सभा | 540 |
| 122 | ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-१ | पी. पीटरसन | अं. | रॉयल एशियाटीक जर्नल | 274 |
| 123 | ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-४ | पी. पीटरसन | अं. | रॉयल एशियाटीक जर्नल | 414 |
| 124 | ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-५ | पी. पीटरसन | अं. | रॉयल एशियाटीक जर्नल | 400 |
| 125 | कलेक्शन ऑफ प्राकृत एन्ड संस्कृत इन्स्क्रीप्शन्स | पी. पीटरसन | अं. | भावनगर आर्चीऑलॉजीकल डिपा. | 320 |
| 126 | विजयदेव माहात्म्यम् | जिनविजयजी | सं. | जैन सत्य संशोधक | 148 |

# श्री आशापूरण पार्श्वनाथ जैन ज्ञानभंडार

संयोजक – शाह बाबुलाल सरेमल - (मो.) 9426585904 (ओ.) 22132543 - ahoshrut.bs@gmail.com

**शाह वीमळाबेन सरेमल जवेरचंदजी बेडावाळा भवन**

हीराजैन सोसायटी, रामनगर, साबरमती, अमदावाद-05.

## अहो श्रुतज्ञानम् ग्रंथ जीर्णोद्धार – संवत २०६८ (ई. 2012) सेट नं.-४

**प्रायः अप्राप्य प्राचीन पुस्तकों की स्केन डीवीडी बनाई उसकी सूची । *यह पुस्तके www.ahoshrut.org वेबसाइट से भी डाउनलोड कर सकते हैं ।***

| क्रम | पुस्तक नाम | कर्त्ता / संपादक | भाषा | प्रकाशक | पृष्ठ |
|---|---|---|---|---|---|
| 127 | महाप्रभाविक नवस्मरण | साराभाई नवाब | गुज. | साराभाई नवाब | 754 |
| 128 | जैन चित्र कल्पलता | साराभाई नवाब | गुज. | साराभाई नवाब | 84 |
| 129 | जैन धर्मनो प्राचीन इतिहास भाग-२ | हीरालाल हंसराज | गुज. | हीरालाल हंसराज | 194 |
| 130 | ओपरेशन इन सर्च ओफ सं. मेन्यु. भाग-६ | पी. पीटरसन | अंग्रेजी | एशियाटीक सोसायटी | 171 |
| 131 | जैन गणित विचार | कुंवरजी आणंदजी | गुज. | जैन धर्म प्रसारक सभा | 90 |
| 132 | दैवज्ञ कामधेनु (प्राचिन ज्योतिष ग्रंथ) | शील खंड | सं. | ब्रज. बी. दास बनारस | 310 |
| 133 | करण प्रकाशः | ब्रह्मदेव | सं./अं. | सुधाकर द्विवेदि | 276 |
| 134 | न्यायविशारद महो. यशोविजयजी स्वहस्तलिखित कृति संग्रह | यशोदेवसूरिजी | गुज. | यशोभारती प्रकाशन | 69 |
| 135 | भौगोलिक कोश-१ | डाह्याभाई पीतांबरदास | गुज. | गुजरात वर्नाक्युलर सोसायटी | 100 |
| 136 | भौगोलिक कोश-२ | डाह्याभाई पीतांबरदास | गुज. | गुजरात वर्नाक्युलर सोसायटी | 136 |
| 137 | जैन साहित्य संशोधक वर्ष-१ अंक-१, २ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 266 |
| 138 | जैन साहित्य संशोधक वर्ष-१ अंक-३, ४ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 244 |
| 139 | जैन साहित्य संशोधक वर्ष-२ अंक-१, २ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 274 |
| 140 | जैन साहित्य संशोधक वर्ष-२ अंक-३, ४ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 168 |
| 141 | जैन साहित्य संशोधक वर्ष-३ अंक-१, २ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 282 |
| 142 | जैन साहित्य संशोधक वर्ष-३ अंक-३, ४ | जिनविजयजी | हिन्दी | जैन साहित्य संशोधक पुना | 182 |
| 143 | नवपदोनी आनुपूर्वी भाग-१ | सोमविजयजी | गुज. | शाह बाबुलाल सवचंद | 384 |
| 144 | नवपदोनी आनुपूर्वी भाग-२ | सोमविजयजी | गुज. | शाह बाबुलाल सवचंद | 376 |
| 145 | नवपदोनी आनुपूर्वी भाग-३ | सोमविजयजी | गुज. | शाह बाबुलाल सवचंद | 387 |
| 146 | भाषवति | शतानंद मारछता | सं./हि | एच.बी. गुप्ता एन्ड सन्स बनारस | 174 |
| 147 | जैन सिद्धांत कौमुदी (अर्धमागधी व्याकरण) | रत्नचंद्र स्वामी | प्रा./सं. | भैरोदान सेठीया | 320 |
| 148 | मंत्रराज गुणकल्प महोदधि | जयदयाल शर्मा | हिन्दी | जयदयाल शर्मा | 286 |
| 149 | फक्कीका रत्नमंजूषा-१, २ | कनकलाल ठाकूर | सं. | हरिकृष्ण निबंध | 272 |
| 150 | अनुभूत सिद्ध विशायंत्र (छ कल्प संग्रह) | मेघविजयजी | सं./गुज | महावीर ग्रंथमाळा | 142 |
| 151 | सारावलि | कल्याण वर्धन | सं. | पांडुरंग जीवाजी | 260 |
| 152 | ज्योतिष सिद्धांत संग्रह | विश्वेश्वरप्रसाद द्विवेदी | सं. | ब्रीजभूषणदास बनारस | 232 |
| 153 | ज्ञान प्रदीपिका तथा सामुद्रिक शास्त्रम् | रामव्यास पान्डेय | सं. | जैन सिद्धांत भवन | 160 |
| | **नूतन संकलन** | | | | |
| १ | आ. चंद्रसागरसूरिजी ज्ञानभंडार – उज्जैन | हस्तप्रत सूचीपत्र | हिन्दी | श्री आशापुरण पार्श्वनाथ जैन ज्ञानभंडार | |
| २ | श्री गुजराती श्वे.मू. जैन संघ-हस्तप्रत भंडार – कलकत्ता | हस्तप्रत सूचीपत्र | हिन्दी | श्री आशापुरण पार्श्वनाथ जैन ज्ञानभंडार | |

# श्री आशापूरण पार्श्वनाथ जैन ज्ञानभंडार

**संयोजक – शाह बाबुलाल सरेमल - (मो.) 9426585904 (ओ.) 22132543 - ahoshrut.bs@gmail.com**

**शाह वीमळाबेन सरेमल जवेरचंदजी बेडावाळा भवन**

हीराजैन सोसायटी, रामनगर, साबरमती, अमदावाद-05.

## अहो श्रुतज्ञानम् ग्रंथ जीर्णोद्धार – संवत २०६९ (ई. 2013) सेट नं.-५

**प्रायः अप्राप्य प्राचीन पुस्तकों की स्केन डीवीडी बनाई उसकी सूची। *यह पुस्तके www.ahoshrut.org वेबसाइट से भी डाउनलोड कर सकते हैं।***

| क्रम | पुस्तक नाम | कर्त्ता / संपादक | विषय | भाषा | संपादक / प्रकाशक | पृष्ठ |
|---|---|---|---|---|---|---|
| 154 | उणादि सूत्रो ओफ हेमचंद्राचार्य | पू. हेमचंद्राचार्य | व्याकरण | संस्कृत | जोहन क्रिष्टे | 304 |
| 155 | उणादि गण विवृत्ति | पू. हेमचंद्राचार्य | व्याकरण | संस्कृत | पू. मनोहरविजयजी | 122 |
| 156 | प्राकृत प्रकाश-सटीक | भामाह | व्याकरण | प्राकृत | जय कृष्णदास गुप्ता | 208 |
| 157 | द्रव्य परिक्षा और धातु उत्पत्ति | ठक्कर फेरू | धातु | संस्कृत /हिन्दी | भंवरलाल नाहटा | 70 |
| 158 | आरम्भसिध्धि – सटीक | पू. उदयप्रभदेवसूरिजी | ज्योतीष | संस्कृत | पू. जितेन्द्रविजयजी | 310 |
| 159 | खंडहरो का वैभव | पू. कान्तीसागरजी | शील्प | हिन्दी | भारतीय ज्ञानपीठ | 462 |
| 160 | बालभारत | पू. अमरचंद्रसूरिजी | काव्य | संस्कृत | पं. शीवदत्त | 512 |
| 161 | गिरनार माहात्म्य | दौलतचंद परषोत्तमदास | तीर्थ | संस्कृत /गुजराती | जैन पत्र | 264 |
| 162 | गिरनार गल्प | पू. ललितविजयजी | तीर्थ | संस्कृत/गुजराती | हंसकविजय फ्री लायब्रेरी | 144 |
| 163 | प्रश्नोत्तर सार्ध शतक | पू. क्षमाकल्याणविजयजी | प्रकरण | हिन्दी | साध्वीजी विचक्षणाश्रीजी | 256 |
| 164 | भारतिय संपादन शास्त्र | मूलराज जैन | साहित्य | हिन्दी | जैन विद्याभवन, लाहोर | 75 |
| 165 | विभक्त्यर्थ निर्णय | गिरिधर झा | न्याय | संस्कृत | चौखम्बा प्रकाशन | 488 |
| 166 | व्योम वती-१ | शिवाचार्य | न्याय | संस्कृत | संपूर्णानंद संस्कृत युनिवर्सिटी | 226 |
| 167 | व्योम वती-२ | शिवाचार्य | न्याय | संस्कृत | संपूर्णानंद संस्कृत विद्यालय | 365 |
| 168 | जैन न्यायखंड खाद्यम् | उपा. यशोविजयजी | न्याय | संस्कृत /हिन्दी | बद्रीनाथ शुक्ल | 190 |
| 169 | हरितकाव्यादि निघंटू | भाव मिश्र | आयुर्वेद | संस्कृत /हिन्दी | शीव शर्मा | 480 |
| 170 | योग चिंतामणि-सटीक | पू. हर्षकीर्तिसूरिजी | आयुर्वेद | संस्कृत /हिन्दी | लक्ष्मी वेंकटेश प्रेस | 352 |
| 171 | वसंतराज शकुनम् | पू. भानुचन्द्र गणि टीका | ज्योतिष | संस्कृत | खेमराज कृष्णदास | 596 |
| 172 | महाविद्या विडंबना | पू. भुवनसुन्दरसूरि टीका | ज्योतिष | संस्कृत | सेन्ट्रल लायब्रेरी | 250 |
| 173 | ज्योतिर्निबन्ध | शिवराज | ज्योतिष | संस्कृत | आनंद आश्रम | 391 |
| 174 | मेघमाला विचार | पू. विजयप्रभसूरिजी | ज्योतिष | संस्कृत/गुजराती | मेघजी हीरजी | 114 |
| 175 | मुहूर्त चिंतामणि-सटीक | रामकृत प्रमिताक्षय टीका | ज्योतिष | संस्कृत | अनूप मिश्र | 238 |
| 176 | मानसोल्लास सटीक-१ | भुलाकमल्ल सोमेश्वर | ज्योतिष | संस्कृत | ओरिएन्ट इन्स्टीट्यूट | 166 |
| 177 | मानसोल्लास सटीक-२ | भुलाकमल्ल सोमेश्वर | ज्योतिष | संस्कृत | ओरिएन्ट इन्स्टीट्यूट | 368 |
| 178 | ज्योतिष सार प्राकृत | भगवानदास जैन | ज्योतिष | प्राकृत/हिन्दी | भगवानदास जैन | 88 |
| 179 | मुहूर्त संग्रह | अंबालाल शर्मा | ज्योतिष | गुजराती | शास्त्री जगन्नाथ परशुराम द्विवेदी | 356 |
| 180 | हिन्दु एस्ट्रोलोजी | पिताम्बरदास त्रीभोवनदास | ज्योतिष | गुजराती | पिताम्बरदास टी. महेता | 168 |

# श्री आशापूरण पार्श्वनाथ जैन ज्ञानभंडार

संयोजक – शाह बाबुलाल सरेमल - (मो.) 9426585904 (ओ.) 22132543. E-mail : ahoshrut.bs@gmail.com
शाह विमळाबेन सरेमल जवेरचंदजी बेडावाळा भवन
हीराजैन सोसायटी, रामनगर, साबरमती, अमदावाद-380005.

## अहो श्रुतज्ञानम् ग्रंथ जीर्णोद्धार – संवत २०७१ (ई. 2015) सेट नं.-६

**प्रायः अप्राप्य प्राचीन पुस्तकों की डिजिटाइझेशन द्वारा डीवीडी बनाई उसकी सूची।**

***यह पुस्तके www.ahoshrut.org वेबसाइट से भी डाउनलोड कर सकते हैं।***

| क्रम | पुस्तक नाम | कर्त्ता / टिकाकार | विषय | भाषा | संपादक / प्रकाशक | पृष्ठ |
|---|---|---|---|---|---|---|
| 181 | काव्यप्रकाश भाग-१ | पूज्य मम्मटाचार्य कृत | | संस्कृत | पूज्य जिनविजयजी | 364 |
| 182 | काव्यप्रकाश भाग-२ | पूज्य मम्मटाचार्य कृत | | संस्कृत | पूज्य जिनविजयजी | 222 |
| 183 | काव्यप्रकाश उल्लास-२ अने ३ | उपा. यशोविजयजी | | संस्कृत | यशोभारति जैन प्रकाशन समिति | 330 |
| 184 | नृत्यरत्न कोश भाग-१ | श्री कुम्भकर्ण नृपति | | संस्कृत | श्री रसीकलाल छोटालाल | 156 |
| 185 | नृत्यरत्न कोश भाग-२ | श्री कुम्भकर्ण नृपति | | संस्कृत | श्री रसीकलाल छोटालाल | 248 |
| 186 | नृत्याध्याय | श्री अशोकमलजी | | संस्कृत /हिन्दी | श्री वाचस्पति गैरोभा | 504 |
| 187 | संगीरत्नाकर भाग-१ सटीक | श्री सारंगदेव | | संस्कृत/अंग्रेजी | श्री सुब्रमण्यम शास्त्री | 448 |
| 188 | संगीरत्नाकर भाग-२ सटीक | श्री सारंगदेव | | संस्कृत/अंग्रेजी | श्री सुब्रमण्यम शास्त्री | 444 |
| 189 | संगीरत्नाकर भाग-३ सटीक | श्री सारंगदेव | | संस्कृत/अंग्रेजी | श्री सुब्रमण्यम शास्त्री | 616 |
| 190 | संगीरत्नाकर भाग-४ सटीक | श्री सारंगदेव | | संस्कृत/अंग्रेजी | श्री सुब्रमण्यम शास्त्री | 632 |
| 191 | संगीत मकरन्द | नारद | | संस्कृत | श्री मंगेश रामकृष्ण तेलंग | 84 |
| 192 | संगीत नृत्य अने नाट्य संबंधी जैन ग्रंथो | श्री हीरालाल कापडीया | | गुजराती | मुक्ति-कमल-जैन मोहन ग्रंथमाला | 244 |
| 193 | न्यायबिंदु सटीक | पूज्य धर्मोतराचार्य | | संस्कृत | श्री चंद्रशेखर शास्त्री | 220 |
| 194 | शीघ्रबोध भाग-१ थी ५ | पूज्य ज्ञानसुन्दरजी | | हिन्दी | सुखसागर ज्ञान प्रसारक सभा | 422 |
| 195 | शीघ्रबोध भाग-६ थी १० | पूज्य ज्ञानसुन्दरजी | | हिन्दी | सुखसागर ज्ञान प्रसारक सभा | 304 |
| 196 | शीघ्रबोध भाग-११ थी १५ | पूज्य ज्ञानसुन्दरजी | | हिन्दी | सुखसागर ज्ञान प्रसारक सभा | 446 |
| 197 | शीघ्रबोध भाग-१६ थी २० | पूज्य ज्ञानसुन्दरजी | | हिन्दी | सुखसागर ज्ञान प्रसारक सभा | 414 |
| 198 | शीघ्रबोध भाग-२१ थी २५ | पूज्य ज्ञानसुन्दरजी | | हिन्दी | सुखसागर ज्ञान प्रसारक सभा | 409 |
| 199 | अध्यात्मसार सटीक | पूज्य गंभीरविजयजी | | संस्कृत/गुजराती | नरोत्तमदास भानजी | 476 |
| 200 | छन्दोनुशासन | एच. डी. वेलनकर | | संस्कृत | सिंघी जैन शास्त्र शिक्षापीठ | 444 |
| 201 | मग्गानुसारिया | श्री डी. एस शाह | | संस्कृत/गुजराती | ज्ञातपुत्र भगवान महावीर ट्रस्ट | 146 |

# श्री आशापूरण पार्श्वनाथ जैन ज्ञानभंडार

**संयोजक – शाह बाबुलाल सरेमल -** (मो.) 9426585904 (ओ.) 22132543. E-mail : ahoshrut.bs@gmail.com

**शाह विमळाबेन सरेमल जवेरचंदजी बेडावाळा भवन**

हीराजैन सोसायटी, रामनगर, साबरमती, अमदावाद-380005.

## अहो श्रुतज्ञानम् ग्रंथ जीर्णोद्धार – संवत २०७२ (ई. 201६) सेट नं.-७

**प्रायः अप्राप्य प्राचीन पुस्तकों की डिजिटाइझेशन द्वारा डीवीडी बनाई उसकी सूची ।**

| क्रम | पुस्तक नाम | कर्त्ता / टिकाकार | भाषा | संपादक / प्रकाशक | पृष्ठ |
|---|---|---|---|---|---|
| 202 | आचारांग सूत्र भाग-१ निर्युक्ति+टीका | श्री शीलंकाचार्य | गुजराती | श्री माणेक मुनि | 285 |
| 203 | आचारांग सूत्र भाग-२ निर्युक्ति+टीका | श्री शीलंकाचार्य | गुजराती | श्री माणेक मुनि | 280 |
| 204 | आचारांग सूत्र भाग-३ निर्युक्ति+टीका | श्री शीलंकाचार्य | गुजराती | श्री माणेक मुनि | 315 |
| 205 | आचारांग सूत्र भाग-४ निर्युक्ति+टीका | श्री शीलंकाचार्य | गुजराती | श्री माणेक मुनि | 307 |
| 206 | आचारांग सूत्र भाग-५ निर्युक्ति+टीका | श्री शीलंकाचार्य | गुजराती | श्री माणेक मुनि | 361 |
| 207 | सुयगडांग सूत्र भाग-१ सटीक | श्री शीलंकाचार्य | गुजराती | श्री माणेक मुनि | 301 |
| 208 | सुयगडांग सूत्र भाग-२ सटीक | श्री शीलंकाचार्य | गुजराती | श्री माणेक मुनि | 263 |
| 209 | सुयगडांग सूत्र भाग-३ सटीक | श्री शीलंकाचार्य | गुजराती | श्री माणेक मुनि | 395 |
| 210 | सुयगडांग सूत्र भाग-४ सटीक | श्री शीलंकाचार्य | गुजराती | श्री माणेक मुनि | 386 |
| 211 | सुयगडांग सूत्र भाग-५ सटीक | श्री शीलंकाचार्य | गुजराती | श्री माणेक मुनि | 351 |
| 212 | रायपसेणिय सूत्र | श्री मलयगिरि | गुजराती | श्री बेचरदास दोशी | 260 |
| 213 | प्राचीन तीर्थमाळा भाग-१ | आ.श्री धर्मसूरि | सं./गुजराती | श्री यशोविजयजी ग्रंथमाळा | 272 |
| 214 | धातु पारायणम् | श्री हेमचंद्राचार्य | संस्कृत | आ. श्री मुनिचंद्रसूरि | 530 |
| 215 | सिद्धहेम शब्दानुशासन लघुवृत्ति भाग-१ | श्री हेमचंद्राचार्य | सं./गुजराती | श्री बेचरदास दोशी | 648 |
| 216 | सिद्धहेम शब्दानुशासन लघुवृत्ति भाग-२ | श्री हेमचंद्राचार्य | सं./गुजराती | श्री बेचरदास दोशी | 510 |
| 217 | सिद्धहेम शब्दानुशासन लघुवृत्ति भाग-३ | श्री हेमचंद्राचार्य | सं./गुजराती | श्री बेचरदास दोशी | 560 |
| 218 | तार्किक रक्षा सार संग्रह | आ. श्री वरदराज | संस्कृत | राजकीय संस्कृत पुस्तकालय | 427 |
| 219 | वादार्थ संग्रह भाग-१ (स्फोट तत्त्व निरूपण, स्फोट चन्द्रिका, प्रतिपादिक संज्ञावाद, वाक्यवाद, वाक्यदीपिका) | विविध कर्ता | संस्कृत | महादेव शर्मा | 88 |
| 220 | वादार्थ संग्रह भाग-२ (षट्कारक विवेचन, कारक वादार्थ, समासवादार्थ, वकारवादार्थ) | विविध कर्ता | संस्कृत | महादेव शर्मा | 78 |
| 221 | वादार्थ संग्रह भाग-३ (वादसुधाकर, लघुविभक्त्यर्थ निर्णय, शाब्दबोधप्रकाशिका) | विविध कर्ता | संस्कृत | महादेव शर्मा | 112 |
| 222 | वादार्थ संग्रह भाग-४ (आख्यात शक्तिवाद छः टीका) | रघुनाथ शिरोमणि | संस्कृत | महादेव शर्मा | 228 |

( શ્રી જૈન ગ્રંથાવલી નં. ૧૩ )

# ગીરનાર માહાત્મ્ય

અનેક ગ્રંથોને આધારે,

બનાવનાર,

દોલતચંદ પુરૂષોત્તમ બરોડીઆ. બી. એ.

સુધારા વધારા સહિત બીજી આવૃત્તિ.

वीतरागः पुनर्देवो निर्ग्रंथा गुरुवस्तथा
दया प्रधानो यो धर्मः सम्यकत्व मिदमुच्यते.

પ્રકટ કર્તા

માલીક "જૈન" મુંબઈ.

શ્રી જૈન પ્રિંટીંગ વર્કસ લી૦

શને ૧૯૧૦ વીર સંવત ૨૪૩૬

સંવત ૧૯૬૬

કિંમત મુલ્ય રૂ ૧॥.

Aho ! Shrutgyanam

संशोध्यातिपरिश्रमेण नितरां चार्वक्षरै र्मुद्रयते
स्यात्तत्रापि च किंचिदीक्षणगतोन्मादादशुध्धं यदी
क्षांत्वा शोध्यमुदारबुध्धि विभवैः प्रज्ञैःकृपादृष्टीतो
मिथ्यादुष्कृतमस्तु नम्रवचसा संप्रार्थये सज्जनान् ॥ १ ॥

अनर्घ्य मपिमाणिक्यं हेमाश्रयमपेक्षते
अनाश्रया न शोभंते पंडिता वनिता लताः ॥

Aho ! Shrutgyanam

# અર્પણ પત્રિકા.

## મુરબ્બી પુજ્ય ડૅાકટર સાહેબ,

### જમનાદાસ પ્રેમચંદ નાણાવટી.

એલ-એમ-એન્ડ-એસ. અમદાવાદ.

મહાશય,

જૈન કોમમાં જુનામાં જુના દાકતર આપ છો, અને મદ્રાસ યુનિવર્સીટીની મ્હોટી દાકતરી પરિક્ષા પાસ કરી આપે ચિકિત્સિક તરીકેના ધંધાને ઘણી સારી રીતે ખીલવ્યો છે અને અનેક નવા ઉપાયોથી સેંકડો જનોને જીવનદાન આપ્યું છે; વળી વિદ્યાવીલાસી હોઇ દયાળુ અને પરગજુ છો-તેમજ જે સ્વતંત્રતા તમો ધરાવો છો તે એક નમુનારૂપ છે. આવા અનેક ગુણોને લઇને તેમજ ગયા વર્ષમાં મને અને મારા કુટુંબને આપની ચિકિત્સાથી જે જીવનદાન મળ્યું હું માનુછું-તેમજ છેલ્લા દસ વર્ષથી વખતો વખત જે ઉત્તમ સલાહ તમે આપો છો તે બધાનો બદલો જો કે આવા સમર્પણથી વળે તેમ નથી છતાં કાંઇક-યત્કિંચીત યાદગીરી રહે તેવા વિચારથી આ પુસ્તક આપશ્રીને અર્પણ કરી સંતોષ માનુછું.

જૈન ઓફીસ.<br>ચૈત્ર સુદ ૮.<br>સંવત ૧૯૬૬<br>મુંબઇ

હું છું આપનો સદાનો આભારી<br>સેવક<br>ભગુ ફતેહચંદ કારભારી

Aho ! Shrutgyanam

# જૈન પત્ર તરફથી અપાયેલી ભેટો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | શ્રીપાળ ... ... ... ... | | ૧ | ૮ | ૦ |
| ૨ | શ્રાદ્ધવિધિ ... ... ... | | ૨ | ૦ | ૦ |
| ૩ | અર્હન્નીતિ ... ... ... ... | | ૧ | ૮ | ૦ |
| ૪ | શત્રુંજયમાહાત્મ્ય ... ... ... | | ૨ | ૦ | ૦ |
| ૫ | હરી વિક્રમ ચરિત્ર ... ... ... | | ૧ | ૮ | ૦ |
| ૬ | સ્ત્રીનો સાથી ... ... ... | | ૧ | ૦ | ૦ |
| ૭ | પ્રદ્યુમ્ન ચરિત્ર ... ... ... | | ૧ | ૮ | ૦ |
| ૮ | ગિરનાર માહાત્મ્ય ... ... ... | | ૧ | ૮ | ૦ |
| ૯ | અહેવાલે કોન્ફરન્સ ... ... | મુંબઇ | ૦ | ૫ | ૦ |
| ૧૦ | ,, ... ... | વડોદરા | ૦ | ૬ | ૦ |
| ૧૧ | ,, ... ... | પાટણ | ૦ | ૬ | ૦ |
| ૧૨ | ,, ... ... | અમદાવાદ | ૦ | ૬ | ૦ |
| ૧૩ | ,, ... ... | ભાવનગર | ૦ | ૬ | ૦ |
| ૧૪ | ,, ... ... | પુના | ૦ | ૬ | ૦ |

Aho ! Shrutgyanam

# પ્રસ્તાવના.

**જૈન** પત્રની આ સાતમાં વર્ષની ભેટ છે. **જૈન** પત્ર એ સામાન્ય પ્રજા માટેનું વર્તમાન પત્ર નથી, પણ તે **જૈન** કોમના સવાલો ચર્ચા-વવા માટે **જૈન** પ્રજામાં ધર્મની લાગણી પ્રદીપ્ત કરવા માટે અને **જૈન** ભાઇઓ અને બ્હેનોમાં વાંચન વૃધ્ધી થાય તેમજ **જૈન** મુનિ-રાજો અને **જૈન** વિદ્વાનોના અરસ પરસના વિચારો **જૈન** કોમ જાણે તે માટે એક સાધન રૂપ પત્ર છે. અને આ સાધન આ પત્રે કેટલા-દરજ્જે પાર પાડ્યું છે, તે તેની સાત વર્ષની કાર્કીર્દી પુરવાર કરી આપે છે.

માત્ર એકલું દર અઠવાડિયે પત્ર આપી બેસી રહેવ નો વિચાર તેના પ્રવર્તકોએ શરૂઆતથી રાખ્યો નથી પણ પત્ર સાથે દર વર્ષે ઉત્તમ પુસ્તકો આપી સસ્તુ વાંચન ફેલાવવાનો ઉદેશ પણ આ પત્ર પ્રવર્તકોનો છે. આજ લગણુ અપાયેલા પુસ્તકોમાં શ્રીપાળ, હરિ વિક્રમ ચરિત્ર અને પ્રધુમ્ન ચરિત્ર એ ઉત્તમ ચરિત્રના પુસ્તકો છે અને આવા પુસ્તકોના વાંચનથી મનુષ્ય પોતાનું ચારિત્ર સુધારી પોતાનો આ ભવ અને પરભવ સુધારે છે. જેમ ચારિત્રના પુસ્તકો પોતાના સુધારા માટે ઉત્તમ છે તેવીજ રીતે તિર્થમહિમાના પુસ્તકો મનુષ્યને ધર્મ પર શ્રધ્ધાવાન કરવા ઉત્તમ છે આવા કાંઇ વિચારથી અમે **શત્રુંજય માહાત્મ્ય** જેવું

Aho ! Shrutgyanam

સર્વોત્તમ માહાત્મ્ય દર્શાવનાર પુસ્તક અમારા વાંચનારાઓને માત્ર નામની કિમતે આપી અમે બતાવી આપ્યું છે કે જે સભાઓ પાસે હજારો રૂપિયા છે છતાં તેઓ દશ અને પંદર વર્ષની અંદર જેટલી નકલો વહેંચી શક્યા નથી તેથી ત્રણુ ઘણી નકલો જૈન પત્ર માત્ર ત્રણુ વર્ષમાં તેના ગ્રાહકોને આપી શક્યું છે અને આ મોંઘી કીમતે વેચાતા પુસ્તક સાથ આ પુસ્તક સરખાવતાં તે કોઇ રિતે ઉતરતું નથી તે દરેક વાંચનાર સારી પેઠે જાણી શકે છે. જેમ શ્રીશત્રંજ્ય મ્હોટું છે તેમ સૌરાષ્ટ્રમાં ગિરનાર પણુ આપણું એક તિર્થ છે અને હાલમાં ગિરનાર ઉપર જુનાગઢનાં નવાબ તરફથી જે અનર્થ થાય છે તેવા સમયમાં આ તિર્થનો મહિમા જાણવા આ પુસ્તક ઉપયોગી થઇ પડે તેવા કાંઇ ઇરાદાથી અમે આ પુસ્તકના કર્તા અમારા મુરબ્બી ગુરૂ સમાન પુજ્ય શ્રી માસ્તર દોલતચંદ પુરૂષોત્તમ બરોડીયા બી. એ. પાસે પ્રસિધ્ધ કરી જૈન પત્રના ગ્રાહકોને કેવળ ભેટ આપવા પરવાનગીમાગી. જે તેમણે ઘણી ખુશીની સાથ આપી એટલુંજ નહી પણુ પ્રથમ આવૃત્તિ જે લગભગ ૧૮-૨૦ વર્ષ ઉપર છપાવી હતી તે સુધારી આપી. આ માટે અમે જેમ તેમના આભારી છીએ તેમ જૈન કોમ પણુ તેમની આભારી છે. આવા પુસ્તકથી તિર્થ મહીમા જણાય છે અને તેથી ધર્મ ઉપર શ્રધ્ધા થાય છે.

આમ ચારિત્ર અને તિર્થ મહીમાના ગ્રંથો ઉપરાંત નિતિ અને વ્યવહારનું જ્ઞાન થાય તેટલા માટે અર્હન્નિતિ જેવું પુસ્તક અમોએ ભેટ આપ્યું છે. અને તે પુસ્તકની નકલો જૈન કાયદા તરીકે કોર્ટોમાં પણુ રજુ થવા લાગી છે. આ શિવાય બીજો

સાથી, નામનું પુસ્તક આપી અમે સકળ ગુજરાતી વાંચનાર પ્રજાની સેવા બજાવી છે અને તેની ત્રણુ હજાર નકલો થોડા વખતમાં ખપી ગઇ છે તેજ તેની ઉપયોગીતા બતાવે છે. મારા પુજ્ય સ્નેહી મુરબ્બી વૈદ્ય જટાશંકર તે પુસ્તકની નવી આવૃત્તિ કાઢનાર છે તેજ માત્ર તેનો વિષેશ પુરાવો છે.

આમ પત્ર સાથે પુસ્તકો ભેટ આપી અમો **જૈન** કોમ જે વિદ્યાની બાબતમાં પછાત છે તે કોમની યથાશકિત સેવા બજાવી છે અને આ અમારા કાર્યમાં .અમને અમારા અનેક વિદ્વાનો લેખદ્વારા સ્હાય કરે છે તેમજ પૂજ્ય મુનિમાહારાજાઓ પણુ વખતો વખત સલાહ અને લેખથી અમને ઉ-તેજીત કરે છે તેમનો આ પ્રસંગે અંતઃકરણ પૂર્વક ઉપકાર માનીએ છીએ અને અમારા કેટલાક શ્રીમાન મિત્રો જેઓ દ્રવ્યની જરૂર પડે મદદ કરે છે તેમનો ઉપકાર માનવો આ પ્રસંગે ભૂલાવો જોઇતો નથી.

દરેક **જૈન** બંધુએ જાણુવું જોઇએ કે **જૈન** પત્ર એ અમારી કમાણીનું સાધન નથી--જે કાંઈ વિદ્યા પ્રાપ્ત કરી અમે સંપાદન કર્યું છે તેને લાભ અમારી કોમને આપવો તે અમારૂં કર્ત્તવ્ય સમજીએ છીએ અને આ ક-ર્તવ્યને લઇનેજ અમો આ પત્રને પોષીએ છીએ પણ તે સાથે **જૈન** કોમે સારી પેઠે જાણુવું કે આવા કોમી પત્રો કોમના આશ્રયથીજ ઉછરે છે અને આવો આશ્રય આપવો તે દરેક **જૈન** બંધુની ફરજ છે. આ માટે દરેક મહારાજાએ આ પત્રના ફેલાવા માટે શ્રાવક બંધુઓને ઇસારો કરવો

Aho ! Shrutgyanam

જોઇએ છે અને દરેક જૈન બંધુએ એક બીજાને ભલામણ કરી પોતાના પત્રને વિશેષ બલવત્તર કરવું અવશ્યનું છે.

પત્રને સાત વર્ષ થયાં છે અને તેથી તે વિષે વધુ કહેવું તે માત્ર આત્મપ્રસંશા કરવા જેવું છે. માટે દરેક જૈનબંધુ આ પત્ર પોતાનું પત્ર સમજી પોતાથી બને તેવી રિતે પત્રને સ્હાય કરી અમને વિશેષ ઉપયોગી થવા કર્ત્તવ્યવાન થશે.

જે જે બંધુઓ અમને આ પત્ર ચલાવવામાં સ્હાય કરે છે તેમનો આ પ્રસંગે અંતઃકરણથી ઉપકાર માનીએ છીએ.

આ પુસ્તકના પ્રુફ વાંચવામાં મી• ઉમેદચંદ દોલતચંદ બરોડીઆ બી. એ., અને મારા મદદનીશ ભાઇ ભીમજી હરજીવને જે શ્રમ લીધો છે તે; માટે તેમના અમો અંતઃકરણથી આભારી છીએ.

મુંબાઈ જૈન ઓફીસ,<br>
૧૨, બેંક સ્ટ્રીટ-કોટ.<br>
ચૈત્ર સુદી ૨<br>
વીર સં. ૨૪૩૫.

**માલીક; જૈન.**

Aho ! Shrutgyanam

# અનુક્રમણિકા.

ઉપોદ્ઘાત—યાત્રાળુઓને ઉપયોગી પ્રકીર્ણ બાબતો, શીલા લેખો, ટુંકોના ઐતિહાસિક વૃતાંતો, ડુંગર વિષયક દંતકથાઓ, દર્શનીય સ્થાનો, ઇત્યાદિ ... ... ...૧–૫૪
ગીરનાર છત્રીશી ... ... ... ... ૫૫
ગીરનાર તથા જુનાગઢનું સૌંદર્ય (અંગ્રેજી કાવ્ય) ... ... ૫૯

## ગીરનાર માહાત્મ્ય.

અરિષ્ટનેમી અધિકાર ... ... ... ... ૭
દ્વારિકાની ઉત્પત્તિ ... ... ... ... ૯
નેમિનાથને વિવાહ પ્રેરણા ... ... ... ... ૧૪
નેમિનાથ દીક્ષાગ્રહણ ... ... ... ... ૨૬
અંબિકા ચરિત્ર... ... ... ... ... ૨૮
ગોમેધ યક્ષની વાર્તા ... ... ... ... ૪૩
વરદત વ્યાખ્યાન... ... ... ... ... ૪૫
રત્નસાર કથા ... ... ... ... ... ૫૦
હાથી પગલાંના કુંડનો ઇતિહાસ ... ... ... ૫૬
વસિષ્ઠ ચરિત્ર ... ... ... ... ૫૭
શંભુ ચરિત્ર ... ... ... ... ... ૬૦
શત્રુંજય ઉધ્ધાર ... ... ... ૬૨

Aho ! Shrutgyanam

| | | | |
|---|---|---|---|
| દ્વારિકાનો દાહ | ... | ... | ... ૬૪ |
| દામોદર તથા રેવતી માહાત્મ્ય | ... | ... | ... ૯૭ |
| મૃગીકુંડનું માહાત્મ્ય | ... | ... | ... ૯૯ |
| ભવનાથ માહાત્મ્ય | ... | ... | ...૧૦૨ |
| દાન માહાત્મ્ય | ... | ... | ...૧૦૩ |
| ગૌમુખી ગંગાનું માહાત્મ્ય | ... | ... | ...૧૦૪ |
| ગજપદ માહાત્મ્ય | ... | ... | ...૧૦૫ |
| વનથલી માહાત્મ્ય | ... | ... | ...૧૦૬ |
| સ્વર્ણ રેખાનું માહાત્મ્ય | ... | ... | ...૧૦૭ |
| દાતારનું માહાત્મ્ય | ... | ... | ...૧૦૭ |
| અંબીકા માહાત્મ્ય | ... | ... | ...૧૦૮ |
| જીર્ણદુર્ગ માહાત્મ્ય | ... | ... | ...૧૦૯ |
| વસીષ્ઠ માહાત્મ્ય | ... | ... | ...૧૧૦ |
| પર્વત માહાત્મ્ય | ... | ... | ...૧૧૦ |
| જ્ઞાન માહાત્મ્ય | ... | ... | ...૧૧૦ |
| ગાયનું માહાત્મ્ય | ... | ... | ...૧૧૧ |
| ગીરનારા બ્રાહ્મણોનું માહાત્મ્ય | ... | ... | ...૧૧૨ |
| પચીસ તત્વનું માહાત્મ્ય | ... | ... | ...૧૧૩ |
| સૌરાષ્ટ્રનો ઇતીહાસ | ... | ... | ...૧૧૩ |
| એક શીલાલેખની નકલ | ... | ... | ...૧૩૬ |
| અશોકની આજ્ઞાઓનો અનુવાદ | ... | ... | ...૧૭૦ |
| સ્કંદ ગુપ્તના લેખનું ભાષાંતર | ... | ... | ...૧૭૮ |
| રૂદ્ર દામાના લેખનું ભાષાંતર | ... | ... | ...૧૮૧ |

Aho ! Shrutgyanam

## કહો સાહેબ કયું ઉત્તમ? કહેવું કે કરી બતાવવું.?

# "ઉદ્યોગ વિના ઉદય નથી!"

એમ જો જૈન કોમનું માનવું હોય તો શા માટે તેઓ જૈન ઉદ્યોગ ખીલવવા તરફ પુરતું લક્ષ આપતા નથી!!!

સૌથી પહેલું! સ્વદેશી! ને ગંજાવર સર્વોત્તમ તિજોરી-તાળાં બનાવવાનું જૈન કારખાનું મેસર્સ આર. સી. મહેતાની તિજોરીઓ તથા તાળાનાં ગુજરાત ખાતેનાં લાખો માણસો એકે અવાજે વખાણ કરે છે તેનું કારણ શું?

### કારણ એજ કે?

તા. ૧૦-૪-૧૦ ના રોજ વડોદરામાં શ્રીમંત સપતરાવ ગાયકવાડ ના પ્રમુખપણા નીચે ભરાયલાં દેશી તીજોરી તાળાંના પ્રદર્શનમાં મુકાયલી, ખરી કુંચીથી ખોલી આપનારને રૂ ૫૦૦) ઇનામના જાહેર ચેલેંજથી મુકાયલી અને કોઈ પણ કારીગરથી નહી ખોલી શકાયલી સર્વો-તમ તીજોરીએ બધા મેકરો ઉપર સર્વો પરિપણું મેળવ્યું છે. વળી દરેક જૈન દેરાસરો-ઉપાશ્રયો-ને જાહેર જૈન સંસ્થાઓને ખાસ ટાડેલા ભાવે તીજોરીઓ પુરી પાડવા મી. મેહતા તૈયાર થયા છે.

તો દરેક જઇન બંધુ-જવેરી અગર શ્રીમંત શા માટે નીચેને ઠેકાણેથી તિજોરી તાળાં નહી ખરીદે વારૂ ?!!

(કારખાનું પાલણપુર)

| | |
|---|---|
| હરિસીંગ એમ. ની કું<br>રાજમહેલ રોડ<br>વડોદરા.<br>એજંટસ | ગુજરાતના સોલ એજંટસ<br>**મેસર્સ-અમ. એમ વકીલની કંપની**<br>સ્વદેશી ફેન્સી માલ ના વેપારીઓ<br>રીચીરોડ—અમદાવાદ. |


Aho ! Shrutgyanam

**મહારાજા વસંત માલતી દવા સરકારમાં રજીસ્ટર થએલી છે અને તેનો સરકારી રજીસ્ટર નંબર ૧૦૯ છે.**

# મહારાજા વંસત માલતી

રાજા મહારાજાઓ, નવાબ સાહેબો તથા ઉમરાઓ અને પઇપાદાર લોકો જેઓ કીંમતી દવાઓની કદર જાણે છે તથા વાપરે છે તેઓને માલમ હોય છે કે **મહારાજા વસંતમાલતી** દવા કેવી ઉમદા દવા છે આ દવાને શકિતની દવાનો રાજા કહીએ તોપણ ચાલે, કારણ કે આ **માલતી** દવા જેઓ એકવાર વાપરે છે તેઓ બીજી તાકાતની દવા પસંદ કરતા નથી. **મહારાજા વસંત માલતી**માં જે જે દેશી દવાઓ આવે છે તેનાં વખાણ મોટા વઇદકના સંસ્કૃત ગ્રંથો અને વિદ્વાન વઇદો તો એટલે સુધી જણાવે છે કે આ વનસ્પતીઓ અમૃત સમાન છે. તો પછી એવી બહુજ કીંમતી અને ઉપયોગી અમૃત જેવી વનસ્પતીઓમાંથી બનાવેલ આ દવા અકસીર હોય તેમાં કશી નવાઇ નથી આ દવા શકિત અને વીર્યનો અખુટ ભંડાર છે, કારણ ગુમાવેલી તાકાતને પાછી લાવી ખરૂં પુરૂષાતન આપવું એ આ દવાનો ખાસ ગુણ છે. કોઇપણ કારણથી ગુમાવેલી તાકાતને પાછી લાવી સંસાર સુખ ભોગવવા માટે શરીર બહુ જોરાવર બનાવે છે. નવું લોહી અને નવું વીર્ય પુરતા જથ્થામાં બનાવી ખરી મરદાઇ આપે છે. આ દવા વાપરવામાં કોઇપણ જાતની પરેજીની જરૂર નથી તથા ગમે તે મોસમમાં વાપરી શકાય છે. ૫૦ ગોલીની ડબી એકના રૂપીઆ પચીશ પોસ્ટ ખર્ચ જુદું.

## ડાક્ટર કાલીદાસ મોતીરામ.

રાજકોટ—કાઠીયાવાડ.

Aho ! Shrutgyanam

# શ્રી જૈન જ્ઞાન પ્રસારક મંડળ.

આ મંડળ આઠ વર્ષ થયા સ્થપાયું છે અને જૈન ધર્મના સસ્તાં પુસ્તકો બ્હાર પાડવાનો પ્રથમ પ્રયાસ કરી બીજાઓને તેના પગલે ચાલતા કર્યા છે વળી જૈન ધર્મનાં મુળ પુસ્તકો છાપવાની શરૂઆત કરી બીજી સઘળી જૈન સંસ્થાઓને તેવાં પુસ્તકો પ્રસિધ્ધ કરવા લલચાવી છે આ મંડળે અત્યાર સુધી નીચેના પુસ્તકો બ્હાર પાડયાં છે જે દરેક જૈન સંસ્થાને અવશ્ય ખરીદવાં જોઇએ. છે:-

| | | | |
|---|---|---|---|
| પૃથ્વી સ્થીર પ્રકાશ | ૧- ૪-૦ | પર્યુષણ પર્વ માહાત્મ્ય | ૦- ૨-૦ |
| શ્રાધ્ધ વિધિ | ૨- ૦-૦ | સઝાય પદ સંગ્રહ | ૦-૧૦-૦ |
| શત્રુંજય માહાત્મ્ય | ૨- ૦-૦ | સોમ સોભાગ્ય કાવ્ય | ૦-૧૨-૦ |
| હરિ વિક્રમ ચરિત્ર | ૧- ૮-૦ | શ્રાવક પ્રજ્ઞપ્તી | ૦-૧૦-૦ |
| અર્હન્નીતિ | ૧- ૮-૦ | સમરાદિત્ય સંક્ષિપ્ત | ૨- ૮-૦ |
| પ્રતિક્રમણ સૂત્ર મૂળ | ૦-૧૨-૦ | તત્ત્વ વિચાર | ૦- ૪-૦ |
| પ્રતિક્રમણ સૂત્રાર્થ | ૦- ૮-૦ | ષટ્ પુરૂષ ચરિત્ર | ૦- ૪-૦ |
| દેવસીરાઇ પ્રતિક્રમણ | ૦- ૨-૦ | સત્ય સ્વરૂપ | ૦- ૪-૦ |
| ,, વિધિ સહીત | ૦- ૩-૦ | સ્તોત્ર સંગ્રહ | ૦- ૩-૦ |
| જૈન લગ્ન વિધિ | ૦- ૧-૦ | શીલવતીનો રાસ | ૧- ૪-૦ |
| લગ્ન ગિત | ૦- ૦ ૬ | પૂજા સંગ્રહ (છપાય છે). | |

મળવાનું ઠેકાણું:-શા. **મેઘજી હીરજીની કું. પાયધુણી-મુંબઈ.**

**જૈન પત્રની ઓફીસ કોટ—મુંબઈ.**

**આ પુસ્તકોનો નફો જ્ઞાનવર્ધક થાય તેવાં પુસ્તકો છપાવવામાંજ વપરાય છે.**

Aho ! Shrutgyanam

# મગુભાઈ ફતેહચંદ કારભારી કૃત પુસ્તકો.

| | | | |
|---|---|---|---|
| લંગડો જરવાસ ... ... ... ... | ૦ | ૮ | ૦ |
| લંડન રાજ્ય રહસ્ય ... ... ... ... | ૧ | ૮ | ૦ |
| લંડન રહસ્ય... ... ... ... ... | ૧ | ૪ | ૦ |
| કુમુદા ... ... ... ... ... | ૦ | ૮ | ૦ |
| નશીબ અને ઉદ્યોગ ... ... ... ... | ૦ | ૩ | ૦ |
| Jain Philosophy ... ... ... | ૧ | ૮ | ૦ |
| બિપિનચંદ્રપાલના ભાષણો ... ... ... | ૦ | ૬ | ૦ |

## સ્વામી વિવેકાનંદના ભાષણો.

| | | | |
|---|---|---|---|
| સનાતન હિન્દુ ધર્મ ... ... ... ... | ૦ | ૧ | ૦ |
| કર્મયોગ ... ... ... ... ... | ૦ | ૧૦ | ૦ |
| રાજયોગ ... ... ... ... ... | ૧ | ૪ | ૦ |
| પાતાંજલ યોગદર્શન ... ... ... ... | ૦ | ૧૨ | ૦ |

---

| | | | |
|---|---|---|---|
| સ્ટુડન્ટસ અં. ગુ. ડિક્ષનરી ( મ્હોટી )... ... | ૩ | ૦ | ૦ |
| ,, ( ન્હાની )... ... | ૨ | ૦ | ૦ |
| સ્ટાર ,, ,, ... ... | ૦ | ૧૦ | ૦ |
| સ્ટુડન્ટસ ગુ. અં. ડિક્ષનરી ... ... | ૩ | ૮ | ૦ |

## છાપવાના ગ્રંથો

ટોડ રાજસ્થાન.
જ્ઞાનયોગ
જૈનદર્શન
સતિ કે શંખણી!
રંગમ્હોલની રાણી

મળવાનું ઠેકાણું:—મેસર્સ એન. એમ. ત્રીપાઠીની કં.
કાલબાદેવી રોડ, મુંબઈ
તથા મેસર્સ મેઘજી હીરજીની કં.
પાયધોણી મુંબઈ.

Aho ! Shrutgyanam

# ઉપોદ્ઘાત.

અતીત, અનાગતને વર્તમાનકાળના અનંત તીર્થંકર, આ અવસર્પિણીના ચોવીસ અરિહંતના ૧૪૫૨ ગણેશ, ૨૮૪૮૦૦૦ સાધુ, ૪૪૪૬૪૦૬ સાધ્વી તથા વાગીશ્વરી દેવીને ત્રિકરણ શુદ્ધિથી નમસ્કાર કરી વાચકવર્ગને સવિનય વિદિત કરૂં છું કે શ્રી પરબ્રહ્મ પરમાત્માના પ્રસાદથી મને જે પુસ્તકો પ્રાપ્ત થયાં તેના આધારે મેં આ ગ્રંથ લખ્યો છે. તે છતાં અલ્પજ્ઞાનથી અથવા મતિ વિભ્રમથી કદાપી ઉત્સૂત્ર કે શુદ્ધ માર્ગની વિરૂદ્ધ લખાયું હોય તો આરંભમાંજ હું મિથ્યા મે દુષ્કૃતં ( મિચ્છામિ દુક્કડં ) કરૂં છું. ને સર્વ સાહેબોની ક્ષમા યાચી વિજ્ઞાપના કરૂં છું કે તેઓ હંસની માફક સારનું ગ્રહણ કરી મારા દોષ મનેજ દર્શાવશે તો હું અતિ આભારી થઇશ.

જ્યારે હિમાદ્રિનું અવરેસ્ટશૃંગ ૨૯૦૦૦ ફુટ ઉચું છે, જૈન લોકોનો પવિત્ર અર્બુદ ૫૬૫૦ ફુટ ઉંચો છે, બંગાળાનો પારસનાથ અથવા સમેતશિખરના અભિધાનથી ઓળખાતો પર્વત ૪૫૦૦ ફુટ તથા પાલીતાણાનો શેત્રુંજય ૧૯૭૭ ફુંટ ઉંચો છે, ત્યારે જીર્ણદુર્ગ[1] જેને આધુનિકકાળના એક કવિએ કાશીની માશી કહેલી છે તેની પૂર્વદિશાએ આવેલો ગિરિનાર ગિરિ ૩૬૬૬ ફુટ ઉંચો છે. દ્વારિકા નગરી, જ્યાં હલધર ભ્રાતા ગિરિધરે કાલકુંવરના પ્રચંડ કોપથી મથુરા

---

१ आदौ मणिपुरं नाम चंद्रकेतुपुरं स्मृतं
तृतीयं रैवतं नाम कलौ पौरातनपुरं

Aho ! Shrutgyanam

પુરીનો ત્યાગ કરી કરોડો યાદવો સહિત આવીને આશ્રય લીધો હતો; ઉષ્ણ વારિવાળા સાત કુંડવાળું તુલશીશ્યામ જ્યાં એમ કહેવાય છે કે કૃષ્ણ*દામોદરે જાલંદર દૈત્યની રૂપાળી સ્ત્રી તુલસીને ભ્રષ્ટ કરી તેના વાળની તુલસી બનાવી ભક્તપુરૂષોમાં તેની પાવનતા પ્રખ્યાત કરી; માધવપુર, જ્યાં બલરામબાંધવે સ્વપરાક્રમથી દુષ્મનના દળમાંથી રૂક્મિણીનું હરણ કરી તેનું કરપીડન કર્યું હતું; સોમનાથ, જેનો ઇ. સ. ૧૦૨૪માં મહમદ ધઝનીએ નાશ કર્યો, તથા જ્યાં મહાદેવનાં દ્વાદશ* લિંગમાંનું એક લિંગ સર્વદા પ્રકાશે છે; પ્રાચીકુંડ, જ્યાં વૈષ્ણવ લોકો પાણી વડે પીંપળાનું પૂજન કરી શ્રાદ્ધથી પિતૃવર્ગને તૃપ્ત કરી પ્રેતાદિને નસાડી મૂકે છે; ભદ્રાવતી, જે સૂર્યની પુત્રી કહેવાય છે અને નવીબંદર આગળ પોતાના પ્રિયપતિ સાગરને મળે છે; ગઢડા, જ્યાં અર્વાચીન સમયમાં સ્વામિનારાયણે પોતાની મુખ્ય ગાદી સ્થાપી છે; સિદ્ધાચલ, જે સ્વર્ગપુરીની શોભાથી પરિપૂર્ણ છે, તથા જ્યાં નેમિનાથ શિવાયના ત્રેવીસ જીનેશ્વરોનું આગમન થયું હતું; ઇત્યાદિ અનેક તીર્થરૂપી અલંકારોથી સુશોભિત થયેલા સૌરાષ્ટ્ર દેશમાં સવ માનવોને મોક્ષનગરનો માર્ગ બતાવી સંસાર

---

* દશ અવતાર—૧. મત્સ્ય. ૨. કૂર્મ. ૩. વરાહ. ૪. નરસિંહ. ૫. વામન. ૬. પરશુરામ. ૭. રામચંદ્ર. ૮. કૃષ્ણ. ૯. બુદ્ધ. ૧૦. કલ્કી.

* ૧૨ શિવલિંગનાં નામ—મહાકાલ (ઉજ્જન), કેદારેશ (હિમાલય) વિશ્વેશ્વર (કાશી), સોમનાથ (પાટણ), ઓંકારેશ્વર (નર્મદા), ત્ર્યંબકેશ્વર (નર્મદા), વૈદ્યનાથ (દેવગઢ), ભીમશંકર (રાજમહેંદ્રિ), અમરેશ્વર (ઉજ્જન) રામેશ્વર (મદુરા), મલ્લિકાર્જુન (તૈલંગણ) અને ગૌતમેશ.

Aho ! Shrutgyanam

સમુદ્રમાંથી તારવાને તત્પર એવો ચાર નદી ને ચાર ડુંગરોથી વીંટાયલો ઉજ્જયંત પર્વત છે. ડાબી બાજુ તરફથી લખનાર, દાઢી રાખનાર, આથમતા રવિને પૂજનાર ને વામપાર્શ્વનાં બોરીઆંવાળાં અંગરક્ષક પહેરનાર મુસલમાન લોકો પણ ગ્રેનીટ પ્રસ્તરના ગિરનાર શિખરીને તેમજ રામંડલિકના વખતમાં સિંધના નગરઠઠ્ઠાથી પીરપટ્ટાએ મોકલેલા જીમીયલશાપીરનો જ્યાં કિલ્લો છે એવા [1]દાતારના સુંદર ડુંગરને અત્યંત પવિત્ર ગણે છે, તેથી ભારતવર્ષ માં ભારે ભપકાથી દીપાયમાન તથા પ્રતિદિન સવાશેર સુવર્ણનું દાન આપે છે એવી જનકથા જેના વિશે ચાલે છે એવો આ જીવતો પ્રાચીનકાળનો જ્વાળામુખી પર્વત પોતાના પુણ્ય સ્પર્શથી મહી માતાને મંડન કરી રહ્યો છે, અને છાયા વડે પણ સ્પર્શ કરનાર પ્રાણિઓને સુખની પરંપરાનો સ્વાદ ચખાડી રહ્યો છે.

શાંતિનું સરોવર, આનંદનો અર્ણવ ને શોક તિમિર હરનાર સવિતા એવો સર્વ દૈવત રૈવતાચલ છે કે જ્યાં આવતી ઉત્સર્પિણીના ૨૪ તીર્થંકરોમાંથી ૨૨ તીર્થંકરો મુક્તિ પામશે.

દર્શનીય દેવાલયો, ગુહ્ય ગુફાઓ, અસલી શિલાલેખો, ચમત્કારિક ઔષધિઓ, સુવર્ણરજ, અબરખ, રક્તમૃત્તિકા ઈત્યાદિ વસ્તુઓ જ્યાં જોવામાં આવે છે એવા ગીરનાર પર્વતનો ચઢાવ શહેરથી આશરે અઢી માઇલ ઉપર શરૂ થાય છે. મનોરંજક નવીન મકાનોની ભવ્યશોભાથી જેને નવાગઢ કહેવાનું મન થાય છે એવું આ જુનાગઢ શહેર કાઠીઆવાડ દ્વીપકલ્પના દક્ષિણ ભાગમાં દરીઆ કિનારેથી

---

૧. ૩૭૭૯ ફુટ ઉંચો.

Aho ! Shrutgyanam

વીસ માઇલને અંતરે આવેલું છે. તેના ઉત્તર અક્ષાંસ ૨૧°૧′ ને પૂર્વ રેખાંશ ૭૦°૧૩′ છે.

વઢવાણથી ૧૬૮½ માઇલ તથા ભાવનગરથી ૧૨૬¾ માઇલ દૂર આવેલા રેલવે સ્ટેશનથી નીકળી રમણિક તથા રાક્ષસી રેગેટમાં દાખલ થઇ, મનુષ્યને ઉલ્લાસ ઉપજાવે એવા મનોહર મુકબરાઓને દક્ષિણ બાજુએ મૂકી ગંજાવર જેલ તરફની નવી સડક પકડી, જમણા હાથ તરફનો બજારમાં જવાનો રસ્તો છોડી દઇ, બારોબાર જઇએ તો શ્રાવક લોકોનાં દેવાલયો તથા અમદાવાદના નગર શેઠ પ્રેમાભાઇ હેમાભાઇ તથા બાબુની ધર્મશાળાઓ આવે છે. ત્યાં આગળ ઉપરકોટ[1] નામનો પુરાતન ને કદાવર કિલ્લો પ્રવાસી જનની નજરે પડે છે. તેની આસપાસ ઘણી ગુફાઓ વાળી જબરી ઝાડી આવી રહેલી છે. આ કિલ્લામાં અસલી ભોંયરાં, ઉંડા કુવા જેવા અનાજના કોઠારો, [2]અડીચડીની વાવ, ૧૭૧ ફૂટ ઉંડો અને ૨૩૦ પગથીઆ વાળો નોંઘણ કૂવો, રા. મહીપાલના દીકરા મંડલીકનો સંવત્ ૧૫૦૭ નો લેખ, પાણીની ટાંકીઓ વીગેરે ઘણું જોવા લાયક છે. ઉપરકોટમાં ઇજીપ્ટ દેશમાં સને ૧૫૩૩ માં બનાવેલી લીલમ તોપ છે, તેની

---

૧ ખોરાસનના શાહ કાલયવનની બીકથી નાસીને યાદવરાજા ઉગ્રસેને આ કિલ્લો પ્રથમ બાંધ્યો. તેને સંવત્ ૧૫૦૭માં મંડળીક રાજાએ સમરાવ્યો. પછી સંવત્ ૧૬૯૦માં ઐસાખાને ફરીને સુધરાવ્યો ને તેને ૯ દરવાજા તથા ૧૧૪ મીનારા કરાવ્યા. ત્યારપછી સંવત્ ૧૭૭૮ માં મીરઝા ઐસાતોરખાને આ કિલ્લાને સમો કરાવ્યો. ઉપરકોટના લેખ માટે જુઓ પરિશિષ્ટ. આ કોટ આશરે ૭૦ ફીટ ઉંચો છે ને આશરે એક હજાર વર્ષ પહેલાં બંધાયેલો છે.

૨ નોંઘણ રાજાની અડી ચીડી નામની બે દાસી ઉપરથી.

Aho ! Shrutgyanam

લંબાઇ ૧૭ ફીટ ને પરિધિ ૭ા ફીટ ને વ્યાસ ૯ા ઇંચ છે. વળી બીજી અલિ બીઉહમઝાના નામવાળી ચુડાનાલ (કડાનાલ) નામની તોપ છે. તે ૧૩ ફીટ લાંબી ને ૧૪ ઇંચ વ્યાસવાળી છે. ઉપરકોટમાં ત્રીજી તોપ હતી તેનું નામ મયંમ હતું તે દરિયામાં ઉડી ગઇ છે એવી દંત કથા છે. મલેક ઇયાઝ જે ઈ. સ. ૧૫૨૫ માં જુનાગઢનો થાણુદાર હતો, તે ગુજરાતના સુબા બહાદુર શાહના હુકમથી તે તોપને દીવથી લાવ્યો હતો. લીલમ તોપના લેખ ઉપરથી જણાય છે કે તે સલીમખાંના દીકરા સુલતાન સુલેમાનના રાજ્યમાં રહેનાર મહમદ હમઝાએ બનાવેલી છે. ઉપરકોટમાં વચોવચ મહમદ બેગડાએ બંધાવેલી એક મોટી મસીદ છે તે અસલ રાખેંગારનો મહેલ અથવા દેવાલય હશે એમ લાગે છે. દીવાન હરીદાસે ઉપરકોટમાં ઘણી મરામત તથા સુધારો કર્યો છે. અહીં સીતાફળીઓ પુષ્કળ છે.

ઉપરકોટ મુકી આગળ ચાલતાં છીનાલવાવ તથા ગોધાવાવ આવે છે. છીનાળવાવ તથા ગોધાવાવની વચે પોરવાડનો મઠ, ગુજરની ધર્મશાળા, આચારજીની જગા, બાવા પીયારાનો મઠ, સોનીની જગા, નાનકશાઈની જગો વગેરે છે. ગોધાવાવ મુકયા પછી રામઝરૂખો ને સલાટવાવ સામસામા આવે છે. પછી ડાબી બાજુએ સત્તરા મંડપ નામે ઢેઢની જગા આવે છે તેમાં ગરોડા રહે છે. ત્યાંથી ઉપરકોટની એક બારી દેખાય છે, ત્યાંથી ગુનેગારોને નાંખી દેવામાં આવતા હતા એમ કહેવાય છે. વાઘેશ્વરી દરવાજા સામે મહમદ જમાદારનો બાગ છે, તથા તળાવ છે. તેને વાઘેશ્વરીનું તળાવ કહે છે. સડકને રસ્તે આગળ જતાં જમણે હાથે પત્થરનો બાંધેલો રસ્તો આવે છે ત્યાંથી વાઘેશ્વરીના દેવળમાં જવાય છે. તે દેવળથી મોટી વાઘેશ્વરી

Aho ! Shrutgyanam

જવાનો રસ્તો ડુંગર ઉપર જાય છે. મોટી વાઘેશ્વરીનું સ્થાનક એક મોટી શિલાએ કરેલી સિંદૂરની નિશાનીથી નજરે પડે છે. વાઘેશ્વરી આગળ રાત્રે ઘણીવાર દીપડો જોવામાં આવે છે. વાઘેશ્વરી જવાનો રસ્તો મૂકીને સીધી સડકે આગળ ચાલતાં જમણી બાજુએ એક ગોળ પત્થર ઉપર અશોક, સ્કંદગુપ્ત ને રૂદ્રદામાના લેખ છે. તેના રક્ષણને માટે છાપરૂં છે. અશોકના લેખ તથા વાઘેશ્વરી જવાના રસ્તાના નાકા વચ્ચે મકબુલ મીયાંનો બાગ તથા નવાબ સાહેબનો બાગ ડાબી બાજુએ આવે છે. તે બાગ અસલ ફકીરા નામના ભીસ્તીનો હતો. ત્યાં એક જુની વાવ છે, તેનુ મુખ સડક તરફ છે, તે અમર નામની માલણે કરાવી છે. આગળ જતાં દામોદરજીની યાત્રા કરનારાઓને ટીકીટો આપવાની ઓરડી છે, ત્યાં પુલ છે તથા નીચાણમાં રાધાજીની ઓરડી છે. આગળ ચાલતાં વસ્તુપાલ તેજપાલની કરાવેલી મુચુકુંદની ગુફા ને દેરૂં દેખાય છે. ત્યાં જવાનો રસ્તો બતાવવા માટે એક પથરા ઉપર રાતા અક્ષરે નામ લખ્યું છે. આગળ ચાલતાં દામોદર કુંડ આવે છે, ત્યાં દીવાન સાહેબ હરીદાસ વિહારીદાસે બંધાવેલા મજબૂત પુલ ઉપર થઇને દામોદરજીના મંદિરે તથા રેવતી કુંડે જવાય છે. રેવતી કુંડ ઉપર સં. ૧૪૭૩ નો શિલાલેખ છે, તેમાં નીચે પ્રમાણે રાજાઓના નામ અનુક્રમે આવે છે—મંડલીક ત્રીજો, તેનો દીકરો મહીપાલ, તેનો દીકરો ખેંગાર ૪ થો, તેનો દીકરો જયસીંહ, તેનો દીકરો મુનીસીંહ, તેના દીકરા મંડળીક ને મેળક અને જયસીંહ, મેળકનો દીકરો.

Aho ! Shrutgyanam

રેવતી કુંડમાં માતાઓની મૂર્તિઓ જોવામાં આવે છે. પૂર્વ તરફ આવેલું દામોદરજીનું મંદિર ગિરનારપર આવેલા નેમિનાથના તથા અંબાજીના મંદિર જેવું છે. એ ત્રણે મંદિર સંપ્રતિ રાજાએ બંધાવેલાં છે, એવી દંતકથા છે. દામોદર કુંડને વૈષ્ણવો ઘણોજ પવિત્ર માને છે. જુનાગઢના હિંદુઓ મુડદાંને બાળીને દામોદર કુંડમાં નાહીને ભીને લુગડે શેહેરમાં આવે છે. તે ઓરડીઓ મુકી આગળ જતાં બાલા ગામવાળાનો બંધાવેલો પાલીયાનો ઓરડો તથા વંદ્રાવન દેવચંદની વાવ આવે છે.

દામોદર કુંડ ૨૭૫ ફુટ લાંબોને ૫૦ ફુટ પોહોળો છે. દામોદર કુંડની સામે મુસાફરોને બેસવાની ઓરડીઓ છે. આગળ જતાં ડાબી બાજુએ નાગી માતાનું તથા મેના નામની તાયફાનું મકાન આવે છે. ને જમણી બાજુએ શંકરનાં દેરાં છે. તેને લગતી જગાને ખાખ-ચોરો કહે છે. ખાખચોરાની લગોલગ બ્રહ્મચારીની જગો છે તેમાં ત્રણ શીવ મંદીર છે, તે ગૌમુખીના બાવા પૂર્ણાનંદના કબજામાં છે. ત્યાર પછી જડાસાનો વોકળો ( વહેળો ) અથવા સુવર્ણરેખા ( સો-નરેખ ) નદી આવે છે. તેના ઉપર પુલ બાંધેલો છે. આગળ ચાલતાં બોરીઆમાંથી નીકળેલી લાખા મેડીનાં પથરાનાં કમાડ વીગેરે નિશા-નીઓ એક ગોળ કોટમાં જોવામાં આવે છે, પછી હુરબાઇનો હોક-ળો ( વોકળો, વહેળો ) આવે છે. આ વોકળામાં હુરબાઇનો છોકરો તણાઇને મૃત્યુ પામવાથી હુરબાઇએ એવો શ્રાપ દીધો છે કે તેમાં પાણી ટકે નહીં. તેના ઉપર પૂલ બાંધેલો છે, પછી એક વાવ આવે છે. તેને દીવાનની વાવ કહે છે. પંચેશ્વર પાસે પણ એક વાવ છે તેને પણ દીવાનની વાવ કહે છે. ત્યાંથી દુધેશ્વર જણાય છે. ત્યાર પછી

Aho ! Shrutgyanam

ભવેશ્વર તથા મૃગીકુંડ જવાનો રસ્તો ડાબી બાજુ નીકળે છે. ભવેશ્વરમાં શિલાદિત્યનો હાથી ભુવનાલંકાર મરણ પામ્યો છે એમ કહેવાય છે. પછી મુચકુંદાનંદની જગો આવે છે, ત્યાર પછી તલેટી આવે છે. ત્યાં મુંબઇવાળા શેઠ પ્રેમચંદ રાયચંદની શ્વેતાંબરી જૈન ધર્મશાળા છે. તેમાં જૈન લોકનું દેરૂં છે તથા પછવાડેના ભાગમાં પ્રેમચંદજીનાં પગલાં છે. પ્રેમચંદ રાયચંદની ધર્મશાળાની પાસેજ લખતરના કામદાર સંઘવી ફુલચંદભાઇની ધર્મશાળા છે. શ્વેતાંબરી ધર્મશાળાની સામે દિગંબરી જૈન લોકોનું દેરૂં તથા ધર્મશાળા છે, ત્યાં આગળ ચડાની વાવ છે. તે સિદ્ધરાજની બંધાવેલી છે. ચડાની વાવની પાસેજ ગિરનાર ઉપર જવાનો દરવાજો છે. ત્યાં પરદેશીને એક આનાની તથા દેશી લોકોને અર્ધા આનાની ટીકીટ અપાય છે. અસલ ખાંટ લોકો માત્ર પરદેશી જાત્રાળુ પાસેથી દર ગાડે અડધી કોરી તથા દામોદર કુંડે દર જાત્રાળુ દીઠ પાંચ દોકડા તથા તળેટીએ પણ પાંચ દોકડા ચોકીના લેતા. મુંબઇગરા રૂપીઆની પોણીચાર કોરી એટલે દોઢસો દોકડા ગણાય છે. કોરીના ચાળીસ દોકડા ગણાય છે, પણ ઘણું કરી બજાર ભાવ આડત્રીસ દોકડાનો હોય છે. દરવાજાની અંદર ડાબી બાજુએ હનુમાન અને બાવાની જગ્યા છે. ને જમણી બાજુએ વીશા શ્રીમાલી શ્રાવક લખમીચંદ પ્રાગજીની દેરી છે. તેમાં નેમિનાથનાં પગલાં છે. દાક્તર ત્રિભુવનદાસ મોતીચંદની વખાણવા લાયક મહેનતથી ઉભી થયેલી ગીરનાર લોટરીની ઉપજમાંથી નવાં બંધાવેલાં પગથીઆં ઉપર ચડીને રસ્તો કાપતાં આગળ યુધિષ્ઠિર, ભીમ, અર્જુન, સહદેવને નકુલએ પાંચ પાંડવોની દેરીઓ આવે છે. તેમાંની ચાર દેરીઓ ડાબી તરફ છે ને જમણી તરફ પાંચમી દેરીનું

Aho ! Shrutgyanam

નિશાન છે. આગળ ચઢતાં ચુનાદેરી જમણી તરફ આવે છે. તે પછી છોડીઆ પરબ પણ જમણી તરફ આવે છે. તે જમીનની સપાટીથી આશરે ૪૮૦ ફીટ ઉંચું છે એમ બર્જેસ સાહેબ કહે છે. ત્યાર પછી ડાબી તરફ વાલુની આંબલી આવે છે. ત્યાં અસલ વાલુ નામે એક ગાનારી બેસતી હતી. આગળ જતાં વાંકી રાંયણ ડાબે હાથે આવે છે. ત્યાં હાલ શ્રાવકોના કારખાનાની વતી પાણીની પરબ બેસે છે. ત્યાંથી ઉંચે ચડતાં જટાશંકરની દેરી આવે છે. તે અસલ ચોરનું નાકું હતું. જટાશંકર મહાદેવની જગાએ જવાનો ડાબી બાજુએ રસ્તો નીકળે છે. આગળ જતાં ધોળી દેરી આગળ એક ઝરો નીકળે છે. ત્યાં કુંડ બંધાવવો જોઇએ. આ જગા જમીનની સપાટીથી આશરે ૧૦૦૦ ફીટ ઉંચી હશે. ત્યાંથી આગળ કાળી દેરી આવે છે. પછી માળી પરબ આવે છે ત્યાં પાણીનો કુંડ છે. વઝીર સાહેબ બહાઉદ્દીનને ઘેર પુત્રની પ્રાપ્તિ થઈ તે અરસામાં દીવાન નરસીભાઇની ભલામણથી એક બાવો માળી પરબ આવી રહ્યો. ત્યારથી ત્યાં નરસીભાઇની મદદથી તેના પછીના બાવાઓ તે ઓરડીના ધણી થઇ પડયા છે. કુંડ અસલનો છે. માલી પરબમાં ટાંકું નવું બંધાવ્યું છે. તે તરફ ચડતાં ડાબે હાથે પથરમાં કોતરેલો લેખ છેઃ—**सं १२२२ श्री श्रीमालज्ञातीय महं श्री राणिना सुत महं श्री आबाकेन पद्या कारिता.** આ સંવતનો પહેલો બગડો પાંચડા જેવો લાગે છે. ત્યાંથી ચઢાવ સખત છે, પણ પગથીઆંને લીધે સહેલો લાગે છે. થોડુંક ચડીએ એટલે કાઉસગીઆનો પથ્થર તથા હાથી પહાણો આવેછે. ત્યાર પછી એક લેખ આવેછે. તેમાં નીચે પ્રમણે કોતરેલું છે. **स्वस्ति श्री संवत् १६८३ वर्षे कार्तिक वदी ६ सोमे श्री गि-**

Aho ! Shrutgyanam

**रनारनी पूर्वनी पाजनो उद्धार श्री दीवना संघे पुरुषा निमित्त श्रीमालज्ञातीय. मां. सिंघजी मेघजीने उद्धार कराव्यो.**

આગળ ચઢતાં રસ્તામાં કાઉસગીઓ ( કાયોત્સર્ગી ) તથા તીર્થંકરની મૂર્તિ આવે છે, ત્યાં ઝરણુ છે તથા કુંડ બંધાવેલો છે. ત્યાંથી ઉંચે ચઢતાં ખબૂતરી ખાણુ આવે છે. ત્યાર પછી સુવાવડીનાં પગલાં આવે છે. પછી એક વીસામો આવે છે, ત્યાંથી પંચેશ્વર જવાનો જમણી તરફનો રસ્તો છે. થોડુંક ચઢીએ એટલે નેમિનાથજીના કોટનો દરવાજો દેખાય છે. તે દરવાજા ઉપર નરસી કેસવજીએ માડ બંધાવેલો છે. નેમિનાથજીના કોટમાં દેરાંની તથા દરેક દેરામાં કેટલી પ્રતિમાઓ છે, વગેરેની તપસીલ નીચે પ્રમાણે છે.

# नेमिनाथना कोटनां देवालय.

## માનસંગ ભોજરાજની ટુંક.

જમણી બાજુએ પ્રથમ આ નામની ટુંક આવે છે. તેમાં હાલ એકજ મંદીર છે. તેમાં મૂળનાયક શ્રી સંભવનાથની એકજ પ્રતિમા છે. પહેલા ચોકમાં સૂરજ કુંડ નામે એક સુંદર કુંડ છે. તે કુચ્છમાંડવીના વીશા ઓસવાળ વણિક માનસંગ ભોજરાજે બંધાવેલો છે. તે વખતે તેણે આ દેવાલય સમરાવ્યું, તેથી આખી ટુંક તેના

Aho ! Shrutgyanam

નામથી ઓળખાય છે. સંવત્ ૧૯૩૨ માં નરસી કેસવજીએ સૂરજ કુંડ સમરાવ્યો છે. આ કુંડની પાસે યાત્રાળુઓને નહાવાની ગોઠવણ કરેલી છે. જુનાગઢના આદીશ્વરના નાના દેરાસરની પ્રતિષ્ઠા માનસંગ ભોજરાજ તરફથી સંવત ૧૯૦૧ માં થયેલી છે.

## નેમિનાથની ટુંક.

ડાબી બાજુએ નેમિનાથની ટુંકમાં જવાનો દરવાજો છે. તે દરવાજાની બહાર એક શાસ્ત્રી લેખ છે. તેની સાલ જોવામાં આવતી નથી. પણ બોમ્બે રોયલ એશીઆટીક સોસાઇટીના ચોપાનીયાના પહેલા વોલ્યુમના પૃષ્ટ ૯૪ ની ફુટનોટમાં જેકબ સાહેબે લખેલું છે કે આ લેખ સંવત્ ૧૧૧૫ ના ચૈત્ર સુદ ૭ નો છે. આ લેખના નવમા શ્લોકમાં લખ્યું છે કે યદુવંશમાં મંડલીક રાજા થયો. તેણે સંવત્ ૧૧૫૫માં સોરઠી તવારીખ સંવત ૧૨૭૦ માં સોનાનાં પતરાંથી નેમિનાથનું દેવાલય બાંધ્યું. તેના પુત્ર નવઘન (નોંઘણ) નું નામ દશમા શ્લોકમાં આવે છે. અગીઆરમા શ્લોકમાં નોંઘણના પુત્ર મહીપાળદેવનું નામ આવે છે, બારમા શ્લોકમાં મહીપાળના પુત્ર ખેંગારનું નામ આવે છે. ત્યાર પછીના શ્લોકોમાં જયસિંહદેવ, મોકલસિંહ, મેલગદેવ, મહીપાળદેવ, ને મંડલિક (૧૫૦૭)નાં નામ અનુક્રમે આવે છે.

દરવાજામાં પેસતાં ચોકીદારોને રહેવાની જગ્યા છે. તેની ડાબી બાજુએ ચૌદ ઓરડાની ધર્મશાળા છે. યાત્રાળુઓને રહેવાની ઓરડીઓનો ચોક મૂક્યા પછી પુજારી અથવા ગોઠીની ઓરડીઓનો મોટો ચોક આવેછે. તેમાં થઇને નેમિનાથના ચોકમાં જવાય છે. તે ચોક આશરે ૧૩૦ ફીટ પહોળો

Aho ! Shrutgyanam

ને ૧૯૦ ફીટ લાંબો છે. તેમાં મુખ્ય દેવળ ૨૨ મા તીર્થંકર શ્રી નેમિનાથનું છે. તે વિશાળ દેવળનો રંગમંડપ ૪૧½ ફીટ પોહોળો ને ૪૪½ ફીટ લાંબો છે. ગર્ભાગાર (ગભારા)માં નેમિનાથની શ્યામમૂર્ત્તિ બિરાજે છે. તેની આગળ હમેશાં અખંડ દીવો પ્રકાશે છે. ગર્ભાગારની આસપાસ ભમતી છે, તે અંદરની ભમતી કહેવાય છે. તેમાં તીર્થંકર, યક્ષ, યક્ષિણી, સમેતશિખર, નંદીશ્વરદ્વીપ વગેરેની સર્વ મળી ૧૭૫ મૂર્તિઓ છે. રંગમંડપમાં ૩૮ પ્રતિમા છે. ગર્ભાગારમાં ૫ છે. એટલે કૂલ ૨૧૮ પ્રતિમાઓ નેમિનાથના દેવાલયમાં છે.

१. नेमिनाथ देवालयोत्तरद्वारसमीपे पूर्वस्तंभे लेखः— संवत् १३३९ वर्षे ज्येष्ठ शुदि ८ बुधे श्री उज्जयंत महातीर्थे अयवाणा वास्तव्य प्राग्वाट ज्ञातीयमहं जिसधर सुतमह पुनसिंह भार्या गुनसिरि श्रेयोर्थेन चक्रे द्रा. ३०० त्रीणि शतानि ने चक्रे कारितानि दिनं प्रति पुष्प ३०४०.

२. संवत् १३३५ वर्षे वैशाख शुदि ८ गुरु श्रीमदुज्जयंत महातीर्थे देव......श्री नेमिनाथ पूजार्थे धवलक्कपुर वास्तव्य श्रीमाल ज्ञातीय.

३. संवत् १३३३ वर्षे ज्येष्ठ वदि १४ भौमे श्री *जिनप्रबोधसुरि सुगुरूपदेशात् उच्चापुरी वास्तव्येन श्री आसपाल सुत श्री हरिपालेन आत्मनः स्वमातृ हरिलायाश्च श्रेयोर्थे श्री उज्जयंत महातीर्थे श्री नेमिनाथ नित्य पूजार्थे द्र० २०० शतद्वयं प्रदत्तं अमीषां व्याजेन पुष्प सहस्र २०००

---

* જીન પ્રબોધ સૂરિ જીનેશ્વર સૂરિના શિષ્ય હતા. જન્મ ૧૨૮૫, દીક્ષા ૧૨૯૬, સૂરિપદ ૧૩૩૧, સ્વર્ગ ૧૩૪૧.

Aho ! Shrutgyanam

**द्वयेन प्रतिदिनं पूजा कर्तव्या श्री आरामवाटिका सत्क पुष्पाणि देवक पंचकुले न देवालय उटावनीयानि.**
રંગમંડપના પૂર્વ તરફના એક થાંભલા ઉપર નીચે પ્રમાણે લેખ છે:—
**संवत् ११११ वर्षे जेठमासे १४ दिने श्रीमत् नेमीश्वर जिनालयः कारितः**વળી બીજા થાંભલામાં કોતરેલું છે કે **संवत् ११३५ वर्षे प्रतिष्ठा कारिता.** વળી ત્રીજા સ્તંભમાં વિ. સ. ૧૨૭૮ માં દેવાલય સમરાવ્યા બાબતનો લેખ છે.

બહારનો રંગમંડપ ૨૧ ફીટ પહોળો ને ૩૮ ફીટ લાંબો છે. તેમાં એક ગોળ ઓટલા ઉપર સંવત્ ૧૬૯૪ ના ચૈત્ર વદિ બીજને દિન સ્થાપન કરેલાં ગણધરનાં ૪૨૦ જોડ પગલાં છે. આ ઓટલાની પશ્ચિમે સમવસરણની ચોરસ રચનાનો ઓટલો છે. તેમાં પણ ૪૨૦ પગલાંની જોડ છે. આ બંને ઓટલા પીળા પથ્થરના છે. પશ્ચિમ તરફની જાળી ઉઘાડી ઝરૂખામાંથી નજર કરીએ છીએ તો પાસે દેવસ્થાનોનાં ચિન્હ દેખાય છે. * નેમિનાથના દેવાલયનો ઉદ્ધાર સંવત્ ૬૦૯ માં રત્નશા શ્રાવકે કર્યો, તેથી હાલ પણ તેને રતનશા ઓસવાળનું દેરૂં કહે છે. તેની પછવાડે પોરવાડ જગમાલ ગોરધનવાળું પૂર્વ દ્વારનું દેરૂં છે. તેમાં ૫ પ્રતિમા છે. મૂળનાયક આદીશ્વરજી છે. તેની પ્રતિષ્ઠા સંવત્ ૧૮૪૮ માં વૈશાખ વદી ૬ શુક્રવારે વિજયજી-

* ટોડ સાહેબને એક લેખ મળ્યો હતો. તેમાં લખેલું હતું કે શ્રી પંડિત દેવસેને સંઘની આજ્ઞાથી સંવત ૧૨૧૫ ના ચૈત્ર શુદ ૮ રવિવારે દેવતાનાં જુનાં દેરાં કાઢી નાંખી નવાં બનાવ્યા. દેવસેનગણિ ધર્મઘોષ સુરિના શિષ્ય યશોભદ્રસુરિના શિષ્ય હતા. ધર્મઘોષસુરિ શીલભદ્રસુરિના શિષ્ય હતા.

Aho ! Shrutgyanam

નેંદ્રસૂરિએ કરેલી છે. તે દેરાની જમણી બાજુએ સતી શિરોમણિ શ્રીરાજીમતીનાં પગલાંની દેરડી છે. આ ટુંકમાં થઇને મેરકવશીની, સગરામ સોનીની તથા કુમારપાળની ટુંકોમાં જવાય છે.

નેમિનાથની તથા મેરકવશીની તથા સગરામ સોનીની ભમતીની ફરતાં પથ્થરની જાલી શેઠ દેવચંદ લખમીચંદે જાતે કરાવેલી છે ;તથા ગોઠીઓને રહેવાની તથા જાત્રાળુઓને રહેવાની ઓરડીઓ ઘણીખરી તેણે જાતેજ કરાવી છે. તે અંધ થયો તોપણ હાથ અટકાડી મજુરોનું કામ બરાબર તપાસતો હતો ને કોઈ કામ બરાબર ન થાય તેને પાડી નાંખતો. ગોળ ખવરાવી મજુરોને ખુશી રાખીને તેમની પાસેથી કામ લેતો.

અમીઝરા પ્રાર્શ્વનાથ—આ ભરતક્ષેત્રમાં વર્તમાનકાળની ચોવીશીમાં ત્રેવીસમા તીર્થંકરનું નામ પાર્શ્વનાથ છે, તેમનું નામ અન્ય ધર્મના લોકોમાં એટલું બધું પ્રખ્યાત છે કે તીર્થંકરની કોઈ પણ મૂર્તિને તેઓ પાર્શ્વનાથ અથવા પારસનાથની મૂર્તિ કહે છે. વળી બંગાળામાં આવેલો સમેતશિખર નામનો શ્રાવક લોકોનો પવિત્ર પર્વત પણ પારસનાથનો પર્વત એવા નામથી પ્રસિદ્ધ છે. જૂદે જૂદે ઠેકાણે પધરાવેલા પાર્શ્વનાથનાં જૂદાં જૂદાં નામ છે. જેમ પાટણમાં પંચાસરા પાર્શ્વનાથ છે. માંગરોળ બંદરમાં નવપલ્લવ પાર્શ્વનાથ છે. ઘોઘામાં નવખંડા પાર્શ્વનાથ છે. ભાવગનર તથા મુંબઇમાં ગોડીજી પાશ્વનાથ છે. ખંભાતમાં થંભણ ( **स्तंभन** ) પાર્શ્વનાથ છે. અમદાવાદમાં ચિંતામણિ પાર્શ્વનાથ છે. પોરબંદરની પાસે બડેચા પાર્શ્વનાથ છે. તેમજ નેમિનાથની મોટી ભમતીમાં એક ભોંયરૂં છે, તેમાં

Aho ! Shrutgyanam

પધરાવેલા પાર્શ્વનાથને અમીઝરા પાર્શ્વનાથ કહે છે. તેનું કારણ એ છે કે તેમના શરીર ઉપર અમૃતનાં ટીંપાં પુણ્યશાલી પુરૂષોને જોવામાં આવે છે. આ ભોંયરામાં પેસતાં સામે રહનેમિ તથા નેમીશ્વરની પ્રતિમા છે. તેને જીવતસ્વામીની મૂર્તિ કહે છે. દીવાની મદદથી ભોંયરાની ડાબી બાજુએ જઇએ તો એક દ્વાર આવે છે. તેમાં થઇને એક નાના ઓરડામાં જવાય છે. તેમાં નીચેનાં ભોંયરામાં ઉતરવાના પગથીઆં છે. તે પગથીઆં ઉતરીએ છીએ કે સન્મુખ અમીઝરા પાર્શ્વનાથની પ્રભાવિક મૂતિનાં દર્શન થાય છે. આ મૂર્તિ સંપ્રતિ રાજાની ભરાવેલી છે. તે તેના નખ ને ખભાની પાછળના ટેકા ઉપરથી સિદ્ધ થાય છે. આ મૂર્તિની ડાબી બાજુએ ગુફામાં નેમિનાથથી મૂર્તિ છે, તેમાં સંવત્ ૧૩૧૮નો લેખ છે. તે ઉપરથી માલમ પડે છે કે ખરતર ગચ્છના શ્રી જીનચંદ્રસૂરિએ તેની પ્રતિષ્ઠા કરાવી છે. નેમિનાથની ટુંકના ચોકમાં તથા મોટી ભમતીમાં બધીમળી ૧૩૩ પ્રતિમા છે, તથા ૧૮ જોડ પગલાં છે. તેમાં મોટામાં મોટાં પગલાં શ્રી નેમિનાથનાં છે. તે દક્ષિણ તરફના દ્વારની ડાબી બાજુએ છે. તેજ દ્વારની બહાર જમણી બાજુએ નેમિનાથની અધિષ્ઠાયક અંબિકા દેવીની મૂર્તિ છે.

Aho ! Shrutgyanam

# મેરકવશીની ટુંક.

નેમિનાથની ટુંકમાં ઉત્તર તરફ નીચે ઉતરવાનો દરવાજો આવે છે, તેમાં ઓસરીમાં નીચે પ્રમાણે લેખ જોવામાં આવે છે.

**श्रीमत् सूरि धनेश्वरः समभवत् श्री शी'लभद्र शिष्यस्त-स्यैवपंकजे मधुकर कीरिटोरुवो योभवत् सोभितवेत्रनेमिसद्ने श्री भद्रसूरि श्रीमद्रैवतके चकार थुवरिकार्यं पतिष्ठा श्री संवत् महा मासे पृथवी विदितोत्तवेश्रेयः तथा देववद्रादि जवतान्वि-तः इति ॥**

ત્યાંથી પગને થકવી નાંખે એવા કાળા પાહાણાનાં પગથીઆં નીચે ઉતરીએ એટલે ડાબે હાથે અદબદજી દાદા એટલે પલાંઠી નીચે ઋષભના ચિન્હવાળી તથા ખભા ઉપર કાઉસગીઆવાળી શ્રી ઋષભદેવની મૂર્તિ પદ્માસને જોવામાં આવે છે. શત્રુંજય પર્વત ઉપર પણ એવી મૂર્તિ છે. આ મૂર્તિને અન્ય ધર્મના કેટલાક અજ્ઞાન લોકો ધડી ધડુકો કહે છે. આ નામ ભીમસેનના પુત્ર ગટોરગચ્છ (ઘટોત્કચ) નું હોય એમ લાગે છે. જેમ્સ બર્જેસ સાહેબ લખે છે કે આ મૂર્તિની બેઠક આગળ ૨૪ તીર્થંકરની મૂર્તિઓવાળો એક પીળો પત્થર છે તે ઇ. સ. ૧૪૧૨ની સાલનો કોતરાયલો છે. અદબદજીની સામે પંચ મેરૂનું દેવાલય છે, તેમાં જૈન સિદ્ધાંતમાં વર્ણવેલા મેરૂ નામના પાંચ સુવર્ણના શાશ્વત પર્વતના આકાર છે. તે દરેકમાં સંવત્ ૧૮૫૯ની પ્રતિષ્ઠિત ચોમુખજી એટલે ચારે દિશા તરફના મુખવાળી ચાર પ્રતિમાઓ છે. ચાર ખુણે ચાર મેરૂ ને પાંચમો મેરૂ મધ્ય ભાગે છે. અદબદજીના દેવળની ડાબી બાજુના બારણામાં

Aho ! Shrutgyanam

થઇને મેરકવશીમાં જવાય છે. તેમાં મુખ્ય મંદિરના બહારના રંગ-મંડપમાં ખંડિત કરેલી ઘણી મૂર્તિઓ જોવામાં આવે છે. મૂળ નાયકજી સહસ્રફણી પાર્શ્વનાથ છે. તેમની બેઠકે નીચે પ્રમાણે લેખછેઃ–

**संवत १८५९ वर्षे अमदावाद वीशा श्रीमाली शा. वलभु शाखाना शा. इंद्दरजी सुत शा. काशीदासेन स्वश्रेअर्थे श्री गीरनारजी तीर्थे श्री सहस्रफणी पार्श्वनाथ बिंबं कारावितं श्री बिजयजिनेंद्रसूरिभिः प्रतिष्ठितं.** વિજયજીનેંદ્રસૂરિની વંશાવળી— અનુક્રમે હીરવિજય, વિજયસેન, વિજયસિંહ, વિજયપ્રભ, વિજયરત્ન, વિજયક્ષમા, દયા, ધર્મજીનેંદ્ર, દેવેંદ્ર, ધરણેંદ્ર, રાજેંદ્ર એ પ્રમાણે અનુક્રમે છે.

મૂળનાયકની આસપાસ ૭ પ્રતિમા છે. ભમતીમાં ૫૮ પ્રતિમા છે. દક્ષિણ તરફની ભમતીમાં અષ્ટાપદ પર્વત છે તેમાં ૨૪ પ્રતિમા છે. ઉત્તર તરફની ભમતીમાં ચોમુખનું જોવા લાયક દેવાલય છે. પંચમેરૂની વીસ પ્રતિમા ગણતાં સર્વ મળી આ ટુંકમાં ૧૧૩ પ્રતિમા છે. આ ટુંકના રંગમંડપની તેમજ ભમતીની કોરણી ઘણીજ સુંદર છે, ને કારીગરી વખાણવા લાયક છે. કેટલીક પ્રતિમાઓ પણ જોવા જેવી છે, મેરેકવશીની ટુંકમાં એક ટાંકું છે તેમાંના પાણીથી અરિહંતની પ્રતિમાઓનું પ્રક્ષાલન થાય છે.

સાજનદે જે સિદ્ધરાજનો મંત્રી હતો તેને માટે ટીપ કરી હતી. (કારણ કે સિદ્ધરાજને પૈસા ભરી દેવાના હતા) તે પૈસામાંથી મેરકવશીની ટુંક બંધાવી છે. ભીમો કુંડળીઓ થાણા દેવલીમાં સાજનદેને મળ્યો હતો ને પોતાના ઘેર જમવા

Aho ! Shrutgyanam

તેડીને તેને ૨૨ાા કરોડ સોનૈયા આપવાનું કહેલું. તે આઠ દીન પછી દેરવાણના નાકાને રસ્તે સિધ્ધરાજને સોંપવા આવ્યો પણ સિદ્ધરાજે તે લીધા નહિ; તેથી અરાડ રત્નનો હાર નેમિનાથને પહેરાવી દીધો ને બીજા પોતાના પૈસાથી ભીમકુંડ કરાવ્યો. કોરણી બરોબર સોનું લઇને કારીગરોએ મેરકવશીની ટુંકમાં કામ કરેલું છે. તે એવું ઝીણું છે કે સતારના તાર પણ જણાઇ આવે છે તથા તેના ઉપર ફરતી આંગળીઓના નખ અણિસુદ્ધાં દેખાય છે.

આ ટુંકમાં ચોમુખજીનું દેરૂં છે, તેના ઘુમટની કોરણી ઉતમ છે. દરેક પ્રતિમા નીચે આવો લેખ છે. **संवत् १८५९ वर्षे वैसाख सुदि ७ गुरौ श्री समस्त संघेन श्री गिरनार तीर्थे श्री शांतिनाथ बिंबं काराक्तिं भ० श्री विजय जिनेंद्र सूरिभिः प्रतिष्ठितं.**

કેટલાક કહે છે કે મેલકશા નામે શેઠે આ ટુંક બનાવી છે, કેટલાક કહે છે કે પંચના પૈસાથી આ ટુંક બાંધી છે.*

## સગરામ સોનીની ટુંક.

સિદ્ધપુરપાટણના ઓસવાળ વણિક સગરામ સોનીએ શ્રી ભગવતી સૂત્રના ૩૬૦૦૦ પ્રશ્નોની ૩૬૦૦૦ સોનામહોરો જ્ઞાન ખાતે કાઢીને તેમાંથી સુવર્ણની સાહીથી કલ્પસૂત્ર વગેરે પુસ્તકો લખાવ્યાં એમ કહેવાય છે. તેની ટુંકમાં દેરૂં છે, તે ઘણુંજ સરસ, જુનું ને જોવા લાયક છે. રંગમંડપની શોભા રમણિક છે. તેની ઉપર સ્ત્રીઓને માટે બેઠક છે. જ્યારે રંગમંડપમાં પૂજા ભણાય ત્યારે પુરૂષ વર્ગને નીચે અને સ્ત્રી વર્ગને મેડા ઉપર બેસવાને ઘણીજ સગવડ પડે છે. ગર્ભાગાર પણ વિશાળ છે, તેમાં પણ મૂળનાયકજી સહસ્ત્રફણી પાર્શ્વનાથ

* વશી–વસ્તી. કેટલાક મેકરવશીની ટુંકને ચંદરાજાની ટુંક કહે છે.

Aho ! Shrutgyanam

છે. તેની આસપાસ ૨૫ પ્રતિમા છે તથા ભમતીમાં ત્રણ દેરાસર છે, તેમાંના બે દેરાસરમાં ત્રણ ત્રણ ને ઉત્તર દિશાના દેરામાં પાંચ પ્રતિમા મળી ૧૧ પ્રતિમા છે તથા એક પાષાણની ચોવીશી છે. તેથી કુલ મળી ૩૭ પ્રતિમા આ ટુંકમાં છે. આ ટુંકની ભમતીમાં પાસે નવા બનતા કુંડની સુરંગોથી ઘણું નુકશાન થયું છે. આ ટુંકના મુળનાયકજીની માંહે નીચે પ્રમાણે લેખ છે.

**संवत् १८५९ जेठ सुदि ७ गुरौ श्री समस्त संघेन स्वश्रेयोर्थे श्री पार्श्वजिनबिंबं कारावितं श्री गिरनार तीर्थे श्रीमत् तपागच्छे विजय जिनेंद्र सूरिभिः प्रतिष्टितं मांगरोल निवासी वोरा. प्रसोतम गोडीदासेन बिंबं कारावितं श्री गिरनार तीर्थे.**

જેમ્સ બર્જસ કહેછે કે સગરામ સોની ૧૬ મા સૈકાના પાછલા અર્ધ ભાગમાં થયો છે તથા સેઠ પ્રેમાભાઇ હેમાભાઇએ આશરે ૧૮૪૩ માં આ ટુંક સમરાવી છે. સગરામ સોનીનું દેરૂં ગીરનાર ઉપર સૌથી ઉંચું લાગે છે. દક્ષિણની દેરીમાં શેઠ આણંદજી કલ્યાણજીની કરાવેલી તથા સંવત્ ૧૮૭૫ ના વૈશાખ સુદિ ૭ શનિવારે શ્રી વિજયજીનેંદ્રસૂરિએ સ્થાપિત કરેલી શ્રી અજીતનાથની મૂર્તિ છે. પશ્ચિમની દેરીમાં ૧૮૬૨ ના લેખવાળી શ્રી આદિનાથની પ્રતિમા છે. ઉત્તરની દેરીમાં ૧૮૬૨ ની સાલમાં વિજયજીનેંદ્રસૂરિનું સ્થાપેલું અજીતનાથનું બિંબ છે. સગરામ સોની અકબર બાદશાહના વખતમાં પાટણમાં થયો છે, ને તેને અકબર બાદશાહ મામો કહી બોલાવતા એમ કહેવાય છે. આ ટુંકની ભમતીની જાળી દેવચંદ લખમીચંદે કરાવી છે. સગરામ સોનીના દેરા રંગમંડપના થાંભલા સળીના પથ્થરના ઘણાજ પૉલીસ

Aho ! Shrutgyanam

કરેલા હતા તે પ્રેમાભાઇ હેમાભાઇએ કોચીને તેના ઉપર ચુનો દેવરાવ્યો છે. કોરણી જોવા લાયક છે.

## કુમારપાળની ટુંક.

પાંચ કોડીને ફૂલડે, પામ્યો દેશ અઢાર;
કુમારપાળ રાજા થયો, વર્ત્યો જે જે કાર.

જેમ ધર્મઘોષસૂરીના ઉપદેશથી પેથડશાહે પાંચમા અંગમાં જ્યાં જ્યાં ગોયમ (ગૌતમ) નું નામ આવતું ત્યાં ત્યાં એક એક સોનામહોર મૂકી, એમ છત્રીસ હજાર સોનામહોર મૂકી, તે દ્રવ્યથી સર્વ શાસ્ત્રો લખાવી ભરૂચ વિગેરે શહેરોના ભંડારમાં રાખ્યાં; જેમ વસ્તુપાલ મંત્રીએ સાત ક્રોડ સોનામહોરો ખર્ચી સોનાની શાહીથી તાડપત્રો ને ઉત્તમ કાગળો ઉપર પુસ્તકો લખાવી સાત ભંડાર કર્યા હતા અને તેને ઉદયપ્રભસૂરીએ પ્રસન્ન થઈ આશીર્વાદ દીધો હતો; તેમ કુમારપાળે સાતસેં લહીઆ રાખી છ લાખને છત્રીસ હજાર આગમ લખાવ્યાં ને દરેક આગમની સાત સાત પ્રતો સોનેરી અક્ષરથી લખાવી તથા હેમચંદ્રસૂરીના રચેલ પુસ્તકોની એકવીસ એકવીસ નકલ કરાવી હતી.

આ કુમારપાળ સને ૧૧૪૩થી ૧૧૭૪ સુધી ગુજરાતનો રાજા હતો. તેણે આ ટુંક બંધાવી છે. તેમાં મૂળનાયક અભિનંદન નામના ચોથા તીર્થંકર છે. આ દેવાલય માંગરોલના શેઠ. ધરમશી હેમચંદે સમરાવ્યું છે. તેમના પ્રપૌત્ર શેઠ. વલભજી હાલ માંગરોલમાં રહે છે. આ દેવાલયનો પણ કેટલોક ભાગ નવા કુંડની સુરંગોથી નાશ પામ્યો છે. આ ટુંકમાં દેડકી વાવ છે. તે વાવનું પાણી હમેશની સપાટી કરતાં કદી ઉંચે ચઢતું નથી. તેની પાસે શેઠ. જુઠાભાઈ ઓધવજીએ ઘણી મહેનત લઈ બગીચો કર્યો છે. તેથી પૂજા માટે ઘણીવાર ફુલ મળે

Aho ! Shrutgyanam

છે. આ ટુંકનો બહારનો રંગમંડપ મોટો ને જોવા લાયક છે. પશ્ચિમ તરફ બીજું દ્વાર છે, પણ હાલ તે બંધ છે. બીજું દ્વાર ભીમ કુંડ ઉપર પડે છે તેથી યાત્રાળુઓ માટે નહાવા સારૂં પાણી લાવવું સુગમ પડે છે. સુરજકુંડમાં પાણી થઇ રહે છે ત્યારે નહાવાની ગોઠવણ આ ટુંકના ચોકમાં કરવામાં આવે છે. પણ પરમેશ્વરની અંગપૂજા કરવાને યોગ્ય થવા માટે નહાવા પહેલાં હાલ જે પાણી ભીમકુંડમાં જોવામાં આવે છે તેના કરતાં વધારે શુદ્ધ કરવા માટે બંદોબસ્ત કરવાની અવશ્ય જરૂર છે. ભીમકુંડની પૂર્વ તરફના કિલ્લા ઉપલ અસલની ખંડિત પ્રતિમાઓ જોવામાં આવે છે તેનું યોગ્ય સંગ્રહસ્થાન થાય તો સારૂં. કેટલાંક વર્ષ ઉપર જુનાગઢના નાગર ઝવેરીલાલ કેશવલાલના બાપ ભગવાનલાલ મહનજી જે કાઠીયાવાડના નેટીવ એજંટ હતા તેની મદદથી વૈષ્ણવોએ આ ટુંક ભીમેશ્વર મહાદેવની છે એમ કહી તકરાર કરી હતી, તે પ્રસંગે અમદાવાદવાળા ઠાકરશીભાઇ પુંજાસા જેઓ પણ નેટીવ એજંટ હતા તેમણે દ્વાર ઉપરના ઉમરા ઉપર તથા બીજે ઠેકાણે મંગળ મૂર્તિ આદિક જૈન નિશાનીઓ બતાવી સિદ્ધ કરી આપ્યું હતું કે તે જીનાલય છે પણ શિવાલય નથી. શિવાલયના દ્વાર ઉપર ગણેશની મૂર્તિ હોય છે ને જીનાલયમાં દ્વારઉપર તીર્થંકરની મૂર્તિ હોય છે. મૂળનાયક નીચે નીચે પ્રમાણે લેખ છે.

**संवत् १८७५ वर्षे वैशाख सुदी ७ शनौ शा. आणंदजी कल्याणजी केन श्री अभिनंदन बिंबं काराचितं श्री सिद्ध शैल शृंगे भट्टारक श्री विजयजिनेंद्रसुरि प्रतिष्ठितं शा. नामजी जेकरण प्रतिष्ठा करिता मांगरोल बंदर व्यापारी** છે. તે નીચે બીજો લેખ આ પ્રમાણે છેઃ—**संवत् १८८१ वर्षे शाके १७४६**

Aho ! Shrutgyanam

श्री वैशाख सुदी ७ सोमवार. श्री गिरनार तीर्थे मां॰ श्री प॰ हंसराज जेठाबषाइ बिंबं प्रवेश काराबितं श्री तपा सा॰ पं श्री प॰ राज सागरजीने परिवा–स्थापी.

## વસ્તુપાળ તેજપાળની ટુંક.

આ ટુંક નેમિનાથની ટુંકનું અસલ દ્વાર જે હાલ બંધ છે તેની સામે એટલે નરસી કેસવજીનો બંગલો મૂકી સંપ્રતિ રાજાની ટુંકે જતાં જમણી બાજુએ છે. આ ટુંકમાં ગઢના બારણામાં પેસતાંજ જમણે હાથે લેખ છે તે ઉપરથી જણાય છે કે સંવત ૧૯૩૨ માં નરસી કેશવજીએ સંપ્રતિ રાજાની કુમારપાળની, વસ્તુપાળ તેજપાળની વગેરે ટુંકોની આસપાસ કિલ્લા બંધાવ્યા તથા દેરાસરો સમરાવ્યાં. આ ટુંકમાં ત્રણ દેરાં સાથે છે. વચલા દેરામાં ગર્ભાગાર છે તેમાં મૂળનાયકજી શામળાપાર્શ્વનાથ છે. આસપાસનાં દેવાલયોમાં ચોરસ તથા ગોળ સમવસરણમાં ચોમુખજી પધરાવેલા છે. આ દેવળોમાં પીળા આરસ તથા સળીના પથ્થર વાપરવામાં આવેલા છે. એમ કહેવાય છે કે વસ્તુપાળ આ પથ્થર પરદેશથી લાવેલા છે. સળીના પથ્થર મક્કામાંથી આવ્યા છે તથા મક્કામાં વસ્તુપાલે તોરણ મોકલાવેલું છે એમ દંત કથા છે.

આ ટુંકમાં દેવાલયોનાં બારણાં ઉપર શુદ્ધ વંચાય એવા લેખ છે. તેમાંનો એક લેખ આ પુસ્તકમાં આવેલા સૌરાષ્ટ્રના ઇતિહાસમાં ઘણે ભાગે આપેલો છે. વળી એક જીર્ણ પુસ્તકમાં સંસ્કૃતમાં લખેલું છે કે સંવત્ ૧૨૯૮ ની સાલમાં વઢવાણની પાસેના અંકેવાળીયા ગામમાં શ્રી વસ્તુપાળ સ્વર્ગે ગયા. મંત્રી દિવંગત થયા પછી શ્રીવર્ધમાનસૂરિએ આંબિલ વર્ધમાન તપ શરૂ કર્યો. મૃત્યુ પામી તે શંખેશ્વરના અધિષ્ઠાયક દેવતા થયા. તેમણે મંત્રી (વસ્તુપાળ) ની

Aho ! Shrutgyanam

ગતિનું વિલોકન કર્યું પણ જણાઇ નહીં, તેથી મહાવિદેહ ક્ષેત્રમાં જઇને સીમંધરસ્વામીને પ્રણામ કરી પૂછ્યું. સીમંધર સ્વામીએ કહ્યું, આજ વિદેહમાં પુષ્કલાવતી વિજયામાં પુંડરીકિણી નગરીમાં • તે કુરૂચન્દ્ર રાજા છે. ત્રીજે ભવે સિદ્ધિ પામશે. અનુપમાદેવીનો જીવ અત્રેજ આઠ વર્ષની ઉમરની શેઠની પુત્રીપણે છે, ને મેં તેને દીક્ષા આપી છે. પૂર્વકોટિના આયુષવાળી છે. અંતે કેવળ પામી મોક્ષે જશે. તે સાધ્વી તે વ્યંતરને દેખાડી. ત્યાર પછી તે વ્યંતર દેવતાએ અહીં આવીને ગીતાર્થ આગળ તેમની ગતિ પ્રગટ કરી. તેઓએ પુસ્તકોમાં લખ્યું. બર્જેસ સાહેબ કહે છે કે વચલા દેવાલયનો રંગમંડપ ૨૯$\frac{1}{2}$ ફીટ પોહોળો ને ૫૩ ફીટ લાંબો છે તથા ગભારો ૧૩ ફીટ ચોરસ છે. તેમાં ૧૯ મા તીર્થંકર મલ્લિનાથની મૂર્તિ છે, તે નીચે વસ્તુપાલની સ્ત્રી લલિતાદેવી તથા સોખુના નામના લેખ છે.

આસપાસના દેરાના રંગમંડપ ૩૮$\frac{1}{2}$ ફીટ ચોરસ છે.

મૂળ નાયક પાર્શ્વનાથ છે. તેમાં નીચે પ્રમાણે લેખ છે. **संवत १३०६ वर्षे वैशाख सुद ३ शनौ श्री पार्श्वनाथ बिंबं श्री बाहडेन कराबित इत्यादि** પ્રદ્યુમ્નસૂરિએ પ્રતિષ્ઠા કરી છે. એમ પણ લેખમાં લખ્યું છે. વચલા દેરાના રંગમંડપમાં ઉંચે બે લેખ છે, તેમાં પાર્શ્વનાથ ને વસ્તુપાલનાં નામ છે.

ડાબી બાજુના દેરામાંના સમવસરણના ચોમુખની ત્રણ પ્રતિમાઓ પાર્શ્વનાથની છે. તેમાં સંવત્ ૧૫૫૬ નો લેખ છે. ચોથી પ્રતિમા ચંદ્રપ્રભુની છે તેમાં ૧૪૮૫ નો લેખ છે.

જમણી બાજુના દેરાના ચોમુખમાં પશ્ચિમ મુખવાળી પ્રતિમા સ્વસ્તિક લાંછન વાળી છે. ઉત્તરે શંખ ચિન્હ વાળી છે. પૂર્વે સ્વસ્તિક

Aho ! Shrutgyanam

ચિન્હ વાળી:છે. તે ત્રણેમાં ૧૫૪૬ ની સાલ છે. દક્ષિણે ચંદ્રપ્રભુની મૂર્તિ છે.

આ દેરાની પાછળ વસ્તુપાળ તેજપાળની માતાનું દેરૂં છે, તેમાં સંભવનાથની મૂતિ છે. આ ટુંકમાં આખા પથ્થરની નીસરણીઓ ત્રણ છે.

વસ્તુપાળ તેજપાળની ટુંકમાં બે બાજુની બે કોટડી ઉપરના લેખ

**(१) महामात्य श्री वस्तुपाल महं श्री ललीतादेवी मूर्तिः**

**(२) महामात्य श्री वस्तुपाल महं श्री सोखुका मूर्ति.**

ત્યાંજ પારસનાથની બેસણીનો લેખઃ—**सं. १३०५ वर्ष वैशाख सुदी ३ शनौ श्री पत्तन वास्तव्य श्रीमाल ज्ञातीय ठ. वाहड तथा महामात्य श्री सलखण सिंहाभ्यां श्री पार्श्वनाथ बिंबं मित्रोः श्रेयसेऽत्र कारितं ततो वृहद्गच्छे श्री प्रद्युम्नसूरि सुतमहं पद्मसिंह पुत्र ठ. पविंत्रिदेवि अंगज...नुजमहं श्री सामंतसिंह पटोद्धरण श्रीमान् देवसूरि शिष्य श्री जयानंद प्रतिष्ठित. (शुभं भवतु)**

દેવેંદ્રસૂરિ ૧૨૭૦ થી ૧૩૨૭ સુધીમાં હતા. તેમને વસ્તુપાલની આગેવાની નીચે સૂરિપદ આપવામાં આવ્યું હતું.

## સંપ્રતિ રાજાની ટુંક.

ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર સ્વામીના નિર્વાણથી ત્રણસેં વર્ષે એટલે આજ (સં. ૧૯૬૫) થી ૨૧૩૫ વર્ષ ઉપર ઉજ્જનમાં સંપ્રતિ રાજા થયો (કારણ કે મહાવીર સ્વામી ઇ૦ સ૦ પૂ૦ ૫૨૬ વર્ષ ઉપર મોક્ષ પામ્યા છે). પૂર્વભવે તેણે ભિક્ષુકપણું તજી દઈ ચારિત્રનો સ્વીકાર કર્યો. ઘણું ખાવાથી રોગગ્રસ્ત થઇ ચારિત્રની અનુમોદના કરતાં મૃત્યુ વશ થયો ને પુણ્યોદયથી સંપ્રતિ

Aho ! Shrutgyanam

રાજા થયો, આર્યસુહસ્તિગિરિના ઉપદેશથી જૈનધર્મ ગ્રહણ કરી સંપ્રતિ રાજાએ સવા લક્ષ નવાં દેવાલય કર્યા. સવાકોટિ અર્હત્પતિમા કરાવી તથા પંચાણુસહસ્ત્ર ધાતુનાં બિંબ ભરાવ્યાં.

**संपईराय विणिम्मिय पणवीस सहस्स पवर पसाया।**
**छत्तीस सहस उद्धारा जिण विहार कया जेणं॥**
**सेलमय सवाकोडी रीरीमय तावई जीण वराण।**
**इय अठारस कोडी पडिमा पणमामि भत्तीए॥ ८९॥**

**( रत्नसंचय. )**

મહાવીર સ્વામી વિચરતા હતા ત્યારે મગધમાં વૈશાલીના રાજા ચેટકનો જમાઈ શ્રેણીક રાજા હતો. તેની પાટે કોણિક થયો ને કોણિકની પાટે ઉદાયિન થયો. ત્યાર પછી તેજ પાટે નવ નંદ રાજા થયા ને મૌર્યવંશનો ચંદ્રગુપ્ત રાજા નવમા નંદની ગાદીએ બેઠો. ચંદ્રગુપ્ત પછી બિંદુસાર થયો, ને બિંદુસારની ગાદીએ અશોકશ્રી થયો તે જન્મ્યો કે તરતજ તેના દાદા અશોકશ્રીએ તેને ઉજ્જનનું રાજ્ય સોંપ્યું. ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્ર કર્તા શ્રી હેમાચાર્યના બનાવેલા પરિશિષ્ટ પર્વમાં સંપ્રતિનો ઇતિહાસ આપેલો છે. સંપ્રતિ રાજાની ટુંકમાં એક મોટું જીનાલય છે, તેને સંપ્રતિ રાજાનું દેરૂં કહે છે, તે દેરૂં ઘણું જુનું ને જોવા લાયક છે. બહારની તેમજ અંદરની કોરણી ઉત્તમ પ્રકારની છે. મૂળનાયક નેમિનાથ છે; રંગમંડપમાં ચક્રેશ્વરીની પ્રતિમા છે. એક કાઉશગીઓ ૫૪ ઇંચ ઉંચો છે, બીજા બે કાઉશગીઆ તેર તેર ઇંચના છે. આ શિવાય બીજી પાંત્રીસ જીનેશ્વરની પ્રતિમાઓ રંગમંડપ તથા ગર્ભાગારમાં છે. રંગમંડપમાં વિમલનાથની મૂર્તિ ૪૮ ઇંચની છે તેમાં નીચે પ્રમાણે લેખ

Aho ! Shrutgyanam

છેઃ-**संवत १५०९ माहासुद २ शुक्रे. सुरतवासी श्री. श्रीमालज्ञातीय श्री भाइ खेताभाइ झांझण कटुंब युतेन श्री विमलनाथ बिंबं कारितं प्रतिष्ठित बृहत्तपागच्छे श्री रतनसिंह सूरिभिः** સંવત ૧૯૩૨ માં આ ટુંકના ચોકમાંથી આમાંની ઘણી ખરી પ્રતિમાઓ નીકળી હતી. તેની સાથે એક સુંદર કારીગરીનું ધાતુનું પરિકર જે હાલ નેમિનાથની ટુંકમાં વૃક્ષનીચે છે તે પણ નીકળ્યું છે. જે હિંદુસ્તાનની પ્રાચીનકળાનો એક સરસ નમુનો છે; તેમાં નીચે પ્રમાણે લેખ છે. **संवत १५२३ वर्षे वैशाख शुदि १२ गुरौ श्री बृहत्तपापक्षे श्री गच्छ नायक भट्टारक श्री रत्नसिंह सूरीणां तथा भट्टारक उदय वल्लभ सूरीणामुपदेशेन श्री संघेन विमलनाथ परिकरः कारितः प्रतिष्ठितो ज्ञानसागरसूरिणा.**

જેમ્સ બર્જેસ સાહેબે આ દેવાલયમાં કર્ણરામ જયરામની સં. ૧૪૬૧ માં પ્રતિષ્ઠા કરેલી નેમિનાથની કૃષ્ણ મૂર્તિ જોઇ છે તથા ઇ. સ. ૧૧૫૮ નો લેખ વાંચેલો છે.

## કોટનાં બીજાં દેવાલય.

સંપ્રતિરાજાની ટુંકની ઉત્તરે જ્ઞાનવાવ તથા સંભવનાથનું ચોમુખનું દેરાસર આવે છે. તેની સામે સગરામ સોનીની ટુંકનું પૂર્વદ્વાર છે. કેટલીક નીશાનીઓ જોતાં એમ લાગે છે કે અત્રે અસલના વખતમાં મોટું દેરૂં હશે. આગળ જતાં સામે કુમારપાળની ટુંકનું દક્ષિણદ્વાર આવે છે. તેની ડાબી તરફને રસ્તે ભીમકુંડ જવાય છે.

Aho ! Shrutgyanam

સગરામ સોનીની ટુંક ને કુમારપાળ રાજાની ટુંક વચેના ગરનાળામાં થઇને ચંદ્રપ્રભુજીના દેરાસર આગળ જવાય છે. તે માર્ગે કોઇ દેવાલયની નિશાનીઓ જોવામાં આવે છે. ચંદ્રપ્રભુના દેવાલયમાં ચંદ્રપ્રભુની પ્રતિમા છે. તેમાં સંવત્ ૧૭૦૧ ની સાલ છે. તેની સામે એક માતાની મૂર્તિ છે, તેમાં ૧૩૧૮ નો લેખ છે. આ દેવળ મૂકી જમણી તરફ જતાં મોટા મોટા લેખ આવે છે પણ તે વંચાય તેવા નથી. તે મૂકી આગળ જતાં હાથી પગલાનો જુનો કુંડ આવે છે, તેમાં હાથીનું એક પથ્થરનું પગલું છે, તેના ઉપર નાગી બાવી રહેતી, તે યાત્રાળુઓને હરકત કરતી એમ કહેવાય છે. આ કુંડ મૂકી પશ્ચિમ તરફ જતાં શા. દેવચંદ લખમીચંદે સમરાવેલો હાથી પગલાંનો નવો કુંડ આવે છે.

નવા કુંડની દક્ષિણે ઉંચાણમાં કેટલીક ઓરડીઓ છે. તેને વિશે એમ કહેવાય છે કે હંસરાજ જુઠા બખાઇ નામે કારખાનાના એક મુનીમે ચોવીસ તીર્થંકરોને પધરાવવા માટે ચોવીસ ઓરડીઓ કરવા માંડી હતી પણ તે કામ અધુરું રહ્યું.

## કોટની બહારનાં દેવાલયો.

સંપ્રતિ રાજાની ટુંક તથા વસ્તુપાળ તેજપાળની ટુંક વચ્ચેના રસ્તે આગળ જતાં કોટનો બીજો દરવાજો આવે છે. તે દરવાજા બહાર સામેજ પથ્થર ઉપર લેવલ ૩૧૦૦ ફુટ લખેલું છે. ત્યાંથી થોડે ઉંચે ચડીયે છીયે ત્યારે ૪૦૦૦ પગથીઆં થાય છે. તે દરવાજે પસાર થઇએ એટલે નેમિનાથના રાક્ષસી કિલ્લાની જબરી ભીંતો જોવામાં આવે છે. આગળ ચડતાં ડાબી તરફ શાંતિનાથનું

Aho ! Shrutgyanam

મંદિર આવે છે. તેને ખાડાનું દેરાસર કહે છે. તેમાં નવ પ્રતિમાઓ છે. જમણી બાજુની એક મૂર્તિમાં કળશનું ને ડાબી બાજુની મૂર્તિમાં સસલાનું લાંછન છે. આ દેવળ માંગરોળના દશાશ્રીમાળી વણિક ધરમશી હેમચંદે શ્રી મુંબઇના ગોડીજી પાર્શ્વનાથના મંદિરના ભંડાર તરફથી આવેલા રૂપીઆ જસરાજ મોદી મારફત ખરચી સંવત્ ૧૯૩૨ માં સમરાવ્યું છે. પગથીઆંને રસ્તે ડાબી બાજુએ મલવાળું (જોરાવર મલનું) દેરૂં આવે છે. તેમાં પણ મૂળનાયક સોળમા શાંતિનાથ છે. તેની આસપાસ બે મૂર્તિઓ છે. આ દેરાની પાસે નીચાણમાં નેમિનાથની નવ ભવની પત્ની રાજીમતીની ગુફા છે. તેમાં રાજીમતીની ઉભી મૂર્તિ છે. તથા પડખે રહેનેમિની નાની મૂર્તિ છે. મલવાળા દેરાની પાસે જમણી તરફ હુંમડની જગા છે. જૈન લોકોની મુખ્ય બે શાખા છે. ૧. શ્વેતાંબરી. ૨. દિગંબરી. દિગંબરી લોકોને હુંમડ કહે છે. સંવત્ ૧૯૧૫ માં પ્રતાપગઢવાળા ફતેચંદ લાલચંદના પુત્ર કસ્તુરચંદ બંડીએ શ્વેતાંબરી લોકો સાથે મળી ને ચાલવું એવો લેખ કરી અમદાવાદના નગર શેઠ હેમાભાઇનો પત્ર લાવી ગીરનાર ઉપર દેવળ બંધાવવાનું શરૂ કર્યું. ને લોંકાગચ્છના મીઠા શેઠને સાત તથા દયાલ શેઠને સાત એ રીતે ચૌદ બાઇડીઓમા પણ વંશ રહ્યો નહીં. મીઠા તથા દયાલ સંત્રવી પાસેથી જમીન લઇ હુંમડનું કારખાનું દેવચંદ લખમીચંદના* શ્વેતાંબરી કારખાના સામે

---

* દેવચંદ કરીને પોરવાડ વાણીઓ વડનગરથી આશરે સો વર્ષ ઉપર પોતાની બ્હેન લખમી (અજબ) બાઇ સાથે જુનાગઢ આવ્યો. તેણે પોતાનો પૈસો ગીરનારજી ખાતે આપી એક દુકાન સંઘની રજાથી કાઢીને દુકાનનું નામ દેવચંદ લખમીચંદ પાડયું ને પોતે તથા તેની

Aho ! Shrutgyanam

બાંધ્યું. વળી બ્રહ્મપુરીમાં પધરાવવા પાર્વતી વગેરેની પ્રતિમાઓ લખમીચંદ મુનીરામે અનંતજી દીવાનને ભેટ કરી હતી. તેથી અનંતજી દીવાનની ચીઠ્ઠી લઇ વસ્તુપાળ તેજપાળની ટુકની દક્ષિણ તરફની શ્વેતાંબરી ધર્મશાળામાં મુકામ કરી કબજો કર્યો. ત્યાર પછી શેઠ. પ્રેમચંદ રાયચંદની ધર્મશાળાની સામે તેઓએ પોતાની ધર્મશાળા બાંધી. વીસપંથી તેરાપંથી વગેરે તેમની શાખાઓ છે. શ્વેતાંબરી લોકોની માફક તેઓ પ્રતિમાના નવ અંગે પૂજા કરતા નથી, તેમજ પુષ્પ, આભૂષણ ઇત્યાદિક ચઢાવતા નથી તેમજ દીગંબરીની પ્રતિમાને શ્વેતાંબરીની પ્રતિમા જેવો વજ્ર કછોટો હોતો નથી પણ લિંગનો ભાગ દેખાય છે. ગીરનારજી ઉપર હુંમડની જગામાં બે દેવળ છે. મોટું દેવળ ઉત્તરદ્વારનું છે. તેમાં ૧૧ જીનબિંબ છે. મૂળનાયક નેમિનાથ છે. તેમાં સંવત ૧૯૨૪ ની સાલ છે. નેમિનાથની એક

---

બ્હેન બન્ને જુનાગઢમાં ગુજરી ગયાં. તે પહેલાં પોરવાડ જગમાલ ગોરધન તથા પોરવાડ રવજી ઇંદરજી ગીરનારની દેખરેખ રાખતા. હાલ પણ જગમાલનો ચોક કહેવાય છે.

તથા જુનાગઢમાં પણ વીરચંદ માણેકચંદ તથા સવા ધોબીની મા ચંદુડી પાસેથી જમીન લઇ કારખાનું વધાર્યું. વીરચંદ માણેકચંદનો પુત્ર ગુલાબચંદ હાલ હયાત છે ને તે ધોબીનો પુત્ર સવો પણ હાલ હયાત છે.

સંવત્ ૧૯૧૩ વૈશાક સુદી ૪ ના અમદાવાદના શેઠ લલ્લુભાઈ પાનાચંદે હુંમડને દેરૂ બાંધવાની પરવાનગી આપવા બાબત દેવચંદ લક્ષ્મીચંદને લખ્યું હતું.

Aho ! Shrutgyanam

જીનહર્ષસૂરિએ સં૦ ૧૫૦૨ માં વીરમગામમાં વિંશતિ સ્થાનક વિચારામૃત સંગ્રહ તથા રત્નશિખર નરપતિ કથા નામના ગ્રંથો રચ્યા છે. તે જયચંદ્રસૂરિના શિષ્ય હતા. જયચંદ્રસૂરિએ સં૦ ૧૫૦૬ માં પ્રતિક્રમણ વિધિ નામનો ગ્રંથ રચ્યો છે તે સોમસુંદરસૂરિના પાંચ શિષ્યોમાંના એક હતા. સોમચંદરસૂરિ—જન્મ ૧૪૩૦ સ્વર્ગ ૧૪૯૯. મૂર્તિ સંવત્ ૧૭૪૯ ની તથા શાંતિનાથની એક મૂર્તિ સં૦ ૧૬૬૫ ની સાલવાળી છે. નાનું દેરૂં પશ્ચિમદ્વારનું છે. તેમાં બે બાજુએ પાર્શ્વનાથ તથા મધ્યે નેમિનાથ મળી ત્રણ પ્રતિમા છે. તે નેમિનાથની પ્રતિષ્ઠા સં૦ ૧૭૪૫ માં ભટ્ટારક જીવરાજજી એ કરેલી છે. આ દેરાંની ઊંચાણમાં શીતળનાથની જગા છે. મલવાળું દેરૂં મૂકી આગળ રસ્તો લેતાં જમણી તરફ ચોમુખનું (ચોરીવાળું) જીનાલય આવે છે. તેની પ્રતિષ્ઠા સં૦ ૧૫૧૧ માં જીનહર્ષ સૂરિએ કરેલી છે. પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર ને પૂર્વના બિંબોમાં અનુક્રમે કચ્છપ, શશી, કમલ ને સ્વસ્તિકનાં ચિન્હ છે. આ દેરૂં શામળા પાર્શ્વનાથનું કહેવાય છે. ચોમુખની ચોરીના થાંભલાઓમાં તીર્થંકરની મૂર્તિઓ છે. તે મૂકી આગળ જતાં એક બ્રહ્મચારીની બેઠક આવે છે. ત્યાર પછી ગૌમુખી આવે છે. ત્યાં કુંડ છે. તેમાં ગાયના મુખમાંથી ઝરણુ આવે છે. તેની પાસે ચોવીસ તીર્થંકરનાં પગલાં છે. દરેક પગલાંની જોડ પાસે અરિહંતનું નામ બાળબોધમાં કોતરેલું છે. ગૌમુખીની જગામાં હાલ શિવાલયો છે. જમણી બાજુએ ઉપર ચઢતાં રહનેમિનું દેવાલય આવે છે. દંડનેમિ, અતિનેમિ, દ્રઢનેમિ ને રથનેમિ (•રહનેમિ ) એ ચાર અરિષ્ટ નેમિના ભાઈ હતા. નેમિનાથ રાજીમતીનું પાણીગ્રહણ કર્યા શિવાય તોર-

Aho ! Shrutgyanam

ણુથી પાછા ચાલ્યા ગયા તેથી રાજીમતી સંસાર વિરક્ત થઇ પોતાની સખીઓ સાથે સંયમ લેવા ગીરનાર ઉપર ચડી. રસ્તામાં વૃષ્ટિ થવાથી એક ગુફામાં પોતાનાં વસ્ત્ર સૂકવવા આવી. તેજ ગુફામાં રહનેમિ તપ કરતા હતા, તે રાજીમતીને જોઈ કામાંધ થયા. રાજીમતીએ પ્રતિબોધ દીધો, તેથી લજ્જાયમાન થઇ પોતાના આત્માની નિંદા કરતા રહનેમિ પોતાના ભાઇ અરિષ્ટનેમિ ( નેમિનાથ) પાસે આવ્યા, ને દીક્ષા લઇ સિદ્ધિ પામ્યા. શિવસુંદરી રૂપી પોતાની શોકને જાણે અગાઉથી જોવાને ઇચ્છતી હોય તેમ રાજીમતી પણ પોતાના સ્વામી પાસે દીક્ષા લઇ તેમના પહેલાં મોક્ષે ગઇ.

દિગંબરીના સંબંધમાં શ્રી આવશ્યકની વૃંદારવૃત્તિ નામની ટીકામાં લખેલું છે કે એક પ્રસંગે દિગંબરી તથા શ્વેતાંબરી સંઘ રેવતાચલ તીર્થે ભેગો થયો. તે અવસરે દિગંબરી લોકો તથા શ્વેતાંબરી લોકો વચ્ચે જુનાગઢના રાજાની સમક્ષ વાદવિવાદ ચાલ્યો. રાજાએ શાસ્ત્રનું પ્રમાણ માગવાથી શ્વેતાંબરી સંઘે કાયો-

---

* એમ કહેવાય છે કે સુંદરજી સંઘવીના સમયમાં અનંતજી દીવાનની મદદથી મુચુકુંડની ગુફાવાળા ભૈરવાનંદ ( લકકડભારથી ) બાવાએ ગૌમુખીમાં મુકામ કર્યો. સુંદરજીના ગુરૂ હસ્તિવિજયે તથા ચોમાસી સાધુ [illegible]સાગરે પ્રયત્ન કર્યા છતાં ડુંગર ઉપર વસતી વધારવાના બહાને તે જગા સુંદરજીએ પોતાના કબજામાંથી છોડી દીધી. હસ્તિવિજયના શિષ્ય ભક્તિવિજય તથા તેના શિષ્ય લક્ષ્મીવિજય હાલ વેરાવળ રહે છે. હસ્તિવિજયના વખતમાં ભાટીયા લીલાશેઠ નેમિનાથના કારખાનાના મુનીમ હતા. તેના પુત્ર ગબ્બર શેઠની હવેલીમાં નીચે હાલ ગુજરાતી નિશાળ છે, ને ઉપર સરકારી દવાખાનું છે.

Aho ! Shrutgyanam

ત્સર્ગ ધ્યાન ધર્યું, તેથી શાસન દેવીએ દૂર દેશથી એક કન્યાને લાવીને તેના મુખથી નીચેની ગાથા બોલાવી.

**उज्जिंत सेलसिहरे दिख्खानाणं निसिहिया जस्स।**
**तं धम्मचक्कवट्टिं अरिट्ठनेमि नमंसामिं ॥**

અર્થ—ઉજ્જયંત પર્વતના શિખર ઉપર જેનાં દીક્ષા, કેવળજ્ઞાન ને નિર્વાણ થયાં એવા ધર્મચક્રવર્તી અરિષ્ટનેમિને નમું છું.

આ વિષે એમ પણ કહેવાય છે કે મહારાષ્ટ્રના વરૂણ શેઠે તથા હસ્તિનાપુરના ધનાશેઠે જીર્ણદુર્ગના વિક્રમરાજાની કચેરીમાં તકરાર ચલાવી. તે અવસરે પદ્માવતી દેવીએ સીણવલ્લી ગામની પાંચ વર્ષની કુમારિકાને લાવીને ઉપરનો પાઠ બોલાવ્યો. તે ઉપરથી ધનાશેઠનો (શ્વેતાંબરીનો) જય થયો. ઉપરની ગાથા પ્રતિક્રમણમાં "સિદ્ધાણં બુદ્ધાણં" નામના સૂત્રમાં હજુ પણ હમેશાં બોલાય છે.

## અંબાજીની ટુંક.

રહનેમિના દેવળથી અંબાજીની ટુંક ઉપર જવાનો રસ્તો નીકળે છે. સાચા કાકાની જગા ઉપરનો ચઢાવ કઠણ છે. પણ પગથીઆં બાંધેલાં છે તેથી સુગમ પડે છે. સંવત્ ૧૮૮૨ના અશાડ શુદી ૨ને રોજ અંબાજીનાં કમાડ જૈન દેરાસરનાં કારખાનેથી કરાવ્યાં.

આ દેવળની બાંધણી સંપ્રતિરાજા તથા દામોદરજીના દેવળની બાંધણીને મળતી આવે છે. એમ કહેવાય છે કે સંપ્રતિ રાજાએ હાલનું સંપ્રતિનું, અંબાજીનું, દામોદરજીનું તથા માહી ગઢેચીનું તથા હાલ જુનાગઢના કસાઇવાડામાં જુની સંગી વાવ પાસેની મસીદ જ્યાં છે

Aho ! Shrutgyanam

ત્યાં એ રીતે એવાં પાંચ દેવળ બંધાવ્યાં હતાં. માહીગઢેચી બાર સૈયદની જગા તથા માજીબુના મકબરાની પાસે છે. ત્યાંથી મહાવીર સ્વામીની પ્રતિમા સંવત્ ૧૮૯૭ ના અરસામાં નીકળી હતી. કોઈ કહે છે કે તે સં૦ ૧૮૬૩ માં નીકળી હતી. (જુનાગઢમાં પ્રથમ ચોમુખનું દેવળ હતું તથા બીજી ત્રણ દેરાસરની ઓરડીઓ હતી પછી હાલનું મોટું દેવલ કર્યું ને ચોમુખજી મેડા ઉપર સ્થાપ્યાં. પૂંજાધેટીયાની જમીન હાલ કારખાના તાબે છે, તે મહાવીર સ્વામીના દેરાસરના કંપાઉન્ડમાં પશ્ચિમ તરફ છે ત્યાં અપાસરો થાય તેવી જગ્યા છે.) તેની પ્રતિષ્ઠા સંવત્ ૧૯૦૫ માં જુનાગઢમાં હાલના મોટા દેરામાં મૂળનાયક તરીકે કરવામાં આવી છે. રૂપકુશળજી મહારાજ પાસેથી સાભળ્યું છે કે તેમણે અષ્ટમંગલિકની નિશાનીઓ* તથા મંગલ મૂર્તિ (દ્વાર ઉપર કાઢેલી તીર્થંકરની મૂર્તિ) તથા :સંપ્રતિ રાજાના "**सं**" એવા અક્ષરો માહીગઢેચીના પડી ગયેલા મકાનમાં જોયેલા છે. અંબાજીનું દેરૂં અસલ જીનાલય હતું તથા તેમાં મૂલનાયક નેમિનાથ હતા એમ કહેવાય છે. વળી દેરાની આસપાસ તીર્થંકરોની પ્રતિમાઓ ભંડારેલી છે એમ કેટલાક કહે છે. બર્જેસ સાહેબ લખે છે કે બુદ્ધ કે જૈન લોકોને આ દેવળ છોડવું પડ્યું ત્યાર પછી તે ભાગ્યેજ સાફ કરવામાં આવ્યું હશે. જૈન લોકોનાં દેવાલયો અંદરથી સ્વચ્છ હોય છે, પણ અંબાજીનું દેવળ ધુમાડાથી કાળું થઇ ગયું છે. તથા હમેશાં ઘી અને નાળીએરના પાણીથી ગંદુ જોવામાં આવે છે. વળી રંગમંડપમાં બાવાઓ રહે છે. તે પણ ઠીક નથી. શત્રુંજય માહાત્મ્યમાં અંબિકા દેવીનું ચરિત્ર છે, તેમજ અંબાગિરિ તથા અંબાકુંડનાં નામ આવે છે. વળી કાળમેઘ, ઇંદ્ર, બ્રહ્મેંદ્ર, રૂદ્ર,

Aho ! Shrutgyanam

મલ્લિનાથ, બલભદ્ર, વાયુ, ઉત્તરકુરૂની સાત માતા, કેદાર, મેઘનાદ, સિદ્ધિ ભાસ્ય, સિંહનાદ, વગેરે અધિષ્ઠાયક દેવતાઓ પ્રત્યેક શિખરે તથા પ્રત્યેક વૃક્ષે નેમીશ્વરના ધ્યાનમાં તત્પર રહી સંઘના કષ્ટ દૂર કરે છે. ને અંબાના ગિરિથી દક્ષિણે ગોમેધ યક્ષ છે તથા ઉત્તરે મહાજ્વાલા દેવી છે, તે પણ સંઘના વિઘ્ન હરે છે. (શત્રુંજય માહાત્મ્ય). અંબાજીનું દેરૂં સ્નાત્રાદિ પૂજાઓના કર્ત્તા દેવચંદજીએ એક અતીતને સોંપ્યું હતું. ત્યારથી ત્યાં અતીતનો કબજો થયો એવી દંતકથા છે.

---

# ત્રીજી, ચોથી તથા પાંચમી ટુંક.

અંબાજીની ટુંક મુકી આગળ મુસાફરી કરીએ એટલે ઓઘડ શિખર આવે છે, તેને ત્રીજી ટુંક કહે છે. ત્યાં પ્રથમ નેમિનાથનાં પગલાં આવે છે. તેમાં સંવત્ ૧૯૨૭ ના વૈશાક સુદી ૩ શનિનો લેખ છે, તે ઉપરથી જણાય છે કે બાબુ ધનપતિસિંહ પ્રતાપસિંહજીએ તે પગલાં સ્થાપેલાં છે. તેની પાસે ઓરડી છે તેમાં બાવો રહે છે. તેની પાસે છેક ટોચ ઉપર બૌદ્ધગુરૂ મત્સ્યેંદ્રનાથ (મછંદરનાથ) જે ગોપીચંદરાજાના વખતમાં થઈ ગયા છે તેમના શિષ્ય ગોરખના-

---

*અષ્ટમંગલિક—દર્પણ, વૃર્ધમાન, કલશ; મત્સયુગ્મ, શ્રીવત્સ, સ્વસ્તિક, નંદાવર્ત, ભદ્રાસન.

**दप्पण भद्दासण वद्धमाण सिरि वच्छ मच्छ कलसा य**
**सथ्थिय नंदावत्ता लिहिया अट्ठ मंगलया. ॥ ३३०**

(રત્નસંચય)

Aho ! Shrutgyanam

ચનાં પગલાં છે. આ ટુંકની નીચાણુમાં સુગંધી વાળાના છોડ થાય છે.

ત્યાંથી આશરે ૪૦૦ ફીટ નીચે ઉતરી રહ્યા પછી ચોથી ટુંકે જવાય છે. તે રસ્તો બાંધેલો નથી. રસ્તો આકરો છે. ટુંકની ઉપર એક મોટી કાળીશિલામાં શ્રી નેમિનાથની પ્રતિમા તથા બીજી શિલા ઉપર પગલાં છે. તેમાં ૧૨૪૪ ની પ્રતિષ્ઠાનો લેખ છે. કેટલાક એમ કહે છે કે નેમિનાથ આ ટુંક ઉપર મોક્ષ પામ્યા છે. ચોથી ટુંકથી બારોબાર પાંચમી ટુંકે હોશીઆર ને જોરાવર માણસથી જવાય છે. ત્રીજી ટુંકેથી નીચે ઉતરી રહ્યા પછી પગથીઆંને રસ્તે ઉપર ચઢીએ છીએ એટલે કમંડલકુંડની નીચાણુમાં રતનબાગ છે. તેમાં આશ્ચર્ય-કારક વનસ્પતિ થાય છે. કમંડળકુંડને રસ્તે નહિ:જતાં આગળ પગથી-આંને રસ્તે ઉંચા ગયા પછી ચઢાવ ઘણોજ જબરો છે. પાંચમી ટુંકે પહોંચીએ છીએ ત્યારે એક જાતનો અનન્ય આનંદ થાય છે તેથી તથા ઠંડા પવનની લ્હેરથી મુસાફરીનો થાક ઉતરી જાય છે; તેની સાથે પાપ પણ ઉતરી જાય છે ને પુણ્ય ચઢે છે. પાંચમી ટુંકની જે પેદાશ થાય છે તે કમંડલકુંડના બાવાઓ લે છે.

ઉપર ગજાંવર ઘંટ છે, તથા નેમિનાથનાં પગલાં છે તેના ઉપર છત્ર બંધાવેલું છે. તેની નીચાણુમાં પગલાં તથા નેમિનાથની પ્રતિમા છે. વળી નીચે પ્રમાણે લેખ છે. **सं. १८९७ प्रथम आसो वद ७ मे गुरुवासरे सा. देवचंद लक्ष्मीचंदेन जिनालयं प्रतिष्ठितं.** પાંચમી ટુંકથી પાંચ સાત પગથીઆં નીચે ઉતરતાં એક મોટો લેખ આવે છે તેમાં સંવત ૧૧૦૮ની સાલ છે. પાંચમી ટુંકની અગ્નિકો-

Aho ! Shrutgyanam

ણુમાં રતનબાગ છે. તેની પેલી તરપ્ શેર બાગ છે. નૈઋત્યકોણુમાં ગબ્બરનો ડુંગર છે. વાયવ્યકોણુમાં ભેરવજપ છે. ઇશાનકોણુમાં રામચાલી છે ત્યાં શિલોદક પાણીનો ઝરો છે. પાંચમી ટુંકને વૈષ્ણવલોકો ગુરૂદત્તાત્રીની ટુંક કહે છે. ને મુસલમાન લોકો તેને મદારશા પીરનો ચિલ્લો કહે છે. નેમિનાથના પ્રથમ ગણુધર વરદત્ત ત્યાં મોક્ષ પામ્યા છે. વરદત્તનું ટુંકુ નામ દત્ત થઇ દત્તાત્રી થયું છે એમ પણુ કહેવાય છે *વળી ઘણુાખરાનો એવો મત પણુ છે કે નેમિનાથ આ પાંચમી ટુંકે મોક્ષ પામ્યા છે. આ ટુંક તથા સાતમી ( કાળીકા ) ટુંક વચ્ચે છઠ્ઠી ટુંક છે તેને રેણુકા શિખર કહે છે. વાઘેશ્વરી દરવાજાથી ગિરનારનાં મુખ્ય સ્થાનોનું અંતર આ પ્રમાણે છે. વાઘેશ્વરી માતા ૧૨૦૮ ફુટ. અશોકનો લેખ ૨૭૩૩, દામોદર કુંડ ૫૦૩૩, ભવેશ્વર ૧૧૧૩૩, ચડાનીવાવ ૧૨૦૪૩ (૨$\frac{૫}{૧૬}$ મૈલ), માળી પરબ ૧૯૦૨૮, નેમિનાથનો કોટ ૨૨૦૪૩, અંબાજી ૨૪૨૪૩, ઓઘડ શિખર ૨૫૫૯૩, પાંચમી ટુંક ૨૭૫૦૩ ( ૫ મૈલ ), રામાનંદીનાં પગલાં ૨૪૧૪૩, પથરચટિ ૨૪૨૬૮, સેસાવન ૨૬૧૪૩ (૫ મૈલ), હનુમાનધારા ૨૭૭૪૩ ફુટ. પાંચમી ટુંકના બાવાઓ પરદેશી યાત્રાળુઓને કોઇવાર હેરાન કરે છે. ત્યાં એક મોટો ઘંટ છે, તે ઉપર સવંત્ ૧૮૯૪ ની સાલ છે. ને આવા શ્રવણુનાથે તે ઘંટ ચઢાવ્યો છે એમ લખેલું છે.

સં૦ ૧૮૩૮માં પાંચમી ટુંકે ખર્ચ કારખાના તરફથી થયું છે.

---

* શ્રી નેમિનાથ ને ૧૮ ગણુધર હતા, તેમનાં નામ—વરદત્ત, નરદત્ત ધર્મદત્ત. સુયશ, ઋષભસેન, વિશ્વભૂતિ, વજ્રનાભ, હરિષેણુ, સુમિત્ર, ગુણનાથ, યશઃકીર્તિ, મહાશય, સર્વાનુભૂતિ, શ્રીધર, અચલ, દયાલ, મડાંસેન સિધ્ધાર્થ.

Aho ! Shrutgyanam

## કાલિકા ટુંક.

કમંડળ કુંડ આગળ બાવાની જગા છે. ત્યાં અગર નેમિનાથના કોટમાં રાત રહીને સવારના વહેલા ઉઠીને ભોમીઆ બાવાઓની મદદથી કાલિકા ટુંકે જવાય છે. રસ્તો અતિશય વિકાળ ને ભયંકર લાગે છે. મુસાફર ભૂલો ન પડે તેથી ઠેકાણે ઠેકાણે સિંદુરની નિશાનીઓ દેખાય છે. ઘણોજ જોરાવર ને હિમતવાન આદમી હોય તોજ તે ઠેઠ પોચી શકે છે. કેટલાક લોકો એમ કહે છે કે બે માણુસ કાલિકા ટુંકે જાય તેમાંથી એક માણુસ જીવતું પાછું આવે છે. તે વાત કેટલેક દરજ્જે યથાથ છે. કારણુ કે રસ્તો એવો વિકટ :છે કે પથરા ઠેકીને કાંટાના ઝાડમાં થઇ જવું પડે છે, તેથી બેમાંથી એકને નુકશાન થવાનો સંભવ છે. છેક ટોચે ત્રિશૂળ છે. તથા કાલિકાનું સ્થાન છે. વળી એવી દંતકથા સાંભળવામાં આવી છે કે ત્યાં નીલવર્ણી પારેવાની શિલા છે, તે રસ્તે ભોયરામાં ઉતરાય છે. તેમાં બીજોરાં તથા હરડે એવી થાય છે કે એક ફળ સવા પાશેરનું થાય છે. વળી ચંપાના વૃક્ષ છે. નીલવર્ણી શિલા મૂકીને બાબરીઆ કુંડ જવાય છે, ત્યાં માતાની મૂર્તિ છે. રાણુપુરની ઘોડી[1] ઉપરથી પણુ કાલિકાની ટુંકે જવાય છે. તે રસ્તે ડુંગર ઉપર સુવર્ણું વાલુકા નદી આવે છે, તે ભરત વનમાં જાય છે. ત્યાં સાલંગ્રામ થાય છે.

---

૧ રાણુપુર નામનું ડુંગરની તળેટીમાં એક ગામ છે. ઘોડી—ડુંગરની ધાર.

प्रथमं शैलपुत्री च द्वितीयं ब्रह्मचारिणी,
तृतीयं चन्द्रघंष्टेति, कुष्माण्डेति चतुर्थकं. २
पंचमं स्कंदमातेति षष्ठं कात्यायनीति च,

Aho ! Shrutgyanam

सप्तमं कालरात्रीति, महागौरीति चाष्टमं. ४
नवमं सिद्धिदात्रीति नवदुर्गाः प्रकीर्तिताः
उक्तान्येतानि नामानि ब्रह्मणैव महात्मना. ५

## સહેસાવન.

ગૌમુખી મુકીને ડાબે રસ્તે સપાટ રસ્તો નીકળે છે તે સહેસાવન જવાનો છે. જાંબુ ગુફા મુકીને પ્રથમ રામાનંદીની જગા આવે છે, ત્યાં પગલાં તથા ઘંટ છે. વળી તેજ ઠેકાણે ભેરવ (ભૈરવઝંપા) છે. તે ઉપર ચઢીને અસલના વખતમાં દુઃખી લોકો પરભવમાં સુખ પામવાની આશાએ ઝંપાપાંત કરી પ્રાણ ખોતા; ને નગારાંના નાદથી પડનારનાં સગાંવહાલાંની બુમ ઢંકાઇ જતી. તેની ડાબી તરફ સેવાદાસની જોવા લાયક ગુફા ને કુંડ છે, ને જમણી બાજુએ પથરચટી નામની આચારજીની જગા તથા કુંડ છે, ત્યાં યાત્રાળુઓને ખીચડી અપાય છે. વળી જમણી બાજુએ નીચાણમાં રસ્તો બાંધેલો છે. તે સહેસાવન (સહસ્રાગ્રવન) જાય છે. સહેસાવનમાં નેમિનાથનાં પગલાં છે. તે ઉપર છત્રી બંધાવેલી છે. ત્યાં શ્રાવક લોકોની ધર્મશાળા તથા એક બાવાની જગા છે. સહેસાવનથી આશરે એક માઇલ જઇએ ત્યારે ભરતવન તથા હનુમાનધારા આવે છે. સહેસાવનથી નીચે ઉતરીને તલેટી જવાનો રસ્તો છે. હાલ તેને દુરસ્ત કરવામાં આવ્યો છે. મુખ્યત્વે કરીને હુમડ (દિગંબરી) લોકો આ રસ્તો ઉપયોગમાં લેછે.

## જાણવા જોગ બાબતો.

સં૦ ૧૮૮૬ થી ૯૪ સુધીમાં ભરતપુરવાલા શેઠ સંતોકરામ જેચંદે સેહેસાવનનાં જુનાં પગથીઆં કરાવેલાં છે.

Aho ! Shrutgyanam

૧૮૯૪ માં રાજુલની ગુફા સમરાવી.

૧૮૯૬ માં હાથી પગલાંનો કુંડ સમરાવ્યો.

સેહેસાવનની ધર્મશાળા સં॰ ૧૯૩૩ માં બંધાઇ. ચડાની વાવની પડખે તળાયું બાંધ્યું તથા પગથીયાંના ટપા પાંચ તથા હનુમાનનો ઓટલો સં૦ ૧૯૩૦ માં કારખાને કરાવ્યો.

સં૦ ૧૯૨૧ માં પ્રેમચંદજીની ગુફા સમરાવી.

સં૦ ૧૯૦૮ માં છોડીયા દેરી રીપેર કરાવી.

સં૦ ૧૯૦૭ માં ઢેડની ઓરડી બાંધી.

સં૦ ૧૮૯૪ માં રાજુલની ગુફા સમરાવી.

સં૦ ૧૯૦૮ માં જટાશંકરની દેરી રીપેર કરાવી.

સં૦ ૧૯૦૫ માં સંપ્રતિ રાજાનું દેરાસર રીપેર કરાવ્યું.

સં૦ ૧૮૯૯ માં કેશવજી નાયકનું રીપેર કામ.

સં૦ ૧૯૪૧ તથા ૧૯૩૪ માં ગવર્નર આવ્યા હતા.

## ડુંગરની દંત કથાઓ.

૧. એક સમયે કોઇ કડીઆરે રતનબાગમાં કોઇ વાંદરાને કુહાડી મારી, તે દૈવયોગે કોઇ કુંડમાં પડી જવાથી સોનાની થઇ ગઇ. તેની નીશાનીઓ રાખીને કડીઆરો બીજે દીન ગયો ત્યારે ભૂલો પડયો; ને એક પણ નિશાની જોઇ નહીં.

૨. સંતદાસના ચેલા સેવાદાસજીએ કહેલી એવી એક વાત છે કે, કેટલાએક યાત્રાળુઓ ભૂલા પડયા. તે કોઇ યોગીની ગુફા આગળ આવી પહોંચ્યા. યોગીએ તેમને શાંત પાડીને કોઇ ઝાડનાં પાંદડાં ખાવા આપ્યાં; તે તેમને પાપડ જેવાં લાગ્યાં. તેથી ખાઇને સંતોષ પામ્યા. પછી તે યોગીએ તેમની આંખ્યોએ પાટા બાંધીને કોઈ

Aho ! Shrutgyanam

રસ્તે મૂકી દીધા. તેથી તેઓ પોતાને રસ્તે ચાલ્યા ગયા; ને બીજે દહાડે તે ગુફા જોવા આવ્યા પણ જડી નહીં.

૩. કોઇ દુઃખીઆરો રોગથી પીડાએલો હોવાથી તેણે અંબાજીની ટુંકથી પડતું મૂક્યું. પણ સારા નસીબે કોઇ હરડેના ઝાડ પાસે પડવાથી તેને ઝાડો થયો ને બધો રોગ જતો રહ્યો. તેણે જુનાગઢમાં આવી ગોરજી લાધાજી જયવંતજીના ગુરૂને વાત કરી. તેથી તેણે તે હરડે લાવીને નવાબ સાહેબની દવામાં વાપરી. તેથી નવાબ સાહેબની તબીયત ઘણીજ દુરસ્ત થઇ.

૪. એક બાવાએ કોઇ રસકૂપિકા શોધી કહાડીને તેમાંથી તુંબડી ભરી લીધી. રાત્રે કોઇ સોનીને ત્યાં તેણે મુકામ કર્યો; ને સવારે ઉઠીને પોતાને રસ્તે ચાલતો થયો. સોનીના ઘરમાં પેલી તુંબડી. માંથી પાણીના છાંટા જે વસ્તુ ઉપર પડયા હતા તે સોનાની થઇ ગઇ. સોની બાવાને ખોળવા ગયો, પણ હાથ લાગ્યો નહીં.

૫. ગોરજી ક્રાંતિવિજયજીના કહેવા પ્રમાણે જુનાગઢના કેટલાક વાણીઆએ ગબ્બર અથવા ગદ્ધેસિંહના ડુંગરમાં જઇ ગદ્ધઇઆં નાથના રૂપોના શિક્કાની ગાસડીઓ બાંધી બોરદેવીના મુકામે આવી ત્યાંના બાવાને હેરાન કર્યો. બાવાના ગુસ્સાથી કેટલાક ત્યાંજ ગાંડા થઇ મૃત્યુ પામ્યા. બીજાઓ રસ્તામાં નાસતાં મરી ગયા; ને બાકીના જુનાગઢમાં આવીને ગુજરી ગયા.

૬. ગોરજી ક્રાંતિવિજયજી કહે છે કે પથ્થરચટીની ઉંચાણમાં એક અઘોરી રહેતો. તે કોઇ બ્રાહ્મણના છોકરાને ઉપાડીને તેનું ભક્ષણ કરી ગયો. તે છોકરાનો પિતા ત્યાં આવ્યો. અઘોરી પાટણમાં નાશી ગયો. અધિષ્ઠાયક દેવની સહાયતાથી તે છોકરો સજીવન થઈ

Aho ! Shrutgyanam

પોતાના પિતા પાસે આવ્યો. અઘોરીનુ નામ હરનાથગર હતું તેને વરદત્ત શિખરના અધિષ્ઠાયક દેવે લાકડી મારી લંગડો કર્યો હતો. તેનો ચોથી પહેડીનો ફુલગર નામનો ચેલો સિદ્ધપુર પાટણના જુના કિલ્લા આગળ રહેછે ને ગાયકવાડનો ગરાસ ખાય છે, હરનાથગરને ગીરનાર મૂકી જતું રહેવું પડયું. તે વખતમાં સઘળા અઘોરીઓ ગીરનારમાંથી નીકળી હિમાલય વગેરે સ્થાને ગયા. આ શિવાય બીજી ઘણી દંતકથાઓ ચાલેછે.

## બીજાં જોવા લાયક સ્થાન

૧ શ્રી નેમિનાથના કોટના અગ્નિખુણમાં પ્રેમચંદજી મહારાજની ગુફા છે તેમાં ઘણા પુરૂષોએ ધ્યાન ધરેલું છે. પ્રેમચંદજી તપગચ્છના સાધુ હતા. તે યોગ વિદ્યામાં પ્રવીણ હતા. પોતાના ગુરૂભાઇ કપુર-ચંદજીને શોધવા માટે તેઓ અત્રે આવી રહ્યા હતા. કપુરચંદજી વિષે એવું માનવામાં આવેછે કે તેઓ અનેક રૂપ કરતા તથા તેમનામાં અનેક સ્થળે જવાની વિદ્યા હતી. આ ગુફા દેવચંદ લખમીચંદના કારખાનાને સ્વાધીન છે. તેમાં વખતો વખત જોઇતી મરામત પણ આ કારખાના તરફથી થાય છે. ત્યાં જવાનો રસ્તો ઘણો કઠણ છે. ત્યાં જવાના રસ્તા નીચે પંચેશ્વરની જગા છે ત્યાં પાણીનો કુંડ છે. પ્રેમચંદજી મહારાજનાં પગલાં તળેટીની ધર્મશાળામાં છે. તેમાં સંવત્ ૧૯૨૧ ની સાલ છે. તેની પાસે સંવત્ ૧૯૨૨ માં સ્થાપેલા દયાચંદ-જીનાં પગલાં છે. આ ગુફાથી બારોબાર પાટવડને નાકે થઇ બીલખા જવાય છે.

૨ સાતપુડાનો કુંડ સાતપુડાના ડુંગરમાં છે. ત્યાં જવાના બે રસ્તા છે. એક રસ્તો રાજુલની ગુફા ઉપર થઇને જાય છે, બીજો

Aho ! Shrutgyanam

અંબાજી જતાં રહેનેમીના દેરાથી નીકળે છે. આ કુંડનું પાણી ઘણું સ્વચ્છ છે ને કોઇ પણ દિન ખુટતું નથી. ગીરનારનાં બીજાં જળાશયોમાં પાણી જોવામાં આવતું નથી તે વખતે આ કુંડમાંથી જોઇએ તેટલું સ્વચ્છ પાણી મળી શકે છે. ત્યાં જવાનો રસ્તો ઘણો સખત તેમજ વિકટ છે. કુંડની ઉપર કુદરતી કાળા પથ્થરની શિલાઓનું ઢાંકણુ છે, જેથી સૂર્યનું પ્રતિબિંબ પણ ત્યાં જવા પામતું નથી. કુંડમાં પ્રવેશ કરવા માટે ઘણોજ સાંકડો રસ્તો છે. એક માણુસ પણ મુસ્કેલીથી અંદર જઇ શકે છે. આ કુંડનું પાણી હમેશાં એવું તો શીતળ ને આરોગ્યતા વર્ધક છે કે તેનું પાન કર્યાથી આત્માને અમૃત મળ્યું હોય તેમ આનંદ થાય છે.

૩ ગબ્બર અથવા ગધેસિંહનો ડુંગર પાંચમી ટુંકની નૈરૃત્ય ખુણમાં છે. ત્યાં શાશ્વતી પ્રતિમાઓ છે પણ તેમાં કુંજ કુહ નામનો ઝરો છે. તેને તાંતણીઓ ધરો કહે છે. રતનબાગમાંથી તેમાં પાણી આવે છે. તે ધરો અગાધ છે. તેનો પાર આવતો નથી તેથી શાશ્વતી પ્રતિમાના સ્થાને જવાતું નથી. તાંતણીઓ ધરો બીલખા તરફ થઇને હોજતને મળે છે.

૪ કાળીકા ટુંક જતાં પાંડવ ગુફા આવે છે. તે ગુફા રતનબાગથી શરૂ થાય છે. તે છતરાસા પાસેના પાટણવાવના ડુંગરમાં નીકળે છે ત્યાં દેવીનું ધામ છે. એવીજ એક ગુફા માલ્યવંત અથવા માળી પરબથી નીકળી શત્રુંજય પર્વત આગળ સિદ્ધવડની પાસે હાલ જ્યાં આણંદપુર ગામ છે ત્યાં નીકળે છે એમ સાંભળવામાં આવ્યું છે. આ ગુફા મુકી લક્ષ્મણગુરા જવાય છે.

૫. કાળી દેરી આગળની ટેકરીને વાલ્મીક ઋષિની ટેકરી કહે

Aho ! Shrutgyanam

છે. તે મુકયા પછી જટાશંકર જવાનો રસ્તો નીકળે છે. ત્યાં જતાં પ્રથમ પુતળીઓ ગાળો આવે છે. ત્યાં મોટા ચોખાના આકારના પથરા થાય છે.

૬. ગબ્બર અને દાતારના ડુંગરની વચે નવનાત ૮૪ સિદ્ધની ટેકરી છે તેને હાલ ટગટગીઆનો ડુંગર કહે છે. ટગટગીઆના ડુંગરથી રત્નેસર જવાય છે. ને રત્નેસરથી કાળીના મુકામે જવાય છે. આ ડુંગરમાં અસલ ઘણા અઘોરી રહેતા.

૭. દુધેશ્વરથી જોગણીઓના ડુંગર ઉપર જવાય છે, ત્યાં ગુફા તથા તોપો છે, વળી નાગેશરીનું ઝાડ છે. તે ઝાડ ચંપા જેવું થાય છે. પણ તેના ફુલ કાળાં હોય છે. તેને નાગના જેવી પાંખડીઓ થાય છે. ગુફામાં પથ્થરનું બારણું છે, આ ડુંગરને અશ્વત્થામાનો ડુંગર કહે છે.

**अश्वत्थामा बलिर्व्यासो हनुमांश्च बिभीषणः**
**कृपः परशुरामश्च सप्तैते चिरंजीविनः ॥ २ ॥**

૮. ભરતવન—સહેસાવનમાં નેમિનાથનાં પગલાં મૂકી કેડીને રસ્તે ઉત્તર તરફ ચાલતાં આશરે એક માઇલ ઉપર ભરતવન આવે છે. ત્યાં અરીઠાનું મોટું ઝાડ છે તથા બાવાની ઓરડી છે. આસપાસ વિવિધ પ્રકારની લીલોતરી જોવામાં આવે છે. નીચાણમાં કુંડ છે, ત્યાંથી બારોબાર ઝીણા બાવાની મઢીએ જવાય છે.

૯. સહેસાવનથી ભરતવન આવતાં એક ડાબી બાજુએ રસ્તો નીકળે છે તે હનુમાનધારા જાય છે, ત્યાં હનુમાનની શિખરબંધ દેરડી છે તથા ઉંચાણમાં સરસ કુંડ છે. તેમાં હનુમાનના મુખમાંથી ઝરણનું પાણી પડે છે. આ કુંડની નીચાણની વનસ્પતિ જોવા લાયક છે. હનુમાનધારાથી જાંબુડીને નાકે તથા ડેરવાણના નાકે જવાય છે. ડેરવાણના નાકે સાજણ

Aho ! Shrutgyanam

ઉતર્યો હતો ત્યાં સિદ્ધ વડ હતો. તે નીચે નેમિનાથનાં પગલાં હતાં તે રામાનંદીએ લઇને ભેરવજવ પાસે સ્થાપ્યાં છે. સીતામઢીમાં રાજુલની મૂર્તિ હતી ને પગલાં હતાં તે કાઢી નાંખ્યા ને સીતામડી એવું નામ આપ્યું. ડેરવાણના નાકેથી વડાલ જવાય છે,* અસલ ડેરવાણ, રાણુપુર, ભવનાથ તથા ખડીઆ એવાં ચાર નાકાં ગણાતાં હતાં ડેરવાણનું નાકું મેરજોઆનું તથા ભવનાથનું નાકું મેધામેરનું કહેવાતું હતું. મેવામેરનું કુટુંબ હાલ સોડવદર ગામમાં રહે છે.

## ગિરનારની પ્રદક્ષિણા.

ગિરનારની બાર ગાઉની પ્રદક્ષિણા કરવા માટે દામોદરકુંડ જવાય છે. આ ભરતક્ષેત્રની અતીત ચોવીશીના નવમાં તીર્થંકર દામોદરને આ સ્થાને કેવળજ્ઞાન ઉપજ્યું હતું. તેથી સંપ્રતિ રાજાએ અત્રે દેવાલય બંધાવી શ્રી દામોદરજીની સ્થાપના કરી હતી. હાલમાં દામોદરજીના મંદિરમાં મુખ્ય મૂર્તિ દામોદરજી ( કૃષ્ણ )ની છે. તેને જમણે પડખે કલ્યાણરાય ને ડાબે પડખે રાધિકાની મૂર્તિ છે. વળી કલ્યાણરાયને જમણે પડખે લક્ષ્મીનારાયણ છે. જમણી તરફના મંદિરમાં બળરામની પ્રતિમા છે. તેની જમણી બાજુએ પરસોતમરાય ને ડાબી બાજુએ રેવતીજીની પ્રતિમા છે,

દામોદરજીના મંદિરના રંગમંડપમાં સંવત્ ૧૫૧૨ માં થઈ ગયેલા જુનાગઢના પ્રખ્યાત નાગર નરસીમેતા તથા તેની પુત્રી

---

* જુનાગઢ તાબે ૧૯ મહાલ છે તે નીચે પ્રમાણે—વડાલ, નવાગઢ' ભેંસાણ, વીસાવદર, ડુંગર, વનથલી, કેશોદ, માગીઆ, ચોરવાડ, વેરાવળ, પાટણ, સુતરાપાડા, ઉના, બાબરીઆવાડ, ગાધકડા, શીલ, બાલાગામ, કુતીઆણા, સાસણ ( ગીર ),–મહીઆરી, વીસાવદર, બગડુ'.

Aho ! Shrutgyanam

કુંવરબાઇની ડેરી છે. ગુજરાતી ભાષાના મહાકવિ પ્રેમાનંદે નરસીંહમહેતાનું મામેરૂં બનાવીને તેનું નામ અમર કર્યું છે. પશ્ચિમદ્વારથી નીકળીએ એટલે રેવતીકુંડ આવે છે.

દામોદરકુંડની પાસે શ્મશાનભૂમિ છે. મુડદાંના હાડકાં કુંડના પાણીમાં ગળી જાય છે એમ કહેવાય છે. દામોદરકુંડ મૂકી દૂધેશ્વર જવાય છે. ત્યાંથી સહેસાવન જવાનો રસ્તો છે. તળેટીમાં હુમડની ધર્મશાળાથી પણ સહેસાવન જવાનો રસ્તો નીકળે છે. તે હાલમાં સુધરાવ્યો છે. સહેસાવનથી હનમાનધારા જવાય છે .ત્યાંથી ઝીણાબાવાની મઢી આવે છે. પછી સરખડીઆ હનુમાન આવે છે. ત્યાંથી સુરજકુંડ જવાય છે. સુરજકુંડ મુકી ડુંગરની ઘોડીએ ચડીએ ત્યારે માલવેલા આવે છે. માલવેલાની બંને બાજુએ નદીઓ દેખાય છે. ત્યાંથી ઉંચે ચડીએ ત્યારે બે રસ્તા આવે છે. એક રસ્તે પાણીની કુઇ આવે છે. ત્યાંથી કાલિકા ટુંકે જવાય છે. બીજો રસ્તો રામટેકરી અથવા ટગટગીઆના ડુંગર ઉપર જવાનો ઘોડી ઉપર ચાલે છે. તે બન્ને રસ્તા બે બાજુએ મૂકી નીચે ઉતરતાં નળનાં પાણી આવે છે. નળનાં પાણી મુકી બોરીએ જવાય છે. બોરીઆમાં બદ્રિકા માતાનું સ્થાન છે. અહીં અગાઉ હીરાગર નામે બાવો રહેતો હતો. તેના ઉપર કોઇ ખાંટે વહેમ આણ્યો કે તે માંસમાટી ખાય છે. તેથી તેની ઓરડીમાં દેવતા લેવાના બહાને ગયો. ઢાંકણી ઉઘાડી જુએ છે તો ચોખા ચડતા જોયા. બાવાએ શ્રાપ દીધો કે ખાંટ લોકોની પડતી આવશે. ત્યારથી ખાંટ લોકોનું જોર ગીરનારમાં ઘટી ગયું; તેઓ માત્ર સોડવદરમાં હાલ ગરાસ ખાય છે. બોરીઆની જગા કાઠી લોકોના હાથમાં હતી, પણ

Aho ! Shrutgyanam

હાલમાં તે સ્થાન સેવાદાસજીની દેખરેખ તળે છે; ને નવાબ સાહેબનુ ઉપરીપણું છે. બોરીઆથી લાખામેડીનો કોડો જે તળેટીની સડક ઊપર છે ત્યાં અવાય છે. દીવાન અનંતજી અમરચંદ જે ભાવનગરના ગગા ઓઝા જેવા તથા જામનગરના ભગવાનજીની જોડીના કહેવાતા હતા તેમણે બાર ગાઉની પ્રદક્ષિણા ઠાઠથી કરી હતી એમ કહેવાય છે. ૨૪ ગાઉની પ્રદક્ષિણામાં નીચે પ્રમાણે ગામો અનુક્રમે આવે છે સાબળપર, બાહ્મણગામ, હડમતીયું, કાથરોટું, બરીયાવડ, કરીયુંદુધાળું, છોડવડી, બીલખા, ખડીઆ, ડુંગરપર, ને પાદરીઉ.

સ્કંદપુરાણમાં વર્ણવેલું પ્રભાસક્ષેત્ર ૪૮ ગાઉના ઘેરાવાવાળું છે. પ્રભાસક્ષેત્રનું ગર્ભગૃહ વસ્ત્રાપથ ક્ષેત્ર જ્યાં શીવજીએ પોતાનું વસ્ત્ર ફેંકી દીધું હતું તે ૨૪ ગાઉના ઘેરાવાવાળું છે, ને વસ્ત્રાપથના ગભ-ગૃહ ગિરનારનો ઘેરાવો ૧૨ ગાઉનો છે,

## ગીરનારની વનસ્પતિ.

ગીરનાર પર્વત રોજ સવામણ સોનું આપતો હતો ને હાલ રોજ સવાશેર સોનું આપે છે એમ કહેવાય છે. હાલ પણ સવારમાં તળેટી જતી વખત માંથે લાકડાના ભારા, ઘાસ તથા લીલોતરી લઇને આવનાર સેંકડો પુરૂષ તથા સ્ત્રીઓ નજરે પડે છે. વળી કેરી, જામફળ, સીતાફળ, પપનસ વગેરે ઘણી જાતનાં ફળ ગિરનારની નીચાણની જમીનમાં થાય છે. સહેસાવન (સહસ્રામ્રવન)માં તેમજ લાખાવન ને ભરતવનમાં આંબાનાં ઝાડ પુષ્કળ જોવામાં આવે છે. વાઘેશ્વરી દરવાજેથી તળેટી જતાં રસ્તામાં સાગનાં ઝાડનાં વન આવે છે તેમજ કરમદી, પીંપળો ને ગુલર એ ઝાડ જ્યાં જઇએ ત્યાં નજરે પડે છે. તે

Aho ! Shrutgyanam

શિવાય સાજડ, ટીંબરવો, હળદરવો, કલમ, કડાયો, હરડાં બેડાં, આંબળાં, રાયણ, આંબલી, અરીઠી, ગરમાળાનો ગોળ, ઈંદરજવ, મરડાસીંગ, માલવેળો, વગેરેનાં ઝાડ દ્રષ્ટિગોચર થાય છે. માળીપરબથી ઉંચે જતાં પણ કરમદી, ગુલર, મચકુંડ, જાયનીવેલો વગેરે નજરે પડે છે. સહેસાવનમાં પણ મચકુંદ, કરમદી ને વેલ ઘણી છે. હનુમાનધારા જતાં પાંદડીનાં ઝાડ પુષ્કળ છે.

આ જંબૂદ્વીપના આ ભરતક્ષેત્રની વર્તમાન ચોવીશીના પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના પ્રથમ ગણુધર પુંડરીક ભગવંતની આજ્ઞાથી સવાલક્ષ શ્લોકનું શત્રુંજયમાહાત્મ્ય રચ્યું, તે ઉપરથી ચોવીસમા તીર્થંકર શ્રી વર્ધમાન સ્વામિના સુધર્મા ગણુધરે ચોવીસ હજાર શ્લોકનું શત્રુંજય માહાત્મ્ય સંક્ષેપમાં કર્યું. તેમાંથી સાર કાઢીને સૌરાષ્ટ્રના રાજા શિલાાદિત્યના આગ્રહથી શ્રીમાન્ ધનેશ્વરસૂરિએ વલભીપુરમાં શત્રુંજય માહાત્મ્ય નામનો જે ગ્રંથ બનાવ્યો છે તેમાં ૧૦૦૮૫ શ્લોક છે તથા પંદર સર્ગ છે. દસમાથી તેરમા સર્ગ સુધી શત્રુંજય પવતના પાંચમા શિખર રૈવતાચલનો મહિમા વર્ણવેલો છે. તેનો મુખ્ય આધાર લઇ આ ગીરનાર માહાત્મ્ય પ્રગટ કરવામાં આવ્યું છે.

આ અવસર્પિણીના જંબુ ભરતના પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવનો પુત્ર ભરત ચક્રવતી સંઘ કહાડી શત્રુંજયનો ઉદ્ધાર કરી રૈવતાચલ પર્વત તરફ ચાલ્યો. તે પર્વત સુવર્ણ, રત્ન, માણિકય, નીલમણિ, સ્ફટિક પાષાણુ આદિની કાંતિએ ભરેલો છે, જ્યાં કિન્નરનાં બાળકો રત્નના દડા ક્રીડામાં ઉછાળી રહ્યા છે, તેથી દિવસે પણ આકાશમાં તારા દેખાતા હોય એમ લાગે છે, જ્યાં રાત્રિને વિષે

Aho ! Shrutgyanam

ચંદ્રમણિના શૃંગથી વહેતા અમૃતના ઝરાઓથી વનસ્પતિ હમેશાં લીલીજ રહે છે, જ્યાં પંચવર્ણી મણિની કાંતિથી ચિતરાયેલાં વાયુચપલ વનવૃક્ષો નૃત્ય કરતા મયૂરની નકલ કરે છે, જેનું કાંચનમય શિખર વિવિધ વૃક્ષથી વીંટાયલું હોવાથી પૃથ્વી રૂપી પ્રમદાના ચોટલાની રક્ષામણિમાફક બિરાજી રહ્યું છે, જે પર્વતના રસકુંડો એવું રટણ કરી રહ્યા છે કે, અમારા જેવો ધર્મ કોનો છે? અમે કોનું દારિદ્રય હણુતા નથી?, જેના ઉપર ફળરૂપ કેળ તથા આંબાના ઝાડોથી તોરણ બંધાયાં છે, ને જ્યાં વિદ્યાધરની સ્ત્રીઓ હરરોજ ગાઇ રહી છે, જ્યાં દિવસે સૂર્યમણિ દીપી રહ્યાં છે ને રાત્રે ઔષધિઓના દીવા થાય છે, જે કેળપત્રની ધ્વજાઓએ કરીને જાણે અનંત લક્ષ્મીનો અધિપતિ હોય એવો લાગે છે, જેના શૃંગના અગ્ર ભાગે પ્રકાશના મોટા મણિના સમૂહે કરીને દિવસે પણ આકાશમાં સેંકડો ચંદ્રમા ફરતા હોય એવું દેખાય છે, જેના સ્ફટિકમણિની કુલ્યા (નીકો) ને વિષે રહેલું ઝરણુનું જળ શેષનાગના શરીરે લેપ કરેલા અથવા ચંદ્રમાને ચર્ચેલા ચંદનની પેરે શોભી રહ્યું છે, જ્યાં પાણીના ધોધ ક્રીડા કરવા આવેલા હાથીઓની પેરે નાદ કરી રહ્યા છે, જે રેવતાચળ ચારો ચરતા મૃગના મદ (કસ્તૂરી) થી લીંપાયો છે, જે દેવતા, યક્ષને અપ્સરાઓના વૃંદથી સદા સેવાયલો છે, જ્યાં ચંદ્રસૂર્ય પણ પોતાના વિમાનોને ક્ષણવાર વિસામો આપી અતિ આનંદ પામી સ્તુતિ કરતા ચાલ્યા જાય છે, અને જ્યાં કુંદ (ડોલર), બટમોગરા, વાસંતિકલતા, માધવીલતા, મરૂવો, બદામ, મલ્લિકાવૃક્ષ, લવંગ, કદલી, નાગવલ્લી, મલ્લી, (માલતી), તમાલ, કદંબ, જંબૂ, માકંદ (આંબા), નિંબ, અંબક (અંબેડાં), તાલીવૃક્ષ, તાલ, તિલક, લોધ્ર, ન્યગ્રોધ (વડ), બકુલ, (બોરસરી) અશોક,

Aho ! Shrutgyanam

અશ્વથ્થ (પીંપળા), પલાશ, પ્લક્ષ (પીંપર), માધવ, ચંદન, કલ્પવૃક્ષ, કણવીવક (કણીઅર), માતુલિંગ (બીજોરાં), દેવદારૂ, પાટલ, અંકુશ, કુરૂબક, અંકુલ, સાગ, સીસમ, ટીંબરવો, ખેર, સાજડ, બેડા, બોરડી, ગરમલો, ઉંબરો, ખીજડો, શેમલો, કરંજ, અરીઠા, કોઠ, બીલી, હલદરવો, રતાંજલી, ગુગલ, ખાખરો, રૂખડો, આંબલી, સીસોટી, બાવલ, એકલકાંટા, સરગવો, પીંપર, અંબ. પ્રમુખ વૃક્ષો પોતાની છાયા, ફળ, પત્ર ને પુષ્પોથી મનુષ્યોને પ્રમોદ પમાડે છે.

ફાર્બસનું પુસ્તક ૧૭ પાનું ૧૧—ઋષભદેવનો પુત્ર ભરતરાજા અયોધ્યામાં રાજ્ય કરતો હતો. તે શત્રુંજયની ઉત્તર ભણી સેના લઇ જઇને......મ્લેચ્છ રાજા સાથે યુદ્ધ કરવા મંડયો...પહેલી લડાઇમાં તો ભરત હાર્યો......પણ અંતે મ્લેચ્છોને હરાવી સિંધુ નદી ભણી કાઢયા......ભરતના નાના ભાઇ બાહુબળીના પુત્ર સોમ્યુશે ઋષભદેવનું દેરૂં બાંધ્યું (શેત્રુંજા ઉપર) અને ભરત તીર્થના ખરચ સારૂ સૌરાષ્ટ્રની વાર્ષિક ઉપજ અર્પણ કરી. તે દીવસથી સૌરાષ્ટ્રદેશ કહેવાણો. ભરતનો સગો શક્તિસીંહ કરીને સોરઠનો અધિકારી હતો તેને રાજાની સેના સહિત શુક્ત (તેનો પ્રધાન)નો આશ્રય મળ્યો. એટલે તેણે ગીરનાર ઉપરથી રાક્ષસોને કાઢી મુકયા અને ત્યાં મેરૂ પર્વતના જેટલા ઉંચા આદિનાથ અરિષ્ટનેમિના દેહેરાં બાંધ્યાં. પછીથી શત્રુંજય ઉપર દેવાલયોનો મ્લેચ્છ લોકોએ નાશ કર્યો અને કેટલાક કાલ સુધી પવિત્ર પર્વત ઉપર ઉજડપણાનું રાજ્ય ચાલ્યું.

ભરતચક્રીએ ઉપવાસ કરીને રોહણાચળ, વૈતાઢ્ય તથા મેરૂ પર્વતની સંપત્તિનો તસ્કર એવા રૈવતાચલ પર્વતને વિષે ઉતારો કર્યો. ને સંઘસહિત શત્રુંજયની પેરે તીર્થપૂજા કરી. સુરાષ્ટ્રના રાજા શક્તિસિંહે

Aho ! Shrutgyanam

સંઘસહિત ભરતચક્રીને જમાડયો. રૈવતાચલને દુર્ગમ જાણીને ભરતચક્રીએ હજાર યક્ષ પાસે પગથીઆંના ચાર મોટા રસ્તા કરાવ્યા ને દરેક રસ્તાને મુખે નગર વસાવ્યાં. પંથીજનોને વિશ્રામ લેવા માટે વાપી અને વનપ્રાસાદ બંધાવ્યાં. દાન, શીલ, તપ ને ભાવ વડે જેમ મોક્ષસ્થાનમાં જવાય છે તેમ સઘળો સંઘ સુખેથી તે ચાર પાજ (પથા) ની સહાયતાથી ગિરિનાર ઉપર ચઢયો. ૨૨ મા તીર્થંકર શ્રી નેમિનાથનાં ત્રણ કલ્યાણક રૈવતાચલે થવાનાં છે, એમ જાણીને વાર્ધિકરત્નવડે નેમિનાથનો મહાપ્રાસાદ ભરત રાજાએ કરાવ્યો. વિવિધ વર્ણનાં મણિરત્નોના કિરણોથી તે જીનપ્રાસાદમાં અનાયાસે ચિત્રામણ થયાં તથા તેની ધ્વજાઓ ચક્રવર્તીની કીર્તિના ભંડારની વાનગી દેખાડતી હોય એમ ફરકવા લાગી. પ્રત્યેક દિશાએ અગીઆર એમ ચુમાલીસ મંડપે કરીને તે સુરસુંદર નામે જીનાલય દીપતું હતું. ગવાક્ષ તેમજ કમાનોએ કરી મનોહર એવા તે ત્રિજગદીશ્વરના મંદિરની આસપાસ સર્વ ઋતુને અનુકૂળ એવા ઉદ્યાન આવી રહ્યા છે. આવા સ્ફટિક પાષાણના ચૈત્યની અંદર શ્રી નેમીશ્વરની નીલમણિમય મૂર્તિ ચક્ષુને વિષે કીકી શોભે છે એમ શોભી રહી હતી. આ જીનમંદિર મુખ્ય શૃંગની નીચાણમાં એક યોજનને અંતરે આવેલું હતું. વળી ભરતચક્રીએ સ્વસ્તિકાવર્ત નામે ત્યાં શ્રી આદીશ્વરનું દેવાલય કરાવ્યું. પછી ગણધરો પાસે વિમળાચળની પેરે માણિકયની, રત્નની, સોનાની, રૂપાની તેમજ અન્ય ધાતુની બનાવેલી અરિહંતની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરાવી. આ શુભ પ્રસંગે ઈંદ્રમહારાજ ઐરાવણ હાથી ઉપર બેસી શ્રી નેમિનાથનું વંદન કરવા આવ્યા. જે સ્થાને તે હાથીએ પોતાના એક પગે ભૂમિનું આક્રમણ કર્યું તે સ્થાને ઈંદ્રે ગજપદ

Aho ! Shrutgyanam

કુંડ બનાવ્યો. અનુક્રમે ગજપદ કુંડમાં સ્નાન કરી ધોયેલાં વસ્ત્ર પહેરી ભરત રાજાએ શ્રી નેમીશ્વર મહારાજની પૂજા કરી ભગવંતની આરતી તથા મંગળ દીવો ઉતાર્યો; ને ઉજ્વલ ભાવથી અરિહંતની સ્તુતિ કરી. પછી શકિતસિંહ રાજાને રૈવતાચલનું વર્ણન કરવા વિનંતિ કરી, તે ઉપરથી શકિતસિંહ રાજા કહે છેઃ—

"રૈવતાચલ પર્વત શત્રુંજયનું પાચમું શિખર છે. ઉત્સર્પિણીના પહેલા આરામાં તે સો ધનુષનો હોય છે, બીજા આરામાં બે યોજનનો, ત્રીજામાં દશ યોજનનો, ચોથામાં સોળ યોજનનો, પાંચમામાં વીસ ને છઠ્ઠામાં છત્રીસ યોજનનો હોય છે. અવસર્પિણીકાળના આરામાં એજ પ્રમાણે ઘટતો જાય છે. આ શાશ્વત પર્વતનું નામ પહેલા આરામાં કૈલાસ, બીજામાં ઉજ્જયંત, ત્રીજામાં રૈવત, ચોથામાં સ્વર્ગ પર્વત, પાંચમામાં ગિરિનાર ને છઠ્ઠામાં નંદભદ્ર છે. અહીં અનંત તીર્થંકર આવ્યા છે ને વળી આવશે. કેટલાએક સાધુ અહીં સિદ્ધિ પામ્યા છે, રસકુંડ, ચિંતામણિ, કલ્પદ્રુમ ને ચિત્રાવેલિયુકત આ ગિરિ બંને ભવમાં સુખદાયક છે. આ પર્વતની ચારે બાજુએ શ્રીદગિરિ, સિદ્ધગિરિ વિદ્યાધર અને દેવગિરિ એવા ચાર ગિરિ આવેલા છે, તેમજ પૂર્વ દિશામાં શ્રીદ તથા સિદ્ધિ એ બે ગિરિની મધ્યે ઉદયંતી નદી છે, દક્ષિણે ઉજ્જયંતી, પશ્ચિમે સુવર્ણરેખા, ને ઉત્તરે દિવ્યલોલા નદીઓ વહે છે."

ત્યારપછી બરટ રાક્ષસને હરાવી ભરતે બરટ (બરડા) પર્વત ઉપર શ્રી આદિનાથ તથા નેમિનાથનાં મંદિર કરાવ્યાં. શત્રુંજય તથા રૈવતાચલ એ બે તીર્થનું રક્ષણ કરનાર સુરાષ્ટ્રનૃપ શકિતસિંહને આનંદપુરમાં બે છત્ર આપી ભરતે અર્બુદ (આબુ) પર્વતે

Aho ! Shrutgyanam

જઇ ત્યાં અતીત, અનાગત ને વર્તમાન અર્હંતનાં પ્રાસાદ કરાવ્યાં, વૈભારગિરિ ઉપર મહાવીરસ્વામીનું તેમજ સમેતશિખર ઉપર વીસ તીર્થંકરનાં મનોહર ચૈત્ય કરાવ્યાં.

સં. ૧૦૯૩ માં સીધરાજનો મંત્રી સાજન સોરઠનો કારભારી હતો તેણે સવાલક્ષ સોરઠની ત્રણ વર્ષની ઉપજ દેરાં સમરાવવામાં વાપરી. સવાલક્ષ=સોરઠ સવાલાખ ગામનો સોરઠ દેશ.

સં. ૧૦૭૩ માં કરણ સોલંકીએ નેમનાથનું દેરૂં બંધાવ્યું.

સં. ૧૨૩૧ આબુ ઉપર વસ્તુપાલ તેજપાલે દેરાં બાંધ્યાં.

સં. ૧૩૩૪ ના પોષ વદ ૬ ને ગુરૂવારે ગીરનાર ઉપર તેમણે દેરાં બાંધ્યા.

માત્રીની જગા, શકરીયા ટીંબો, બંજરબડુ, ખાપરાં કોડીયાનાં ભોંયરાં, સાત સૈયદની જગા, નવદુર્ગા, બાવા પીયારાનો મઠ, પરીના તળાવની પાસેનું જુનુ કુમારતળાવ, ધારાગરબાગ, જમાલ વાડી, માંગનાથ, કૈલાસ કુંડ, પંચેશ્વર, સરસ્વતી કુંડ, ઇંદ્રેશ્વર, બકોટા, જુનાગઢમાં સકરબાગ, સરદારબાગ, મોતીબાગ, પરીનુ તળાવ, ભુતનાથ, સરસ્વતીનું મંદીર, બ્રહ્મકુંડ, સુખનાથ, નરસી મહેતાનો ચોરો, મુકબરા, કચેરી ઉપરકોટ, જેલ, રેગેટ, માહી ગઢેચી, લેપર એસાઇલમ એ સર્વે સ્થાનો મુસાફરને જોવા લાયક છે.

ભરત ચક્રવર્તી પછી શત્રુંજય તથા રૈવતાચલના અસંખ્ય ઉદ્ધાર થયા છે. પણ સગર ચક્રવર્તી પ્રમુખ પ્રસિદ્ધ સંઘપતિઓથી થયેલા શત્રુંજયના મોટા ઉદ્ધાર સોળ કહેવાય છે, તેમાં શ્રી મહાવીરસ્વામીના નિર્વાણ પહેલાં ચોરાશી હજાર વર્ષ ઉપર થઇ

Aho ! Shrutgyanam

ગયેલા પાંડવોનો ઉદ્ધાર બારમો કહેવાય છે. ત્યાં સુધી શત્રુંજયના જેટલા ઉદ્ધાર થયા તેટલા ઉદ્ધાર ઉજ્જયંતગિરિના પણ થયા છે. વળી વીસમા તીર્થંકૃત્ મુનિસુવ્રતસ્વામી જે મહાવીર મોક્ષ પહેલાં અગીઆર લાખ ને ચોરાશી હજાર વર્ષ ઉપર નિર્વાણ પામ્યા છે, તેના વખતમાં દશરથ રાજાએ રામ, લક્ષ્મણ, ભરત ને શત્રુઘ્ન સહિત સિદ્ધગિરિની યાત્રા કરી ત્યાં મોટા જીનપ્રાસાદ કરાવ્યા. ત્યાંથી ગિરનાર તીર્થે આવી નેમીશ્વર ભગવંતની પૂજા કરી ક્ષેત્રનો ઉદ્ધાર કર્યો. ભામંડલની ભગિની સીતાએ પણ પ્રભાસપાટણમાં ચંદ્રપ્રભ તીર્થંકરનો નવો પ્રાસાદ કરાવ્યો, તથા કૈકેયીએ બરટ ( બરડા ) પર્વત ઉપર નેમિનાથનું દેવાલય સમરાવી ત્યાં ભગવાનની મૂર્તિ સ્થાપી. શ્રી ઋષભસ્વામીના વખતમાં સોરઠ દેશનો રાજા શક્તિસિંહ રૈવતાચલની તળેટીમાં આવેલા ગિરિદુર્ગ નગરમાં રાજ્ય કરતો હતો. વર્ધમાન જીનેશ્વરના વખતમાં તેજ નગરમાં ગોધિ નામના નરેશનો પુત્ર રિપુમલ્લ નામનો યાદવરાજા રાજ્ય કરતો હતો. તે બંને રાજાઓ જૈની હતા. પાંડવ પછી રત્નશા ઓસવાળ, સાજન, વસ્તુપાલ તેજપાલ, મેથડપુત્ર ઝાંઝણ આદિ પુરૂષો ઉજ્જયંત પર્વતના ઉદ્ધાર કર્તા થયા. વિક્રમ સંવત્ ૧૪૪૯ માં શ્રી જયતિલકસૂરિના સદ્બોધથી શા૦ હરપતિએ શ્રી નેમિનાથનું મંદિર સમરાવ્યું,

શ્રી ગીરનારજીના તીર્થ વિષે જેટલું લખીએ તેટલું ઓછું છે. મુનિરાજ ચારિત્રવિજયજીના સદુપદેશથી આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે, તેમજ ગોરજી લાધાજી જયવંતજી, ગોરજી કાંતિવિજયજી, રા. સારાભાઇ તુલસીદાસ, શેઠ જુઠાભાઈ ઓધવજી આદિ સજ્જનો અને સાહાય્યકારી થયા છે. આ સર્વ સાહેબોનો યથાયોગ્ય ઉપકાર

Aho ! Shrutgyanam

માનું છું ને હિંદુ, મુસલમાન, જૈન વગેરે સર્વ કોમના મનુષ્યો આ ગ્રંથને આદિથી અંત સુધી વાંચી ભૂલચૂક માફ કરી પરસ્પર પ્રીતિ દર્શાવી સલાહસંપથી સદાચરણમાં પ્રવર્તશે તો મારો પ્રયાસ સફળ થયો એમ હું સમજીશ.

તા૦ ૧ જુલાઇ ૧૮૯૪ (પ્રથમ આવૃત્તિ) મુ. જુનાગઢ. } દોલતચંદ પુરૂષોત્તમ બરોડીઆ.

# ગિરનાર છત્રીશી.

શ્રી ગણેશ ગૌતમ સમરી, વાગીશ્વરીવર અમરી,
રૈવત પર્વત આખ્યાન, રચું દો કાન,
ધ્યાન શુભ ધારી, ચાલોને ગઢ ગિરનારી;
શોભા બની બહુ ભારી. ચાલોને. ૧
સ્ટેશન ઉપર ઉતરીએ,[1] જુનાગઢ જાત્રા કરીએ;
વંદીને શ્રી મહાવીર, તરો ભવતીર, દુરિત દલદારી ચાલોને. ૨
વાઘેશ્વરી દરવાજો, રસ્તો બનાવ્યો તાજો;
દામોદર રૈવતી કુંડ, ઝાડનાં ઝુંડ, ફુલ ફળહારી. ચાલોને. ૩
સુવર્ણ રેખ સરિતા, સુગંધ સમીર સહિતા;
મનહર કુદરત દેખાવ, ભલો લે લા'વ, મોહ મદ મારી. ચાલોને. ૪
બે પૂલ પ્રીતિકારી, નીચે નદી વહે સારી;
આગળ આવે ભવનાથ, મૃગીકુંડ સાથ, કરો તૈયારી. ચાલોને. ૫
પ્રેમચંદ રાયચંદ કા'વે, તસ ધર્મશાળા મન ભાવે;
ત્યાં ભેટો રીખવદેવ, કરો નિત સેવ, દેહ શણગારી. ચાલોને. ૬
દીગંબરી વિશ્રામ, વાપી ચડાની નામ;
લઇ ટીકીટ જો થઇ ધીર, મારૂતિ વીર, પીર સુખકારી. ચાલોને. ૭
પછી પાંચે પાંડવ કેરી, દેખોને દીપે દેરી;
વિસામા બીજા ઘણા, નથી કંઈ મણા, પગથીઆં જારી. ચાલોને. ૮

---

૧. સને ૧૮૮૧ માં જુનાગઢની વસ્તી ૨૪૦૦૦ માણુસની હતી તે વધીને સને ૧૮૯૧ માં ૩૧૦૦૦ ની થઈ. વાર્ષિક ઉપજ આશરે ત્રીશ લાખ રૂપિઆની છે.

Aho ! Shrutgyanam

દેરી ધોળી ને કાળી, ભાળીપરખ પણ ભાળી;
મૂસાફર કર પયપાન, ભુલાવે ભાન, હવા હિતકારી.    ચાલોને. ૯
નેમીશ્વરજીનો કિલ્લો, દુનીઆમાં જે દાહિલ્લો;
ત્યાં બેઠા નેમકુમાર. જગત આધાર, બાળ બ્રહ્મચારી.  ચાલોને. ૧૦
જે સમુદ્રવિજય કુળચંદ, શીવા દેવીનો નંદ;
સતી રાજીમતી ભરતાર, સુણી પોકાર, તજી સન્નારી.  ચાલોને. ૧૧
જે ઉગ્રસેન જામાતા, બલભદ્ર કૃષ્ણના ભ્રાતા;
કીધો પ્રાણી ઉપકાર, કૃપા અવતાર, સંયમ સ્વીકારી.  ચાલોને. ૧૨
જેની ધનુષ દશની કાયા, સુર કિન્નર નરવર ગાયા;
યદુવંશ દ્વારિકા પૂર, અનંતુ નૂર, અલખ અણગારી.  ચાલોને ૧૩
જેને ચોસઠ ઈંદ્ર નમે છે, અવિચલ સિદ્ધિ સુખ લે છે;
જેમ ચહે ચંદ્ર ચકોર, મેઘને મોર, જાઉં હું વારી.  ચાલોને, ૧૪
જીન મૂરત મોહનકારી, કાયા શુભ કામણગારી;
શંખ લંછન સ્યામલ વર્ણ, શરણ તવ ચર્ણ, કરે નરનારી. ચાલોને. ૧૫
ત્રિકરણ રાખો શુદ્ધિ, વિલસે રિદ્ધિની વૃદ્ધિ;
પ્રભુ પૂજા અષ્ટ પ્રકાર, ઉતારે પાર, મોક્ષ દેનારી.    ચાલોને. ૧૬
ત્યાં અમીઝરાજી શોભે, પૂજન કરવા ચિત લોભે;
એરકવશીની ટૂંક, મમતા મૂક, કોતરણી ક્યારી.    ચાલોને. ૧૭
સોની સગરામ કુમારપાળ, રાજાની ટુંક વિશાળ;
ઉત્તર બાજુ ભીમકુંડ, શીતળ જળ બુંદ, બાગ બલિહારી. ચાલોને. ૧૮
માલવદેશી મહારાજ, સંપ્રતિ નૃપતિ શિરતાજ;
કરી ટુંક ભભકાદાર, આગમ અનુસાર, પથિકને પ્યારી.  ચાલોને. ૧૯
વસ્તુપાળ ને તેજપાળ, એ નામે ટુંક નિહાળ;

Aho ! Shrutgyanam

કોટીગમ ખરચ્યા દામ, અનુપમ કામ, નિરખ નિર્ધારી. ચાલોને. ૨૦
દેવાલય રમણિક ભારે, જે ભવિકજનને તારે;
સહેસાવન સુંદર ધામ, ભીડજો હામ, વિનંતિ મારી. ચાલોને. ૨૧
ચૌમુખ ગૌમુખ સુખકંદી, રહેનેમિ રામાનંદી;
આચારજી દાન અતુલ, ગુફા રાજુલ પાપ હરનારી. ચાલોને. ૨૨
હુંમડ નેમલનું દેરૂં, વળી શાંતિ શંભવ કેરૂં;
જ્યાં નવો કુંડ ત્યાં આવ, જ્ઞાનની વાવ, હૃદય વિચારી. ચાલોને. ૨૩
ભર ચંદ્રપ્રભુ પ્રતિ ડગલું, નગપર ગજવરનું પગલું;
શતપૂડે નિર્મળ નીર, ફેરવ ગંભીર, નજર તું તારી. ચાલોને. ૨૪
અંબાજી દર્શન કરજો, ઓઘડ શીખર સંચરજો;
પંચમટુંક પુણ્ય ભરાય, કમંડલ જાય, શું કહું વિસ્તારી. ચાલોને. ૨૫
વનભરત હનુમનધારા, પાંડવ ગુફા અઘ આરા;
લાખાવન રતન બાગ, ફરો જોઇ લાગ કાળી ભયકારી. ચાલોને. ૨૬
જટાશંકર જો ચઢી, ઝીણા બાવાની મઢી,
નળ સરખડીઆ હનુમાન, સુરજ કુંડ સ્થાન, બોરીઆ બારી. ચાલોને. ૨૭
દિવ્યૌષધી રસ કૂપી, પંચમકાળે કયાં છૂપી;
મણિ સોમકાંત રવિકાંત, દેવ દ્રુમ શાંત, કલ્પ ભૃંગારી, ચાલોને. ૨૮
ચિંતામણિ સુરધેનુ, નવગૌરવ ગાજે કેનું;
છે મંદ મંત્રને તંત્ર, દેવતા યંત્ર, ન દે ઉતારી. ચાલોને. ૨૯
પણ સુવિધ યાત્રા કરતાં અશાતના પરિહરતાં;
મુક્તિ મંદિરમાં વાસ, પામશો ખાસ, ટળી સંસારી. ચાલોને. ૩૦
ઉજજયંતથી ઊતરીએ, જીરણગઢ નગરી ફરીએ;

Aho ! Shrutgyanam

શક્કર, મોતી, સરદાર, ભવ્ય બજાર, કચેરી ભારી. ચાલોને. ૩૧
મુકબરા રમ્ય મકાન, તુરંગ હરે તોફાન;
રે ગેટ ઉપર કોટ ચાર, ગિરિ દાતાર, મનુજ દુઃખહારી. ચાલોને. ૩૨
પ્રાચીન લિપીના લેખો, અશોકાદિકના પેખો;
રાણુક નૃપ રાખેંગાર, વાવ દિલ્લદાર, ન દો વિસારી. ચાલોને. ૩૩
નવાબ રસુલખાં રાજે, બાવાદીન દીનને છાજે;
હિંદુ ને મૂસલમાન, ગણાય સમાન, ઠાઠ દરબારી. ચાલોને. ૩૪
સંવત ઓગણીસ પચાસ, પરમેશ્વર પૂરો આશ;
તુંજ વિનવે દોલતદાસ, અહોનિશ પાસ, રહું વ્રતધારી. ચાલોને. ૩૫
જે ગિરિપતિ ગુણ ગાશે, શિવરમણી સદને જાશે;
લે અજરામર પદ સાર, અક્ષય ભંડાર, આતમા તારી. ચાલોને. ૩૬

---

વાગીશ્વરી અમરી–સરસ્વતી દેવી. દુરિત દલ્લદારી–પાપનો જથો કાપીને. હારી–સુંદર. સરિતા–નદી. સમીર–પવન. વાપી–વાવ. મારૂતિ–હનુમાન. પય–પાણી. નંદ–પુત્ર. સન્નારી–સારી સ્ત્રી. સંયમ–દીક્ષાવ્રત. કિન્નર–એક જાતના દેવતા. અલખ–અલક્ષ્ય, સિદ્ધ. અણગારી–ઘર વગરના, સાધુ. ત્રિકરણ–મન વચન ને કાયાની. કોતરણી કયારી–કોતરણીનું સ્થાન. આગમ–સિદ્ધાંત. પથિક–મુસાફર. કોટિગમ–કરોડો. સુખકંદી–સુખનું મૂળ. નગ–પર્વત. ઓઘડ શીખર–ગોરખનાથની ટુંક. અઘઆરા–પાપની આરી, પાપ કાપનાર. દેવદ્રુમ–કલ્પવૃક્ષ. કલ્પભૃંગારી–કામકુંભ. ઉજ્જયંત–ગીરનાર, રૈવત. શિવરમણી સદન–મુક્તિરૂપી સ્ત્રીનું ઘર. અજરામર પદ–મોક્ષ.

Aho ! Shrutgyanam

# GIRNAR.

Grand Girnar, pious place of pilgrims pure,
Miraculous mount of prime devotion, sure;
odigeous pile of prehistoric plays
Of mystic myths in prediluvian days;
In mirth to welcome weary trav'llers meets,
With stony steps and halting houses greets;
And gives them gifts of foliage, fruits and flowers,
Elysian air, and plants of marv'llous powers,
Medic'nal fluid, converting into gold
All baser metals, as some ancients hold;
Elixirs, keeping verdant bloom of life,
And free from old age, death and temp'ral strife.
Panaceas, healing every human pain,
Philosopher's stone and jewels that bring the rain.
The Damodarji viaduct, shrine and pool,
God Bhavnath close to †Gazel pond so cool;
The ‡Golden stream with lymph of silver bright,
In sinuous spray enchants both ear and sight.
Stupendous Nemnath's fortress shines sublime;
Olympian, orient, consecrated clime.
Pyramid'l pagods pealing blithesome bells,
High domes, gay spires, celestial anch'rite cells.

---

†Mrigi Kund. ‡Suvarna Rekha.

Aho ! Shrutgyanam

Of Mairuk's vaulted roofs the sculpt'ral art
Would fill with wonder e'en an angel's heart.
The subterraneous statue, sprinkling drops
Of nectar, marked with Samprat's elbow props.
Kumarpal, prince of Gujarat, full of fame,
To group of shrines bequeaths his hallowed name;
Twin brothers, Vastupal and Tejpal made
A triad of temples. Samprat, Shigram paid
Their def'rence due to Arhats' doctrines dear,
By building sanctuaries glitt'ring here.
Old Kund of Bheem reflects the azure sky,
And wild voracious vultures soaring high;
Whose water washes worsh'ppers' filth away
And makes them fit to enter shrines and pray.
The feet of Rama the foe of Rawan fell,
Acharjis' lib'ral harbour, *Bhairav knell.
The thousand trees where §Krishna's Cousin got
Omniscient vision, and salvation sought.
Retreats of rare repute replete with rites
Religious, right reveal romantic sights.
Absorbed in meditation of the soul
Live monks and friars to reach the highest goal.
Observing vows monastic multi-from,

---

*Bhairva jap. §Neminath.

Aho ! Shrutgyanam

With fixed mind, defying cold, heat or storm.
Embalmed by breeze empyreal Amba's crest,
Dattatri, Gorakh summits, Kal'ka's nest.
The †od'rous Diamond orchard, Pandavs' cave
‡Gourd reservoir, grim grove of Bharat brave.
Of Rajul's spouse ethereal footmarks gleam,
And idols blissful carved in marble beam.

## JUNAGAD.

Heroic remant of the mighty throne
Of Akbar or Aurungzeb reigns alone
In province fertile of majestic fame,
With nature's bounty, Nawab's noted name.
The princely station backed with view supreme,
And pond'rous portals flanked with fulgent scheme
Of edifices vying with cherubs' realms
Surprise the tourist with gigantic gems
Of pomp palatial, architecture fair,
Erected by illustrious Sherkhan's heir.
The Reay Gate passed, the huge jail comes in ken,
Horrific to the hearts of hellish men,
With lofty ramparts filled with sons of crime
And turrets echo all-well's awful chime.

---

†Ratanbag. ‡Kamandala Kund.

Aho ! Shrutgyanam

Mausoleums massive, facing nymph of fount,
Of Sires revered of yore, preserve account,
In sacred mem'ry, lights of Babi race,
Immortalised by deeds of godly grace.
Tall Sále Hindi towers attract the gaze
Of passers-by engulfed in arch amaze.
Dispens'ries, Offices, Courts, Schools, by score,
Symbols of accidental lustrous lore;
Grain mart and Moonlight-square* of this great town
Possess no small share of its chief renown.
Ra Khengar's bulwark,† Ranik's arbour dear,
Whose matchless charm allured King Sidhraj here.
James Fergusson bridge, which spans the Kálwá rill,
Prince Victor's Leper Lodge, Saint Datar's Hill.
The Sardar, Sakkar gardens, redolent green,
Transparent tank of Fairies‡ wondrous scene.
All point to peerless feats of fibre fine,
Achieved by glorious Junagad divine.
Fresh fields of fragrant Flora, soothing shades,
Conspicuous quarries clean, and gladd'ning glades.
Primeval vistas, dens, bewild'ring dales,
Supernal springs and wells, cliffs, rocks and rails;
Magnificent mosques, set strings of splendid shops,
Big balconied buildings, tiled and terraced tops.

---

*Chandani Chauk. †Upper Kote. ‡Parinu Talav.

Aho ! Shrutgyanam

Thus stands the topmost seat of Sorath's crown
Bedecked with stately mansions, gorgeous gown.
Here comes Lord Harris, Bombay's brilliant star
For public weal, in Kathiawad afar.
Ye lepers! taste sweet fruits of mercy deep,
Now in your darling home with rapture leap.
Long live Victoria Empress Gracious Most,
Long live Rasulkhan righteous royal host;
From Rasul Allah, choicest blessings flow,
And man on man benignant boons bestow.

D. P. BARODIA, B. A.,

11th April 1893. Assistant Master,

Bahadurkhanji High School, Junagad.

Aho ! Shrutgyanam

The quality of mercy is not strain'd,
If droppeth as the gentle rain from heaven
Upon the place beneath; it is twice blest;
It blesseth him that gives & him that takes.
'T is mightiest in the mightiest; it becomes
The throned monarch better than the crown;
His sceptre shows the force of temp'ral power,
The attribute to awe and majesty,
Wherein doth sit the dread & fear of kings;
But mercy is above the sceptred sway,
It is enthroned in the heart of kings;
It is an attribute to God himself,
& earthly power doth then show likest God's
When mercy seasons justice.

SHAKESPFARE.

Aho ! Shrutgyanam

# ગીરનાર માહાત્મ્ય.

## उपक्रमणिका.

આ અવસર્પિણી કાળમાં આ જંબુદ્વીપના ભરતખંડના ચરમ તીર્થંકર શ્રીમાન્ મહાવીરસ્વામી શ્રી સિદ્ધાચલ ક્ષેત્રમાં સમવસર્યા, તે સમયે સુધર્મા સુરલોકના ઇંદ્રે સ્થાવરતીર્થ શ્રી શત્રુંજયના મહિમાનું વર્ણન કરવા વર્ધમાન વીતરાગને વિનંતિ કરી. તદનંતર તે ભવ્ય ભૂધરના ૧૦૮ શેખરમાંના મુખ્ય ૨૧ શિખરનું વ્યાખ્યાન આપવાની વિશેષ કૃપા કરવા પુનઃપ્રાર્થના કરી. તે ઉપરથી જગજ્જંતુઓના અનુપમ ઉપકાર કરનાર મહાપ્રતાપી મહાવીર પ્રભુ સકલ પ્રાણિઓના અપાર હિતને અર્થે નીચે પ્રમાણે ભાષણ આપે છે.

હે શક્રેન્દ્ર, સિદ્ધ શિલોચ્ચયનું પાંચમું શૃંગ, પંચમ જ્ઞાનનો પ્રદાતા, સર્વ પર્વતોનો પાર્થિવ અને સમસ્ત રાજાઓથી સેવિત એવો રૈવત નામે ગિરિપ્રવર જયવંત પ્રવર્તે

Aho ! Shrutgyanam

છે. અજ્ઞાનરૂપી અંધકારનો અંત આણવાને તે અગમેશ્વર આદિત્ય સમાન છે, [1] અદોષાકર છે, તોપણ [2]અંભોજનો ઉલ્લાસ આણવાને અતિ દક્ષ છે. જ્યાં ભક્તિભાવથી આચરેલાં અનુકંપાદિ સુપાત્રદાન અખિલ અર્થને આપે છે. જેમ દેદીપ્યમાન દિનકરના તેજથી [3]નવનીત ગળી જાય છે, તેમ ભવ ભ્રમણ કરવાથી પ્રાપ્ત થયેલાં પાપપિંડ આ નગેશને વિષે અહર્નિશ નાશ પામે છે. જે પ્રાણિ નિત્ય પુણ્ય કરવામાં નિપુણ થયો હોય તેની નેત્રગોચર એ યાત્રાભૂમિ થાય છે. આ ચારૂતમ ગોધરમાં ચમરી ગાયો તથા ચિત્તાપહારી ગગનાંગનાઓ પુચ્છગુચ્છથી તથા પાણિપદ્મથી અનુક્રમે ચામર ઢાળે છે. જ્યાં [1]આપલ્લવને આવાસ કરવાનું આયતન માત્ર વૃક્ષ છે. તમોભર ગિરિકંદરની અંદર છે. [2]જડતા જલાશયમાં છે. [3] દુર્વર્ણતા ધાતુને વિષે છે. [4]દ્વિજીહ્વત્વ વિષધરને વિષે છે. [5]કુમુદ ઉદકની મધ્યે છે

---

૧ અદોષાકર=ચંદ્રવિનાનો, અદોષનો ભંડાર. ૨ અંભોજ=નીરજ, જલજ, પયોજ, સરોજ, અંબુજ, પંકજ, સરસિજ, પંકેરૂહ, સરોરૂહ, પદ્મ, કમલ, કુમુદ, પુંડરીક. અબ્જ, કજ, ઇત્યાદિ. ૩ નવનીત=માખણ.

૧ આપલ્લવ=આપત્તિનો અંશ, પાંદડાં. ૨. જડતા=મૂખતા, જળ. ૩ દુર્વર્ણ=દુષ્ટવર્ણ, નીચજાતિ, રૂપું. ૪ દ્વિજીહ્વત્વ=ચાડી, બે જીભ. ૫ કુમુદ=શોક, કમળ. સપક્ષતા=પક્ષપાત, પાંખ. ૬ પ્રદોષભાવ=દોષ,

Aho ! Shrutgyanam

ને કાઠિન્યતા પાષાણુની અંદર છે. ઉગ્રતા તપમાં છે કુસુમમાં બંધન છે. લતામાં ચપલતા છે. કેવળ પક્ષિઓ સપક્ષતા સંપાદન કરે છે, તથા વિભાવ વિમુખ [6]પ્રદોષભાવ ધારણ કરે છે. જ્યાં [7]મુક્તાહાર મુનિપુંગવો ને નિર્જરો શ્રીમન્નેમિનાથને નિરંતર નમસ્કૃતિ કરી રહ્યા છે. અમાન ધ્યાનથી મલિન થયેલા અંતરંગને શુદ્ધ કરવાને સમર્થ એવા સમ્યકત્વ સમતાધારી સત્પુરૂષો જ્યાં અઘઓઘનો અભાવ કરનાર અરિષ્ટનેમિ અરિહંતનું સનાતન ધ્યાન ધરી રહ્યા છે.

આ ઉજ્જયંત ઉર્વીધર ઉપર અનેક પ્રકારે ગીતોદ્ગાન કરનાર અપ્સરા, ગંધર્વ, ગરૂડ, વિદ્યાધર ને નાગદેવતાના સમુદાય ભવ્યોપકારી ભગવંતને સદા સેવી રહ્યા છે. મહીધ્રની મધ્યે [8]મૂષકમાર્જાર, [9]હરિહસ્તિ, સર્પ [10] શિખંડી, ઈત્યાદિ પરસ્પર [11]નૈસર્ગિક શત્રુતા દર્શાવનાર પ્રાણિઓ પણ પ્રશાંત વૈરવાન છે. વળી જે શૈલેંદ્રમાં મણિસમૂહની કામ્યકાંતિથી સકલ પ્રદેશ પ્રકાશી રહ્યા છે, તેથી સોમસૂર્યનું પણ કંઇ પ્રયોજન પડતું નથી. જે પૃથુ પૃથ્વીભૃત્‌ની પાસે દેખાતા ગ્રહો જાણે પરમ દેવાધિદેવની સેવા કરવા આવેલા હોય એવી કલ્પના થાય છે. ચંદ્રકાંતને

---

સંધ્યાકાલ. ૭ મુક્તાહાર=આહારત્યાગી, મોતીની માળા.
૮મૂષક=ઉંદર. ૯હરિ=સિંહ. ૧૦ શિખંડી=મયૂર ૧૧ નૈસર્ગિક=કુદરતી.

Aho ! Shrutgyanam

તારાપતિના કિરણનો સ્પર્શ થવાથી ઝરતા નીરની નિર્મલ નદીઓ ચોતરફ નિકળી રહી છે. જ્યાં ષડ્ ઋતુઓ સાથે સ્પર્ધા કરી ધર્મધુરંધર સ્વામીની [1]શુશ્રૂષા કરી રહી હોય એમ લાગે છે. જ્યાં [2]કીચકો કર્ણપ્રિય મધુર સ્વર કરી રહ્યા છે, ઝરાઓ ઝંકૃતિ ધ્વનિ કાઢી રહ્યા છે, ને કિન્નરીઓ ગીતગાન ગાઇ રહી છે, તેથી ત્રિવિધ વાદિત્રોથી જાણે નવાઇ જેવું નાટક થતું હોય એમ જણાય છે. અતિચાર કરી ચાર ગતિદ્વારમાં અનાદિ કાળથી અથડાતા અધમ જીવોને જાણે આધાર આપવા તૈયાર ઉભા હોય એવી રીતે ગિરિનારની ચાર દિશાએ ચાર [3]ધરાધર પ્રતિહારની પેરે આવી રહેલા છે.

ચારે બાજુએ ચાલતી ચાર સૌમ્ય[4] સરસ્વતીના પારદર્શક પાણીના પ્રવાહ પાપપુંજનું પ્રક્ષાલન કરવા એ-કત્ર થતા હોય એમ ઉછળી રહ્યા છે. જે ધરણીધરમાં દ્વિપેંદ્રપ્રમુખ અનેક દ્રહ઼ઃ ઓપી રહ્યા છે. તે જાણે અમરો-એ અમરત્વ પામવા અમૃતથી ભરેલા હોય એવો આભાસ આપે છે. અન્યદાન અમે આપીએ છીએ, પણ મોક્ષદાન

---

૧ શુશ્રૂષા=સેવા. ૨ કીચક=છિદ્રવાળા વાંસ. ૩ ધરાધર=પર્વત, શૈલ, ઉર્વીધર, પૃથ્વીધર, ક્ષિતિધર, ભૂધર, મહીધર, ગિરિ, અગમ, અદ્રિ, નગ, શિલોચ્ચય, સાનુમાન્, શિખરી. ઇ૦ ૪સરસ્વતી=નદી.

Aho ! Shrutgyanam

દઇ શકતા નથી, તેથી તેનો અભ્યાસ આદરવા માટે અમે અત્રે આગમન કર્યું છે, એમ જાણે કહેતાં હોયની, તેવી કલ્પદ્રુમોએ પોતાની મેળે આવી તે ક્ષિતિધરને વિષે વિદ્યાર્થીની પેરે વાસ કર્યો છે, જે શૈલાધીશમાં સુવર્ણસિદ્ધિ આદિ અનેક સમીહાઓને સંતુષ્ટ કરનારી રંજનકારી રસકુપિકાઓ શોભી રહેલી છે, [૫]કમલોદય આપનાર મનોકુંડ જ્યાં દિવ્ય દીપ્તિથી દીપી રહેલા છે. આ રમ્યરૈવતાદ્રિ એવો છે કે, જેના સ્મરણ માત્રથી સુખસંપત્તિનો સમાગમ થાય છે, ને જેના તરફ દૂરથી પણ દૃષ્ટિ કરવાથી વિપત્તિનું વિદારણ થાય છે. જે શુભ ધામમાં દેવાયલાં દાન ને તપાયલાં તપ સિદ્ધ તીર્થાધિરાજની પેરે સમગ્ર સમૃદ્ધિ સાધક છે, તથા જે નગનાથનું શ્રી નેમીશ્વરજીનેંદ્ર શરણ લીધું હતું તેનો અન્યજનોએ આશ્રય કેમ ન લેવો ? તારા કે રત્નાકરની રેતિની સંખ્યાસમાન ગીર્વાણગુરૂ બૃહસ્પતિ રસના પામે, તોપણ તે આ વિશાલ અને વિખ્યાત ગિરિગુરૂના ગુણગણની ગણના ગણવા શકિતમાન થાય નહીં.

**अट्ठावयं मि उसभो सिद्धिगऊं वासुपुज्ज चंपाए;**
**पावाए वद्धमाणे अरिट्ठनेमिय उज्जंते ॥४५॥**

---

૫ કમલોદય=ધનપ્રાપ્તિ, કમલનું ખીલવું.

Aho ! Shrutgyanam

अवसेसा तित्थयरा जाइजराबंधणविमुक्का ।
समेयसेलसिहरे वीसं परिनिव्वुयं वंदे ॥४६॥

(रत्नसंचय)

અર્થ:—પ્રથમ તીર્થંકર શ્રી રૂષભદેવ અષ્ટાપદ પર્વત ઉપર મોક્ષ પામ્યા. બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય ચંપા નગરીમાં મુકિત પામ્યા. બાવીસમાં તીર્થંકર શ્રી અરિષ્ટ-નેમિ ભગવાન્ ગીરનાર પર્વતમાં મોક્ષ પામ્યા. ને ચોવી-સમા તીર્થંકર શ્રી મહાવીરસ્વામી પાવાપુરીમાં મોક્ષ પામ્યા. બાકીના વીસ તીર્થંકર સમેતશીખર ( પારસનાથ ) પર્વત ઉપર જન્મ જરા આદિ બંધનથી મુકત થઇ સિદ્ધ થયા તે સર્વેને હું નમું છું.

---

## श्री अरिष्टनेमि अधिकार.

આ જંબુદ્રીપના ભરતક્ષેત્રમાં શૌર્યપૂર નામે નગર હતું. ત્યાં રિપુઓનો મદ ગાળનાર તથા તેમને પોતાના તાપથી બાળનાર, રાજ્યનો ભય ટાળનાર, પ્રજાને રૂડી રીતે પાળનાર, તથા આખંડલની પેરે જેની આજ્ઞા અખંડિત છે એવો સમુદ્રવિજય નામે યાદવ કુળનો રાજા રાજય કરતો હતો.

Aho ! Shrutgyanam

અનુક્રમે તેની શિવાદેવી નામની રાણીએ પાછલી રાત્રે ચાદ સ્વપ્ન દીઠાં. તેનાં નામ–હસ્તિ, ઋષભ, સિંહ, લક્ષ્મી, પુષ્પમાલા, ચંદ્ર, સૂર્ય, ધ્વજ, કલશ, પદ્મસરોવર, સમુદ્ર, વિમાન, રત્નરાશિ, ને નિર્ધૂમાગ્નિ. તે અવસરે પાંચ અનુત્તર વિમાનમાંના અપરાજીત વિમાનથી ચવીને શંખ રાજાનો જીવ કાર્તિક વદ ૧૨ ને ચંદ્રવારે ચિત્રા નક્ષત્રના યોગે રાણીની કુક્ષિમાં તીર્થંકરપણે ઉત્પન્ન થયો. આઠ માસ ઉપર આઠ દિવસ થયા, ત્યારે જેના સંપૂર્ણ દોહદ પૂર્ણ કર્યા છે એવી તે પ્રિય રાણીએ શ્યામવર્ણ ને શંખલંછન પુત્ર-રત્ન શ્રાવણ શુદી પંચમીની મધ્ય રાત્રિએ પ્રસવ્યો. તેજ પ્રસંગે, દરેક ચાર હજાર સામાનિક દેવ તથા સોળ હજાર અંગરક્ષક દેવ સહિત એક યોજન પ્રમાણ વિમાનમાં બેસીને આવનારી એવી છપ્પનદિશા કુમારીઓ હાજર થઇ. તેમાંની અધોલોકની આઠ કુમારીઓ સંવર્તક વાયુથી એક યોજન પ્રમાણ ભૂમિકા શુદ્ધ કરી. ઊર્ધ્વલોકની આઠ દિક્કુમારીઓએ પુષ્પજળની વૃષ્ટિ કરી. પૂર્વરૂચકની આઠ કુમારીઓએ દર્પણ ધર્યા. દક્ષિણરૂચકની આઠે કલશ ધર્યા, ઉત્તર રૂચકની આઠે ચામર વીંજ્યાં; અને પશ્ચિમની આઠે પંખા ધર્યા. વિદિશીરૂચકની ચારે દીપ ધર્યા ને રૂચકદ્વીપની ચાર કુમારીઓએ નાલ કાપ્યો, ને ત્રણ કેલિગૃહ કર્યા. દક્ષિણગૃહમાં મર્દન કર્યું. પૂર્વગૃહમાં સ્નાન કરાવ્યું. ઉત્તર ગૃહમાં અરણિના અગ્નિમાં ચંદનનો હોમ કરી રક્ષાપોટલી બાંધીને તીર્થંકર

Aho ! Shrutgyanam

ભગવાનને તેમની માતા પાસે મૂકયા. એ રીતે દિશાકુમારીઓએ પોતપોતાનો પ્રસૂતિકર્મનો આચાર કર્યો. ચોસઠ સુરપતિ આવીને અષ્ટોત્તર સહસ્ર લક્ષણધારક ભવતારક જીનપતિને સુરગિરિના શીર્ષ ઉપર લઈ ગયા. ત્યાં પચીશ યોજન ઉંચા, બાર યોજન પહોળા, ને એક યોજન નાળવાળા આઠ જાતિના ૧૬૦૦૦૦૦૦ કલશોથી અઢીસેં અભિષેક કર્યા. ને ૩૨ ક્રોડ મણિ માણિક્યની વૃષ્ટિ કરી. પ્રાતઃકાળે પુત્રપ્રાપ્તિની વધામણી સાંભળી સમુદ્રવિજય રાજાએ બંદીવાનને છોડી મૂકયા, ને અતિ આનંદે જન્મ મહોત્સવ કર્યો. તે પ્રસંગે વસુદેવે પણ મથુરામાં ઉત્સવ કર્યો. બારમે દિન સ્વજન સંબંધીને ભોજનાદિકથી સંતોષ પમાડીને ભગવંતનું અરિષ્ટનેમિ એવું નામ પાડયું. ઇંદ્રની આજ્ઞાથી અપ્સરાઓ આવીને સરખી વય ધારણ કરી નરેંદ્રસુરેંદ્રનતાંઘ્રિપદ્મ એવા પ્રભુને બાલ્યાવસ્થામાં રમાડતી હતી. એકદા ત્રિદશેશ્વરે પોતાની સભામાં અરિષ્ટનેમિની પ્રશંસા કરી. તે સહન નહિ કરનાર કોઈ દેવ બળપરીક્ષા કરવા આવ્યો. તેને મુષ્ટિપ્રહારથી પછાડી પાતાળમાં પાડી નાંખ્યો. તેથી તે દેવ ભવિકાંભોજવિબોધતરણિ એવા ભગવંતને સ્તવી દેવલોકમાં ચાલ્યો ગયો.

Aho ! Shrutgyanam

# द्वारिकानी उत्पत्ति.

આ ભરતક્ષેત્રની વર્ત્તમાન અવસર્પિણીના પ્રથમ તીર્થંકર શ્રી નાભિજન્મ ઋષભદેવ થયા. તેમનો પુત્ર ભરતચક્રી થયો. ભરતની પાછળ અસંખ્યાત પુરૂષ થયા. પછી શીતળનાથ નામે દશમા તીર્થંકર થયા. તેના શાસનમાં કૌશાંબી નગરના સુમુખ નામના રાજાએ કુવિંદ નામે કોઇ વીરની વનમાલા નામની સ્ત્રીને હરીને પોતાના મહેલમાં આણી. કુવિંદવીર પણ સ્ત્રીવિયોગથી દુર્દશામાં ફરતો ફરતો તેજ મહેલ આગળ આવ્યો. તેને જોઇ બંનેને પસ્તાવો થયો. તેવામાં અકસ્માત્ વિજળી પડવાથી સુમુખ ને વનમાળા બંનેનું મૃત્યુ થયું. ને આ જંબુદ્વીપના હરિવર્ષ ક્ષેત્રમાં હરિ ને હરિણી નામનું યુગલ થયું. કુવિંદવીર પણ તપ કરીને સાધર્મ દેવલોકમાં દેવતા થયો. વનમાલા ને સુમુખ બંનેનું યુગ્મ થયું છે, એમ અવધિજ્ઞાનથી જાણીને તે યુગલને ઉપાડી તેની સો ધનુષની કાયા કરીને આ ભરતક્ષેત્રની ચંપાનગરીની ભાગોળે લાવ્યો. ત્યાંનો રાજા ચંદ્રકીર્તિ મરણ પામ્યો હતો. તેથી પૌરજનને ભેગા કરીને તેમને એમ સમજાવ્યું કે, આ યુગલને માંસાદિકનો આહાર આપવો; ને ચંપાનગરીની ગાદીએ બેસાડવું. એ ઉપરથી હરિ ને હરિણી

Aho ! Shrutgyanam

બંનેને રાજપાટ મળ્યું ને તેમના વંશનું નામ હરિવંશ પડયું. હરિ અને હરિણીનો પુત્ર પૃથ્વીપતિ થયો. પૃથ્વીપતિનો પુત્ર મહાગિરિ, અને મહાગિરિનો પુત્ર હિમગિરિ, એમ અસંખ્ય રાજાઓ થયા. પછી મુનિસુવ્રત નામે વીશમા તીર્થંકર થયા. તેમની પાટે ઘણા રાજા થયા. પછી એકવીસમા તીર્થંકર નમિનાથ થયા. તેના તીર્થમાં યદુ નામનો રાજા મથુરામાં થયો. તે ઉપરથી યાદવકુળ થયું. યદુનો પુત્ર શૂરી થયો. તેને શૌર ને સુવીર નામના બે પુત્રો થયા. શૌરે પોતાના નાના ભાઇ સુવીરને મથુરાનું રાજ્ય સોંપી કુશાવર્ત દેશમાં શાર્યપુર નામનું નગર વસાવ્યું.

શૌરના પુત્ર અંધકવૃષ્ણિને સુભદ્રા નામની રાણી હતી; તેને દશ પુત્ર થયા. તેનાં નામ વયના અનુક્રમે નીચે પ્રમાણે હતાં–સમુદ્રવિજય, અક્ષોભ્ય, સ્તિમિત, સાગર, હિમવાન અચળ, ધરણુ, પૂરણુ, અભિચંદ્ર અને વસુદેવ. એ દશ ભાઇ દશારહ (દશરથ) કહેવાતા હતા. તેમને કુંતી અથવા પૃથા ને મુદ્દી નામની બે બેહેનો હતી. મુદ્દી ડાહડદેશના રાજા દમઘોષને પરણાવી હતી. તેનો પુત્ર શિશુપાલ થયો. વળી આ હુંડાવસર્પિણીના અગ્રિમ તીર્થંકર યુગાધીશ ચતુરવક્ત્ર વૃષભદેવના સો પુત્રોમાં એક કુરૂ નામે પુત્ર હતો; તેના ઉપરથી કુરૂ ક્ષેત્ર થયું. કુરૂનો પુત્ર હસ્તિ થયો; તેણે હસ્તિનાપુર સ્થાપ્યું. અનુક્રમે હસ્તિનાપુરમાં શાંતનુ

Aho ! Shrutgyanam

નામે રાજા થયો; તે પહેલીવાર રત્નપુરના વિદ્યાધરોના રાજા જન્હુની પુત્રી જાન્હવી અથવા ગંગાને પરણ્યો; તેનો પુત્ર ગાંગેય ( ભીષ્મ ) થયો. બીજીવાર ભીષ્મના આગ્રહથી સત્યવતી જે નાવિકને ત્યાં ઉછરી હતી તેને પરણ્યો. તેનો પુત્ર વિચિત્રવીર્ય થયો. વિચિત્રવિર્ય કાશીના રાજાની અંબા, અંબિકા ને અંબાલિકા નામની ત્રણ કન્યાઓ પરણ્યો; અંબાનો પુત્ર વિદુર થયો, અંબિકાનો ધૃતરાષ્ટ્ર થયો, તે જન્માંધ હતો; અંબાલિકાનો પુત્ર પાંડુ થયો, તે જન્મથી રોગી હતો. દશ દશરથની બહેન કુંતીને પાંડુ રાજા પરણ્યો. ગુપ્તસંયોગથી કુંતીને કર્ણ નામનો પુત્ર થયો. પાંડુ રાજાની બીજી સ્ત્રી માદ્રી હતી, તે મદ્રકરાજાની પુત્રી હતી, તેને સહદેવ ને નિકુલ નામના બે પુત્ર થયા. એ રીતે પાંચ પાંડવો થયા. શારના ભાઈ સુવીરે સિંધુ નદીને કાંઠે સુવીરપુર વસાવ્યું. તેને ભોજકવૃષ્ણિ નામનો પુત્રથયો. ભોજકવૃષ્ણિને દેવક ને ઉગ્રસેન એ બે પુત્ર થયા. દેવક પોલાસપુરનો રાજા થયો, ને ઉગ્રસેન મથુરાનો રાજા થયો. ઉગ્રસેનની રાણી ધારિણીને ગર્ભ રહ્યા ત્યારે તેને ઉગ્રસેનનું માંસ ભક્ષણ કરવાનો ડોહાળો થયો; તેથી તેને પુત્ર જન્મ્યો ત્યારે કાંસાની પેટીમાં ઘાલીને તેને યમુના નદીમાં નાંખ્યો. તે પેટી શૌર્યપુરના સુભદ્ર નામના વણિકના હાથમાં આવી. તેનું નામ કંસ પાડીને તેને દશ વર્ષ સુધી ઉછેર્યો. અનુક્રમે કંસે સિંહરથરાજાને હરાવ્યો. ને મગધદેશના રાજા બ્રહદ્રથનો પુત્ર જરાસંધ જે રાજગૃહમાં રાજ્ય કરતો હતો,

Aho ! Shrutgyanam

ને ત્રણખંડનો અધિપતિ હતો તેથી પ્રતિવાસુદેવ કહેવાતો હતો, તેની પુત્રી જીવયશાને પરણ્યો. પોતાના પિતા ઉગ્રસેનને કેદ કરી કાષ્ઠના પાંજરામાં ઘાલી કંસ મથુરાનો રાજા થયો. કંસના નાના ભાઇ અયમંતા ( અપ્રમત ) મુનિએ જીવયશાને વિવાહ સમયે કહ્યું હતું કે, કંસના કાકા દેવકની પુત્રી દેવકી અને દશમા દશરથ વાસુદેવથી ઉત્પન્ન થયેલો સાતમો પુત્ર કંસને મારશે. તે ઉપરથી કંસે વાસુદેવને મથુરામાં બોલાવ્યો. પણ દેવકીને પેટે કૃષ્ણ જન્મ્યો કે તરત વસુદેવ તેને છાનોમાનો ગોકુલમાં નંદરાજાની રાણી યશોદા પાસે લઇ ગયો. ત્યાં વસુદેવની રાણી રોહિણીનો પુત્ર બળદેવ કૃષ્ણની રક્ષા કરતો હતો.

અનુક્રમે કૃષ્ણે કંસને મારીને તેના પિતા ઉગ્રસેનને મથુરાના દરવાજા ઉપર રાખેલા લાકડાના પાંજરામાંથી મુકત કર્યો, ને તેને મથુરાની ગાદીએ બેસાડયો. ઉગ્રસેને પોતાની દીકરી સત્યભામા કૃષ્ણને પરણાવી. કંસની રાણી જીવયશા નાશીને રાજગૃહમાં ગઇ. ત્યાં તેણે પોતાના પિતા જરાસંધને સર્વ વૃત્તાંત કહ્યો. તે ઉપરથી જરાસંધ કૃષ્ણ ને બળરામની માગણી કરી, પણ તેમાં તે ફાવ્યો નહિ, તેથી તેનો પુત્ર કાળકુંવર પોતાના બનેવીનું વેર લેવા ૫૦૦ રાજપુત્રો સહિત મથુરા ઉપર ચઢાઈ કરવા તૈયાર થયો. તેના ભયથી ત્રાસ પામીને મથુરાના ૧૧ કુલ કોડી યાદવો તથા શાર્યપુરના સાત કુલ કોડી એમ ૧૮ કુલ કોડી યાદવો પશ્ચિમ

Aho ! Shrutgyanam

સમુદ્રભણી નાઠા. કૃષ્ણને નૈમિત્તિઆએ કહ્યું હતું કે, સત્યભામાને જ્યાં પુત્ર યુગ્મ જન્મે, ત્યાં મુકામ કરવો; તે ઉપરથી તેને ભામ ને ભાનુ નામના બે પુત્ર જન્મ્યા, ત્યાં રાત્રિ રહ્યા.

ત્યાં કૃષ્ણે અઠ્ઠમનો તપ કરી ગૌતમદ્વીપમાં રહેનારા સ્વસ્તિક નામે લવણાધિપતિને આરાધ્યો. તે ઉપરથી તેણે પ્રસન્ન થઇ અઠ્ઠમની ત્રીજી રાત્રિમાં સમુદ્રને દૂર ખસેડીને બાર યોજન લાંબી ને નવ યોજન પહોળી એવી રત્નમય દ્વારિકા નગરી ઉત્પન્ન કરી. તેને અરાઢ હાથ ઉંચો ને નવ હાથ પહોળો રત્નમયી સોનાનો કોટ હતો. તેની અંદર તથા બહાર હજારો મંદિરો, બાગબગીચા ને મહેલ આવી રહ્યા હતા. તેની ઉત્પત્તિના આરંભમાં સાડાત્રણ દિન સૂધી વસ્ત્ર, ધન, ધાન્ય, આભૂષણ, રત્ન, મણિ ને કંચન આદિ અનેક વસ્તુઓની વૃષ્ટિ થઈ હતી. આણિમેર કાળકુંવરને યાદવોના નાસવાની ખબર પડવાથી તે તેમની પછવાડે લવણસમુદ્રના કિનારા તરફ દોડયો. તેવામાં અર્ધભરતની અધિષ્ઠાયક દેવીએ માયા રૂપ કરી યાદવોની ચિતા સળગાવીને પોતે જાણે કૃષ્ણની વૃદ્ધ બહેન હોય એવું રૂપ કરી રોવા બેઠી. ત્યાં કાળકુંવર આવ્યો, ત્યારે બોલી, યાદવોએ કાળકુંવરની બીકથી આ ચિતાઓમાં પ્રવેશ કર્યો છે, ને હું પણ એક ચિતામાં બળી મરીશ. કાળકુંવર તે સાંભળી ચિતાઓમાં પડયો, કારણ કે તેણે એવી પ્રતિજ્ઞા લીધી હતી કે યાદવોને

Aho ! Shrutgyanam

ચિતામાંથી પણ પકડી લાવવા. પણ અધિષ્ઠાત્રી દેવીની માયા આગળ તેનું કંઈ ફાવ્યું નહિ, પણ પોતેજ બળી ભસ્મ થયો. જીવયશાને ખબર મળ્યા કે યાદવો ને કાળકુંવર બળી ગયા. કેટલોક કાળ વીત્યા પછી કોઈ વેપારી રત્નકાંબળ લઈ રાજગૃહમાં વેચવા આવ્યો, પણ ત્યાં તેની કાંબળ ખપી નહિ, તેથી તેણે દ્વારિકાની રિદ્ધિની વાત કરી, તે જીવયશાએ સાંભળી. તે ઉપરથી તેણે તે વેપારીને પોતાની પાસે બોલાવ્યો. વ્યાપારીએ યાદવોનો સર્વ વૃત્તાંત કહ્યો. જીવયશાએ પોતાના પિતા જરાસંધને ઉશ્કેરીને યાદવો સામે લડવા મોકલ્યો. પંચાસરમાં લડાઈ થઈ. કૃષ્ણ જીત્યો, ને નવો વાસુદેવ પ્રગટ થયો, એવી વધામણી ફેલાઈ; ને ત્યાં શંખેશ્વર પાર્શ્વનાથનું તીર્થ થયું.

## नेमिनाथपाणिग्रहण प्रेरणा.

અન્યદા ધનપાળની અલકાપુરીને અનન્ય ઉજવળતાથી અંજાવી અળગી કરનારી, અમર્ત્યપતિની અમરાવતીને અત્યંત શોભાવડે શરમાવી ઉંચે ઉડાવનારી, ને રાવણની લંકાપુરીને પોતાની લાવણ્યતાથી લજ્જા પમાડી લવણ સમુ-

Aho ! Shrutgyanam

દ્રમાં ઝંપાપાત કરાવનારી* દ્વારીકાનગરીમાં દશ ધનુષની તનુ ધારણ કરનાર શ્રી અરિષ્ટનેમિ ભગવાન સમાન વય-વાળા સ્વમિત્રોની સાથે શ્રી કૃષ્ણ વાસુદેવની આયુદ્ધશાળામાં.

---

*जलाशयाख्याः सरसि प्रसिद्धा
द्विजिह्वशब्दो भुजगेषु यत्र ।
खलोक्तिरेवौकसि तैलकस्य
कीनाशवाची यम एव नान्यः ॥
यस्मिन् सदाना इव दंतिनोपि
कथं न वास्तव्यजना भवेयुः
सरांस्यपि स्युः कमलाकराणि
कथं न तन्मानवमंदिराणि ॥
वाप्योऽपियस्मिन् सुपयोधराः स्युः
कथं पुनर्न प्रमदासमूहाः
निःस्वा लभंतेपि गले वरेच्छा
हारान् पुनर्नो कथमिभ्यदाराः ॥

Aho ! Shrutgyanam

ક્રીડા કરવા ગયા. ત્યાં સુદર્શન ચક્ર, સારંગ શરાસન, કૌ-મોદકી ગદા ને નંદક કૃપાણ પ્રમુખ કૃષ્ણનાં આયુધ પ-ડેલાં હતાં. પ્રિય વયસ્યના પ્રોત્સાહનથી નેમીશ્વરે પંચજન્મ શંખ પૂર્યો. તેના ગંભીર ને ભયંકર ઘોષથી વિષ્ણુની અ-શ્વશાલાના ઘોડા વિદ્યુત્‌ના વેગથી ભાગવા લાગ્યા. વારણ પણ બંધન સ્તંભ તોડીને પ્રાસાદની પંકિતઓને ચકચુર કરતા દ્વારિકાની બહાર ધરતી ધ્રુજાવતા દોડવા લાગ્યા. જેનાં વીચિ વેપમાન છે એવા અપાંપતિનાં મોજાં સ્વર્ણમય કોટની સાથે અથડાઇને ઘેરો ઘાલનારી ફતેહમંદ ફોજની માફક મોજ મારવા લાગ્યાં. કૃષ્ણ મહારાજ રાજસભામાં બીરાજતા હતા, ત્યાંથી આવીને આયુધશાળામાં નજર કરે છે, તો નેમિકુમારને વ્યાયામ કરતા જોયા.

આ ઉપરથી કૃષ્ણના મનમાં એવો સંદેહ ઉત્પન્ન થયો કે નેમિકુમાર મારૂં રાજ્ય અલ્પકાળમાં લઇ લેશે. તેથી તેના બળની પરીક્ષા કરવા માટે વાસુદેવે પોતાનો બાહુ પ્રસાર્યો. તેને કોમળ નલિનીના નાળની માફક ને-મિનાથે સહેલાઇથી વાળી નાંખ્યો. ત્યાર પછી નેમિશ્વરે પોતાની ભુજા લાંબી કરી. તે કૃષ્ણવાસુદેવથી કિંચિન્માત્ર પણ વળી શકી નહિ. તેથી પ્લવંગમની પેરે લઘુ ભ્રાતા-ના દોર્દંડ નીચે લટકી પડયા, ને પોતાનું હરિ એવું નામ યથાર્થ કર્યું. કૃષ્ણ ચિંતાતુર થઈ કહે છેઃ—

Aho ! Shrutgyanam

क्लिश्यंते केवलं स्थूलाः सुधीस्तु फलमश्नुते। दंता दलंति कष्टेन जिह्वा गलति लीलया॥ ममंथ शंकरः सिंधुं रत्नान्यापुर्दिवौकसः॥

અર્થ—જાડા માણસો માત્ર દુઃખ પામે છે ને બુદ્ધિવાન માણસ ફળ ભોગવે છે. દાંત કષ્ટવડે ચાવે છે ને જીભ સહેલાઈથી ગળી જાય છે. શંકરે સમુદ્રનું મથન કર્યું ને દેવતાઓને રત્ન પ્રાપ્ત થયાં.

એવામાં આકાશવાણી થઇ કે, આ નેમીશ્વર બાવીશમા તીર્થંકર પાણિગ્રહણ કર્યા સિવાય રાજ્યની નિરિચ્છા કરતાં પ્રવ્રજ્યા સ્વીકારશે. આ વચનથી કૃષ્ણની શંકા દૂર થઇ. તે છતાં પણ નિશ્ચય કરવા માટે પોતાની અઢાર હજાર રાણીઓ સાથે નેમીશ્વરને લઇ ઉજ્જયંત ઉર્વીભૃતના એક ઉત્કૃષ્ટ ઉપવનમાં જલક્રીડા કરવા ગયા. હવે કુંડિનપુરના ભીષ્મક રાજાની પુત્રી રૂકિમણી, વૈતાડય પર્વતના જાંબવંતરાજાની પુત્રી જાંબુવતી, સિંહલદ્વીપના રાજાની પુત્રી લક્ષ્મણા, રાષ્ટ્રવર્ધન રાજાની પુત્રી સુસામા, વીતભયનગરની ગૌરી, હિરણ્યનાભ રાજાની પુત્રી પદ્માવતી, ગંધાર (કંદહાર)ની ગંધારી, એ સાત તથા ઉગ્રસેનની પુત્રી સત્યભામા, એ રીતે આઠ અગ્ર મહીષીઓ અને બીજી પરમાંગનાઓ એક સુશોભિત સરોવરમાં સલિલ ક્રીડા કરતાં નેમિકુમારને જૂદીજૂદી જાતનાં કામજનક વચન ને કટાક્ષ કથન તથા અનેક રીતના ચાળાઓથી પરણવાનો અંગીકાર



Aho ! Shrutgyanam

કરવા સારૂ અભ્યર્થના કરવા લાગી. દરેક ભ્રાતૃજાયાનાં ભિન્ન ભિન્ન વાકયો શ્રવણ કરી શ્રી નેમિસ્વામિ સામાન્ય સદુત્તર કરે છે, "હું તમારી અને મારી ઇચ્છા પરિપૂર્ણ કરીશ." ત્યાર પછી નેમિકુમારને કુંજર ઉપર બેસાડી હર્ષ અને ગોપાંગનાઓ સહિત કૃષ્ણ વાસુદેવ દ્વારિકાપુરમાં આવ્યા; ને સમુદ્રવિજય રાજાની આજ્ઞા લઇને નેમિકુમારને પરણાવવા માટે ઉગ્રસેન રાજાની પુત્રી રાજીમતીનું માગું કરવા ગયા. ઉગ્રસેને તે માગણી માન્ય રાખી. અને પોતાની પૂર્ણ રૂપવતી પુત્રીનું પરિણયન કરવા માટે તત્કાળ પ્રારબ્ધ કરવા માંડી. કૃષ્ણે પણ દ્વારિકામાં આવી સમુદ્રવિજય રાજાને સર્વ સમાચાર કહ્યા. તરતજ કૌષ્ટુકિ નામના જોશી પાસે લગ્ન જોવડાવ્યું. મૌહૂર્તિક કહે, "વર્ષાકાલમાં અન્ય કાર્ય કરવાં ઉચિત નથી; તો વિવાહ જેવું ગૃહસ્થનું મુખ્ય કૃત્ય કેમ કરાય ?" સમુદ્રવિજય બોલ્યા, "હે જ્યોતિષી ! કાળનો વિલંબ કરવો યોગ્ય નથી. કૃષ્ણે ઘણો શ્રમ લીધો છે. માટે લગ્નનું મુહૂર્ત જેમ વહેલું આવે તેમ કરવું જોઇએ." ત્યારે કૌષ્ટુકિ કહે, "શ્રાવણ માસના શુકલપક્ષની છઠનું લગ્ન વરવધૂને વૃદ્ધિકારક છે." આ શબ્દો કાને પડતાં વારનેજ નિર્ણય કરી તેજ દિવસે ને તેજ સમયે જાનની સામગ્રી કરી. અનુક્રમે રાજીમતીનાં અંગપણ ભરયૌવનમાં નીચે પ્રમાણે શોભતાં હતાં:—પાદતલ કમલજેવાં, નખ કુંદનજેવા, પગની પીંડીઓ કામદેવના બાણના ભાથા જેવી, જંઘા રતી જે-

Aho ! Shrutgyanam

વી, નિતંબ સરોવરની પાળ જેવા, પેટની ત્રિવલ્લી ગંગા તરંગ જેવી, કટી કેશરી સમાન, નાભિ કમલ સમાન, સ્તન કંચન કલશને નારંગ ફલ જેવાં, હાથ કંદર્પ ધજા જેવા, હસ્તતલ ઉત્પુલ્લ પદ્મ જેવા, ગળુ ને ગરદન સુવર્ણ કપોત સમાન, બિંબફલને પ્રવાલ જેવા ઓષ્ઠ, કસોટી જેવી જીભ, દાઢમની કળી જેવા દાંત, સુવર્ણ છીપ જેવા કાન, કીર ચંચુ જેવું નાક, સાપણુ જેવા કેશ, મૃગ, ભ્રમર, ખંજન ને મત્સ્ય જેવી ચક્ષુ, અનંગ ધનુષ સમાન ભ્રુકુટી, અર્ધચંદ્ર સમાન લલાટ, સ્વર કોકિલ સમાન ને ચાલ હંસ કે હસ્તિ સમાન.

આભૂષણ—મસ્તકે શિરફુલ, આંખે કાજળ, નાકે મોતીવાળી વાળી, કાને મંજરી, મુખમાં પાન, હાથમાં કંકણ, આંગળીમાં વીંટીઓ, ગળે કંઠી, કટિમાં ઘુઘરીવાળી મેખલા, પગમાં ઝાંઝર, આંગળીઓમાં બીંછુવા ને અણુવટ, આંખના ખુણે ચંચળતા ચમકે છે.

---

ટીકા—નેમિનાથ પરણવા ગયા, ત્યારે તેમની ઉમર સવાસો વર્ષની હતી; ને રાજુલની ઉમર પોણાબસો વધારે હતી, એટલે ત્રણસેં વર્ષની હતી. રાજુલ ૧૦૦૬ વર્ષની વયે મોક્ષ પામી; ને નેમિનાથ ૧૦૦૦ વર્ષની ઉમરે તેના પછી મોક્ષ પામ્યા.

Aho ! Shrutgyanam

# નેમિનાથનો વરઘોડો.

યાદવકુળની યશસ્વતી યુવતીઓ મનોજ્ઞ ગાયન કરી રહી છે. સુભ્રૂને સારંગાક્ષી સન્નારીઓ સાવધાન થઈ સરસ શૃંગાર સજી રહી છે. કૌતુકમંગળનાં તાર તોરણો ઘેરઘેર ઝુલી રહ્યાં છે. અંતઃકરણમાં આનંદ ઉપજાવે એવા મંજુલ-માંચાઓ માર્ગમાં બંધાઈ રહ્યા છે. સુગંધિ ધૂપગુટિકાઓ ઠામ ઠામ મુકાય છે. સુભાગ્યવતી નગરીમાં સુવાસિત જલનો છંટકાવ થઈ રહ્યો છે. પંચવર્ણી સુરભિ પુષ્પો પથરાઈ રહ્યાં છે. તેથી દ્વારિકાપુરી જાણે પૂજાથી પવિત્ર થઈ હોય એમ દિસવા લાગ્યું. એવા અવસરે ઝવેરાતથી ઝગઝગાટ મારતી જાદવોની જાન નીકળી. સર્વની આગળ કરોડો રાજાઓ તથા રાજકુમાર ચાલતા હતા. મધ્યમાં નેમિકુમારનો મનો-રંજક રથ ચાલતો હતો. વરરાજાની બંને બાજુએ ગજ ઉપર બેઠેલા બે સુરૂપ ભૂપ પરમશોભાથી શોભી રહ્યા હતા. તેમની પાછળ સમુદ્રવિજય, પાંડવો, કૃષ્ણ, આદિ અનેક રાજાઓ હૃદયંગમ તુરંગમાતંગ ઉપર સ્વાર થઈ સરઘસની શોભામાં વૃદ્ધિ કરતા હતા. તેમની પાછળ પાલખીઓમાં બેઠેલી, કાયાની પ્રેક્ષણીય પ્રભાથી આસપાસના આકાશને પ્રકાશિત કરનારી, અંતઃપુરની સર્વ સખીઓ સહિત ધવળ મંગળ ગાતી ગાતી શિવાદેવી, કુન્તી ને રૂકિમણી પ્રમુખ

Aho ! Shrutgyanam

પૂજનીય પદ્મિની, કમનીય કાન્તા, રમણીય રમણીઓ ને મહનીય મહિલાનાં વૃંદારકવૃંદ ચાલતાં હતાં. ઝાંઝરના ઝમકાર, ઘુઘરીના ઘમકાર, પગના ઠમકાર, ને આંખના ચમકારા મારતી, હાથના ચાળાઓથી હાવભાવ બતાવતી, ને કુદડીઓ લેતી, જુવાનીના જોરવાળી, ચાર્વંગી ને મૃદ્વંગી વારાંગનાઓનાં મધુર, ઝીણા ને તીણા સ્વરવાળાં નંદક નાટક નૃત્ય થઈ રહ્યાં છે.

વિવિધ વાજીંત્રો વાગી રહ્યાં છે; નિશાન નગારાં ને નોબતના નાદ નિકળી રહ્યા છે; બંદીજનો વિરૂદાવલી બોલી રહ્યા છે; ગાન તાનનું ધ્યાન મચી રહ્યું છે; કોટીશઃ મનુષ્યો નેમિનાથનું મુખાંબુજ નિહાળીને નિરખી રહ્યાં છે; સુભગ સુંદરીઓ શ્યામવર્ણસ્વામીની સેવા કરવાનો સંકલ્પ ધારી રહી છે; એવા દેવાંશી ચળકાટ, ઠાઠમાઠને ધામધૂમથી વરઘોડો મંદમંદ ચાલતો ચાલતો ઉગ્ર તેજસ્વી ઉગ્રસેનના મનોરમ મહાલયના મંડપની અંતિકે આવ્યો.

જેણે સ્નાન કરી શ્વેત વસ્ત્ર પહેર્યાં છે તથા જે સરખી ઉમ્મરવાળી સખીઓથી વીંટાયલી છે એવી રૂપનિધાન રાજીવાક્ષી રાજીમતી વરઘોડાનાં વાદ્ય સાંભળી વિશેષ પ્રફુલ્લિત થઈ. તેના મનનો અભિપ્રાય જાણી ચંદ્રાનના નામની પ્રિય સહચરી કહે છે. જગત્‌ની અંદર રાજીમતી ધન્ય છે કે જેને વરવા માટે આવો વિશ્વવિભૂષણ વર આવે છે. નાકનાયકો પણ જેને નમસ્કાર કરે છે એવો ત્રિભુવનનો સ્વામી યદુ-

Aho ! Shrutgyanam

પતિ રાજીમતિનો ભર્તાર થશે. આવાં પ્રિય વચન બોલતી પ્રેમાળ ને પ્રિયંકર સાહેલીઓ ગવાક્ષમાં ઉભી રહી છે. " મને પણ જોવા દો " એવી ઉક્તિ ઉચ્ચારતી રોમરાજીવિરાજીત રાજીમતી બહેનપણીઓની વચ્ચે આવી ઉભી. તે પ્રસંગે મૃગલોચના નામની સખી સ્મિત પૂર્વક બોલી, " આ વરમાં એક દોષ છે. " રાજીમતી રોષ લાવી બોલી, " કલ્પપાદપમાં કૃપણતા, ક્ષીર સિંધુમાં ક્ષારત્વ, ચંદનમાં દુર્ગંધ, અહર્મણિમાં અંધકાર, લક્ષ્મીમાં દરિદ્રતા ને વાગીશ્વરીમાં મૂઢતા કદી પણ સંભવે નહિ. પૂણી પડવાથી પુરી ચંપાય એ કેમ મનાય ? આ વરમાં દૂષણ દેખાડવાં તે દૂધમાં પોરા કાઢવા જેવું છે. "

ચંદ્રાનના મૃગલોચનાને કહે છે, "શી ખામી છે?" મૃગલોચનાએ પ્રત્યુત્તર વાળ્યો, "વરતો કાજળ જેવો કાળો છે". મંજુભાષિણી રાજીમતીએ કહ્યું, "હું ધારતી હતી કે મારી સખી શાણીને સમજુ છે, પણ તેમ નથી; કારણ કે, કૃષ્ણવર્ણ સર્વ શોભાનું કારણ છે. ચિત્રાવેલ, અગર, કસ્તુરી, વાદળ, કાજળ, કેશ ને આંખની કીકીઓ એ સર્વ શ્યામ હોય તોજ શોભે છે, ને વધારે મૌલ્યવાન ગણાય છે. મૌક્તિક ધોળું છે, પણ વીંધાય છે. કર્પૂર સિત હોય છે, પણ તેની સાથે અસિત મરી હોય તોજ રહી શકે છે. ગોરા ગાત્રવાળો કુષ્ઠ રોગી કહેવાય છે. લવણ ધોળું છે, પણ ખારૂં હોય છે. ચૂનો રંગે શ્વેત હોય છે, પણ રસનાને બાળે છે.

Aho ! Shrutgyanam

કાગળ ધોળો છે, પણ કાળાવર્ણ વિના શોભતો નથી." આવી રીતે હાસ્યવિનોદ કરતાં કરતાં રાજી થતી રાજીમતીનું જમણું અંગ ફરક્યું. તેથી પોતે ઉદાસ થઇ સખીઓ પ્રત્યે કહે છે. પ્રિય સખીઓ, મારૂં દક્ષિણ શરીર ફરકે છે, તે અદક્ષિણ અશુભ સૂચવે છે. સુહૃદ સખીઓ બોલી, "તારાં સર્વ અમંગળ નાશ પામો."

વરઘોડો ભવમંડપમાં નાટક નાચવા માટેજ આવ્યો હતો. આણીગમ અરિષ્ટકુમાર પાસેના વાડાઓમાં પૂરેલા અનેક પ્રકારના પશુઓના પોકાર ને નિશ્વાસ સાંભળી સારથિને કહે છે "અરે! આ નિરપરાધી દીન પ્રાણીઓને આવી રીતે કેમ રૂંધી રાખ્યાં છે?" સારથિ ઉત્તર દે છે, "ભગવંત, આપના સમુદ્રાદુમાં એ જીવો જમણને માટે ભેગાં કરેલાં છે."

એવામાં જેણે પોતાની પ્રિયાને કંઠે સ્વકંઠ સ્થાપેલો છે એવા હરિણને તેની હરિણી કહે છે–હે પ્રાણનાથ, આ વિશ્વવત્સલ નેમિસ્વામીને વિનય પુરઃસર વિજ્ઞાપના કરો કે આપણને આ મહા દુઃખમાંથી છોડાવે. તે ઉપરથી તે મૃગ નેમિકુમારને કહે છે, હે શિવશંકર, મૃત્યુ કરતાં દંપતીનો વિયોગ વધારે દુઃસહ છે. અમે નિરપકારી તિર્યંચ નિર્ઝરણાનાં નીર પીને કોઈને હાની કર્યા વિના તૃણ ભક્ષણ કરીએ છીએ, અમારા જેવા દુર્બળ ને પામર પ્રાણીને અપરાધ વગર મારવાં એ અઘટિત છે. માટે હે પરોપકારી

Aho ! Shrutgyanam

જગજીવન ! રક્ષ, રક્ષ. એ સાંભળી નિવર્તનાતુર નેમિપ્રભુ વિષાદ પામી વિચાર કરે છે. અહો ! મારા એકલાનો વિવાહ આ સર્વ અવાચક જનાવરના અવિવાહનો હેતુ છે, માટે ક્ષણમાત્રના સંતોષ સારૂં એવું અનુચિત કૃત્ય કરનારને ધિક્કાર છે.

અલ્પકાળના અજવાળા માટે પોતાના આરામવાસને અગ્નિ લગાડવા કોણ ઉત્સાહવાન્ થાય ? મારે વિષયરાગની વાંછના કરવી નથી. મોક્ષમાર્ગમાં મારે આ મોટી અગંલા છે. એમ કહી ર... હ પાસે રથ પાછો વળાવી બોલ્યા, "મારે મનુષ્ય વર્ગના પરણવી નથી, પણ અનંત આનંદ આપનારી અપવર્ગ રૂપી અદ્વિતીય વધૂને વરવી છે." સમુદ્રવિજય આદિ વડિલ રાજાઓ નેમિકુમારને પાછા વળતા જોઈ કહે છે, વત્સ ! અમારી મહાભિલાષાઓ ભંગ કરવા તમે કેમ ઉત્કંઠિત થયા છો ? શિવાદેવી પણ અસ્ખલિત અશ્રુપાત કરતી કહે છે, હે પુત્ર ! મારા મનોરથરૂપી મહીરૂહનું ઉન્મૂલન કરવા માટે કેમ ઉત્સુક થયા છો ? બળરામ અને કૃષ્ણ પણ અનેક પ્રકારના આગ્રહ કરતા હતા. સર્વ જાનઇઆ તથા જાનઈડીઓ અરિષ્ટનેમિની આસપાસ ફરી વળ્યાં, તેથી જેમ ઉડુથી ઘેરાયેલો ઔષધિપતિ શોભે છે, તેમ તે શોભતા હવા. કોઈની શીખામણ માની નહિ ને નેમિકુમાર પાછા ફર્યા. તે જોઈ રૂપરાશિ રાજીમતી એકદમ ખેદ પામી મૂર્છાંગત થઇ. શીલવતી

Aho ! Shrutgyanam

સદાચારિણી સખીઓએ શીતોપચારથી તેને સચેત, સ્વસ્થ ને શાંત કરી. પછી રાજીમતી કરૂણ રૂદન કરતી બોલી. "અહો ! જે મૃગ નિર્મળ કલાધરને કલંક દેવામાં તથા રામ-સીતાનો વિરહ રચવામાં કારણભૂત છે; તેજ મૃગે મારા રંગમાં ભંગ કર્યો; તેથી કવિલોકો તેને કુરંગ કહેછે, તે સત્ય છે. હા દૈવ ! હું કેવી હતભાગ્ય કે મારે ઘેર આવેલું દ્રુમ પાછું જાયછે. હે સ્વામિ ! હું વિડંબનારૂપી વલ્લરીથી વેષ્ટિત છું. પાણિગ્રહણ કરવા માટે આપનો હાથ મારા હાથમાં ન આવ્યો, તેથી હવે તેજ કર મારા શિર ઉપર થાઓ." આ વેળા જીનરાજ નેમીશ્વર રાજીમતી વચ્ચે નવ ભવનો સંબંધ હોવાથી જ્યારે નેમીશ્વર નિઃશ્રેયસમાં જવા તત્પર થયા, ત્યારે પોતે પરિણયનના નિમિત્તે જાણે રાજીમતીને નિમંત્રણ કરવા આવ્યા હોય એમ લાગતું હતું.

## રાજીમતીનો વિલાપ.

અહો નાથ, જયારે પાણી બાલે, સૂર્ય અંધકાર કરે, અમૃત વિષમય થાય, ચંદ્ર તાપ કરે, મેઘ વૃષ્ટિ ન કરે, સરોવર તૃષા ન મટાડે, કલ્પવૃક્ષ કંટક મારે, ત્યારે દુનિઆનો અંત આવ્યો એમ મને લાગે છે.

Aho ! Shrutgyanam

# નેમિનાથ દીક્ષાગ્રહણ.

હવે યોગ્ય સમય આવ્યો, ત્યારે ત્રૈલોક્ય ચૂડામણિ ભટ્ટારક ભગવત્ જાણતા હતા તે છતાં પણ લોકાંતિક દેવો પોતાના આચાર પ્રમાણે આવીને કહેછે; ભગવંત, તીર્થ પ્રવર્તાવો. આ ઉપરથી રોજ સવારે એક પ્રહર પર્યંત એક ક્રોડ આઠ લાખ સુવર્ણ મોહોરનું દાન દેતાં એક વર્ષ સુધી બાળ બ્રહ્મચારી ભગવંતે ત્રણ અબ્જ અઠ્ઠાશી ક્રોડ ને એંશી લાખ મોહોરનું સંવત્સરી દાન દીધું. દરિદ્ર દાવાનલ મેઘસમાન દાન દીધા પછી દીક્ષાભિષેક કર્યો ને પ્રભુ ઉત્તરકુરૂ નામે યાપ્યયાનમાં ( પાલખીમાં ) આરૂઢ થયા. દેવ, દાનવ ને માનવથી દીપતી દ્વારિકાના મધ્ય ભાગે થઇને દીક્ષા મહોત્સવનો વરઘોડો નીકળ્યો. વરઘોડામાં શક્રેન્દ્ર તથા ઈશાનેંદ્ર ચામર ધરીને, માહેંદ્ર ખડ્ગ ધારણ કરીને, સનત્કુમારેંદ્ર છત્ર ધરીને, બ્રહ્મેંદ્ર દર્પણ ધરીને, લાંતકેંદ્ર કલશ ધરીને, શુક્રેન્દ્ર સ્વસ્તિક ધરીને, સહસ્રારેંદ્ર ધનુષ ધરીને, પ્રાણતેંદ્ર શ્રીવત્સ ધરીને, અચ્યુતેંદ્ર નંદાવર્ત ધરીને તથા બાકીના ચમરેંદ્રાદિ દેવો શસ્ત્ર ધરીને અર્હત્પ્રભુના અગ્ર ભાગે ચાલતા હતા. અનુક્રમે રૈવતાચલ ચઢી, સહસ્રામ્રવનમાં જઈ, આભરણાદિકનો ત્યાગ કરી, સહસ્ર પુરૂષની સાથે, ત્રણસેં વર્ષની ઉમ્મરે, શ્રાવણ સુદિ ૬ ને દિવસે,

Aho ! Shrutgyanam

ચિત્રા નક્ષત્રના યોગે, છઠનો તપ કરી. તથા પંચમુષ્ટિ લોચ કરીને કુમતિ કુઠાર નેમીશ્વરે દીક્ષા ગ્રહણ કરી. ત્યાંથી વિહાર કરીને વરદત્ત નામના બ્રાહ્મણને ઘેર ક્ષીરનું પ્રથમ પારણું કર્યું. ને ત્યાં પુષ્પવૃષ્ટિ, સુગંધિ જળવૃષ્ટિ, વસ્ત્ર-વૃષ્ટિ, હિરણ્યની વૃષ્ટિ, ને અહો દાન! અહો દાન! એવા ઉચ્ચાર કરતી દેવ દુંદુભિ, એવાં પંચ દિવ્ય પ્રગટ થયાં. જંજાળરૂપી જાળને પ્રજાળનાર જગત્પ્રભુને ગર્ભથીજ મતિ, શ્રુત, અને અવધિ, એ ત્રણ જ્ઞાન હતાં, ને દીક્ષા સમયે મનઃપર્યાય જ્ઞાન ઉત્પન્ન થયું; એવા ચાર જ્ઞાનના ધરનાર તથા બાવીસ પરીષહના સહનાર, શ્રી નેમિનાથને દીક્ષા લીધા પછી ચોપન દિવસે સહસ્રામ્રવનમાં વેતસવૃક્ષની નીચે, શુકલધ્યાનારૂઢ સ્થિતિમાં, જ્ઞાનવરણી, દર્શનાવરણી, અંતરાય ને મોહની એ ચાર ઘાતિક કર્મનો ક્ષય કર્યા પછી આશ્વીન માસની અમાવાસ્યાને દિન, પહેલા પહોરમાં, ચિત્રા નક્ષત્રે પંચમ જ્ઞાન પ્રાપ્ત થયું. ચોસઠ સુરાધિપનાં સુખાસન સમકાલે પ્રકંપાયમાન થયાં. નેમીશ્વર અર્હત્‌ને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું જાણી સુમનોએ આવી સહસ્રામ્રવનમાં સમવસરણ રચ્યું. તેમાં એકસો ચોવીસ ધનુષ ઉંચા ચૈત્ય વૃક્ષની પ્રદક્ષિણા કરી, તીર્થાય નમઃ એમ ઉચ્ચારણ કરી, પૂર્વ આશામાં આસ્ય કરી અરહિંત મહારાજ આસન ઉપર બેઠા. ઉદ્યાનપાલકે તરતજ દ્વારિકામાં જઇ અધમ ઉદ્ધાર શ્રી અરિષ્ટ નેમીશ્વરના કેવલ

Aho ! Shrutgyanam

જ્ઞાનની કૃષ્ણને વધામણી દીધી. કૃષ્ણ વાસુદેવે પણ હર્ષના ઉભરામાં માલાકારને સાડાબાર ક્રોડ સોનૈયા આપી, દશ દશરથ અને પાંડવોને લઇ, હાથી, હય,રથ ને પાયદલ, એવી ચતુરંગી સેના સજ્જ કરી, બત્રીસ હજાર રાણી, સાઠહજાર પુત્ર, સોળહજાર રાજા ને અડતાલીલ ક્રોડ સુભટ સહિત, વીતરાગને વંદન કરવા આવ્યા. ત્રણ પ્રદક્ષિણા દઇ, સ્તુતિ કરી શક્રની પછવાડે યોગ્ય આસનપર બેઠા. ચતુર્મુખ, સ્યાદ્વાદી સર્વજ્ઞે સાત શબ્દ ગુણ ને અઠ્ઠાવીશ અર્થગુણ એવા પાંત્રીસ ગુણયુક્ત દેશના દીધી. તેમાં જગદીશ્વરે પોતાના શાસનરૂપી વનની અંદર અલૌકિક અભ્રયુક્ત તડિત્ સન્નિભ અંબિકા દેવીનું ચમત્કૃતિયુક્ત ચરિત્ર કહ્યું, તે નીચે પ્રમાણે-

## अंबिका चरित्र.

જેના [1]બે મહીધર મસ્તક રૂપ છે, જેની [2]પૂત પૃથિવીએ સુરાલયની પરાજય કરી [3]દિવિષ્ઠોને પાતાળમાં પલાયન કરાવ્યું છે, ને જેનાં તેજસ્વી તીર્થરૂપી મહા મૂલ્યનાં નિર્મલ મુક્તાફલ સદા વિજયવંત વર્તે છે, એવા સૌરાષ્ટ્ર દેશના પર્વત [4] પુરંદર શ્રી રૈવતાચલની દક્ષિણ દિશાએ ઋદ્ધિમાં કુબેરપુર કલ્પ અને ન્યાયવાન નરનારીઓથી નિવાસિત કુબેરનગર ( કોડિનાર ) છે. તેની યક્ષા નામની

Aho ! Shrutgyanam

સરિતાના [5] સલિલના બિંદુઓને તથા [6] સુમનઃ પરિમલના પરમાણુઓને પ્રસારનાર [7] પ્રભંજન કદલીપત્રોને પ્રતિદિન કંપાયમાન કરી રહ્યો છે, તેથી નાગરિક નિતંબિની ને પુરૂષોના શરીરનો પ્રસ્વેદ [8] પ્રધ્વંસને પામે છે. [9] પ્રકૃષ્ટ પત્તનમાં વિચિત્ર ચિત્ર જોનારાં મનુજોનાં ચક્ષુરૂપી ચંચલ [10] પયોજને રહેવાને માટે પ્રાસાદરૂપી પુષ્પવાટિકાઓ છે. ફરતો પ્રદક્ષિણા દેતો ઉંચો સુંદરાકાર [11] પ્રાકાર પરિવેષ્ટન કરી રહ્યો છે, ચત્યોમાં ઠામઠામ પૂજાઓ થઇ રહી છે. ચિત્રમયી લક્ષ્મીની ચિત્તાકર્ષક પ્રતિમાઓ પ્રત્યેક સ્થાને પ્રકાશી રહી છે, સર્વ પ્રજા ષટ્કર્મમાં [12] અપ્રમાદ તથા કર્મ નિકંદન કરવામાં નિશદિન ગુંથાયલી છે, તે પુરીને વિષે [13] હરિની કીર્તિને હરનાર, જેના ગુણરૂપી હરિએ અરિરૂપી [14] કરિને વિદાર્યા છે એવો, કૃષ્ણના વંશમાં રત્ન જેવો ભગવંતના પાદારવિંદનો ભ્રમર, દ્વાદશ વ્રતપાલક, તત્ત્વત્રયના ચિન્હરૂપ ત્રણ તંતુની યુક્તાર્થ [15] યજ્ઞોપવીત ધારક, ને સંવર સંયુકત સાધુની સ્યાદ્વાદસિદ્ધાંત સુધાથી સિંચિત, એવો સોમભટ નામે બુદ્ધિશાળી બ્રાહ્મણ રાજા છે. તેને [16] અંબિ-

૧. બે મહીધર–શેત્રુંજય ને ગિરનાર એ બે પર્વત. ૨. પૂત–પવિત્ર. ૩. દિવિષ્ટ–દેવ, ૪. પુરંદર–ઇંદ્ર, ૫, સલિલ–પાણી, ૬. સુમનઃ પરિમલ–ફુલની સુગંધ, ૭, પ્રભંજન–પવન ૮, પ્રધ્વંસ–નાશ, ૯ પ્રકૃષ્ટ પતન–ઉતમ નગર, ૧૦ પયોજ–કમળ ૧૧ પ્રાકાર–કિલ્લો ૧૨ અપ્રમાદ–ઉદ્યોગી ૧૩ હરિ–વિષ્ણુ, સિંહ, ૧૪ કરિ–હાથી ૧૫ યજ્ઞોપવીત–જનોઈ, ૧૬ અંબિકાભિધાના–અંબિકા નામની.

Aho ! Shrutgyanam

કાભિધાના, ઈંદુવદના, સંસ્કારવતી, સતીશિરોમણી, ને પતિવ્રતા પત્ની છે. તેનામાં [1]ચપલાની ચંચલતા, રંભાનુ રૂપ, [2]ભારતીની ભાષા, [3]વિધુલેખાની વક્રતા ને સુરેંદ્રાણીનો [4]સપત્નીભાવ છે. સોમભટનો પિતા પરલોકમાં ગયો, ત્યારે તેની સાથે જૈનધર્મનો પણ લોપ થયો, એમ લાગતું હતું. એકદા મધ્યાન્હે માસક્ષમણના ઉપવાસી બે ક્ષમાશ્રમણ મુનિઓ સોમભટના મહેલ પાસે [5]ગોચરીલેવા નીકળ્યા. સુતપશ્ચર્યાએ કરીને શશાંક[6] માર્તંડ સદૃશ, અને કર્મરૂપી રોગને ચકચૂર કરવામાં ચતુર [7]ચિકિત્સક તુલ્ય, એવા તે બે સંવેગી સાધુઓને જોઇ ભદ્રભાવથી ભરેલી ઉદાર અંબિકા અત્યાનંદની [8]ઉર્મિમાં નિમગ્ન થઇ નિર્ધારે છેઃ—

આ મહા પ્રાજ્ઞ મુનિઓ [9]ક્ષમા ધારણ કરનાર મહા પર્વતો છે. સુકર્મના ઉદયે કરીને મારે આંગણે પધાર્યા છે. તેથી આજ અપૂર્વ પર્વની તિથિ છે. ખરે! મેં પ્રચુર પુણ્ય ઉપાર્જન કર્યું છે, જેથી મને સર્વ સુખનું સાધન મળ્યું. જેમ દૂધથી ધોવાયલી વસ્તુ વિશુદ્ધ થાયછે, તેમ આ અનુત્તર અતિથિના પ્રિય દર્શનથી મારાં નયન પવિત્ર થયાં છે. અનાર્ય સાસુ પણ અત્રે નથી. [10]રસવતીમાં ઉત્તમ [11]દ્રવ્ય છે, માટે તેનું દાન આપું. આવા અંતરંગના

---

૧, ચપલા—લક્ષ્મી, ૨, ભારતી—સરસ્વતી, ૩, વિધુલેખા—ચંદ્રની કલા, ૪, સપત્ની-શોક્ય, ૫, ગોચરી-ભિક્ષા, ૬. માર્તંડ-સૂર્ય, ૭, ચિકિત્સ-ભિષક, વૈદ્ય, ૮, ઉર્મિ—કલ્લોલ, મોજું. ૯, ક્ષમા-પૃથ્વી, ક્ષમાગુણ, ૧૦, રસવતી-રસોડું. ૧૧, દ્રવ્ય-પદાર્થ,

Aho ! Shrutgyanam

તરંગમાં અતિ હર્ષનાં આંસુથી ભીંજાયલી, ને રોમવિકાસિત, એવી હંસગામિની અંબિકા ઉઠી. અન્ન લઈ અનગાર અવધૂતને વીનવે છે. આપ આહ્‌લાદજનક આકૃતિવાળા ને અતિ પુણ્યવંત છો, મારાપર પરમ પ્રસાદ કરી [1]પ્રાશનનું ગ્રહણ કરો. જેથી હું પાવન થાઉં. [2]નિર્ગ્રંથ મુનિ [3]યુગ્મે પણ મન અને અન્નની પ્રસન્નતા જોઈ પાત્ર ધર્યું, તેમાં અંબાએ સુપાત્ર [4]સંપ્રદાન દીધું; તે જાણે શ્રેષ્ઠ ગતિનું બીજ રોપ્યું, એમ દેખાયું. શાંત, દાંત ને મહંત મુનિયુગલે પણ દાન સ્વીકારી ધર્મલાભ દીધો. ધર્મના લાભથી મુકિતની અલૌકિક [5]લબ્ધિનું અર્પણ કરનારા તે પદરૂપી શૂરા સિંહથી પાપરૂપી હઠીલા હાથી હણાયા.

સુકૃતી ને સુવ્રતી યતિઓ ૪૨ દોષ નિવારી આહાર વહોરી અંબિકાના આસ્થાનગૃહથી નિકળ્યા, પણ આશ્ચર્ય એ હતું કે, તેના અંતર્ગત [6]હૃત્પદ્માલયમાંથી નિસર્યા નહીં.

હવે અંબિકાએ ગીતાર્થ ગુરૂને ભોજનદાન દીધું, તે દેખીને મૂર્ત્તિમતી પિશાચિની, ભયાનકા [7]ભુજંગી, કલહપ્રિયા. પ્રપંચીને પ્રચંડ પાડોશણ ઉંચા હાથ કરી, નેત્ર, નાસિકા ને

---

૨. પ્રાશન–ખાવાનું. ૨. નિર્ગ્રંથ–ત્યાગી. ૩. સંપ્રદાન–દાન. ૪, યુગ્મ–યુગલ, જોડું, ૫, લબ્ધિ–લાભ ૬, હૃત્પાદ્મલય–હૃદયકમળ ૭, ભુંજંગી–ઉરગી, સર્પી, સર્પિણી.

Aho ! Shrutgyanam

[૮]વક્ત્રને વક્ર કરી, કઠોર ને કટુ વાગ્બાણ કટાક્ષથી કાઢી, સર્વને તીવ્ર ત્રાસ પમાડતી ને પગ પછાડતી ઝટ પોતાના ઘરની બહાર દોડી આવીને આર્ય અંબિકા સામું જોઇ કહે છે-હે સ્વચ્છંદાનુંચારિણી! તને ધિક્કાર છે! યજ્ઞ ને હત્યા કર્યા વિના વગર વિચાર્યે તેં શ્રમણને ભિક્ષા કેમ આપી? તારી સાસુ ઘેર નથી; ને વિવેકહીનવેશ્યાનું આ અયુકત આચરણ તેં કેમ આચર્યું? પૂર્વજ ને [૯]ભૂદેવોને પિંડ પહોંચ્યા પહેલાં આ શું કર્યું? એમ [૧]ગર્દભીની માફક ભુંકતી ને [૨]કુક્કુરીની પેઠે ભસતી, બકબકાટ કરતી તે અંબિકાની [૩]શ્વશ્રૂ પાસે ગઇ; ને તેને સર્વ વાત કહી દીધી.

પછી વાયુ જેમ [૪]ધૂમની વિદ્ધિ કરે છે, તેવી રીતે તે સાસુ પણ તે વાતને વિસ્તારીને બોલી, હે વહુ, તેં આ કામ બહુ કલેશનું કર્યું, તેમાં લેશમાત્ર પણ સંદેહ નથી. હું તો જીવતી છું; તે છતાં તારૂં મારા ઘરમાં કેમ ચાલે? [૫]સામર્ષ સાસુ ને પાપી પાડોશણની અંતરાલે ઉભી રહેલી ઉદાસ અંબિકા [૬]મેઘમાળાને રાહુની વચ્ચે સપડાએલી ચંદ્રકલાની પેરે નિસ્તેજ થઇ ધ્રૂજવા લાગી. એટલામાં સોમભટ વિપ્રોને તેડીને આવ્યો. નિજ ...ી તથા પેલી

૮. વક્ત્ર—મોં. ૯. ભૂદેવ—બ્રાહ્મણ.

---

૧. ગર્દભી—ગધેડી. ૨. કુક્કુરી—કુતરી. ૩. શ્વશ્રૂ—સાસુ ૪. ધૂમ=ધુમાડો. ૫. સામર્ષ=ક્રોધી. ૬. મેઘમાળા=વાદળ.

Aho ! Shrutgyanam

[1]ધૃષ્ટ ને દુષ્ટ કર્કશાનાં પાપિષ્ટ કુશબ્દો સાંભળી તેનો મિજાજ ગયો; ને કોપાતુર થઇ [2]કૃશાંગી અંબિકાની અસહ્ય [3]અવજ્ઞા કરવા લાગ્યો. તેથી અધોમુખી ને [4]અભિજાતિવતી તેની [5]સુતનુસીમંતિની કંઇપણ બોલ્યા ચાલ્યા શિવાય પોતાના અંબર ને શંબર નામના બે બાળકને સાથે લઇ સર્વવિરતિ સંયમીની સત્ય, [6]ગિરા સંભારતી [7]સત્વર [8]શ્વશુરગૃહ મૂકીને ચાલી નીકળી. માર્ગમાં વિચારે છે; અરે! મેં કોઈ સમયે સાસુજીની આજ્ઞા ઉથાપી નથી. ધણીની ઘણી ભકિત યથાશકિત કીધી છે. [9]ગૃહિણીનાં કાર્ય કષ્ટ વેઠીને સારી રીતે કર્યાં છે.

કનક કામિનીના ત્યાગી ગુણવંત ગુરૂને પુણ્યોત્પાદક પ્રદાન દીધું, તે કલ્યાણકારી થયું છે; તે છતાં પણ વિના કારણ ઉલટી મારી [10]જુગુપ્સા કરી છે. પુત્રથી પામેલા પિંડપ્રમુખથી જો પ્રેત પુરૂષને તૃપ્તિની પ્રાપ્તિ થાય તો પાણી પાવાથી [11]શુષ્કશાખી નવીનપલ્લવ કેમ ન થાય? અહો મિથ્યાત્વ! જેમ [12]જાત્યંધ જન [13]તરણિની તિરસ્ક્રિયા કરે, ને [14]નિશાંધનર નક્ષત્રનાથની

---

૧ ધૃષ્ટ=નિર્લજ્જ. ૨ કૃશાંગી=નાજુક, ૩ અવજ્ઞા=તિરસ્કાર, ૪ અભિજાતિવતી=કુલીન, ૫ સુતનુસીમંતિની=સુંદર સ્ત્રી, ૬ ગિરા=વાચા, ૭ સત્વર=જલદી, ૮ શ્વશુરગૃહ=સાસરૂં, ૯ ગૃહિણી=ઘરધણીઆણી, ૧૦ જુગુપ્સા=નિર્ભત્સના, અવગણના, ૧૧ શુષ્કશાખી=સૂકું ઝાડ, ૧૨ જાત્યંધ=જન્માંધ, ૧૩ તરણિ=સૂર્ય, ૧૪ નિશાંધ=રતાંધળો, રાત્ર્યંધ, નક્ષત્રનાથ=ચંદ્ર, સુપ્રવહણ=સારૂં ઝાઝ, દુરિત=દુષ્કૃત.



Aho ! Shrutgyanam

નિર્ભર્ત્સના કરે, તેમ ક્ષુદ્ર ને મૂઢ માનવોએ સુપાત્ર ત્યાગની નિંદાનો વરસાદ વરસાવ્યો છે. અરે! પણ એમનો દોષ કાઢવો તે વૃથા છે. મારાં પૂર્વ કૃત્યનાં અંકુર ઉગી નીકળ્યાં છે, એમ મારે માનવું જોઇએ. આજથી ગૃહવાસના દાસત્વનો સદૈવ ત્યાગ છે. હવે તો તે બે સુશીલ સાધુનું શરણ લેવું યોગ્ય છે. ગુણાકીર્ણ ગિરિનાર ગિરિપર જઇ સંસારસમુદ્રના સુપ્રવહણ સદૃક્ષ, ને સકલ સુરાસુરેંદ્રસેવિત, એવા શ્રી નેમિનાથને નમી, તેમનું ધ્યાન ધરી, તપ તપી, દુરિતને દળી નાંખીશ. એમ ધારી એક પુત્રને કટિએ લીધો, ને બીજાને હાથની આંગળીએ વળગાડયો. શોકને દૂર કરી ગુણાભિરામ ગિરિધીર ગુરૂનું તેમજ રૈવતાદ્રિનું મનમાં સ્મરણ કરતી અચલ ચિત્તથી આગળ ચાલી. ભયાવહ જંગલની મધ્યે તડકામાં [1]નયણે કોઠે ને ઉઘાડે પગે અથડાતાં ભાલા જેવા તીક્ષ્ણ કાંટા વાગે છે. એવી દશાની પરાકાષ્ઠામાં કેડે બેસાડેલો કુમાર તરસ્યો થયો. લાળવાળા મુખવાળું, આંસુથી ભરેલા ભીના ગાલવાળું ને માતાના ગભરાટમાં વધારો કરનારૂં બીચારૂં બાળ અસ્ફુટાક્ષરે કરૂણાજનક રૂદન કરતું પાણી! પાણી! ઝંખી રહ્યું છે. એટલામાં વળી કમલ[2]કાંડ જેવી કોમળ [3]કરપલ્લવે દોરેલો દીકરો ભૂખ્યો થયો. તેથી હે અંબ! અમને ખાવા આપ એમ કહી

---

૧ નયણે=નિરન્ન, ૨ કાંડ=નાળ, દાંડો, ૩ કરપલ્લવ=આંગળી.

Aho ! Shrutgyanam

રડાકૂટ કરી રહ્યો છે. બંને બાળકોએ અંતઃકરણમાં પ્રવેશ કરી અશ્રુપાત કરવાની જાણે પ્રેરણા કરતાં હોય, એમ અંબિકાની એક આંખમાંથી શ્રાવણ ને બીજીમાંથી ભાદરવો ભરપૂર ચાલ્યા જાય છે. તૂટેલા હારમાંથી એક પછી એક સરી પડતાં મોતીની [1]અવિભકત ધારા બંને છેડે [2]અવિચ્છિન્નપણે ચાલે છે, તેમ બંને ચક્ષુમાંથી બોર બોર જેવાં ઉષ્ણ આંસુનાં ટપોટપ ટપકાં પાડતી, ઘર, [3]આભૂષણ, સુખ, સેવક, શરીર ઇત્યાદિક સંબંધી ઇચ્છાને અલગ કરતી, જંગમ તીર્થરૂપી તપસ્વી સાધુનાં સુવચનથી અપાર શોક વિસારતી, અનાથ, અબલા, નેમીશ્વર પરમેશ્વરના [4]ચરણાંભો-જની ભકિત કરૂં, એવી ભાવના ભાવતી ચાલી જાય છે.

[5]ક્ષુત્પિપાસાથી પીડાયલાં અણુસમજુ શિશુ સમય ઓળખતાં નથી. આવા દુઃખદરીઆમાં ડૂબેલી અંબિકાએ ધાર્યું કે, આ પુત્રો પ્રથમ મારા પ્રાણનો અંત આણશે, માટે આત્મહત્યા કરૂં. વળી ચિંતન કરે છે. ધિક્! ધિક્! આ બે વત્સોની પણ વાંછના હું પૂરી પાડવા સમર્થ નથી. અરે! હું ઘણાં અશુભ કર્મની કરનારી છું. હે વસુધામાતા! મારા ઉપર [6]અનુગ્રહ કરી મને [7]વિવર દે, કે તેમાં હું

---

૧ અવિભકત=સળંગ, અટકયા વગર, ૨ અવિચ્છિન્નપણે=તૂટયા વગર, ૩ આભૂષણ=ઘરેણાં, ૪ ચરણાંભોજ=કમળ જેવા પગ, ૫ ક્ષુત્પિપાસા=ભૂખ તરસ, ૬ અનુગ્રહ=કૃપા. ૭ વિવર=દર, માર્ગ.

Aho ! Shrutgyanam

સમાઇ જાઉં, ને અગાધ શોકસાગરમાંથી નિવૃત્ત થાઉં. હે! વિધાતા! તેં મને કેમ ઘડી? અહો દુઃખો! તમને બીજા કોઈ સ્થલમાં રહેવાનું ન મળ્યું? કે આવી રીતે અકસ્માત્ મારા ઉપર [1]યુગપત્ આવી પડયાં છો? અરેરે! દૈવના વજ્રમય હૃદયમાં દયા ન આવી, તો આ અઘોર અરણ્યમાં વિલાપ કરવાથી કંઇ વળવાનું નથી. હવે તો પાપ પ્રજાળ નાર પ્રભુના [2]પાદપંકજને સેવીને સર્વ સંકટ સહન કરીશ. એમ કહી એક ઠેકાણે બેઠી. તેના નિઃશ્વાસવાયુથી [3]નિખિલ વૃક્ષ ડોલતાં હોય એમ દીસતું હતું. એવામાં નિર્મળ શીતળ જળને [4]પ્રફુલ્લ કમલવાળું [5]આમ્રતરૂથી વીંટાયલું એક મનોહર સરોવર તેની દૃષ્ટિએ પડયું. બે પાસે [6]ભમતા ભૃંગો ઝંકારવ કરી રહ્યા છે, ને [7]પરભૃત પક્ષિ ટૌકારવ કરી રહ્યાં છે. અતિ દુઃખી ને દીનમુખી અંબિકાએ તે સરસ [8]સરસીમાંથી અંજલિ ભરીને પોતાના પુત્રોને પાણી પાયું, ને તેમને [9]રસાલફલ ખાવા આપ્યાં.

હવે જેમ [10]લોહભાંડને [11]સ્પર્શપાષાણનો સ્પર્શ થવાથી તરતજ તે સુવર્ણમય થાય, તેમ તે ધીર, વીર, ગંભીર ને [12]મુમુક્ષુ મુનિઓના પ્રબલ, પ્રૌઢ ને પરોપકારી પ્રભાવથી

---

૧ યુગપત્=એકદમ, ૨ પાદપંકજ=ચરણકમલ, ૩ નિખિલ=સર્વ, ૪ પ્રફુલ્લ=ખીલેલાં, ૫ આમ્રતરૂ=આંબાનું ઝાડ, ૬ ભૃંગ=ભમરો, ૭ પરભૃત=કોકિલ, ૮ સરસી=તળાવ, ૯ રસાલફલ=કેરી, આમ્રફલ, ૧૦ લોહભાંડ=લોઢાનું વાસણ, ૧૧ સ્પર્શપાષાણ–પારસમણિ, ૨૧ મુમુક્ષુ=મોક્ષ ઇચ્છનાર.

Aho ! Shrutgyanam

સોમભટનાં અન્ન ને [૧૦]ભાજન કાંચનમય થઇ ગયાં. એ જોઈ અંબિકાની સાસુ પશ્ચાત્તાપ કરી પુત્રપત્ની પ્રત્યે પ્રીતિપૂર્વક કહે છે. અહો ! ફિટ્કાર છે મને મિથ્યા કોપ કરનારીને ! અપરાધ [૧૧] લવવિના [૧૨]અનુત્તમ અંબિકાને મેં કાઢી મેલી ! એટલામાં [૧૩] અશરીરિણી વાણી થઇ કે, એતો દાનના અમોઘ ફલને અંશમાત્ર છે. અંબિકા તો [૧૪] અંબરૌકસને [૧૫] અર્ચનીય થશે. તે સાંભળી સોમભટની માતા સ્તુત્ય વધૂની પ્રશંસા કરતી સાનંદાશ્ચર્યથી સોમભટને કહેછે. હે પુત્ર, જો તો ખરો! શો ચમત્કાર! પુણ્યપરાક્રમની કેવી પરિસીમા ! ઓરડાઓમાં ધન ધાન્યના ભંડાર ભરાઇ ગયા છે, તે દાનનું દિવ્ય ફલ છે. માટે [૧૬] શીઘ્ર જા, ને વિનીત વહુને તેડી લાવ. તેના વગર મારૂં [૧૭] વેશ્મ ને હૃદય શૂન્ય છે.

તે સાંભળી [૧]કુમુદેશની કાંતિની પછવાડે જેમ [૨]પારાવારનું પૂર વેગથી દોડે છે, તેમ અંબિકાને પગલે પગલે [૩]સ્વાંબિકાપ્રેરિત સોમભટ સપાટાબંધ ચાલ્યો. [૪]વિજનકાનનમાં કિશોર વયનાં [૫]અર્ભક સંઘાતે અંબિકાને દૂરથી જોઇ

---

૧૦, ભાજન=વાસણુ, ૧૧, લવ=અંશ, ૧૨, અનુત્તમ=શ્રેષ્ઠ, ૧૩, અશરીરિણી વાણી=આકાશ વાણી, ૧૪ અંબરૌકસ=દેવ, ૧૫ અર્ચનીય=પૂજનીય, ૧૬, શીઘ્ર=જલદી, ૧૭, વેશ્મ=ઘર,

૧, કુમુદેશ=ચંદ્ર, ૨, પારાવાર=સમુદ્ર, ૩, સ્વાંબિકાપ્રેરિત=પોતાની માથી મોકલાયલો, ૪, વિજનકાનન=શૂન્ય વન, ૫, અર્ભક=બચ્ચુ,

Aho ! Shrutgyanam

બોલે છે. હે ભય વિભ્રાંત ભામિની! પલમાત્ર સ્થિરતા રાખી ઉભી રહે. આ વાકયનો [૬]પ્રતિધ્વનિ કાને પડતાં અંબિકાએ પોનાની મુખમુદ્રા ફેરવી, તો પતિને ત્વરિત ગતિથી આવતો જોયો. જોતાં વારનેજ કહે છે. અહો! કયા અકારણ રિપુએ રોષે કરીને આને મોકલ્યો છે? અરે! મને એ મારવા આવે છે. હવે કોનો આશ્રય લઉં? આ ઘોર [૭]ગહનમાં ગૃહીને મારો ઘાત કરશે. એ [૮]નિર્ઘૃણ છે. અહીં કોઇપણ નથી. હા દૈવ! હું શું કરૂં? હું નિરાધાર આકાશથી પડી છું, ને ધરતીએ મને ઝીલી લીધી છે. હવે મારે જીવીને શું કરવું? અથવા ગૃહમેધિત્વ એ [૯]ભૃત્યત્વની વૃત્તિ છે. ક્રોધના આવેશમાં [૧૦]કદર્થના કરી ક્રૂરતાથી મારૂં કાટલું કરશે, તે પહેલાંજ હું પ્રાણ કાઢું. એમ અવધારણા કરી [૧૧]આક્રંદ કરતી એક કુવા કાંઠે આવી તેમાં પડી મરવાની [૧૨]સ્પૃહા કરતી બોલે છે.

અરિહંત, સિદ્ધ અને સાધુનું મારે શરણ છે. દયામય ધર્મ ને દાનનું માહાત્મ્ય મારી ગતિ છે. બ્રાહ્મણ, દરિદ્રી, કૃપણ, [૧૩]કિરાત ને મ્લેચ્છના વંશમાં તેમજ કલંકિત ને અધમ કુળમાં મારો અવતાર આવશો નહીં.

---

બાલ, ૬, પ્રતિધ્વનિ=પ્રતિશબ્દ, ૭, ગહન=વન, ૮, નિર્ઘૃણ=ક્રૂર. ૯, ભૃત્ય=ચાકર, ૧૦, કદર્થના=ફજેતી, ૧૧ આક્રંદ=વિલાપ, ૧૨, સ્પૃહા=ઇચ્છા, ૧૩, કિરાત=ભીલ,

Aho ! Shrutgyanam

અંગ, વંગ, કુરૂ, કચ્છ, ને સિંધુ, એ દેશોમાં મારો જન્મ થશો મા. યાચકાવસ્થા, કૃપણુતા, મિથ્યાત્વ, કોટવાલની પદવી, મદ્યાદિનો વ્યાપાર, ને શસ્ત્રધારકપણું, એટલા વાનાં મને જન્માંતરમાં મળો નહીં. દેવ, ગુરૂ, ને ધર્મ એ ત્રણુ રત્ન ભવોભવ મળજો. સ્વામિત્વની તેમજ શુભાશુભ કર્મક્ષય-ની મને સંપ્રાપ્તિ હોજો. સૌરાષ્ટ્ર, મગધ, કીર, કાશ્મીર ને દક્ષિણુ, એ દેશોમાં મારો જન્મ થાઓ. ધનવાન્સ્થિતિ, દાતારપણું, નિરોગિતા, ઇંદ્રિયપાટવ અને અનુકંપા મને આવતા ભવમાં આવી મળો. આવી રીતે ચિત્તમાં નિશ્ચ-લતાથી ચાહના કરી બંને પુત્રોને લઇને સોભમટની ભાર્યા સાહસપણે કુવામાં પડી. તેજ ક્ષણે મા, મા, એમ બો-લતો તેનો કાંત હાંફતો હાંફતો દોડતો આવ્યો. સુત સહિત કૂપમાં પડીને મરણુ પામેલી, પ્રેમપાત્રને [૧]પ્રશસ્ત પ્રમદાને જોઈ દારૂણુ દુઃખમાં રડતો રડતો અંબિકાનો વર ગદ્ ગદ્ કંઠે બોલે છે. હે મુગ્ધે! તું અકાળ કાળની વિ-કાળ ફાળમાં કયાં ફસાઇ ગઈ ! કુલીન [૨]કમલેક્ષણા ! આ સાહસ કર્મ શા માટે કરવું પડયું ? અહો! હું કેવો જડ કે મેં તને [૩]ગર્હના સાથે ઘરમાંથી કાઢી મુકી ! હે [૪]વિદ-ગ્ધ વલ્લભા ! પંડિતને વિચક્ષણુ થઇ તેં આ શું કર્યું ? અરે ! [૫]લોલલોચના, [૬]લલિતલલના ! તું નિષ્કલંક

૧, પ્રશસ્તપ્રમદા=વખણુાયલી સ્ત્રી, ૨, કમલેક્ષણા=કમલના જેવી જેની આંખો છે એવી, ૩, ગર્હના=તિરસ્કાર, ૪, વિદગ્ધવલ્લભા=પં-ડિતોને વહાલી, ૫, લોલ=ચંચલ, ૬, લલિતલલના=રૂપાળી સ્ત્રી;

Aho ! Shrutgyanam

હતી માટે તારા વિના હવે જીવીને શું કરવું ? નિરાશ થઈ મારૂં કાળું મુખ લઈ સ્વમંદિરમાં જાઉં, પણ વિરહવ્યથામાં ત્યાં હું શું લીલું વાળીશ? પ્રાણપ્રિયા ને પુત્રોના પંચતત્વ ગમનથી હું પરમ દુઃખી થયો છું. માટે મારે પણ આપઘાત કરવો ઉચિત છે. એમ કહી અવિલંબિતપણે પોતાની અદ્ભુત અર્ધાંગનાનું સ્મરણ કરી સોમભટે તેજ [૭]નિપાનમાં ઝંપાપાત કર્યો, ને કાળ પામી અકામ નિર્જરાના યોગથી અંબિકાના વાહનરૂપે શાર્દૂલ દેવતા થયો. અપરિમિત ગુણપૂર્ણા સિંહવાહની અંબા [૧]ડિંભદ્વયની સાથે [૨]હિરણ્ય રૂચિ ધારણ કરી દેવીપણે પ્રગટ થઈ.

આમ્રકુંજમાં ટૌકા કરતી કોયલોના રાગે કરીને ઉદય પામતા રવિના [૩]રશ્મિ જેવું જેનું રૂપ છે; સકલ સુરવધૂના સમગ્ર સૌંદર્ય સમુદાયનો જેણે સંહાર કર્યો છે; [૪]મૃગાંકનાં [૫]મયૂખસમ અત્યુજ્જ્વલ [૬]અંશુકથી આચ્છાદિત જેનું અંગ છે; જેના [૭]અમલ [૮]આસ્યના અંશુના અમૃતાબ્ધિની અંદર [૯]અંબકરૂપી [૧૦]આંભસિકો ક્રીડા કરી રહ્યાં છે; જેનું સંપૂર્ણ શરીર સર્વ અવયવે સુંદર અને [૧૧]નિઃશેષ ભૂષણે

૧. ડિંભદ્વય=બે પુત્રો. ૨. હિરણ્ય રૂચિ=સોના જેવી ક્રાંતિ. ૩. રશ્મિ=કિરણ. ૪. મૃગાંક=ચંદ્ર. ૫. મયૂખ=અંશુ, કિરણ. ૬. અંશુક=વસ્ત્ર. ૭. અમલ=નિર્મલ. ૮. આસ્ય=મોં. ૯. અંબક=લોચન, આંખ. ૧૦. આંભસિકો=મત્સ્ય, માંછલાં. ૧૧. નિઃશેષ ભૂષણ=સર્વ અલંકાર.

Aho ! Shrutgyanam

ભૂષિત છે; જે મહિમાવાળીએ [1]સુરયોષિત્‌ના સેવવાથી નવી સમુત્પન્ન થયેલી [2]સહકારની લૂમ બે પાર્શ્વે રાખી છે; એવી [3]અમરીરૂપે ઉપજેલી અંકુશધારિણી અંબિકાને છડીદાર દેવ નમ્રતાથી પ્રણામ કરી કહે છે. હે દેવી! તેં પૂર્વ ભવે શું તપ કર્યું? કેવું દાન દીધું? કયા તીર્થ સેવ્યાં? કે જેથી વ્યંતરની દિવ્ય સ્ત્રીઓને પણ સેવવા યોગ્ય તું અમારી સ્વામિની થઈ? તે સાંભળી અવધિજ્ઞાને પોતાનો પાછલો ભવ દેખીને સૌભાગ્યનું નિધાન એવી અંબિકાદેવીએ તે [4]વિબુધને પોતાનો સર્વ વૃત્તાંત કહ્યો. પછી વીતરાગ પરમાત્માનાં વચનને શ્રવણ કરવા માટે યોગીશ્વરની પેરે મૌનનું અવલંબન કરી તેજ વેલા વ્યંતરદેવ પાસે વિમાન સજ્જ કરાવીને સંગીત સાંભળતી ને દિશાઓમાં ઉદ્યોત કરતી ઉજ્જયંત પર્વતે આવી; અને [5]સંસૃતિકરિકેશરી શ્રી અરિષ્ટનેમિને કેવળજ્ઞાન ઉપન્યું, તેજ પ્રસંગે સમવસરણમાં જઈ ધર્મોપદેશરૂપી અમૃતધારાથી પોતાના કર્ણનું સિંચન કરવા બેઠી. એ અવસરે ગિરિનારમંડન, જનમનરંજન,

---

૧ સુરયોષિત્‌=સુરવધૂ, સુરાંગના, અપ્સરા, દિવ્ય સ્ત્રી, ૯૦ ૨ સહકાર=આંબો, ૩ અમરી=દેવી, ૪ વિબુધ=દેવ, અમર, નિર્જર, નાકી, ૫ સંસૃતિકરિકેશરી=સંસારરૂપ હાથીને સિંહસમાન, સુધાસોદરવાગ્જ્યોત્સ્ના=અમૃત જેવી વાચારૂપી કૌમુદી (ચંદ્રનું અજવાળું).

Aho ! Shrutgyanam

ભવભયભંજન, જગદાધાર કૃપાવતાર, શ્રુતનિધિ, સુધાસોદરવાગ્જ્યોત્સ્નાથી જેણે દિગ્મુખ નિર્મલ કર્યાં છે, એવા પ્રભુ શ્રી નેમિનાથસ્વામીએ દેશના દીધી કેઃ—

ધર્મ નિષ્કારણબંધુ છે. ધર્મ લોકનું હિત ઇચ્છનાર, [2]પાપાર્તિનો ક્ષય કરનાર તથા [3]ઐહિકને આમુષ્મિક સુખનો દાતાર છે. વિનયમૂલ ધર્મવૃક્ષની સુપાત્રદાન પ્રથમ શાખા છે. શત્રુંજય ગિરિનારની સેવા, દેવપૂજા, સદ્ગુરૂભક્તિ, પંચપરમેષ્ટિધ્યાન આદિ ઉપશાખાઓ છે; વિવિધ પ્રકારના વૈભવ ને સુખરૂપી તેની શીતળ છાયા છે, ને મોક્ષરૂપ મહા ફલ છે. ઈત્યાદિ [4]ભવ્યારામકુલ્યાતુલ્ય [5]નિરવદ્ય [6]વ્યાહાર [7]પીયૂષનું કર્ણાંજલિવડે પાન કરી [8]કૃતાંજલિ [9]પર્ષદા સંતોષ પામી. તેજ ક્ષણે વૈરાગ્ય રંગથી રંગાયલા વરદત્ત નરપતિએ સંસારપરાંમુખ થઇ બે સહસ્ર સેવક સાથે પ્રવજ્યા ગ્રહણ કરી; ને પોતે પ્રથમ ગણધરની પદવી પામ્યો. ત્યાર પછી નેમિપતિને બીજા દસ ગણપતિ થયા. દશ દશરથ, કૃષ્ણવાસુદેવ ને બલભદ્ર પ્રમુખ શ્રદ્ધાલુ શ્રાવક થયા. ને તેમની સ્રીઓ સુજ્ઞ શ્રાવિકાઓ થઇ. એમ ચાર ગતિનું [10]તિમિર

---

૨, આર્તિ=દુઃખ, ૩, ઐહિક ને આમુષ્મિક=આ લોકનું ને પરલોકનું, ૪, ભવ્યારામકુલ્યાતુલ્ય=ભવિકજનને આરામ આપનારી નહેર જેવી, ૫, નિરવદ્ય=પાપ વગરની, ૬, વ્યાહાર=વાણી, ૭, પીયૂષ=અમૃત, ૮, કૃતાંજલિ=હાથ જોડેલા એવી, ૯, પર્ષદા,=પરખદા, સભા. ૧૦ તિમિરવિતાન=અંધકારનો વિસ્તાર,

Aho ! Shrutgyanam

વિતાન ટાળવાને ધર્મરૂપ દીપની ચાર શિખારૂપ ચતુર્વિધ સંઘની સ્થાપના થઇ. સુધર્માધિપતિ શક્રેન્દ્રે [1]દ્વાદશપર્ષદ્વેષ્ટિત પ્રભુના મુખાંબુજથી અંબિકાના લોકોત્તર ચરિત્રનું આદરપૂર્વક શ્રવણ કર્યું, ને [2]સ્વર્ગૌકસના સદાગ્રહથી અત્યંત ભક્તિસહિત નેમીશ્વર ચરણ [3]જલજની [4]મધુકરી, કામનાપૂરક કામધેનુ, કામકુંભ, દક્ષિણાવર્ત શંખ, સુરતરૂ, ચિંતારત્ન કે ચિત્રવલ્લી એવી વિઘ્ન વિદારનારી પ્રાભાવિક અંબાજી માતાને અરિષ્ટ ભગવંતના તીર્થને વિષે શાસનની અધિષ્ઠાયિકા દેવી સ્થાપી.

## ગોમેધ યક્ષની વાર્તા.

સુગ્રામ નામે નગરમાં ગોતમગોત્રનો ગોમેધ નામે બ્રાહ્મણ હતો. તે ગોમેધ પ્રમુખ યજ્ઞને કરનારો ને લાખો બ્રાહ્મણોનો અધિપતિ હતો. યજ્ઞ કરવાથી તેણે અત્યંત પાપ ઉપાર્જન કર્યું, તેથી તેનાં પત્ની પુત્રાદિક સગાંવાહાલાં પંચત્વને પ્રાપ્ત થયાં. કાળે કરીને કોહોડના રોગથી ગોમેધ બ્રાહ્મણ એકદા માર્ગમાં લોટતો હતો, તેવામાં એક

૧ દ્વાદશપર્ષદ્વેષ્ટિત=બાર પરખદાથી ઘેરાયલા. ૨ સ્વર્ગૌકસ=દેવ ૩ જલજ=કમલ. ૪. મધુકરી=ભમરી.

Aho ! Shrutgyanam

શાંતમૂર્તિ મુનિના જોવામાં આવ્યો. ગાત્ર સર્વે ગળી ગયાં છે, શિથિલ શરીરમાંથી પરૂ નિરંતર વહી રહ્યું છે, લાળ ટપકયા કરે છે તથા દુર્ગંધને લીધે ઘણી મક્ષીકાઓ ગણુ-ગણાટ કરતી તેને વીંટાઈ વળી છે. તેની આવી સ્થિતિ જોઇ જ્ઞાની અને શુભધ્યાની મુનિ બોલ્યા. હે ભદ્ર, આ ભવને વિષે તારાં ઉગ્ર પાપ ફળીભૂત થયાં છે. વળી તું ભવિષ્યમાં પણ દુર્ગતિ પામીશ, માટે દયાધર્મનો અંગીકાર કર. સર્વ જીવની ક્ષમા માગી તેમની સાથે મિત્રાચારી કર; ને શ્રી રૈવતાચલનું ધ્યાન ધર. અખિલ રિદ્ધિના આપનાર, પાપ તાપને કાપનાર, ને ચોસઠ ઈંદ્રના પૂજ્ય, જગદ્દીપક, જીન-રાજ શ્રી નેમીશ્વર મહાદેવનું સ્મરણ કર.

એવી વાચાથી જેની પીડા વિનાશ પામી છે, એવો ગોમેધ બ્રાહ્મણ ત્રિલોકના નાથની સ્તવના કરતાં કાલધર્મ પામી ક્ષણમાત્રમાં છ હાથ ને ત્રણ મુખવાળો ગોમેધ નામે યક્ષેશ્વર થયો. જેની ત્રણ વામ ભુજાઓએ શક્તિ, ત્રિશૂળ ને નકુલ છે, તથા ત્રણ દક્ષિણ ભુજાઓએ ચક્ર, પશુને બીજોરૂં છે, તથા જેને મનુષ્યનું આસન છે, એવો ગોમેધ યક્ષેશ્વર સહુપરિ-વાર શ્રી રૈવતાચલે જઇ અંબિકાની પેરે લોકાલોક ભાસ્કર શ્રી નેમિનાથને નમતો તથા તેના ઉપકારનું સ્મરણ કરતો સમવસરણની પરિષદમાં આવી બેઠો. ત્યાં પ્રતિબોધ પામીને

Aho ! Shrutgyanam

ઇંદ્રના કહેવાથી સદાચારકાસારહંસ સદાસેવ્ય શ્રી અરિષ્ટનેમિના શાસનને વિષે અશેષ હિતને કરનાર અધિષ્ઠાયિક અમર થયો.

---

## वरदत्तव्याख्यान.

સંમોહરજનું સંહરણ કરવામાં સમીરસમ શ્રીનેમીશ્વરને ઇંદ્ર કહે છે; હે વિશ્વવ્યાપક વિભો, વરદત્ત વસુપતિ ગૃહવાસપરાઙ્‌મુખ થઈ પ્રવ્રજ્યાનું ગ્રહણ કરી આપનો પ્રથમ ગણપતિ થયો, તે કેવાં કૃત્યના ઉદયથી ? તે આપ કરૂણા કરી કહો. તે ઉપરથી અષ્ટમહાપ્રાતિહાર્ય યુકત શ્રી અરિષ્ટનેમિ ભગવંત ભવ્ય જીવોને કહે છે. ગત ઉત્સર્પિણી કાળમાં આ જંબુદ્વીપના ભરતખંડના સંપૂરિત સેવક સમીહિત એવા સાગર નામે ત્રીજા તીર્થંકર મુકિત સંપત્તિનું નિદાન એવું કેવલજ્ઞાન પામી વીચરતાં વીચરતાં એકદા ચંપાનગરીના ઉદ્યાનમાં સમવસર્યા. તે સમયે તેમણે સિદ્ધશિલા તથા સિદ્ધજીવોના સ્વરૂપની આ પ્રમાણે સુદેશના દીધીઃ—

૪૫ લક્ષયોજનના વ્યાસવાળી ચતાં છત્રના આકારે સિદ્ધ શિલા છે. ચાદરાજ લોકમાં છવીસ સ્વર્ગ છે, તેની ઉપર એ આવેલી છે. ને સર્વાર્થસિદ્ધ નામના અનુત્તર વિમાનથી ૧૨ યોજનને છેટે છે. સિદ્ધશિલા મધ્ય ભાગે

Aho ! Shrutgyanam

આઠ યોજન જાડી છે, ને બંને તરફ પાતળી થતી થતી માંખીની પાંખ જેવી થાય છે. તેથી તેના બંને છેડા અતિ પાતળા છે. મોતી, શંખ કે સ્ફટિક રત્નની માફક અતિ નિર્મલ ને ઉજ્વલ છે. સિદ્ધશિલા મૂકી એક યોજન ઉંચે અલોક આવે છે. લોકમાં રહેલી સિદ્ધશિલા તથા અલોકની વચ્ચે આવેલા એક યોજનના ૨૪ મે ભાગે એટલે ઉપરના ૩૩૩૧/૪ ધનુષમાં સિદ્ધ જીવો પોતાના સંસ્થાનમાં અષ્ટકર્મને અલગ કરીને તથા અલોકને અડકીને રહેલા છે, તે ભાગને મોક્ષ કહે છે. તેનાં મુકિત, સિદ્ધિ, અપુનર્ભવ, શિવ, નિઃશ્રેયસ્, નિર્વાણુ, અમૃત, બ્રહ્મ, મહોદય, મહાનંદ આદિ અનેક નામછે. તે મુકિત નગરમાં અનંત સિદ્ધો અનંત સુખમાં બિરાજેછે.તેમાં જન્મમરણુ, સંયોગવિયોગ, શત્રુમિત્ર, બુભુક્ષા તૃષા, રાજાપ્રજા, રાત્રિદિન તડકોછાંયડો, ઉંચનીચ, ગુરૂચેલો, શેઠચાકર, અંધારૂં અજવાળું, બોલચાલ, ઉદ્દેશ, ઉંઘવુંજાગવું, છેદનભેદન, રૂપરસગંધસ્પર્શ, સ્વલ્પસુખ ને અનંત દુઃખવાળો દેહ ઈત્યાદિમાંનું કંઇ પણુ નથી. સિદ્ધ પરમાત્માઓ પણુ મુક્તિસુખનું વચનથી વર્ણુન કરવાને શક્તિમાન નથી. સર્વાર્થસિદ્ધ વિમાન જ્યાં ૬૪ મણુનાં મુક્તાફલની રાગ રાગણીઓ સાંભળતાં પૂર્ણ નિર્મળ અવધિવાળા મહેંદ્રો એક પાસું ફેરવતાં ૧૬ાા સાગરોપમ ને બીજું પાસું ફેરવતાં પણુ તેટલાજ સાગરોપમ એમ ૩૩ સાગરોપમનું આયુષ અગાધ સુખમાં સુતાં સુતાં પૂરૂં કરે છે તેના કરતાં

Aho ! Shrutgyanam

પણ અનંતગણું સુખ શિવસદ્મમાં છે.*

સંસારસાગરના પોતસમાન સાગર તીર્થંકરની સુધાતુલ્ય વાણી સાંભળ્યા પછી પાંચમા સુરલોકનો સ્વામી સ્વર્ગના સુખની નિઃસ્પૃહા કરીને સર્વેશ્વરને પૂછે છે. સ્વામિન્, મારે સંસારમાં હવે કેટલું રહેવાનું છે? આપે વર્ણવેલા મોક્ષરૂપી મેવાનું મહા સુખ મને કોઇ કાળે મળશે કે નહીં? તે ઉપરથી ભવાટવીમાં ભટકનાર ભવ્ય પ્રાણિઓને સહાયભૂત એવા સાગર તીર્થંકૃત્ કહે છે. હે બ્રહ્મેન્દ્ર, આવતી અવસર્પિણીમાં શ્રી અરિષ્ટનેમિ નામે ૨૨ મા તીર્થંકર થશે, તેનો તું આદિમ ગણધર થઈશ, ને રેવતાચલે કર્મ ખપાવી શાશ્વત શિવરાજનું પરમપદ પ્રાપ્ત કરીશ. એ સાંભળી બ્રહ્મેન્દ્ર પરમ તુષ્ટિથી પ્રફુલ્લિત થઈ શાંતિ સુધારસના સાગર એવા સાગરજીનેશ્વરનું અભિવંદન કરી પોતાના કલ્પમાં ગયો. અહો! મને

---

* મધ્ય ભાગે ૬૪ મણનું એક મોતી હોય છે, તેની ચારે દિશાએ દરેક ૩૨ મણનું એવાં ચાર મોતી હોય છે, તેની આસપાસ સોળ સોળ મણવાળાં આઠ, તેની આસપાસ આઠ આઠ મણવાળાં સોળ, તેની આસપાસ ચાર ચાર મણવાળાં બત્રીસ, તેની આસપાસ બે બે મણવાળાં ચોસઠ, તેની આસપાસ એકેક મણનાં એકસો અઠ્ઠાવીશ, એ રીતે કુલ ૨૫૩ મોતી એક મહેંદ્રની શય્યા ઉપર ઉલોચમાં લટકતાં હોય છે, તેના આનંદમાં ૩૩ સાગરોપમનું આયુષ ક્ષણમાત્ર જેવું મહેંદ્રને લાગે છે,

Aho ! Shrutgyanam

અજ્ઞાનાંધકારપ્રભાકર પ્રભુથી પરોપકાર થશે એમ વિચારી તેણે ઇક્ષણને અમૃતાંજનરૂપ મારી મૂર્ત્તિ ભરાવી. તેની આગળ નિશદિન નાટક કરતાં ને ત્રિકાલ પર્યુપાસના કરતાં પોતાનું આયુષ પૂર્ણ કરી શુભ ધ્યાનથી મરણવશ થઇ મોટા મોટા ભવ પામી આ જન્મમાં વરદત્ત થયો, ને મારી પ્રતિમાનું પૂજન કરવાથી ગણેશ પદવી પામ્યો. ને અનુક્રમે અક્ષય મંદિરમાં આરામ લેશે.

ભવસંતતિરૂપી નીરનિધિના નાવસમ શ્રી નેમિનાથનાં એવાં વચન કાને પડતાં તે કાળના બ્રહ્મેંદ્રે ઉઠીને પ્રભુને પ્રણામ કરી કહ્યું, હે પરમેશ! હું હજુ પણ એજ પ્રતિમાની બ્રહ્મલોકમાં પૂજા કરૂં છું. હું એમ જાણુતો હતો કે તે પ્રતિમા શાશ્વતી છે; પણ કૃત્રિમ છે, એમ આપના વ્યાખ્યાનથી જાણ્યું. નેમિશ્વર કહે છે, તું એ મૂર્ત્તિને હવે અત્રે લાવ. એવા આદેશથી બ્રહ્મેંદ્રે શ્રી નેમિનાથની પ્રતિમા લાવીને કૃષ્ણવાસુદેવને આપી. કૃષ્ણે કહ્યું, આ પ્રતિમા હું મારા દેરાસરમાં સ્થાપન કરીશ, પણ તે કયાં સુધી રહેશે ને કયાં કયાં પૂજાશે? નેમીશ્વર ભગવાન કહે છે. દ્વારિકાપુરી રહેશે ત્યાં સુધી એ પ્રતિમા પૂજાશે, ને ત્યાર પછી દેવતાઓ તેનું પૂજન કરશે. મારા નિર્વાણથી બે હજાર વર્ષ વીત્યા પછી અંબિકાદેવીની આજ્ઞાથી રત્નસાર નામે વણિક વ્યવહારક ગુફામાંથી આણીને તેની પૂજા કરશે. ને આ રેવતાચલમાંજ મંદિર કરી તેની

Aho ! Shrutgyanam

સ્થાપના કરશે. એક લાખ ત્રણ હજાર બસેંને પચાસ વર્ષ સુધી તે મૂર્ત્તિ રેવતાચલે રહેશે ને ત્યાર પછી અદૃશ્ય થશે; છેવટે છઠ્ઠા આરામાં અંબિકા એ બિંબને અંબુધિમાં લઇ જઇ તેની પૂજા કરશે. કૃષ્ણ કહેછે, હે ભગવંત! તે રત્નસાર કોણ થશે, તેનું વ્યાખ્યાન કહેવા કૃપા કરો. નેમીશ્વર કહે છેઃ—

---

અતીત ચોવીસીના સાગર નામના ત્રીજા તીર્થંકર સમોસર્યા ત્યારે ઉજ્જેણી નગરીના નરવાહન રાજાએ પૂછ્યું, ભગવાન, મને કેવળજ્ઞાન ક્યારે થશે? સાગર કહે, નેમીનાથ તીર્થંકર બાવીસમાં થશે ત્યારે તને મુક્તિ મળશે. તે સાંભળી નરવાહન રાજા દીક્ષા લઇ મરણ પામી પાંચમા દેવલોકનો દશ સાગુરોપમ આયુષ્વાળો ઇંદ્ર થયો ને નેમિનાથની પ્રતિમા પૂજવા લાગ્યો. પછી ગીરનારે તે પ્રતિમા સ્થાપી. પછી નેમિનાથ પ્રગટ થયા, ત્યારે તેજ ઇંદ્ર મહાપલ્લીખિતિસાર નગરીમાં પુણ્યસાર નામે રાજા થયો. તે નેમિનાથની ધર્મદેશના સાંભળી સંયમ લઈ મુક્તિ પામ્યો. પછી લેપમયી પ્રતિમા ગિરનારે સ્થપાઈ. નેમિનાથ મુક્તિ પામ્યા. પછી નવસેં નવ વર્ષે કાશ્મીર દેશનો રત્નસાર શ્રાવક થયો. તેની કથા ગીરનાર મહાત્મ્યમાં છે.

નેમિ મુગતી ગયા પૂઠે, નવસયાં નવ વાસરે,
કાશ્મીર દેશ તણોજ વાસી, રતન શ્રાવક ખાસ.
ગીરનારે યાત્રાકરણ આવ્યો, કરે બિંબ પખાલરે,
તીણીખીણે પાણી સગતી જીન, બિંબ થયો વિસરાલરે.

કુમારપાળનો રાસ–૧૦૦ મી ઢાલ.



Aho ! Shrutgyanam

# रत्नसार कथा.

હે કૃષ્ણ, તારી સ્થાપિત કરેલી પ્રતિમા દ્વારિકામાંથી અદૃશ્ય થયા પછી વિમલ નામે રાજા જૈનધર્મમાં દૃઢ થશે. તે ગિરનાર ઉપર મારી લેપમયી મૂર્ત્તિ સ્થાપશે ને કાષ્ટમય પ્રાસાદ કરાવશે. તે પ્રતિમા પૂજાતી વખતે સૌરાષ્ટ્ર દેશમાં કાંપિલપુરનામે નગરમાં રત્ન નામે ધનવંત વણિક થશે, તેવામાં તે ઠેકાણે બાર વર્ષનો દુકાળ પડશે, તે દ્રવ્ય ને પ્રાણનો પ્રણાશ કરશે. રત્નસાર સૌરાષ્ટ્ર છોડી કાશ્મીરમાં જઈ રહેશે. ત્યાં દ્રવ્ય ઉપાર્જન કરી તેનું ફળ લેવા માટે સંઘને અભ્યર્થના કરશે. સંઘ કાઢીને આનંદસૂરિ ગુરૂની સાથે દેશાટન કરતાં નગરે નગરે અરિહંતનાં નવાં દેવાલયો બંધાવશે તથા જીર્ણોદ્ધાર કરાવશે. માર્ગમાં ભૂત, વેતાલ, રાક્ષસ ને યક્ષથી ઉત્પન્ન થયેલા અનેક ઉપસર્ગો તથા વિઘ્નો અંબિકાના ધ્યાનથી હણાશે. અનુક્રમે પોતાના કાંપિલપુર નગરમાં આવી સાધર્મિવાત્સલ્ય કરીને સંઘ સહિત શત્રુંજયની યાત્રા કરી રેવતાચલે આવશે. અમારા કેવળજ્ઞાનની જગોએ અમારી પ્રતિમાનું અર્ચન કરીને હર્ષની સાથે મુખ્ય શિખર પર ચઢશે. રસ્તે જતાં છત્રશિલાને હેઠેથી કંપાયમાન થતી જોઈ આનંદસૂરિને તેનું કારણ પૂછશે. સદ્‌ગુણી ગુરૂ પણ અવધિજ્ઞાને જાણીને

Aho ! Shrutgyanam

કહેશે; હે રત્નસાર, આ રેવતાચળે તીર્થભ્રંશ તથા તીર્થો-દ્ધાર તારાથી થશે. રત્નસાર કહેશે; હે મહારાજ, મારાથી તીર્થનો નાશ થવાનો હોય તો હું ઉપર ચઢવાનો નથી, કારણ કે નાશ થાય એ મહા શોકજનક વાર્તા છે. ગુરૂ બોલશે; હે રત્નસાર, ઉદ્ધાર પણ તારાથીજ થશે, એવું પૂર્વે તિર્થંકરે કહેલું છે, માટે મનભંગ થઇશમા. આ શબ્દો કાને પડયા પછી આનંદ પામીને મુખ્ય શૃંગે પ્રવેશ કરી ગજપદ કુંડે જઇ, સર્વ સંઘ સહિત સ્નાન કરી કુંડનું પવિત્ર જળ લઇ શુદ્ધ વસ્ત્ર પહેરી જીનાલયે આવી પૂજારી ના પાડશે તે છતાં પણ નહીં માનીને લેપમયી પ્રતિમાનું પુષ્કળ પાણી વડે પ્રક્ષાલન કરશે. તેથી મૂર્ત્તિ ગળી જશે. તે દેખી શોકરૂપી અગ્નિથી હર્ષરૂપી સરોવર સુકાઇ જવાથી, રત્નસાર સંઘપતિ મૂર્છા પામશે. મૂર્છા ઉતરી ગયા પછી ગાંડાની માફક બેબાકળો થઈ કહેશે કે, હા દેવ! હવે શું કરવું! ધિક્કાર છે મને તીર્થ નાશ કરનાર અજ્ઞાનીને! અહો આ મેં શું કર્યું! ઉદ્ધાર તો નહીં પણ તીર્થધ્વંસ થયો. આ પાપ હવે કેવાં તપ ને દાનથી ધોવાશે? હવે વ્યર્થ ચિંતાથી શું મળવાનું છે? અપરાધ કીધા પછી વિચાર શો કરવો? માટે જીતેંદ્રિય જીનેંદ્ર શ્રી નેમિનાથનુંજ મને શરણ હો. એમ કહીને રત્નસાર સંઘ સહિત મારૂં સ્મરણ કરી આસન ઉપર બેશી દ્રઢ થઈ ઉપસર્ગથી નહીં ડગીને એક માસના ઉપવાસ

Aho ! Shrutgyanam

કરશે. એક માસને અંતે અંબિકા પ્રત્યક્ષ થશે. ત્યારે તેના દર્શનથી હર્ષ પામી પોતાના તપનો પ્રભાવ જાણી ઉભો થશે, ત્યારે અંબા કહેશે, હે વત્સ! તું ખેદ શા માટે કરે છે? તને ધન્ય છે કે તેં તીર્થ યાત્રા કરી કરાવીને પુણ્ય પેદા કર્યું છે. શાસ્ત્રમાં કહ્યું છે કે પ્રથમનો લેપ ગયા પછી એક વર્ષ સુધીમાં બીજો થઈ શકે છે. માટે ફરીને લેપ કરવો. પછી રત્નસાર કહેશે, રે માતુ, એવાં વચન વદશો નહીં; હું તો પ્રતિમાના પ્રભંજનથી પાપી થયોજ છું; ને જો તારી આજ્ઞાથી બીજો લેપ કરીશ તો મારા જેવો બીજો કોઇ મૂર્ખ આગામીકાળે નાશ કરનાર થશે. માટે બીજી કોઇ મનોભિરામ અભંગમૂર્ત્તિ આપો કે જે સ્નાત્ર પૂજાના જળે કરીને ભગ્ન ન થાય. અંબાજી એ શબ્દો સાંભળીને અદૃશ્ય થશે. રત્નસાર પણ દ્રઢતર થઇ સુદુસ્તર તપ જારી રાખશે. તેને ચલાયમાન કરવાને માટે અંબા અનેક ઉપસર્ગ કરશે, પણ તે મારા ધ્યાનને વિષે નિશ્ચલ હોવાથી લેશમાત્ર પણ ડગશે નહીં. પછી ગર્જારવ કરતી ને સમસ્ત પ્રદેશમાં પ્રકાશ પ્રસારતી અંબિકા સિંહના આસન ઉપર આરૂઢ થઇ પ્રત્યક્ષ થઇ કહેશે. રે વત્સ, તારા સત્વથી હું સંતુષ્ટ થઈ છું, માટે મનોવાંછિત ફળ માગ. ત્યારે રત્નસાર કહેશે, હે માતા, તીર્થોદ્ધાર શિવાય મારે

Aho ! Shrutgyanam

અન્ય આકાંક્ષા નથી. સ્વામીની વજ્રમય મૂર્ત્તિ મને આપ, જેને પૂજીને મારો જન્મ કૃતાર્થ કરૂં. અંબિકા ઉત્તર આપશે, ભવદાવાનલનીર ભગવંત કહી ગયા છે કે તીર્થો-દ્ધાર કર્ત્તા તુંજ થઇશ. માટે મારી સાથે ચાલ. મારાં પગલાંના રસ્તાની બહાર પગ મૂકીશ નહીં. તે સાંભળી રત્નસાર અંબિકાને પગલે પગલે ચાલશે; અંબાજી બીજાં શિખરો જમણી બાજુએ મૂકી પૂર્વ દિશા તરફ હિમાદ્રિ શિખરે જાશે; તે શિખરે સુવર્ણ નામની ગુફા આવશે. તે અધિષ્ઠાયક દેવતા પાસે ઉપડાવશે કે તરતજ ઉદ્યોત જોવા-માં આવશે. ઘટમુખ જેવા ગુફાના દ્વારમાં પ્રવેશ કરશે, ને તેની પાછળ રત્નસાર પણ જશે. અંદર જઇ અંબા પ્રત્યેક બિંબ બતાવી કહેશે, હે વત્સ ! બિંબ કરનારાઓનાં નામ સાંભળ. સૌધર્મેંદ્રે કરાવેલો લીલા કમળનાં રંગવાળો આ બિંબ છે. ધરણેંદ્રનો પદ્મરાગ રત્નનો આ બિંબ, ભરત-ચક્રવર્તી, આદિત્યયશા, બાહુબલી પ્રમુખનાં રત્ન માણિકયનાં ભરાવેલાં આ બિંબો છે. આ માહેન્દ્રનો રત્નમાણિકયમય બિંબ છે, જેની લાંબા કાળ સુધી તેણે પોતાના દેવલોકમાં પૂજા કરી છે. આ બિંબો કૃષ્ણ બલભદ્રે ભરાવેલા છે. માટે એમાંથી જે મૂર્ત્તિ લેવાની તારી મનીષા હોય તે લે. રત્નસાર સુવર્ણમય બિંબ લેવા માંડશે. તેને તે લેતાં અટકાવી અંબા કહેશે, પંચમકાળને વિષે લોકો અતિ લોભી, નિર્લજ્જ, નિર્દય, સત્યશૌચરહિત, દેવગુરૂ નિંદક,

Aho ! Shrutgyanam

ન્યાયહીન, પરનારો સેવનાર તથા પરદ્રવ્યના લેનારા થશે. રાજા મ્લેચ્છ થશે. ચોર ઘણા થશે; માટે તીર્થની આશાતના તથા હાની થશે; તેથી હે રત્નસાર ! આ બહ્મેંદ્રનો કરાવેલો બિંબ લે. તે વિજળી, અગ્નિ, જળ, લોહ, પાષાણ ને વજ્રથી પણ ભાગશે નહીં. એમ કહી દેવતાઈ શકિતથી બારયોજન સુધી ફેલાતા તે પ્રતિમાના તેજને ઢાંકીને બીજા પાષાણના જેવી કરશે. ને તેને કાચા ઝીણા તાંતણાથી બાંધશે. રત્નસાર પણ અપ્રતિહુતપણે તે પ્રતિમાને આકડાના રૂની માફક સહેલાઇથી ખેંચતો ખેંચતો દેરાસરના બારણે આવી વિચારશે કે, આ બિંબ હમણાં અહીં મૂકીને અંદરનો લેપમય બિંબ બીજા સ્થાને મુકું, ને તે સ્થાને આ નવા બિંબને સ્થાપું. એમ ધારી દેવકુલમાં પ્રવેશ કરી લેપમયી પ્રતિમા બીજે ઠેકાણે મૂકી પાછો આવશે ત્યારે તે નવો બિંબ મેરૂની પેરે ત્યાંજ નિશ્ચલ રહેશે. કરોડો મનુષ્યો તે કલ્યાણવલ્લીના વિશાલકંદ રૂપી બિંબને ખસેડવા સમર્થ થશે નહીં. તેથી પૂર્વની માફક તે તપ જારી રાખશે. સાત ઉપવાસને અંતે અંબા આવી કહેશે. હે વત્સ, સ્વેચ્છાનુસાર આ શો વિચાર કર્યો ? મારૂં એવું વચન હતું કે તે બિંબ જ્યાં મૂકીશ ત્યાં સ્થિર રહેશે, માટે વૃથા પ્રયાસ મૂકી દે. દેવાલયનું દ્વાર પશ્ચિમ તરફ ફેરવીને આ બિંબ સ્થાપન કર; અન્યતીર્થીઓ બીજા

Aho ! Shrutgyanam

ઘણા ઉદ્ધાર થશે, પણ આ તીર્થે આ ઉદ્ધાર તારાથીજ છેવટને માટે થવાનો છે. એમ કહી અંબા અંતર્ધાન થશે. પછી રત્નસાર અંબાના કહેવાથી સંઘ સહિત ત્યાં ચૈત્ય પ્રતિષ્ઠા કરાવશે. સુરિ મંત્રના બળથી અનેક દેવ દેવીઓ તે બિંબના તથા ચૈત્યના અધિષ્ઠાયક થશે. પછી અષ્ટપ્રકારની પૂજા કરી ધ્વજા ચઢાવી ભક્તિએ કરી સ્વામિની સ્તુતિ કરશે, અને જેનાં રોમરાય અત્યંત વિકસ્વર થયાં છે એવો તે પુનઃ પુનઃ પ્રભુની પ્રતિમાને પ્રણામ કરશે. તે પ્રસંગે અંબાદેવી ક્ષેત્રપાલાદિક દેવો સહિત આવીને રત્નસારના કંઠને વિષે કલ્પવૃક્ષના પુષ્પની માંગલિકમાળા પહેરાવશે. પછી કૃતકૃત્ય રત્નસાર સ્વદેશે જઇ સાતક્ષેત્રને વિષે સ્વદ્રવ્ય વાપરી પુણ્યની પેદાશ કરી મોક્ષનું મહા સુખ મેળવશે. હે કૃષ્ણ, તું પણ રત્નસારની પેઠે મારી પ્રતિમાની પૂજા કરતાં તીર્થંકરપદ બાંધીશ ને શિવલક્ષ્મીનું પાણિગ્રહણ કરીશ.

સ્વામિના મુખનું ભાષણ સાંભળી કૃષ્ણે મહામુદાથી ભગવંતના કેવળજ્ઞાનની ઉત્પત્તિને સ્થાને મનોહારી દેવાલય ચણાવ્યું ને તેમાં ગણધરો પાસે પ્રતિબિંબની પ્રતિષ્ઠા કરાવી.

Aho ! Shrutgyanam

# हाथीपगलांना कुंडनो इतिहास.

જળયાત્રા વખતે અનેક પુરૂષ, સ્ત્રી તથા દેવોના વૃંદ તથા વાજીંત્રોના શબ્દ સહિત કૃષ્ણ વાસુદેવ જળ ગ્રહણ કરવા તૈયાર થયા. પ્રથમ તો ગજપદ કુંડે ગયા. ત્યાં કૃષ્ણે નિર્ણય કરવા માટે નિર્જરેશને પૂછયું કે, એનું નામ ગજપદકુંડ કેમ પડયું? ઇંદ્રે પ્રત્યુત્તર આપ્યો કે, પૂર્વે ભરત ચક્રવર્તી આ ઠેકાણે આવ્યા હતા. તે વખતે ઈંદ્ર પણ અત્રે આવ્યા હતા. ઐરાવણ હાથીના પગ ઉપરથી ગજપદકુંડ એવું નામ નિષ્પન્ન થયું છે. ચૌદ હજાર નદીનાં નીર આ કુંડમાં આવેલાં છે. માટે એ ઘણો પવિત્ર છે. તેના જળવડે સ્નાન કરવાથી ખાંસી, શ્વાસ, અરૂચિ, ગ્લાનિ, સુવારોગ, જલોદર વીગેરે મટે છે. તેમજ અંદરનાં પાપ પણ ધોવાઇ જાય છે. આ પાસેનો કુંડ ધરણેંદ્રે કરાવેલો છે, તેમજ આ પવિત્ર કુંડ નાગેન્દ્રે તથા આ કુંડ ચમરેંદ્રે કરાવ્યો છે. આ કુંડોનાં પવિત્ર પાણીથી પ્રક્ષાલન કરવાથી પૂર્વોકત પીડા તથા પાપ ક્ષય પામે છે. આ કુંડ બલેંદ્રનો, આ સૂર્યનો ને આ ચંદ્રનો છે.

Aho ! Shrutgyanam

# વસિષ્ઠ ચરિત્ર.

વિબુધેંદ્રનાં આવા પ્રકારનાં વચન સાંભળી કૃષ્ણ હર્ષ પામી પ્રશ્ન કરે છે. હે કલ્પેંદ્ર, આ કુંડના જળનું સ્નાન કરવાથી તથા નેમીશ્વર પ્રભુની પૂજા કરવાથી કોણ યથાર્થ ફળ પામ્યું છે? સ્વર્ગેશ કહેછે; હે કૃષ્ણ, મુનિસુવ્રત સ્વામિના શાસનમાં લક્ષ્મણ નામે આઠમો વાસુદેવ આ વિશ્વંભરા ઉપર રાજ્ય કરતો હતો. તે વખતે ગંગા નદીને કાંઠે વસિષ્ઠ નામે પ્રસિદ્ધ તાપસનો સ્વામી રહેતો હતો. તે વેદવિધાનો વેત્તા, કપટકળામાં કુશળ, પાપપ્રવૃત્તિમાં પ્રવીણ, સંપૂર્ણ સ્વાર્થી ને કંદમૂળનું કદશન કરનાર હતો. એક સમયે પોતાની ઝુંપડીની આગળ સ્વેચ્છાએ ચરતી મૃગલીઓમાંથી એક મૃગલીને તે મુનિએ ક્રોધથી લાકડી મારી. તેના પ્રહારથી તેનું પેટ ફાટી જવાથી તેમાંથી બચ્ચાં બહાર નીકળી પડયાં. અવસાન વેદનાથી તરફડતી મૃગલી પ્રાણગત થઈ. તેનું કષ્ટ દેખી વસિષ્ઠ ઋષિ ચિત્તમાં ચિંતાતુર થઇ કહે છે. અહો! લોક મારી નિંદના કરશે કે આતો બાળસ્ત્રીઘાતક છે. એમ વિચારી પાપથી ભયભીત થઇ પ્રાયશ્ચિત કરવાને નદી, દ્રુહ, પર્વત, ગામ, વીગેરે સર્વ ઠેકાણે ફરતો ફરતો પોતાના મતનાં અડસઠ તીર્થે પરિભ્રમણ કરી, હવે

Aho ! Shrutgyanam

હું શુદ્ધ થયો એમ ધારી પાછો પોતાના આશ્રમમાં આવ્યો. એ અવસરે જ્ઞાનથી પવિત્ર કોઇ મેધાવીમુનિ વસિષ્ઠ ઋષિની ઝુંપડી પાસે આવીને કાયોત્સર્ગ ધ્યાને રહ્યા. મુનિને આવ્યા જાણી પાસેના નગરના લોકો ભેગા થયા. ભક્તિપૂર્વક નમસ્કાર કરી મનોગત સંદેહ પુછી ખુલાસા સહિત પ્રત્યુત્તર પામ્યા. તે સાંભળી વસિષ્ઠ ઋષિ પણ વાચંયમ પાસે આવી વંદના કરી પુછે છે, હે મહારાજ, હરિણી હણ્યાનું પાપ હજુ મારે રહ્યું છે કે હું તેમાંથી મુક્ત થયો છું ? જ્ઞાનધન મુનિ કહે છે—તપ કર્યા શિવાય નદી, દ્રહ આદિ સ્થાને ભટકવાથી નિબિડ કર્મનો નાશ થતો નથી. મિથ્યાત્વી તીર્થોમાં ભમવાથી માત્ર શરીરને કલેશ થાય છે એટલુંજ ફળ મળે છે. માટે રેવતાચળ વિના બીજું કોઇ પણ સ્થાન તારા પાપને નિવૃત્તિકારક થશે નહીં. વસિષ્ઠે પૂછયું; હે મુનિ, તે ક્ષેત્રને વિષે મારે શું તપ કરવું ? મહા પરોપકારી મુનિ કહે છે; સૌરાષ્ટ્ર દેશમાં ગિરનાર પર્વત ઉપર પાંચ ઇંદ્રિયોને વશ કરી શુદ્ધ ભાવથી અનાથનાથ શ્રી અરિષ્ટનેમિની આરાધના કરવી તેજ તપ છે. એમ સાંભળી આનંદ પામી ચંડાળના પાડાની પેરે પોતાના મઠનો ત્યાગ કરી મનમાં નેમીશ્વરનું ધ્યાન ધરતો રેવતાચળે પોંચ્યો. શિખરને પ્રદાક્ષણા દઇ ત્રિકરણશુદ્ધિયુક્ત અંબિકા કુંડે આવી તેના જળથી સ્નાન

Aho ! Shrutgyanam

કર્યું. તે અવસરે આકાશવાણી થઇ કે, હે ઋષિ! હવે તું હત્યાદિ પાપથી વિમુક્ત થયો છું. હવે વિશ્વનાથ નેમીશ્વરનું ભજન કર. આકાશવાણી કાને પડતાં વસિષ્ઠ આલ્હાદ પામ્યો, ને તરતજ કૃપારામ નેમીશ્વરનાં પ્રાસાદની અંદર પ્રવેશ કરી શુદ્ધ ભાવે ભલી ભકિતથી સ્તવના કરી ધ્યાનારૂઢ થયો. તે ધ્યાનના પ્રભાવથી અલ્પ-કાળમાં અવધિજ્ઞાન ઉત્પન્ન થયું, ને અનુક્રમે તાપસના વેષમાંજ મૃત્યુ પામી અમર થયો. તે માટે હે કૃષ્ણ! આ કુંડના સલિલનુ સ્નાનપાન કરવાથી વસિષ્ઠની પેરે સર્વ મનુષ્યો પવિત્ર થાય છે. મરૂત્પતિનાં એવાં વચનથી કૃષ્ણ તે કુંડમાંથી જળ ભરી નેમિનાથને દેરે આવ્યા. ત્યાં ઇંદ્ર સહિત સ્નાન કરી, કર્પૂર, અગર, ચંદનાદિકથી પરમેશ્વરની પૂજા કરી, આરતી ઉતારી, દામોદર નામના દ્વારે આવી અતિશય ભક્તિપૂર્ણ ચિત્તથી પોતાની મૂર્ત્તિ કરાવી. જ્યાં ત્રિકાલવિદ્ નેમિનાથ સ્વામીએ દીક્ષા લઇને વસ્ત્રાદિકનો ત્યાગ કર્યો હતો ત્યાં વસ્ત્રાપથ નામે તીર્થ પ્રવર્ત્યું, ને કાળમેઘ નામે ક્ષેત્રપાળ તેનો રક્ષક દેવ થયો.

Aho ! Shrutgyanam

# शंभुचारित्र.

ઈત્યાદિ નેમિનાથજીની દુઃખનાશની દેશના સાંભળી સર્વ દિવૌકસ પોતપોતાને ઠેકાણે ગયા. પછી કૃષ્ણ વાસુદેવે ગિરનાર પર્વત ઉપરથી ઉતરતાં માર્ગમાં બિન્દુસાર નામની એક ગુફામાં કોઇ સદ્‌ગુણી સાધુને દીઠા. ખુશી થઇ મુનિને નમસ્કાર કરી પાસે બેઠા. મહાત્મા મુનિએ કહેલો રૈવતાચલનો મહિમા સાંભળ્યો. વાયવ્યખૂણે એક પર્વતને દેખી કૃષ્ણ મુનિને પૂછે છે. હે યોગી, આ પર્વત કયો છે? મુનિ કહે છે. આ ગિરિનું મહત્ત્વ અકથનીય છે. એ ઉજ્જયંત નામે શિખર છે. તે હવે ઉમાશંભુ નામે પર્વત કહેવાશે. વૈતાઢ્ય પર્વતને વિષે રૂદ્ર નામે વિદ્યાધર રૂદ્ર વિદ્યાના પરાક્રમે કરીને સર્વ પૃથ્વીને આક્રમણ કરશે. ઉમા નામે તેની વલ્લભ સ્ત્રી થશે. બીજી પણ ઘણી સ્ત્રીઓ થશે. સર્વ લોકો તે રૂદ્ર વિદ્યાધરથી ભય પામશે, તે માટે તેને શંભુ એવું નામ આપીને ઈષ્ટદેવની પેરે તેની આરાધના કરશે. તે રૂદ્ર પોતાના ધ્યાન ધરનારાઓ ઉપર તુષ્યમાન થઈ સદા તેમની મન કામના પૂરશે. અનુક્રમે ઉમા સહિત પર્વત, આરામ, નદી ને ચૈત્યોને વિષે ક્રિડા કરતો કરતો ઉજ્જયંત પર્વત ઉપર આવશે. ત્યાં રહેલા ચારણ મુનિને

Aho ! Shrutgyanam

નમસ્કાર કરી તેનો ઉપદેશ સાંભળી પાપ થકી વિરક્ત થશે. ત્યાર પછી ઉમાને દુઃખનું વૃક્ષ વિષયનું મૂળ જાણી તેનો ત્યાગ કરશે, અને સહસ્ત્રબિંદુ ગુફામાં પ્રવેશ કરી શ્રી નેમીશ્વરનું ધ્યાન ધરશે. ઉમા એકલી પડયા પછી ઉગ્રતપ કરશે, અને બિંદુશિલા ઉપર રહી ધ્યાન ધરશે. તે ધ્યાનથી તુષ્ટ થઇ ગૌરી વિદ્યા તેને સિદ્ધ થશે. તે વિદ્યાએ કરીને પોતાના સ્વામીને બિંદુ ગુફામાં રહેલો જાણી ત્યાં આવી પોતાનું મનોહર રૂપ દેખાડી તેને ધ્યાનમાંથી ચળાવશે. સ્ત્રીથી કોણ ન ચળ્યો? ઉમાના સાથે ફરીથી પ્રેમમગ્ન થઈ પૂર્વની પેરે કામ ક્રીડા કરશે. તે દિવસથી તે પર્વત તેમજ તે શિલા ઉમા શંભુના નામથી ઓળખાશે. તે સહસ્ત્રબિંદુ ગુફામાં કરેલા નેમીશ્વરના ધ્યાનથી ઉત્સર્પિણીકાળમાં શંભુ તીર્થંકર થશે.

કૃષ્ણરાજા એ પ્રમાણે મુનિનાં વચન સાંભળી નમસ્કાર કરી પરિવાર સહિત ઉઠીને પોતાની દ્વારિકા નગરીએ આવ્યા.

હવે પરમ ઉપકારી દ્વાદશ ગુણ વિરાજીત શ્રી નેમિનાથ પ્રભુ દેશનામૃતે કરી અનેક પ્રકારના ભવ્યજીવોને પ્રતિબોધતા પૃથ્વીપીઠને વિષે વિચારતા હવા. એવામાં રાજીમતીએ વૈરાગ્ય પામી ભગવંત પાસે આવી દીક્ષા લીધી. તેમજ વસુદેવ શિવાયના દશ દશારહોએ પણ દીક્ષા ગ્રહણ કરી. તેમજ ન્યાયાંભોનિધિ નેમિનાથજીના જયેષ્ઠ બાંધવ

Aho ! Shrutgyanam

મહાનેમિ તથા લઘુભ્રાતા રથનેમિ પ્રમુખ બીજા યાદવો પણ દીક્ષાવ્રત લઇ તીવ્રતપ કરતા હવા. થાવચ્ચા કુમારે પણ બત્રીસ સ્ત્રીઓને સોળ વર્ષની ઉમરે તજીને હજાર પુરૂષના પરિવાર સાથે પ્રવ્રજ્યા લીધી. તે સર્વેનો કૃષ્ણે અતિ આડંબરથી ઉત્સવ કર્યો. (તે થાવચ્ચા કુમારે અઢી હજાર સાધુ સાથે શત્રુંજય પર્વતે વિમોક્ષનો સંયોગ પામી શાશ્વતી પદવી પ્રાપ્ત કરી. તેમણે દીક્ષા લીધી ત્યારે કૃષ્ણે ઢંઢેરો પીટાવ્યો હતો કે જે કોઈ સંયમ લેશે તેનો હું મહોત્સવ કરીશ ને તેનાં બાળબચ્ચાં પાળીશ)

## पांडवोए करेलो शत्रुंजय उद्धार.

અનુક્રમે અનાથ બંધુ અરિષ્ટનેમિનાથ ભગવંતની પાસે શત્રુંજયનો મહિમા શ્રવણ કરી પાંડવોએ સ્વજન્મ સફળ કરવા માટે યાત્રા કરવાની ઈચ્છા કરી; ને તત્કાળ સર્વ રાજાઓને યાત્રાર્થે નિમંત્રણા કરી. તેથી તેઓ પોતપોતાની સમૃદ્ધિ સહિત હર્ષનીસાથે હસ્તિનાપુરે આવ્યા. સુવર્ણના દેરામાં સ્થાપિત કરેલું સુખદ મણિમય બિંબ સાથે લઇ, સૈન્ય, વાજી તથા ગજ પ્રમુખ વાહન લઇ, શુભ દિવસે સાધર્મિ વત્સલ, ગુરૂભક્તિને પ્રભુ પરિચર્યા કરતા કરતા યાત્રા કરવા નીકળ્યા. કૃષ્ણ પણ યાદવો સહિત સૌરાષ્ટ્ર દેશના સીમાડે

Aho ! Shrutgyanam

આવી પાંડવોને મળ્યા. અનુક્રમે તેઓ સંઘની પૂજા વિધિ-પૂર્વક કરી શત્રુંજય ઉપર ચઢયા. મુખ્ય શૃંગે જઇ, રાયણના વૃક્ષને ત્રણ પ્રદક્ષિણા દઇ, કર્મશિલોચ્ચયસૂદનપટુ શ્રી આદીશ્વરપ્રભુનાં પગલાંને નમ્યા. એવે અવસરે કૃષ્ણ તથા યુધિષ્ઠિર એકએકના હાથ પકડી વરદત્ત ગુરૂ સાથે દેરામાં પેઠા. એવામાં પાષાણની સાંધોમાં ઉગેલા પ્રભૂત ઘાસની અંદર રહેલી પ્રભુની પ્રતિમાને દેખી અત્યંત દુઃખ પામી કૃષ્ણ યુધિષ્ઠિરને કહે છે, "હે યુધિષ્ટિર, કાળના પ્રભાવથી આ તીર્થ પણ જીર્ણ થયું છે." આવખતે પાંડુરાજા જે કાળ કરીને દેવતા થએલો હતો તે આવીને કૃષ્ણને કહે છે, હે કૃષ્ણ, કાર્ય કરવામાં તું પ્રવીણ તેમજ પરાક્રમી છે. તેં પૂર્વે ગિરનારનો ઉદ્ધાર કીધો છે, માટે શત્રુંજયના ઉદ્ધારનો લાભ મારા પુત્રોને આપ. કૃષ્ણે પણ પ્રીતિપૂર્વક કહ્યું, "તેમાં તમારે કહેવું પડે તેમ નથી. અમારે તથા પાંડવો વચે કંઇ પણ અંતર નથી, એ સાંભળી તે દેવ સંતોષ પામી કૃષ્ણના વખાણ કરી યુધિષ્ઠિરને એક મણિ આપી પોતાને સ્થળે ગયો. ત્યાર પછી હર્ષપૂર્વક વિચક્ષણ કારીગરો પાસે ધર્મરાજાએ મનોહર ચૈત્ય કરાવ્યું, પછી કલ્પવૃક્ષની માળાએ કરીને શોભતો દેવતાએ દીધેલો મણિ પ્રભુના હ્રદયમાં સ્થાપીને પાંડવોએ સુગંધિ દ્રવ્યોથી પૂજા કરીને બિંબ સ્થાપન કર્યું ને નેમિનાથના પ્રથમ ગણધર વરદત્ત જે, તેમના ગુરૂ હતા તેની પાસે તેની પ્રતિષ્ઠા કરાવી.

Aho ! Shrutgyanam

પછી જેમના સંપૂર્ણ મનોરથ પૂર્ણ થયા છે એવા પાંડુ-પુત્રો અરિહંતની અષ્ટ પ્રકારે પુજા કરી, ધ્વજાદંડ ગઢાવી અનેક પ્રકારે દાનની વૃષ્ટિ વરસાવી, સંઘભક્તિ કરી, ઇંદ્રોત્સવ, ચામર, છત્ર, દીપ, પાત્ર પ્રમુખ ઉપકરણો ત્યાં મુકી સર્વ રાજાઓ સાથે હર્ષ સહિત શત્રુંજયગિરિથી નીચે ઉતર્યા. ચંદ્રપ્રભાસ ( પ્રભાસપાટણ ) માં ચંદપ્રભુને, રેવતાચળે નેમીશ્વરને તથા આબુએ ઋષભદેવને નમસ્કાર કર્યા. વૈભારગિરિ અને સમેતશિખરે જઈ, વિધિપૂર્વક યાત્રા કરી, સંઘપતિ નામ સાર્થક કરી પાંડવો દ્વારિકાપુરમાં ગયા. ત્યાં કૃષ્ણને મૂકી સર્વ રાજાઓને રજા આપીને તેઓ પોતાના નગરમાં ગયા.

## द्वारिकानो दाह.

એક અવસરને વિષે નેમીશ્વર ભગવાન્ વિહાર કરતા કરતા સહસ્રામ્રવને સમવસર્યા. વનપાલકથી ભગવંતના આગમનની વધામણી સાંભળી નવમા વાસુદેવ કૃષ્ણ પણ વંદન કરવા આવ્યા. વંદન કરી ભવદાવાનલદગ્ધનરારામ ભગવંતને પુછેછે, હે સ્વામિન, રિદ્ધિથી પરિપૂર્ણ એવી યાદવોથી ભરેલી દ્યુતિમતી દ્વારાવતી નગરી પોતાની મેળે નાશ પામશે કે કોઇ નર તેનો નાશ કરશે ? સ્વામી કહે:—

Aho ! Shrutgyanam

"મદ્યપાન કરી મદાંધ થએલા તારા સામ્બ પ્રમુખ પુત્રો દ્વીપાયન ઋષિને ઉપદ્રવ કરશે, ને તે દ્વીપાયન ઋષિ તારી લક્ષ્મીપૂર્ણ દ્વારિકા નગરીને બાળશે. તેમજ જરાકુમાર જે તારો મોટો ભાઇ છે તેનાથી તારૂં મૃત્યુ થશે." એ સાંભળી કૃષ્ણ મનમાં ખેદ પામી પ્રણામ કરી પોતાની પુરીમાં પાછો આવ્યો. મારાથી ત્રિકુલનો વધ થશે એમ જાણી જરાકુમાર પોતાને ધિક્કારતો સમવસરણથી બારોબાર દ્વારિકા તજી જતો રહ્યો, ને વ્યાધની વૃત્તિ ધારણ કરી તેણે કોઈ વનમાં વાસ કર્યો.

પારાસર તાપસનો યમુના નદીના દ્વીપમાં જન્મેલો પુત્ર દ્વીપાયન ઋષિ જે દ્વારિકાની એક વાડીમાં રહેતો હતો તે લોકોના વદનથી દાહની વાર્ત્તા સાંભળી વનવગડામાં જતો રહ્યો, ને એક ગુપ્ત ગુફામાં આડો પથરો મુકી ધ્યાનલીન થયો. બળદેવનો સારથિ સિદ્ધાર્થ પણ દીક્ષા લઇ ખટમાસ તપ કરી દિવૌકસ થયો. કૃષ્ણે પણ દ્વારિકામાંથી સઘળો દારૂ બહાર કઢાવી કદંબ પર્વતના કદંબ વનની કાદંબરી ગુફામાં નંખાવ્યો. ત્યાં તે મદ્ય વૃક્ષોના પુષ્પોની સુગંધથી વિશેષ મદ ઉત્પાદક થયો. એક સમયે સામ્બકુમાર રખડતો રખડતો ગંધને અનુસારે લાલસુ થઇને તે ગુફા તરફ ગયો. ને મદ્યપાન કરી પાછો આવી તેણે બીજા કુમારો આગળ તેનાં વખાણ કર્યાં; તે સાંભળી બીજા કુમારો પણ લોલુપ્ત



Aho ! Shrutgyanam

થઇ ત્યાંથી મદિરાપાન કરી આવ્યા. ફરતાં ફરતાં દ્વીપાયન તાપસને ધ્યાનારૂઢ દેખી બોલ્યા; અહો ! એ અમારા નગરને અગ્નિથી બાળનારો ને યાદવોનો નાશ કરનારો છે. માટે તેને ત્વરાથી હણો. મરી ગયા પછી તે શું કરશે ? એમ કહી ક્રોધાતુર થઇ દ્વીપાયનને લાકડી મારી તથા હસ્ત-પ્રહાર કરી દ્વારિકામાં જતા રહ્યા. લોકોના મુખથી તે વાતો સાંભળીને કૃષ્ણને ઉદ્વેગ થયો. તેથી ત્રિલોકપતિ ભગવંતની ગિરા અન્યથા થવાની નથી એમ જાણતો હતો તે છતાં પણ બળભદ્રને લઇ દ્વીપાયનનો ક્રોધ સમાવવા ગયો. તાપ-સને કૃષ્ણ કહે છે, હે ભગવંત, દુર્વિનીત ને મદાંધ એવા મારા પુત્રોએ કરેલો અપરાધ ક્ષમા કરો. આપ રહેમ નજરવાળા છો, માટે રંક ઉપર રોષ કરવો એ યુકત નથી. દ્વીપાયન ઋષિ કહે છે, હે કૃષ્ણ, હવે તારી પ્રાર્થના નિષ્ફળ છે. કોપના આવેશથી પ્રથમથીજ મેં દ્વારિકા બાળવાનું નિદાન કર્યું છે, પણ જાઓ તમે બે શલાકી પુરૂષ છો, તેથી તમારા બે વિના સર્વ યાદવો દ્વારિકામાં જરૂર બળશે. ભાવી અન્યથા થતું નથી, એમ ધારી કૃષ્ણ પોતાની દ્વારિકા નગરીમાં આવ્યા. દ્વીપાયન તાપસ તનુત્યાગ કરી અગ્નિ-કુમાર દેવ થયો. બીજે દિવસથી કૃષ્ણે પોતાની પુરીમાં એવી ઉદ્‌ઘોષણા કરાવી કે વિઘ્ન ટાળવા માટે ધર્મધ્યાનમાં સર્વ લોકોએ સાવચેતી રાખવી. સર્વ લોકોએ પણ ધર્મ

Aho ! Shrutgyanam

આદરવા માંડયો. હવે ભકતવત્સલ નેમીશ્વર ભગવંત વિચરતાં વિચરતાં પુનઃ રૈવતાચલે સમવસર્યા.

કૃષ્ણે આવી વંદના કરી મોહ નાશ કરનારી દેશના સાંભળી. પ્રબોધથી પ્રદ્યુમ્ન સાંબ પ્રમુખ પુત્રોએ દીક્ષા લીધી. રૂકિમણી, જાંબુવતી, ગૌરી, ગાંધારી, સુસીમા, સત્યભામા, પદ્માવતી પ્રમુખ ઘણા યાદવોની પદ્મિણી સ્ત્રીઓએ પણ સંયમવ્રત અંગીકાર કર્યું. બીજાઓએ પણ શ્રાવકવ્રત ધારણ કર્યાં. કૃષ્ણ પૂછેછે, હે ભગવાન્! મારી ભવ્યપુરીનો ક્ષય કયારે થશે ? અઢાર દોષ રહિત અરિષ્ટનેમિ ભગવાન્ કહે છે; બાર વર્ષ પછી તારી નગરીનો નાશ થશે. તે સાંભળી દિલગીર થઇ કૃષ્ણે દ્વારિકામાં જઇ વિશેષ ધર્મની પ્રવૃત્તિ કરાવી. છઠ્ઠ, આંબીલ વીગેરેનો તપ શરૂ કરાવ્યો. દ્વીપાયનનો જીવ જે મરીને અગ્નિકુમાર થયો હતો તે પણ પોતાનો લાગ ખોળવા લાગ્યો. બાર વર્ષ પછી તપ કરતાં સઘળા લોક હવે દ્વીપાયન નાશી ગયો એમ ધારી મદ્યમાંસાહારી ને સ્વેચ્છાચારી થયા. તેથી અગ્નિકુમાર દેવતાએ પણ છિદ્રા ખોળીને અવસર જોઇ નગરીમાં ઉપસર્ગ કરવા શરૂ કર્યા. પવને કરી તૃણ તથા કાષ્ઠ નગરીમાં પડવા લાગ્યાં. ઉત્પાતદર્શક ઉત્કટ ઉલ્કાપાત થયા, ચિત્રામણની પુતળીઓ હસવા લાગી, દ્વારે ચિત્રેલા અને કોતરેલા દેવતાઓ ઘર કંપાવવા લાગ્યા. ચારે દિશાનાં વૃક્ષો બળવા

Aho ! Shrutgyanam

લાગ્યાં. ચંદ્ર સૂર્યનાં ગ્રહણ થયાં, ધૂમકેતુ દેખાયા, વૈશ્વાનરની વૃષ્ટિ થઈ, નગરીમાં શ્વાપદ દોડવા લાગ્યાં, લોકોએ ભયાનક સ્વપ્નાં દીઠાં, સંવર્તક વાયુ વાવા લાગ્યો. ધુમાડો ફેલાયો ને નિરાધાર નગરી ચોગરદમ અનળથી બળવા લાગી. બહાર નાશી જનાર લોકોને પાછા ઉચકીને દ્વારિકામાં ફેંકે, નગરમાં રહેનારા બ્હોતેર કુલ કોડી યાદવો તથા બહાર રહેનારા સાઠ કુલ કોડી યાદવો એ રીતે કુલ એકસોબત્રીસ કુલ કોડી યાદવોની પરદેશ પરણાવેલી કન્યાઓને પણ લાવીને નગરીમાં નાંખે, તેમજ પરગામની કન્યાઓને ઉપાડીને તેમના પિયરમાં પોંચતી કરે. એવી રીતે અનેક દુષ્ટ કામો સાથે કરનારો દ્વીપાયન દેવ દ્વારિકા નગરીમાં એકદમ વિભાવસુને દીપાવવા લાગ્યો. મંદિર, મહાલય ને હર્મ્યરૂપી હીરાના હાર જીર્ણોદ્યાનની પેરે પાવકમાં પ્રજ્વલિત થયા. મલિમ્લુચની જ્વાળાઓની માળાઓ આકાશમાં અડકતી હતી. કરોડો પશુ પંખી કરૂણ સ્વરથી કોલાહલ કરતાં હતાં. બહાર નીકળવાનો માર્ગ જડતો નહોતો, તેથી બિચારા ભાગ્યહીન લોકો સ્તબ્ધ બની ગયા. ને ચોધારાં આંસુથી રડારોડ કરી કૃશાનુના કોપથી કપાલ કૂટવા લાગ્યા. કોઇ માતાને બોલાવે, કોઇ પિતાને બોલાવે, કોઇ પોતાના પુત્ર, મિત્ર કે કલત્રને બોલાવે; એમ દુખના માર્યા લોકો બેભાન થઇ એક બીજા ઉપર પડતા પડતા ભડકાઓમાં બળતા હતા. કોઇને કંઈ

Aho ! Shrutgyanam

સૂઝે નહિ, કોઇ કોઈનું થયું નહિ, સગાઈ તથા મિત્રાચારી કાળની કવેળાએ કામમાં આવી નહિ. આવી દૈવદુર્વિપાકની દુર્દશામાં કૃષ્ણ તથા બળરામે રથ તૈયાર કરીને પોતાના પિતા વસુદેવ તથા દેવકી અને રોહિણી માતાને રાજગૃહમાંથી સ્કંધે બેસાડી કહાડયાં, ને રથમાં બેસાડી હુતાશનમાં હોમાયેલી રથ્યાઓમાં થઈને નગરની બહાર નીકળવા લાગ્યા. પણ દ્વીપાયનના દુષ્ટ ક્રોધથી અશ્વવૃષભ ચાલે નહિ; તેથી રથને પોતે ખેંચવા લાગ્યા. રથ પણ ભાંગ્યો; તેથી ઘણો પ્રયાસ કરી દ્વારિકાના દરવાજા સૂધી આવ્યા. ત્યાં જુએ છે તો બારણા બંધ થયેલાં છે. પાદપ્રહારથી કૃષ્ણે દ્વાર તોડયાં. પણ રથ બહાર નિકળી શકે નહિ. દૈવગતિ આગળ કંઈ પણ ચાલ્યું નહિ. છેવટે વસુદેવ, દેવકી ને રોહિણી કૃષ્ણબળરામને કહે છે; હે પુત્રો તમે તો ઘણા ઉપાયો કીધા, પણ જે ભાવી વસ્તુ છે તે મિથ્યા થવાની નથી. માટે હવે તમે બસ કરો. એમ કહી પાપ સંતાપને કાપનાર નેમિનાથનું શરણ કરી ચતુર્વિધ પ્રાશનનું પ્રત્યાખ્યાન કરી, અરિહંત, સિદ્ધ, સાધુ ને ધર્મનો આશ્રય લઈ ત્રણે જણ બળી મૃત્યુ પામી સ્વર્ગે ગયાં. રામ ને કૃષ્ણ બહાર આવીને અનલદગ્ધ નગર તરફ નજર કરી જુએ છે તો જાણે અગ્નિનો પર્વત સળગતો હોય એમ જણાયું. મરૂન્મિત્રની મહાવ્યથામાં માતાઓને બાળકો વળગી પડે છે, વૃદ્ધ માણસો પોતાના પોકે પોકે

Aho ! Shrutgyanam

રડતા પુત્રોને બાઝી પડે છે. ભવ્યભવનો ભુવન્યુનો ભોગ થઈ ભડભડ બળે છે- ને એક પછી એક ભસ્મીભૂત થાય છે. ને જાણે ગિરિ તૂટી પડતા હોય એવી ગર્જના કરે છે. વન્હિ વ્યાકુલ મનુષ્યો તીક્ષ્ણતાપના મહા દારૂણ દુઃખમાં ઉપરા ઉપરી ઢળી પડે છે, ને બળી ખાખ થાય છે. એવો દેખાવ જોઈ કૃષ્ણ લલાટ ઉપર હાથ મૂકી કહે છે—અરે અદૃષ્ટ ! અફસોસ ! મેં જરાસંઘને જીત્યો, ત્રણસેંસાઠ સંગ્રામો કર્યા, ને આ પ્રસંગે મારૂં પરાક્રમ કયાં ગયું ? દેવાધિષ્ઠિત રત્ન કયાં ગયાં ? આઠ હજાર અંગરક્ષક અમર્ત્ય કયાં ગયાં ? શક્રનું સાહાય્ય ને કુબેરભંડારીની સમૃદ્ધિ કયાં ગઈ ? વિષમવિકાર વિદારનારી દેવની દીધેલી ભેરી કયાં ગઈ ? મારા સાઠ હજાર પુત્રો કયાં ? સોળ સહસ્ર મારા મુકુટબંધ મેદિનીપતિ કયાં ? ખરે, મેં ત્રણ ખંડનું રાજ્ય ખોયું છે. આજે મારા કામમાં કોઇ પણ આવ્યું નહીં. તે સાભળી હલધર ગિરિધરને કહે છે—ભાઇ જગત્માં લક્ષ્મી ઈંદ્રજાળ જેવી છે. પાપ પુણ્યના પ્રભાવથી સુખ દુઃખની પ્રાપ્તિ થાય છે. કરમને કંઈ પણ શરમ નથી. મહેશ્વર નેમિનાથે કહ્યું હતું તે ખરૂં પડયું છે. આપણાં પુણ્ય પરવાર્યાં છે. માટે હવે મિથ્યા શોક કરવાથી કંઇ મળવાનું નથી. પોતાની નગરી બળતી જોઇ ન શકવાથી બલાનુજ ને બલરામ દક્ષિણ નીરનિધિના તીર ઉપર પાન્ડુ

Aho ! Shrutgyanam

મથુરા નગરી કે જ્યાં પાંડવો તે વખતે પરિક્ષિતને હસ્તિના-પુરનું રાજ્ય સોંપી કૃષ્ણની આજ્ઞાથી નવું શહેર વસાવી રાજ્ય કરતા હતા તે તરફ જવા નીકળ્યા. અને દ્વારિકા નગરી સઘળી વસ્તી સહિત છ મહિના સુધી બળીઃ છેવટે પાથોનિધિએ પોતાના પાણીના પૂરથી પુરીને તાણી લીધી.

## वासुदेववध.

હવે કર્મવિપાકને લીધે કૃષ્ણુ બલભદ્ર સૌરાષ્ટ્ર મૂકી ચાલ્યા. રસ્તામાં ક્ષુધાપીડિત હોવાથી હસ્તિકલ્પ નગર સમીપે આવ્યા. બલભદ્ર ખાવાનું લેવા માટે નગરમાં ગયા, ત્યાંનો અવનીપતિ ધૃતરાષ્ટ્રનો પુત્ર અચ્છદંત હતો, તેણે બલભદ્રને ઓળખીને પોતાના સૈન્યથી ઘેરી લીધો. બલભદ્રે સિંહનાદ કર્યો તેથી કૃષ્ણે આવીને છોડાવ્યો. આગળ ચાલતાં કોશામ્બ નામના અરણ્યમાં આવ્યા. ત્યાં તૃષા લાગવાથી કૃષ્ણે બળભદ્રને જળ લેવા મોકલ્યા. પુન્નાગપાદપની નીચે પીતાંબર ઓઢી વાસુદેવ વામેતર પગ ખોળામાંમૂકી સુતા છે, એવામાં જરાકુમાર જે તેજ વનમાં રહેતો હતો તે મૃગયા રમતો રમતો ત્યાં આવ્યો. તેણે દૂરથી સૂતેલા કૃષ્ણના પદકનુંજ પદ્મ જોઈ તેને સુલોચન સમજી શર

Aho ! Shrutgyanam

માર્યું. કૃષ્ણે તરતજ ઉચ્ચસ્વરથી શબ્દ કર્યો કે હું કૃષ્ણ છું. મને કોણે બાણથી હણ્યો ? પોતાનું ગોત્ર ને નામ તરત આવીને કહો. જરાકુમાર વિસ્મય પામી ભીતિ સહિત બોલ્યો. દશમદશારહ વસુદેવ ને જરારાણીનો પુત્ર હું જરાકુમાર છું. કૃષ્ણના મૃત્યુને મરણ પમાડવા માટે બાર વર્ષથી આ વિપિનમાં રહું છું. મેં આ અરણ્યમાં આજ સૂધી કોઈ મનુષ્ય જોયો નથી. માટે તું કોણ છે? બોલ ! કૃષ્ણ કહે છે, જેને બચાવવા માટે તું બાર વર્ષ વનમાં રહ્યો તેજ હું તારો લઘુ ભ્રાતા કૃષ્ણ છું. તું અત્રે આવ, તારો પ્રયત્ન વૃથા ગયો. જે થવાનું હતું તે થયું. તેમાં તારો કંઈ વાંક નથી. પણ જો બળરામ આવશે તો તને હણશે, માટે આ મારો કૌસ્તુભમણિ લઈને પાંડુ મથુરા નગરીમાં પાંડવો પાસે ઝટ નાશી જા. તેમની પાસે મારીવતી ક્ષમા માગી દ્વારિકા બળી ગઈ, ને મારૂં નિધન થયું, વિગેરે સર્વ વૃત્તાંત કહેજે. એટલે તે તારૂં રક્ષણ કરશે. એવું સાંભળી જરાકુમાર જીવ લઈને જરાક ભાગ્યો કે કૃષ્ણના ચિત્તને વિષે તેના ઉપર ક્રોધ આવ્યો, તેથી કહે છે; અરે હું વાસુદેવ ત્રિખંડનો ભોક્તા છું, ને દુષ્ટે મારો વધ કર્યો તેને મેં જીવતો જવા દીધો. આવા અશુભ ધ્યાને હજાર વર્ષની ઉમરે કૃષ્ણ કથાશેષ થઈને ત્રીજી નરકે ઉત્પન્ન થયો. ત્યાંથી નીકળી મનુષ્યભવ પામી વૈમાનિક દેવતા

Aho ! Shrutgyanam

થશે, ત્યાંથી ચવીને આ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં શતદ્વારપુરે જીતશત્રુને ઘેર અવતાર લઇ અમમ નામે ત્રિદશનાથનતક્રમ એવા બારમા તીર્થંકર થશે. ને શિવરાજ્યના રંગમહેલમાં બીરાજી મહાનંદ પામશે. કૃષ્ણુ સોળ સંવત્સર કુમારપણે રહ્યા. છપ્પન વર્ષ મંડલિકપણે રહ્યા. ને ૯૨૮ વર્ષ વાસુદેવપણે રહ્યા.

---

## बलभद्र संयमधारण.

હવે પદ્મપત્રના પુટમાં પાણી લઇને બલભદ્ર પાછા આવી જુએ છે, તો કૃષ્ણુ નિદ્રાવશ છે એમ લાગ્યું. ક્ષણુવાર ઉભા રહ્યા. પણ માખીઓ મોં ઉપર બણુબણુ કરી ઉડી રહી છે, તેથી વસ્ત્ર ઉંચું કરી જુએ છે તો પ્રિય બાંધવ પ્રાણુરહિત જણાયો. તેથી ઝટિતિ મૂર્ચ્છા આવી. હલધર ધરણીઉપર ઢળી પડયો. સચેત થઇ અત્યંત કલ્પાંત કરવા લાગ્યો. આલિંગન દઇ કહે છેઃ–હે ગોવિંદ, હે બંધુ, તમે શા માટે બોલતા નથી. હે વનમાલી, હે વિષ્ણુ, તમે મારા લઘુ ભાઇ છો, તોપણ ગુરૂગુણુના ભંડાર છો. હે ગોપાલ, મેં તમને લાડલડાવી ઉછેરી પાળીને તથા મારા હાથે પારણામાં હુલરાવી મોટા કર્યા છે, ને હે દીનાનાથ દયાલ દામોદર! તમે દાઝયા ઉપર ડામ કેમ દો છો? હે

Aho ! Shrutgyanam

વિદ્વદ્દર્ય વિશાંપતિ વિઠ્ઠલ, મને વારિ લાવતાં વાર લાગી હોય તો મારો વાંક ક્ષમા કરો. હે મુરલીધર તમારા સિવાય હું પલમાત્ર પણ રહી શકતો નથી. આમ પરિદેવના કરતાં શર્વરી પૂર્ણ થઈ, ને દીવસ ઉગ્યો, તોપણ કૃષ્ણ બોલતા નથી. તેથી ખાંધે બેસાડીને બલભદ્ર વને વને ભમવા લાગ્યા. કોઇ કોઈ વાર ભૂમીપર મૂકી અતિ સ્નેહપૂર્વક બોલાવે, એમ છ મહિના ગાળ્યા. એવામાં બલભદ્રનો સિદ્ધાર્થ સારથિ જે દેવતા થયો હતો તે ત્યાં આવ્યો. અત્યંત ચકચૂર થઇ ગયેલા રથને સાંધે, પ્રસ્તરમાં પયોદને રોપે, રેતીમાં ઘાણી ફેરવે, દાવાનળમાં બળેલા ઝાડને પાણી પાય, ગાયોના મુડદાંને ઘાસ ખવરાવે, એવાં એવાં અનેક રૂપ કરી બલભદ્રના દેખતાં અશક્ય ને અસંભવિત કામ કરવાનો પ્રયત્ન કરીને તેને ખાત્રી કરી આપી કે જરાસંધમારક જરાકુમારના બાણથી મરી ગયો છે. એવી રીતે પ્રતિબોધ પમાડી મોહથી વિરક્ત કરી પોતાનું દેવ સ્વરૂપ દેખાડી ઠેકાણે લાવ્યો. તેથી બલભદ્રે કૃષ્ણના શરીરને નિર્જીવ સમજી સમુદ્રતટે લઇ જઈને અગ્નિસંસ્કાર કર્યો. એવે અવસરે મોહમદ નિર્મુક્ત શ્રી નેમીશ્વરે મોકલેલા ચારણઋષિ ત્યાં આવ્યા. તેણે બલભદ્રને બોધ પમાડી સંસારનો ત્યાગ કરાવ્યો, ને બંને તુંગિકા નામના પહાડ ઉપર ગયા.

Aho ! Shrutgyanam

## ૭૫

# बलभद्र स्वर्ग गमन.

એકદા માસક્ષમણના પારણાને અર્થે બલભદ્રઋષિ કોઇક નગરમાં ચાલતા હતા, ત્યારે કુવા કાંઠે ઉભેલી એક કામિનીએ ઋષિના રૂપથી મોહમાં પડી પાણી ભરવાના પ્રારંભમાં પોતાના પુત્રને ઘડો જાણી તેને ગળે દોરડાનો પાશ ઘાલી દીધિંકામાં ફાંસ્યો. તે જોઇ ગોચરી પડતી મૂકી રામ ઋષિ પોતાના રૂપ ઉપર ઉદ્વેગ પામી તે પુરીનો પરિત્યાગ કરી ચાલ્યા ગયા. વનમાં કાષ્ઠાહાર લોકો પાસેથી આહાર પાણી વોહરવો, એવો અભિગ્રહ ધારણ કરી સમતાપૂર્વક ઉગ્ર તપ કરવા માંડયો. તેમના દર્શનથી વનવગડાના સિંહ વ્યાઘ્ર પ્રમુખ પ્રાણીઓ પોતાનું દુષ્ટપણું તજતા હવા. કોઇક શાંતમૂર્ત્તિ મુનિ પાસે આવીને શાંત થઇ બેસે, કોઇક કાયોત્સર્ગ ધ્યાન ધરે, કોઇક પ્રાણી અનશન આદરે, કોઈક તપ કરે; એવો દેખાવ જોઇ એક પુરૂષે તે નગરના નરેશને વાત કરી. આ મુનિ તપ કરી મારૂં રાજ્ય ગ્રહણ કરશે એવી ભીતિથી તે ભૂપતિ સન્ય લઇને બલભદ્રને વીંટતો હવો, પણ સિદ્ધાર્થદેવ તે સૈન્યને રણમાં હરાવી બલભદ્રની રક્ષા કરતો હવો; તેથી તે નૃપતિ બલભદ્રને સાષ્ટાંગ નમસ્કાર કરી ચાલ્યો ગયો.

Aho ! Shrutgyanam

અન્યદા કોઈ મૃગ પૂર્વભવના સંબંધથી મુનિ પાસે આવીને શિષ્યની માફક તેની સેવા કરવા લાગ્યો. રામઋષિ પારણાને માટે અરણ્યમાં લાકડાં લેવા આવેલા કોઇ રથકારની પાસે ગયા. મૃગ પણ આગળ ચાલેછે. રથકારે પણ આનંદ પામી આત્માની પ્રશંસા કરી સુપ્રતિષ્ઠ સાધુને શુદ્ધ ભાવે શુદ્ધ આહાર આપ્યો. મૃગે પણ હર્ષથી ઉંચે મુખે જોઇ તેની અનુમોદના કરી. તેવામાં ઓચિંતાં અર્ધ છેદેલા વિટપીના પડવાથી મુનિ, રથકાર ને મૃગ ત્રણે મૃતિ પામ્યા. ને બ્રહ્મ દેવલોકમાં પદ્મોત્તર વિમાનમાં દેવતા થયા.

---

## કૃષ્ણનો મહિમા.

---

બલભદ્ર દેવતાએ અવધિજ્ઞાનના ઉપયોગથી જાણ્યું કે-મારો ભાઇ કૃષ્ણ નરકમાં છે; તેથી વૈક્રિય શરીર કરી નરકમાં આવી કૃષ્ણને સ્નેહપૂર્વક કહે છેઃ- હે બાંધવ, તમે બિહિશો નહિ. હું તમારો વડીલ ભાઇ છું. ચાલો તમને ત્રિવિષ્ટપમાં તેડી જાઊં, તમારૂં દુઃખ દેખી ખમાતું

Aho ! Shrutgyanam

નથી; એમ કહી કૃષ્ણુને ઉપાડવા જાય છે તો પારાની માફક તેનું શરીર વિખરાઈ જાય છે; તે ઉપરથી કૃષ્ણુ કહે છે-હે ભાઇ ભવભયભીતભ્રાતા ભગવંતે એમ ભાખ્યું છે કે-વિષય રસથી પ્રાણી અનંત વિપત્તિ પામે છે, માટે મારા દુષ્કર્મનો દોષ છે તે ટાળવા કોઈ સમર્થ નથી. તમે વૃથા પ્રયાસ કરવો તજી દ્યો, ને ભરતદેશમાં જઈને વિમાન વિકુર્વીને મારી મૂર્ત્તિ સ્થાપી લોકોને કહેજો કે-અમે હરિ ને રામ બંને જીવતા છીએ. અમે જગત્ ઉપજાવીએ છીએ, તેમજ સંહારીએ છીએ, ને તેથીજ અમે દ્વારિકા નિપજાવી ને તેનો સંહાર કર્યો છે. અમે કર્ત્તા હર્ત્તા છીએ, ને અમારી એષણા પ્રમાણે ચાલીએ છીએ. એવી રીતે મહિમા વધારજો. એ સાંભળી બળભદ્રદેવે ભરત દેશમાં આવીને પોતાનો પ્રભાવ બતાવીને ઠામેઠામ કૃષ્ણુના દેવાલયો કરાવ્યા. જે વિષ્ણુની પૂજા કરે તેને સુખી કરે, જે પૂજા ન કરે તેને દુઃખ દે. એવી રીતે કૃષ્ણુવાસુદેવનો મહિમા વધારી બળભદ્રદેવ પાછા સ્વર્ગમાં ગયા.

Aho ! Shrutgyanam

# ॥ पांडव चारित्र स्वीकार. ॥

હવે જરા કુમારે પાંડુમથુરામાં જઈ પાંડવોને કૌસ્તુભમણિ બતાવી દ્વારિકાના દાહની તથા કૃષ્ણના કાળની સર્વ વાત કહી. પાંચે પાંડવો પણ તેનો શોક કરી સંસારસમુદ્ર તરવાને દીક્ષારૂપી વહાણુ લેવાને માટે નિરાધાર આધાર શ્રી નેમીશ્વરનું સ્મરણ કરતા હવા. પરમ કૃપાળુ પ્રભુએ પણ પ્રસંગ જાણી પાંડવોને પ્રતિબોધ આપવા ધર્મઘોષ મહામુનિને પાંચસે સાધુ સહિત પાંડુમથુરા નગરીએ મોકલ્યા. મુનિનો મધુર ને મિષ્ટ ઉપદેશ સાંભળી પાંડવો પોતાના પૂર્વભવ વિષે પૂછતા હવા. શિષ્યકલભસંયુક્ત ગુરૂ ગજરાજ કહે છે. હે પાંડવો પૂર્વે તમે આસન્નાચળ નગરમાં સુરતિ, શાન્તનું, દેવ, સુમતિ ને સુભદ્ર એવે નામે પાંચ ભાઇ હતા. જાતના ખેડુત હતા. એકદા યશોધર્મ મુનિના વચનથી સુપ્રતિબોધ પામી સંસારનો અનાદર કરી સંયમવ્રતનો સ્વીકાર કર્યો. નિસ્પૃહાથી વિચરતાં ભિન્ન ભિન્ન તપ કરવા લાગ્યા. સુરતિએ કનકાવળી તપ કર્યો. શાન્તનું રત્નાવળી તપ તપ્યો. દેવે મુક્તાવળી તપ આદર્યો. સુમતિએ સિંહ વિક્રીડિત તપ કીધો ને સુભદ્રે વર્દ્ધમાન તપ આરંભ્યો. અંતે અનશન કરી આલેખ્યશેષ થઇ અનુત્તર વિમાને દેવતા થયા. ત્યાંથી આવીને તમે પાંચે પાંડુના પુત્ર થયા. ને આ ભવને વિષે તમને પંચ-

Aho ! Shrutgyanam

મગતિનો પરમ લાભ થશે. એમ માનવિયુક્ત મુનિનાં વચન સાંભળી વૈરાગ્ય પામી જરાકુમારને પાંડુ મથુરાપુરીનું રાજ્ય સોંપી મહોત્સવ કરી પાંડવોએ પ્રતિષ્ઠિત ગુરૂ પાસેથી સાદિઅનંત નિવાસમાં પ્રવેશ કરવાના સોપાન પંક્તિપ્રતિમ સંયમ ભારનો સ્વીકાર કર્યો. કુંતી ને દ્રૌપદીએ પણ દીક્ષા લીધી.

## श्री नेमिनाथनिर्वाण.

વરદત્ત પ્રમુખ અગીઆર ગણધર, ૧૮૦૦૦ સાધુ, (૨૪૭૦૦ શત્રુંજયમાહાત્મ્ય), ૪૦૦૦૦ સાધ્વી, ૧૫૦૦ વૈક્રિય લબ્ધિવાળા મુનિ, ૧૫૦૦ અવધિજ્ઞાની, ૧૫૦૦ કેવળી, ૧૦૦૦ મનઃપર્યયજ્ઞાની, ૪૦૦ ચૌદપૂર્વી, ૧૬૯૦૦૦ શ્રાવક, ૩૩૬૦૦૦ શ્રાવિકા, (૩૬૯૦૦૦ શત્રુંજયમાહાત્મ્ય) એમ ચતુર્વિધ સંઘનો પરિવાર સાથે લઇ ૩૪ અતિશયે કરી વિરાજમાન ભગવાન આર્ય તથા અનાર્ય દેશોમાં વિચરતાં પોતાનો નિર્વાણસમય સમીપ આવેલો જાણી શ્રી રૈવતાચલે આવ્યા. દેવતાઓએ રચેલા સમવસરણમાં સપ્તભંગીયુકત સ્યાદ્વાદશૈલીવાળી છેલ્લી દેશના આપી કેટલાકને પ્રતિબોધી દીક્ષા દીધી. છેવટે પાદોપગમન અનશન કરી, આષાઢ સુદિ અષ્ટમીને દિવસે ચાર અઘાતિક કર્મ

Aho ! Shrutgyanam

તોડીને, ચિત્રાનક્ષત્રે ચંદ્રમાનો યોગ આવ્યો ત્યારે, ૫૩૬ સાધુની સાથે પરમપદમાં પધાર્યા. પ્રભુજીએ ૩૦૦ વર્ષ ગૃહવાસ કર્યો; ૫૪ દિન પરીષહ સહન કર્યા; ચોપન દિન ઉણા સાતસેં વર્ષ કેવળીપણે રહ્યા; એ રીતે કુલ સહસ્ર વર્ષનું આયુષ સંપૂર્ણ કરી એક સમયમાં નિરંજન નિરાકારપણે સિદ્ધસ્થાનમાં બિરાજમાન થયા.

પવિત્રાત્મા સમુદ્રવિજયનો પરમપૂજ્ય પુત્ર અધર્માદિનો નિર્ભેદ કરી સંસારસમુદ્રમાં વિજય મેળવી પંચ અનુત્તરમાંના વિજય વિમાનની ઉપર વિજયાસ્પદમાં વિરાજે છે, ને અનંત વિજયનો વભવ ભોગવે છે. શર્મંકર શિવાદેવીના શિવશંકર સુતે શુદ્ધ ને સિદ્ધ થઈ શિવાલયમાં જઇ શિવસુંદરીનું શાશ્વતસુખ સંપાદન કર્યું છે. ઉગ્રસેનનો અગ્રેસર જામાતા મોહઉવીંશની ઉગ્રસેનાને ઉગ્રતર તેજ વડે હઠાવીને મોક્ષરૂપી જાયાજનકનિકેતમાં જામી ગયો છે. દીપ્તિમતી દ્વારાવતી તથા રાજીવનયની રાજીમતીનો કારૂણ્યાર્ણવ પ્રિયપતિ કઠિન કર્મરૂપી કાષ્ઠરાજીનો ભસ્મ કરી પુણ્યલોકના પ્રાંત પ્રદેશે પોંચી નિઃશ્રેયસશ્રીની સ્થાવિષ્ઠ શાંતિમાં ગાજી રહ્યો છે. ધર્મરથનેમિ હરિવંશનું અજ્ઞાનતિમિરભાનેમિ તીર્થાધીશ નેમિરત્ન કાળચક્રની નેમિને આધીન થયું, તોપણ ગુણસ્થાનના દ્વારમાં પ્રવેશ કરી ભવનેમિમાં રથનેમિનો ત્યાગ કરી સિદ્ધશિલા ઓળંગી ચૌદરાજ

Aho ! Shrutgyanam

લોકમાં કાલદાવાનલમેઘ સમાન થઇ શ્રેષ્ઠ સુખાસને આપી રહ્યું છે.

દ્વાદશગણાવતંસ, બાર ગુણના ભંડાર, બાવીસ અભક્ષ્યના પરિત્યાગી, તથા બાવીસ પરીષહના જીતનાર, એવા બાવીસમા તીર્થંકર ભવસંતતિરૂપી ઉદન્વાન્‌ના પ્રાણીને વગર તુંબડે તરી પાર ઉતાર્યા છે. ધર્મદેવ, દ્રવ્યદેવ, ને ભાવદેવ, એ ચાર પ્રકારના દેવને સેવવા યોગ્ય અનંતદર્શન, અનંતજ્ઞાન, અનંતવીર્ય ને અનંત સાખ્ય, એવા અનંતચતુષ્ટયના ધારક, અષ્ટાદશ દોષરૂપી સિંધુરઘટાનો સંહાર કરવામાં સૌમ્ય સિંહસમાન, ગાંભીર્યાદિ ગુણગુંફિત, દેવાધિદેવ યદુપતિ મુક્તિવધૂના વિશાલ હૃદયમાં મનોહર હારરૂપે ચળકી રહ્યા છે, મિતદાનક્ષમકલ્પદ્રુમાધિક, જગદ્ધાતા, વિઘ્નૌઘવિધ્વંસકર્તા, કૃષ્ણભ્રાતા, અમિત દાતા, ત્રૈલોક્યત્રાતા, અનંતાતિશયયુક્ત રત્નત્રયાઢય, પરમયોગીશ્વર પ્રભુ મહાનંદરૂપી સરોરાજમાં રાજમરાલની પેરે અનુપમ, મહિમા વિલાસમાં મોજ માણેછે. ચતુર્થારનભોમણિ, કષાય ચતુષ્કચૂરક, ચતુર્થ પુરૂષાર્થશ્રીયુત, ચતુર્વિધ સંઘસ્થાપક, ચતુર્ધા ધર્મદેષ્ટા, ચતુઃષષ્ટિ, દેવેન્દ્રાર્ચિત, ચતુર્દશ વિદ્યાચતુર, ચતુર્મુખ નિર્ગત દેશના ચતુર્દિશા પ્રકાશયિતા, ચતુર્નિકાય દિવિજરાજ પૂજીત, ચતુર્ગતિ નિવારક, ચતુસ્ત્રિંશદતિશયયુક્ત, પરમાનંદકંદોદ્‌ભેદનવાંબુદ, મહેન્દ્રિદંમતાંહ્રિપદ્મ, વીતરાગદ્વેષમોહ,



Aho ! Shrutgyanam

તપોધનાધીશસદાનમસ્કૃત, ત્રિશ્વકમલાકર ભાસ્કર, અનેકાંત મતાંભોધિ સમુલ્લાસન ચંદ્રમા, મુકત્યંગનાવકૃત્રસરોજભૂત, દુર્નય કલભ મૃગેંદ્ર, મમતારજનીદિવસધિપતિ, સંભવ વૃક્ષ સમૂલ કુઠાર, ભૂર્ભુવસ્વસ્ત્રયીશાન, વિલયોત્પાદસ્થિતિલક્ષણ, વિખંડિત મોહ મહીરૂહખંડ, પાપૌઘ પાંશુ પવન, કલંક રજોભર ભૂરિ સમીર, મદનભુજંગ વિહંગમરાજ, દુષ્ટકર્મકાનનહુતાશ, સકલ વિશ્વને કરામલકવત્ રગી રહ્યા છે.

यदुवंश समुद्रेन्दुः कर्म कक्ष हुताशनः ।
अरिष्टनेमिर्भगवान्, भूयाद्वोरिष्टनाशनः ॥

राजीमति यः प्रविहाय मोहं ।
स्थितीचकारापुनरागमाय ॥
जीवेषु सर्वेषु दयां दधान ।
स्तं नेमिनाथं प्रणमामि नित्यं ॥

જે સકલ ગુણાકર, વિષ્ટપજલજ દિવાકર, નમિત પુરંદર, સુંદર ધર્મધુરંધર પંચપરમેષ્ટિ વરિષ્ટ, પંચબાણ વિદ્વિષ્ વિભુ પંચમીને દિન જન્મ્યા; જેનો પંચ રૂપવાળા ત્રિદશપતિએ પંચમેરૂમાંના મધ્ય મંદર ક્ષ્માધરના શિખર ઉપર પંચમવાર્ધિના પયઃપૂરથી પ્રાજ્યાભિષેક કર્યો; જે પંચકલ્યાણક પૂર્ણપ્રભુ પંચાક્ષરૂપી દ્વિરદનો પ્રબળ મદ ટાળવામાં પંચાનન સમાન છે; જે પંચદાન, પંચાચાર પંચસમવાય, પંચમહા-

Aho ! Shrutgyanam

વ્રત ને પંચવિધ સમિતિનો ઉપદેશ દેનારા છે, જે પંચ પ્રમાદ પ્રમુકત ને પંચ વિષય પ્રવર્જક છે; પ્રક્ષીણાશેષકલ્મષ, ને પંચાંગ પ્રણુત, એવા જે પ્રભુ પંચદેહથી નિર્મુકત છે, તથા પંચાસ્તિકાય પ્રરૂપક છે; જેણે પંચમુષ્ટિલોચ કરીને કર્મ પ્રપંચ તોડી નાંખ્યો છે; એવા નાકેન્દ્ર નાગેન્દ્ર નરેન્દ્રનત ચરણ યુગલ, પુંડરીકાક્ષ શ્રી નેમીશ્વર ભગવાન પંચતીર્થ શ્રેષ્ઠ પુંડરીક પર્વતની પાંચમી ટુંકે પંચમજ્ઞાન પ્રાપ્ત કરી પંચમગતિ પામ્યા. સુરાસુર ને સર્પસુપર્ણથી સેવાયલા, માન મહીધર વજ્ર, ને પુષ્પશરાનલનીર, એવા પરમેશ્વર પ્રસિદ્ધિ પ્રાસાદમાં પરમ પ્રમોદ નિમગ્ન થયા છે. બુદ્ધ થઈ અનંતબળના નિધિ થયા છે. અશરીરી થઈ અજરામર પામ્યા છે. રાગ તજી મુક્તિરમણી સાથે રમી રહ્યા છે. શંખ લાંછન છતાં નિર્વાણવધૂ કુચકલશ મૌક્તિકમાલા સમાન થઈ કલિલપંકનિમુકતપણે નિર્લાંછનાવસ્થામાં સિદ્ધિસુખ સૌધની અંદર શોભી રહ્યા છે. મન્મથ મથન મહામૃગેશ એવા મહા પ્રભુએ મહોદય પદવી મેળવી છે. દૂરીકૃત દૂષણ, ને મુનિગણ ભૂષણ, એવા બ્રહ્મિષ્ટ બ્રહ્મચારી બ્રહ્માંડપતિ પરમ બ્રહ્મત્વ પામ્યા છે.

અશેષાવનિપતિ પ્રપૂજીત એવા અષ્ટમૂર્તિ અરિષ્ટનેમિ અરિહંત જે અષ્ટ મહા પ્રાતિહાર્ય પ્રયુક્ત, અષ્ટોત્તર સહસ્ત્ર બાહ્ય ચિન્હ શોભિત, અષ્ટવિધ કુંભરત્નપિત, અષ્ટાન્હિક મહો-

Aho ! Shrutgyanam

ત્વસવ હેતુ અષ્ટાદશદોષ નિર્દૂષિત, અષ્ટમંગળ નવગૃહ દશ દિક્પાલાર્ચિત, અષ્ટાંગધુપ સુગંધિત, ને અષ્ટ સિદ્ધિદાયક છે, તેમણે અષ્ટ કર્મ જાળનો વિચ્છેદ કરી અષ્ટમી ગતિની સાધનંતસ્થિતિ સાધી છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ ને શબ્દ રહિત વેદ, યોગ, સંસ્થાન ને લેશ્યા વર્જીત, શક્ત, શરણ્ય, વરેણ્ય, એમ અગણ્ય ગુણના અંતર્યામી સ્વામી સિદ્ધપુરમાં જઈ અવિચલામ્રતમાં તલ્લીન થયા છે. સાંબ, પ્રદ્યુમ્ન પ્રમુખ કૃષ્ણકુમારો સાડાત્રણ ક્રોડમુનિ સાથે સિદ્ધાચલ પર્વતે મોક્ષસુખ પામ્યા.

શ્રી નેમિનાથના ભાઈઓ, કૃષ્ણવાસુદેવની અગ્ર મહીષીઓ તથા રાજીમતી આદિક સાધવીઓ મોક્ષે ગઈ. તેમજ નેમીનાથ પ્રભુના પિતા સમુદ્રવિજય રાજા તથા માતા શિવાદેવી રાણી માહેંદ્ર કલ્પમાં દેવતાપણે ઉત્પન્ન થયાં.

### गाथा.

नागेसु उसभपिया सेसाणं सत्त जंति ईसाणे ।
अट्ठय सणं कुमारे माहिंदे अट्ठ अणुकमसो ॥
आइ जिणाण ठण्हं गयाओ मुक्खं मि अट्ठ जणणीओ ।
अट्ठय सणं कुमारे माहिंदे अट्ठ वच्चंति ॥

અર્થ—ઋષભદેવના પિતા નાગકુમારમાં ઉત્પંન થયા. ત્યાર પછીના સાત તીર્થંકરના પિતા ઈશાન દેવલોકમાં

Aho ! Shrutgyanam

ગયા. પછીના આઠ તીર્થંકરોના પિતા સનત્કુમારમાં ગયા ને છેલ્લા આઠ તીર્થંકરોના પિતા અનુક્રમે માહેંદ્ર દેવલોકમાં ગયા. પહેલા આઠ જીનની જનનીઓ મોક્ષગતિ પામી. બીજા આઠની માતાઓ સનત્કુમારદેવલોકમાં ગઇ ને છેવટના આઠ તીર્થંકરની માતાઓ માહેંદ્ર દેવલોકમા ગઈ.

## दीनानाथ देहदहन.

નિર્જરનાથ નમસ્કૃત નેમિનાથ જીનપતિનું મોક્ષગમન જાણી ચોસઠ કલ્પેન્દ્રો તેમના શરીર પાસે આવી નીચે પ્રમાણે કલ્પાંત કરે છે. હે સુખસદ્મ શિવરમણીસ્વામી, હવે અવઘભેદિની દેશના કોણ દેશે? હે હરિવંશચંદ્ર હિતશિક્ષા કોણ કહેશે? અમે પ્રભુજી કોને કહીશું? કોનું મુખારવિંદ જોઇ પ્રમોદ પામીશું? હે વિશ્વવંધસ્વામી, કેમ બોલતા નથી. હે દુર્વારસંસાર વિકારનિવારક નેમિજીન, નેત્રોથી હવે કોને નિરખીશું. હે વરિષ્ઠ, હે ગરિષ્ઠ, હે મહિષ્ઠ, હે પરમેષ્ટ પરમેષ્ઠિ આગમના અમૃત રસના અંબુદને વરસાવો. એમ અનેક પ્રકારે અગાધ શોક કરી ધનદદેવને શિવિકા કરવાનો આદેશ કર્યો. તેણે પણ રૂદન કરતાં કરતાં સકલ પુદ્ગલ સંગવર્જીત શ્યામવિભુના શવને ચંદન ચર્ચીને શિવિકામાં સ્થાપ્યું. અગ્નિકુમાર દેવતાએ તે શિવિકાને નૈઋતખૂણમાં

Aho ! Shrutgyanam

રત્નશિલાપર સ્થાપીને ગોશીર્ષ તથા ચંદનાદિક કાષ્ઠોએ કરી કલ્યાણ કેલિસદન ભગવાનના કલેવરને અગ્નિસંસ્કાર કર્યો. વાયુકુમારદેવે વાયુ ચલાવ્યો, ને અંતતઃ ક્ષીરોદધિના અંબુથી અગ્નિને શાંત કર્યો. અન્ય મુનિઓના અંગનો પણ પૃથક્ પૃથક ચિતામાં અગ્નિ સંસ્કાર કર્યો. પૂજન કરવાને માટે સુધર્મેન્દ્રે ઉપરની દક્ષિણ દાઢા લીધી. ઈશાનેન્દ્રે વામ દાઢા લીધી, ચમરેંન્દ્રે નીચલી દાઢા લીધી. એમ અન્ય અમરોએ પણ એકેક એકેક લીધી. પછી ઈંદ્ર વન્હિ સંસ્કારને સ્થાને વજ્રથી વિશ્વસ્વામિ અરિષ્ટનેમિનું નામ ને લક્ષણ કોતરીને તે ઠેકાણે ચૈત્ય બનાવીને ત્યાં ભવજલધિનાવ શ્રી નેમિનાથની પ્રતિમા પધરાવી. પછી સર્વ દેવતાઓ નંદીશ્વરદ્વીપે જઈ અષ્ટાન્હિક મહોત્સવ કરી પોતપોતાને સ્થાનકે ગયા.

## पांडव मोक्षप्राप्ति.

હવે અનેક પ્રકારે તપસ્યા કરનારા પાંડવો વસુધામંડળને વિષે વિહાર કરતા કરતા ધર્મ ઘોષ મુનિની સાથે રૈવતક શિલોચ્ચયથી બાર યોજન દૂર રહેલા હસ્તિકલ્પ નગરમાં આવ્યા. ત્યાં સૂર્યોદયે ચારણશ્રમણમુનિના મુખથી ભવ્યાબ્જભાનુ ભગવાનનો નિર્વાણ સાંભળી શોકાક્રાન્ત થઇ બોલ્યા

Aho ! Shrutgyanam

અહો આપણા મનના મનોરથ મનમાંજ રહ્યા. આપણે શિવાનંદનનું વંદન કરી શક્યા નહિ, અરિહંત અનાહાર થયા માટે આપણે પણ આહાર લેવો અયુક્ત છે. એમ અવધારણા કરી રૈવત શિખરી જમણો મૂકી સિદ્ધાચલ તર્ફ વળ્યા. અનસન કરી અનુક્રમે ઘાતિક કર્મનો ક્ષય કરી કુંતીમાતાની સાથે અંતકૃત્ કેવળી થઈ; ધર્મઘોષ મુનિ પ્રમુખ વીસ ક્રોડ સાધુ સાથે તેજ પર્વતે પાંચમી ગતિ પામ્યા. દ્રૌપદી પણ કાળ કરી બ્રહ્મદેવલોકમાં ઉત્પંન થઈ; ત્યાંથી મનુષ્યના અવતારમાં આવી અષ્ટમી ગતિ પામશે.

હવે નારદ દ્વારિકાનો દાહ ને યાદવોનો ક્ષય સાંભળી શત્રુંજય ગિરિ આવી પોતાના અવિરતિપણાની અવગણના કરતો સુરપતિસેવિત પ્રથમ તીર્થપતિ શ્રી રૂષભદેવને નમસ્કાર કરી, અનશન કરી તેજ શિખરે કેવળજ્ઞાન પામી શિવનગરમાં સીધાવ્યો. એવી રીતે અનંત નારદો આ શત્રુંજયે સિધ્ધિવધૂને વર્યા છે, ને આગામિકાળમાં પણ વરશે, તથા અવિચલ લીલાવિલાસ ભોગવશે.

## શત્રુંજય માહાત્મ્ય.

જેમ દેવમાં ઇંદ્ર છે, મંત્રમાં નવકાર છે, ધર્મમાં દયાધર્મ છે, વ્રતમાં બ્રહ્મચર્ય છે ને પર્વતમાં મેરૂ છે, તેમ

Aho ! Shrutgyanam

તીર્થમાં શત્રુંજય શ્રેષ્ટછે. જે સમયે શ્રી રૂષભદેવ ૮૪ ગણધર ને ૮૪૦૦૦ મુનિયો સાથે વિહાર કરતાં શત્રુંજય ઉપર સમવસર્યા, ત્યારે તેમણે મુખ્ય ગણધર પુંડરીક આગળ શત્રુંજયનો મહિમા કહ્યો, તે નીચે પ્રમાણે.—

આ તીર્થ ઉપર અનાદિ અનંતકાળમાં અસંખ્ય અરિહંત અને અનંત મુનિ મોક્ષ ગયા છે, ને વળી જાશે. તિર્યંચ જીવો પણ આ તીર્થને સેવવાથી ત્રીજા ભવે સિદ્ધ થાય છે પહેલા આરામાં શત્રુંજય ૮૦ યોજન, બીજામાં ૭૦ યોજન, ત્રીજામાં ૬૦ ચોથામાં ૫૦ ને પાંચમામાં ૧૨ યોજન ઉંચો હોય છે. ને છઠ્ઠા આરામાં સાત હાથ છેવટે ઉંચો રહે છે. તેથી આ તીર્થ શાશ્વત છે. વળી શત્રુંજય ઉપર કોણ કોણ મોક્ષ પામ્યા છે. તેઓમાં મુખ્ય નીચે પ્રમાણે છે.

ઋષભદેવના પ્રથમ ગણધર પુંડરીક પાંચકોડ મુનિ સાથે ચૈત્રીપુનેમ ઉપર મોક્ષ ગયા, તે ઉપરથી શત્રુંજયનું નામ પુંડરીકગિરિ પડયું. દ્રાવીડને વારિખિલ્લ નામના બે ભાઇ દશકોડ મુનિ સાથે કાર્તિક પુનેમને દીન મોક્ષ ગયા. નમિ તથા વિનમિ નામના બે વિદ્યાધર ભાઇઓ બે કોડ મુન સાથે સિધ્ધ થયા.ઋષભ પુત્ર ભરત તથા તેની ગાદીએ થએલા અસંખ્ય રાજાઓ મુક્તિ પામ્યા પ્રદ્યુમન ને સાંબ પ્રમુખ કૃષ્ણના સાડા આઠ કોડ પુત્રપોત્રો શિવગતિ પામ્યા. પાંડવો વીસ-

Aho ! Shrutgyanam

કોડ મુનિ સાથે શિવરમણી વર્યા. નારદમુનિ એકાણું લાખ મુનિ સાથે સિદ્ધિપદ પામ્યા. રામ ભરતાદિક ત્રણ કોડ મુનિ સાથે નિર્વાણ પામ્યા. થાવચ્ચા તથા શુકમુનિએ હજાર હજાર મુનિ સાથે સંસાર છોડયો. શેલગ મુનિ પાંચસે મુનિ સાથે મોક્ષસ્થાન પામ્યા.

नमस्कारसमो मंत्रः शत्रुंजयसमोगिरिः ।
वीतरागसमोदेवो न : भूतो न भविष्यति ॥ १ ॥
कृत्वा पापसहस्राणि हत्वा जंतुशतानिच ।
इदं तीर्थं समासाद्य तिर्यंचोऽपि दिवंगताः ॥ २ ॥
एकैकस्मिन् पदेदत्ते शत्रुंजयगिरिं प्रति.
भवकोटि सहस्रेभ्यः पातकेभ्यो विमुच्यते. ॥ ३ ॥
छट्ठेणं भत्तेणं अपाणएणं च सत्त जत्ताओ.
जो कुणइ सित्तुंजे सो तइय भवे लहइ सिद्धिम् ॥ ४ ॥
नवि तं सुवन्नभूमी भूसणदाणेण अन्नतित्थेसु
जं पावइ पुण्णफलं पूयान्हवणेण सित्तुंजे ॥ ५ ॥
जंकिंचिनाम तित्थं सग्गे पायाल माणुसे लोए.
तं सव्वमेव यिठं पुंडरिए वंदिए संते ॥ ६ ॥

Aho ! Shrutgyanam

# प्रथम उद्धार.

ઋષભદેવના પુત્ર ભરતચક્રવર્તીએ, બત્રીસ હજાર મુકુટબંધ રાજાઓ, ચોરાશી લાખ નિશાન ડંકા, રત્ન જડિતસામાનવાળા ચોરાશી લાખ હાથી, પગે સોનાની ઝાંઝરવાળા તથા કોટે સુવર્ણની ઘુઘરમાળવાળા મહા રૂપવાન બળદોથી જોડેલા ચોરાશી લાખ રથ, છન્નુકોડ પાયદળ, અરાડ કોડ અશ્વ, ત્રણ ક્રોડ પ્રધાન, ત્રણકોડ વ્યાપારી, ઇત્યાદિ રિધ્ધિ સહિત શત્રુંજય આવીને ઉધ્ધાર કર્યો. દોઢ કોસ લાંબાં ને હજાર ધનુષ પહોળાં એવાં ચાર દિશાએ ચાર દ્વારવાળો રત્નતોરણ શોભિત સુવર્ણપ્રાસાદ કરાવીને દરેક બારણે એકવીસ મંડપ રચાવી મૂળ ગર્ભગૃહમાં આદીશ્વરની મણિમય ચાર મૂર્ત્તિ પધરાવી. બંને પાસે નમિ તથા વિનમિ એ બે કાઉસગીઆ સ્થાપ્યા. તથા પુંડરીક ગણધરની મૂર્ત્તિઓ ભરાવી. વળી સમવસરણ રચ્યું. તથા પોતાના દાદા નાભિને દાદી મરૂદેવા તથા માતાઓ સુમંગળા ને સુનંદા તથા બહેનો બ્રાહ્મી ને સુંદરી તથા નવાણું ભાઇ તથા ગોમુખયક્ષ ને ચક્રેશ્વરી દેવી એ સર્વેની પ્રતિમાઓની પ્રતિષ્ટા કરાવી.

Aho ! Shrutgyanam

# द्वितीय उद्धार.

ભરતની ગાદીએ આદિત્યયશ, મહાયશ, બલભદ્ર, બળવીર્ય, કીર્તિવીર્ય, જલવીર્ય એમ છ રાજાઓ અનુક્રમે થયા; ને આઠમે પાટે દંડવીર્ય રાજા થયો. તેણે ભરત પછી છ કોડ પૂર્વ ગયા પછી ભરતની માફક સંઘવી થઈને બીજો ઉદ્ધાર કર્યો. આ આઠે રાજાઓ અરિસાભુવનમાં કેવળ પામી મોક્ષ ગયા છે.

# तृतीयोद्धार तथा बीजा उद्धार.

ત્યાર પછી સો સાગર ગયા પછી ઈશાનેન્દ્રે મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધરજીનના ઉપદેશથી ત્રીજો ઉદ્ધાર કર્યો. ત્યાર પછી એક કોડી સાગર વીત્યા પછી ચોથા દેવલોકના અધિપતિ મહેન્દ્રે ચોથો ઉદ્ધાર કર્યો. ત્યાર પછી દશકોડી સાગર ગયા પછી પાંચમાં દેવલોકના સ્વામી બ્રહ્મેન્દ્રે પાંચમો ઉદ્ધાર કર્યો.

તે પછી એક કોડી ને લાખ સાગરને અંતરે ભવનપતિના ઈંદ્ર ચમરેન્દ્રે છઠ્ઠો ઉદ્ધાર કર્યો.

આદીશ્વર પછી પચાશકોડી લાખ સાગર ગયા પછી બીજા તીર્થંકર અજીતનાથના પિત્રાઈ ભાઈ સંગરે ચક્રવ-

Aho ! Shrutgyanam

ર્તીએ પુત્રમરણની ચિંતા તજીને શત્રુંજય ગિરીંદ્રનો સાતમો ઉધ્ધાર કર્યો, ને પડતો કાળ આવતો જાણી પશ્ચિમ દિશાની ગુફામાં રત્નની પ્રતિમા ભંડારીને સુવર્ણની કરી, તથા રૂપાનાં દેવાલય કર્યાં. ત્યાર પછી દશ લાખ ને ત્રીસ કોડી સાગર ગયા પછી અભિનંદનના ઉપદેશથી વ્યંતરેંદ્રે આઠમો ઉધ્ધાર કર્યો.

ત્યાર પછી ચંદ્રપ્રભુના સમયમાં ચંદ્રશેખરના પુત્ર ચંદ્રયશ રાજાએ નવમો ઉધ્ધાર કર્યો.

ત્યાર પછી સોળમા તીર્થંકર શાંતિનાથના બોધથી તેમના પુત્ર ચક્રાકુધે દશમો ઉધ્ધાર કર્યો.

ત્યાર પછી મુનિસુવ્રતના વારામાં દશરથસુત રામે ચંદ્રે અગ્યારમો ઉદ્ધાર કર્યો. ત્યાર પછી નેમિનાથના વખતમાં પાંડવોએ બારમો ઉદ્ધાર કર્યો. તેમણે કાષ્ટનો પ્રાસાદ કરી લેપમયી મૂર્તિ સ્થાપી.

પાંડવો પછી ચોરાશી હજાર વર્ષે મહાવીરસ્વામી થયા ને ત્યાર પછી ચારસેં શીતેર વર્ષે વિક્રમરાજા થયો. વિક્રમ સંવત ૧૦૮ માં પોરવાડ જાવડશા નામે કાશ્મીરનો વેપારી થયો. તેના પિતા ભાવડે વિક્રમ પાસેથી મધુમતી (મહુવા) જાગીરમાં મેળવ્યું હતું. છેલ્લા દશપુર્વધારી વજ્ર સ્વામીના ઉપદેશથી જાવડશાહે ચોથા આરામાં બાર ઉધ્ધાર થયા પછી પાંચમાં આરામાં તેરમો ઉધ્ધાર કર્યો. (ઇ. સ. પર.) જાવડના દીકરા ઝાંઝણુગે ગિરનારનો ઉધ્ધાર કર્યો.

Aho ! Shrutgyanam

પાંડવ ને જાદવ વચ્ચે ૨૫૯૫૭૫૦૦૦ રાજાઓ શત્રુંજયના સંઘવી થયા.

સંવત ૧૨૧૩ માં શ્રીમાળી બાહડદે નામે કુમારપાળ રાજાના પ્રધાને ચૌદમો ઉધ્ધાર કર્યો.

(સંવત ૧૨૮૬માં વસ્તુપાળે શત્રુંજય તથા ગિરનારનો ઉદ્ધાર કર્યો.

સંવત ૧૩૭૧ માં સમરાસા ઓસવાળે પંદરમો ઉધ્ધાર કર્યો. તે દિલ્લીના પાદશાહનો મામો હતો. (Samrasa sarang of J. Burgess) (રત્નાકરસૂરિના ઉપદેશથી.]

જાદવ ને સમરાશા વચ્ચે ત્રણ લાખ ને ચોરાશી હજાર સંઘપતિ થયા. સમરાશાંએ નવ લાખ હેમ ટકા ખરચી નવ લાખ બંધીવાન છોડાવ્યા. તે પાલીતાણાનો શ્રાવક હતો. તેણે દિલ્લીના પાદશાહને પોતાને ઘેર આશ્રય આપ્યો હતો. તેથી દિલ્લિનો પાદશાહ તેને મામો કહિ બોલાવતો. સંવત ૧૫૮૭ માં ગુજરાતના સુલતાન બહાદુરશાહના રાજ્યમાં ચિતોડનો રહેવાશી મંત્રી દોશી કરમાશાહ થયો, તે ગુજરાતના રાજય દીવાન મુઝદખાંનો આડતીઓ હતો. તેણે સોળમો ઉદ્ધાર કર્યો. તે હજુ ચાલે છે.

દુઃપ્રસહસુરિના પ્રતિબોધથી વિમલવાહન રાજા સત્તરમો ઉદ્ધાર કરશે. તે વખતે મનુષ્યની ઉંચાઈ બે હાથ રહેશે.

Aho ! Shrutgyanam

# સ્કંદપુરાણના પ્રભાસખંડમાં આવેલા ગીરનાર માહાત્મ્યનો સાર.

## માહાત્મ્ય મૂલ.

જે વખતે શંકર હિમાલયની પુત્રી ઉમાને પરણ્યા, ત્યારે હિમાલયના પુત્ર ઉજ્જયંતે શંકરની સારી સેવા બજાવી તેથી શંકરે તેને વરદાન આપ્યું કે તું ગિરિરાજ ગિરિ કહેવાઇશ, ને જગતમા પુજાઇશ. તે વખતે વિષ્ણું ને બીજા દેવોએ પણ તેને આશિષ આપી કે તું સિદ્ધ થઇશ ને તને જે સેવશે તે સિદ્ધિ પામશે.

પાર્વતિ શંકરને પૂછેછે,—

देव देव महादेव भक्तानुग्रह काम्यया
कथय स्वप्रसादेन गिरि नार महोदयं ॥

શંકર કહેછે કે, હે પ્રાણ પ્રિયે પાર્વતિ, ગિરિનાર ક્ષેત્ર ના ગર્ભમાં રહેલું વસ્ત્રાપથ ક્ષેત્ર તથા રૈવત, કુમુદ, ને ઉજ્જયંત એ ત્રણ પર્વતો વિષ્ણુ બ્રહ્મા તથા શંકરના રૂપે રહેલા છે. તેમાં મૃગીકુંડ, ભવનાથ, ગજપાદ, ભીમકુંડ, ગૌમુખી ગંગા, ને સાક્ષાત્ જગન્માતા અંબાજી, કાલિકા વીગેરે દેવતાઓ બિરાજેલા છે.

Aho ! Shrutgyanam

# यात्राविधि.

અષ્ટમી. ચતુર્દશી, અમાવાસ્યા પુર્ણિમા સંક્રાંતિ, ને ગ્રહણ, એટલા દિવસે પુણ્ય તીર્થનું સેવન કરવું તે વિશેષ પુણ્ય દેનારૂં છે. તેમા પણ વસ્ત્રાપથ ક્ષેત્રની યાત્રા કરવામાં માઘ માસની કૃષ્ણ ચતુર્દશીએ અ- થવા ચૈત્રવૈશાખમાં જવું એ વધારે પુણ્ય આપે છે. હય ઉપર બેશી યાત્રા કરવી એ મધ્યમ પક્ષ છે. હાથી ઉપર બેસી યાત્રા કરવા જવું નહીં. યાત્રામાં ઉપવાસ કરવાથી સંપૂર્ણ ફળ મળે છે. નકત ભોજન કરવાથી તથા એક ભુ- ક્ત કરવાથી અધિક ફળ મળે છે. પગપાળી યાત્રા કરવી. માર્ગમાં મલસ્નાન કરવું નહી. બ્રહ્મચર્ય, મૌન સત્ય, સર્વ પ્રકારની અહિંસા, અસ્તેય, શમ, દયાદિ નિયમો અવષ્ય પાળવા. માર્ગે હળવે હળવે કોઈને પુછને પૂછને ચાલવું. તેલ, મધ, ને પરાન્નનો ત્યાગ કરવો. સત્વગુણની વૃદ્ધિ કરે તેવું પથ્ય હવિષ્યાન્નનું મિત ભોજન કરવું. વ્યાપાર નિમિતે યાત્રા કરનારને અડધું ફળ મળેછે. ને અન્ય નિમિતે યાત્રા કરનારને સોલમા ભાગનું ફલ મળે છે. ઘોડે ચડી યાત્રા કરનારનું ફલ નિષ્ફલ જાય છે, બલદની ગાડી ઉપર બેસી કરે તેને વૃષવધનું પાપ લાગે પાલખીએ બેસી યા- ત્રા કરે તેને અર્ધ ફલ મળે. પગપાળી યાત્રા કરનારને ચોગણું ફલ મળે. ઉપવાસથી જે ફલ મળે તેથી અર્ધ-

Aho ! Shrutgyanam

ફળ એક ભુકતથી મળે છે. બે વાર જમવાથી ચોથો ભાગ મળે છે.

## વસ્ત્રાપથ ક્ષેત્ર.

વ્યાસના મત પ્રમાણે સ્કંદપુરાણનું પ્રભાસક્ષેત્ર ૪૮ ગાઉનું છે. તેની અંદર વસ્ત્રાપથ ક્ષેત્રનો વિસ્તાર ચાર યોજન એટલે સોલ ગાઉનો છે. તેની સીમા ઉત્તરમાં ભાદર નદી, પૂર્વમાં બે યોજન, પશ્ચિમમાં વામનસ્થલી (વનથલી), દક્ષિણમાં બિલેશ્વર (બીલખા) ને ઉજ્જયંત (ગિરનાર) છે. શંકર કૈલાસથી અહીં આવ્યા ત્યારે તેમનું દિવ્ય વસ્ત્ર જેટલી જગ્યામાં પડી ગયું તેટલી જગ્યાનું નામ દેવોએ તે દિવસથી વસ્ત્રાપથ એવું ઠરાવ્યું છે. ગયા, રૂદ્રપદ, પ્રભાસ, પુષ્કર, ગોમતી, પિંડનારા, વસ્ત્રાપથ, દામોદર, ભીમકુંડ, હાથીપગલું, અમરનાથ, નર્મદા, ભવેશ્વર, રામેશ્વર, ઉજ્જયંતી, મહાકાલ, વારાણસી, મથુરા ને યમુના એ એ જગ્યાએ એકવાર પણ યાત્રા પ્રસંગે જે જાય છે તે સર્વ દોષથી મુક્ત થઈ વિષ્ણુપદને પ્રાપ્ત થાય છે. આ વસ્ત્રાપથ ક્ષેત્રમાં સ્વર્ણરેખા નદીને તીરે કીટ, પતંગાદિક પક્ષી, શ્વાન, સૂકર વીગેરે અધમ પ્રાણીઓ પણ જો પ્રાણ

Aho ! Shrutgyanam

ત્યાગ કરે તો તે સ્વર્ગમાં જાય છે. આ ભરતખંડમાં આ ક્ષેત્રની ભૂમિમાં જે જન્મ લે છે, તે પોતાના કર્મબંધનથી મુક્ત પામે છે. જ્યાં સુધી મનુષ્ય મનુષ્યાવતાર લઇ આ વસ્રાપથ ક્ષેત્રમાં આવ્યો નથી ત્યાં સુધી મુક્તિ મળતી નથી. વસ્રાપથ ક્ષેત્રમાં પોતાના પિતૃનું જે શ્રાદ્ધ કરે છે તેના પિતૃઓ હજારો વર્ષ સુધી તૃપ્ત રહે છે. ને પાછો તેમનો જન્મ થતો નથી.

## दामोदर तथा रेवती माहात्म्य.

સ્વર્ણરેખા નદીના મધ્યમાં રહેલા દામોદર તીર્થમાં બલિ રાજાએ યજ્ઞ કરી કાર્તિક માસમાં ઘણા દાન આપેલા છે. હરિચંદ્ર, નહુષ, અંબરીષ વીગેરે મહાત્મા રાજાઓ ત્યાં વિવિધ પ્રકારનાં દાન દઈ વિષ્ણુલોક (વૈકુંઠ)માં ગયા છે. માટે જે કોઈ દામોદરની સમીપે પત્ર, પુષ્પ, ફલ, અન્ન, તિલ વીગેરેનું શ્રાદ્ધ ભક્તિથી દાન કરે છે, તે પરમ સ્થાનને પ્રાપ્ત થાય છે. દામોદર સમીપ પાશેર વા મુષ્ટિ અન્ન વિપ્રને આપેછે, તે અશ્વમેઘનું ફળ પામેછે. દામોદરવિષ્ણુની પૂજા કરી જે દીપદાન કરે છે, તે પોતાના પિતૃઓના સેંકડો કુલનું તારણ કરેછે. દામોદર સાંનિધ્ય ચાર



Aho ! Shrutgyanam

આંગળ પૃથ્વીનું પણ જે દાન કરે છે, તે સ્વર્ગપુરમાં હજારો યુગ પર્યંત વાસ કરેછે. રેવત રાજાની પુત્રી રેવતીએ એક પુણ્ય સ્થલ જોઈ પોતાના નામથી કુંડ બંધાવ્યો, ત્યાં મધ્યાન્હ કાલે વિષ્ણુ આવે છે, એમ રેવતીએ નિશ્ચય કરેલો છે. અને તેમાં નિરંતર બ્રાહ્મકુંડનું જલ આવે છે. રેવતીકુંડમાં સ્નાન કરી દાન કરે છે, તે વિષ્ણુ લોકમાં જાય છે. સૌભાગ્યવંતી સ્ત્રીઓ તેમાં સ્નાન કરવાથી પુત્રવાળી અને સમૃદ્ધિવાળી થઈ વિષ્ણુલોકમાં જાયછે. દામોદરને કાંઠે જે પાંચ પાષાણનું મંદિર કરાવે છે, તે પાંચ હજાર વર્ષ સુધી સ્વર્ગમાં રહેછે. ને દામોદરના મંદિર ઉપર પાંચ વર્ણની જે ધજા ચઢાવે છે, તે પાંચ મન્વંતર સુધી વિષ્ણુપુરમાં વસે છે. ગોમતીમાં પડેલાં અસ્થિ ચક્રરૂપ થાય છે. ગંગામાં પડેલાં અસ્થિ શેવાલરૂપ થાય છે. ને દામોદર કુંડમાં પડેલાં અસ્થિ તે તીર્થમાંજ ગળી જાય છે. રેવતીએ યાદવોના ગોર ગર્ગરૂષિના ઉપદેશથી રેવતીકુંડનો જીર્ણોદ્ધાર કરી તેમાં ૨૭ નક્ષત્રોની સ્થાપના કરી. રેવતીકુંડ, રેવતાચાલ, રવિવાર, રેવતી ને રાધાદામોદર એ પાંચ રકાર દુર્લભ છે. દામોદરમાં સ્નાન કરતી વખતે નીચેનો શ્લોક ભણવો.

दामोदर दयासिंधो राधिका प्राणवल्लभ ।
स्नानेनानंतजन्मोत्थं पापं मे हर केशव. ॥

પોતાનો દેહ નીરોગી ને પુષ્ટ હોય તે છતાં પણ ગંગાદિ તીર્થો તથા દામોદર તીર્થનું જે સેવન કરતા નથી તેવા પાપબુધ્ધીવાળા લોકો પૃથ્વીને વૃથા ભાર કરનારાજ કેવળ છે. રેવતીકુંડે નહાતી વખતે નીચેના શ્લોકથી અર્ધ્ય આપવું.

रेवतपातसंभूते कुंडे रैवतके गिरौ ।
रैवतीबलसंयुक्ते गृहाणार्घ्यं नमोस्तुते ॥

## भीम कुंडनुं माहात्म्य.

ભીમના પ્રહારથી થયેલું મુક્તિ દેનારૂં ભીમકુંડ છે. ત્યાં ભીમેશ્વર નામના મહાદેવ છે. ભીમે પાતાલ ફોડી જળ કહાડેલું છે. તે ભીમકુંડમાં સ્નાન કરવાથી સર્વ પાપથી મુક્ત થાય છે. ભીમે હેડંબાના પુત્રને તે જગાએ રાખેલો છે. ને તે જગ્યાએ સિધ્ધનાથની પાદુકા છે.

## मृगी कुंडनुं माहात्म्या.

કાન્યકુબ્જ નામે દેશમાં ચંદ્રવંશી ભોજરાજા હતો. તેને મૃગના મુખવાળી નારી અરણ્યમાંથી મળી તેના ઉપર મંત્ર

Aho ! Shrutgyanam

ભણીને સારસ્વત નામના બ્રાહ્મણે પાણી છાંટયું. તેથી તે મૃગી પોતાનો તથા ભોજ રાજાનો પૂર્વ ભવ કહે છે. આ ભવથી સાતમે ભવે તું કલિંગ રાજાનો પુત્ર હતો, ને હું વંગ દેશના રાજાની પુત્રી હતી. નાનપણુમાં ગાદીએ બેઠા પછી તેં દયા ધર્મ બિલકુલ છોડી દીધો. અનુક્રમે શત્રુને હાથે તું મરી ગયો. અને હું તારી પછવાડે સતી થઈ. કારણ કે જે સ્ત્રી પોતાના ધણી પછવાડે બળી જાય છે, તે પોતાના ધણીને તારે છે, ને પતિ સહિત સ્વર્ગમાં પૂજાય છે. બીજે ભવે આપણે માલવ દેશમાં બ્રાહ્મણ બ્રાહ્મણી થયાં. તું ક્રોધાદિ સર્વ દુર્ગુણોથી ભરેલો હતો ને તારા મરી ગયા પછી ધનના મોહથી હું સતી ન થઈ. પણ આપણા પિત્રાઇઓ ધન લુંટી ગયા. પછી હું પણ મરી ગઇ. ત્રીજે ભવે તું તેજ દેશમાં શ્વેત સર્પ થયો અને હું બ્રાહ્મણી થઇ. પૂર્વ ભવનું સ્મરણ થવાથી તું મારા પતિને કરડયો. હું વિધવા થઇ અને ઘણાં વ્રત કરી ગોદાવરી તીરે સ્નાન કરવા ગઈ. પણ તું ત્યાં ચોથે ભવે મગર હતો, તેથી મને ગળી ગયો. ને મારાં સગાંઓએ મને નદી કાંઠે કાઢીને બાળીમૂકી. તને કોઇએ ભાલો માર્યો, તેથી સ્ત્રીહત્યાના દોષથી તું પારાધિ થયો. ને હું તેજ વનમાં ક્રૌંચી (ચકલી) થઇ. તેં મને ઓળખી, તેથી તેં મારા પતિ ક્રૌંચને માર્યો. કોઈ ઋષિએ તને દીઠો. તેથી તેના

Aho ! Shrutgyanam

કૃપાયુક્ત શ્રાપથી તું રેવતાચલમાં સિંહ થયો, ને હું દૈવયોગે મરીને રેવતાચલની તળેટીમાં મૃગલી થઈ. પૂર્વ જાતિસ્મરણથી સિંહ મારી પછવાડે પડયો. હું નાશીને ભવનાથ પાસે સ્વર્ણ રેખાના જલનો ગોન્ડો હતો ત્યાં પડીને મરી ગઇ. ને મારૂં માથું વાંસમાં ભરાઈ ગયું. સિંહ પણ ત્યાં પડી મરણ પામીને આ ભવમાં તું ભોજ રાજા થયો. સ્વર્ણ-રેખાને તીરે લઘુશંકા કરતાં કોઈ ઋષિનું વીર્ય પડી ગયું, તે કોઇ મૃગલીએ ખાધું. ને હું મૃગના મુખવાળી મનુષ્ય દેહ ધારણ કરનારી તેની સ્ત્રી થઈ. તેથી મારા પૂર્વ જન્મનું મૃગલીનું માથું તે વાંસમાંથી કાઢીને કોઇ તેજ તીર્થના જલમાં બોળે, તો મારૂ મોં મનુષ્યની સ્ત્રી જેવું થાય. આ સાંભળી ભોજરાજાએ તેને પોતાની સ્ત્રી તરીકે સ્વીકારી. પછી સારસ્વતે ભોજ રાજાને ગિરનારનું માહાત્મ્ય કહ્યું. (તેનો વિસ્તાર આખા પુસ્તકમાં ચાલ્યો છે. માહાત્મ્ય કહી સારસ્વત પોતાના આશ્રમમાં ગયા. ને વૈષ્ણવોનું ગિ-રનાર માહાત્મ્યનું પુસ્તક એ રીતે પૂર્ણ થયું. ભોજરાજા ને તેની રાણી પછી મુક્તિ પામ્યાં છે એવું પણ તે પુસ્ત-કમાં આવે છે). મૃગી કુંડ આગળ પિંડદાન કરતી વખતે નીચે પ્રમાણે શ્લોક બોલવો.

भवान्यासह भुतेश भवच्छेदकभो भव ।
भवेभवे च मां पाहि गृहाणार्घ्यं नमोस्तुते ॥

Aho ! Shrutgyanam

# ભવનાથ માહાત્મ્ય.

મહાદેવજી ભવેશ્વર નામે સ્વર્ણરેખા નદીને તીરે પોતાના ગણો સહિત સ્વયંભૂલિંગે. થઈ રહ્યા, ને ભવનાથનો એવી રીતે સ્વયંભુલિંગે આવિર્ભાવ થયો. તેના દર્શનથી મહા પાપી હોય તોપણ ક્ષણ માત્રમાં શુદ્ધ થાય છે. તો પૂજનથી બ્રહ્મલોકમાં જાય તેમાં સંદેહ નથી. વિશેષે કરીને માઘ માસની ચતુર્દશી (શિવરાત્રી)એ ભવનાથના દર્શન હજારો જન્મના પુણ્યના પુંજો સંગ્રહ કરનારનેજ મળેછે. તે દિવસ બિલ્વપત્રથી અર્ચન કરનાર મુકિત પામે છે. ને એક વાર પણ દર્શન કરવાથી સાત જન્મનું પાપ જાય છે. ભવની આજ્ઞાથી સઘળા દેવો ગિરનાર ક્ષેત્રમાં નિવાસ કરી રહ્યા છે, ને ગંગાદિ સર્વે તીર્થો પણ રૈવતાચલમાં નિવાસ કરી રહેલાં છે. સઘળાં તીર્થમાં પણ અધિક પાપ નાશ કરનારૂં ને જન્મ હરનારૂં એક ભવનાથનુંજ દર્શન છે. ભવનાથની આજ્ઞાથી સર્વે તીર્થો સ્વર્ણરેખાના જળમાં આવીને વસ્યાં છે. જેમાં સ્નાન કરવાથી બ્રહ્મઘ્ન તથા સુરાપાન કરનાર પણ શુદ્ધ થાય છે એટલુંજ નહિ, પણ ભવનાથને સ્વર્ણરેખાના પ્રભાવથી આ ક્ષેત્રમાં રહેલાં કીટ, પતંગાદિ પણ અનાયાસપણે મુક્તિને પ્રાપ્ત થાય છે, તો મનુષ્યો

Aho ! Shrutgyanam

ભવનાથનાં દર્શન કરવાથી ને સ્વર્ણરેખાના જલમાં સ્નાન કરવાથી મુક્તિ કેમ ન પામે? વૈશાખ માસની પૂર્ણિમાએ ભવનાથનું પૂજન કરનાર બ્રહ્માના એક દિવસ સુધી શિવ-લોકમાં રહે છે.

---

## दान माहात्म्य.

---

આ ભરતખંડમાં મનુષ્ય અવતાર લઇ જે એક પણ ગૌદાન કરે છે, તે ધન્ય કહેવાય છે. ને સર્વ પાપથી મુક્ત થાય છે. જે પોતાના પિતૃઓનો વૃષોત્સર્ગ કરે છે, તે પણ બ્રહ્માના દિવસ પર્યંત બ્રહ્મલોકમાં રહે છે. બળદનું દાન કરનાર શિવપુરમાં, ઘોડાનું દાન કરનાર વિષ્ણુલોકમાં, ગજનું દાન કરનાર નંદન વનમાં, ઉપસ્કર સહિત ઘરનું દાન કરનાર સ્વર્ગમાં, સુવર્ણદાન કરનાર સુર્યલોકમાં, ને રૂપાનું દાન કરનાર ચંદ્રલોકમાં જાય છે. દેવમંદિરમાં, સુખડ, કપુર, મુખવાસ, સુગંધી દ્રવ્યો સહિત તાંબુલ, ફલ, પુષ્પ ને વસ્ત્રનું દાન કરનાર દેવવૃંદો સહિત વિમાનમાં બેશી ચંદ્રલોકમાં જાય છે. યજ્ઞોપવીત, ધૌતવસ્ર, મૃગચર્મ, તલ ને જવનું દાન પિતૃના ઋણની મુક્તિ માટે કરવું. પોતાના અહારના નિર્માણમાંથી ચોથા ભાગનું અન્ન

Aho ! Shrutgyanam

અતિથિને આપેછે, તે પણ સ્વર્ગમાં આંનંદ કરે છે. ગૃહસ્થના ઘરમાં, ખાંડણીઆમાં, ઘંટીમાં ચુલામાં, વાશીદામાં, પાણીઆરામાં, અજાણથી હિંસાદોષ થયો હોય તેની મુકિત ને માટે પ્રતિદિન વિશ્વદેવાંતે અતિથિને ભિક્ષાનું દાન કરવું.

અન્યાયથી એકઠા કરેલા દ્રવ્યનું દાન કરવું નહીં; તેમજ બ્રહ્મજાતિ વગરનો, સંધ્યાહીન, દ્વિજત્વભ્રષ્ટ, પતિત, તસ્કર, ગુરૂનિંદક, પિતૃમાતૃ પરાઙ્મુખ, નીચ બ્રાહ્મણ, શૂદ્રી ગમન કરનાર, વેદવિક્રેતા, કૃતઘ્ની, ગ્રામયાચક, સ્રીજીત, સર્પ પકડનાર, નોકરી કરનાર, એટલાને દાન ન દેવું; એ સોળ પ્રકારનું દાન વૃથા છે.

## ગૌમુખી ગંગાનું માહાત્મ્ય.

સત્યયુગમાં સત્યધામ ઋષિએ પુષ્કરતીર્થમાં એક પગે ઊભા રહી કૃષ્ણપરમાત્માનું ધ્યાન ધર્યું. એક હજાર વર્ષને અંતે દેવવાણી થઈ કે, તેં બાલપણમાં તરશી ગાયને લાકડી મારી જલ પીવા દીધું નથી, તેથી હું દર્શન દઇ શકતો નથી. ઋષિ લાકડાં એકઠાં કરી બળી મરવા તૈયાર થયા; ત્યારે ફરી આકાશવાણી થઇ કે, તું રૈવત પર્વતે જા, ને ત્યાં સુવર્ણ ગંગામાં સ્નાન કરી તપ કરીશ એટલે ગૌમુખી ગંગા ઉત્પન્ન થશે; તેમાં સ્નાન કરીશ એટલે

Aho ! Shrutgyanam

પાપથી મુક્ત થઇશ. સત્યધામે ગીરનાર ઉપર હજાર વર્ષ તપ કર્યું કે તરત સાક્ષાત્ ગંગાજીએ દર્શન દઈ કહ્યું કે, હે દ્વિજવર્ય, તારા તપવડે હું પ્રસન્ન થઈ છું. હું ગોમુખમાંથી નીકળી છું, માટે મારૂં નામ ગૌમુખી ગંગા પ્રખ્યાત થશે. માટે આ ગોમુખી ગંગામાં નાહીને તું હરિ મંદીર પ્રત્યે જા, પછી તે રૂષિ ગોમુખી ગંગામાં સ્નાન કરી વૈકુંઠમાં ગયા. તે દિવસથી આ પરમ પુણ્ય તીર્થ ત્રિલોકમાં પ્રખ્યાત થયું. ને તેમાં સ્નાન કરનારને કલ્પવૃક્ષની માફક તે સુખ દેનારૂં થયું છે,

ગોમુખીગંગા પાતાળમાંથી નાગરાજે મોકલેલાં છે. ગજપાદને વિષે ઇંદ્રે સ્વર્ગગંગા મોકલેલાં છે. ને બ્રહ્માએ બ્રહ્મકુંડમાં (દામોદરમાં) મર્ત્યલોકની ગંગા સ્થાપેલાં છે. એમ ત્રણે ગંગા આ સ્થલમાં આવી રહેલાં છે. જ્યારે કાર્તિકસ્વામીએ નાગરાજની સ્તુતિ કરી, ત્યારે નાગરાજે આ પૃથ્વી ઉપર આવી નારદના કહેવાથી ગૌમુખી ગંગાનું સ્થાપન કરેલું છે.

## गजपद माहात्म्य.

ઉજ્જયંતના ઉંચા શિખર ઉપર દશ ક્રોડ તીર્થ રહેલાં છે

Aho ! Shrutgyanam

પંચેશ્વરથી ગજપદ જવું. તે જગાએ ઐરાવત હાથીએ પોતાના પાદની સ્થાપના કરી તેમાંથી જલ કાઢેલું છે. તે જગાએ ઇંદ્રે ગંગાજીનું આવાહાન કરી તેમાં રાખેલાં છે. તેના જલનું સ્નાન પાન કરનાર પાપથી મુકત થાય છે. ત્યા જે પિંડદાન કરે છે, તેના પિત્રીઓની અક્ષય ત્રપ્તિ થાય છે. ને ગયા શ્રાદ્ધ જેટલું પુણ્ય થાય છે ત્યાં વાસવેશ્વરનું દર્શન કરવું. તે મહાદેવ ઇંદ્રે સ્થાપેલા છે. તે ગજપદ આગળ સુવર્ણ, રૂપ્ય, કસુંબ આદિ વસ્ત્રનું દાન કરવું; ને શ્રીશંકરની તુષ્ટિ માટે હેમનો યથાશક્તિ ગજ કરાવી દાન કરવાથી સર્વ પાપથી મુક્ત થાય છે. પછી સર્વ પંચામૃતથી વાસવેશ્વરનું પૂજન કરવું.

## वनथली माहात्म्य.

વિષ્ણુએ વામનનું રૂપ ધરી બલિરાજા યજ્ઞ કરતા હતા ત્યાં આવી ત્રણ પગલાં પૃથ્વી માગી. બલિએ હા પાડવાથી વામને રૂપ વધારી એક પગલું પૃથ્વીપર, બીજું આકાશપર ને ત્રીજું બલિરાજા ઉપર મૂકી તેને પાતાલમાં કાઢયો. ને મનુના પુત્રને પૃથ્વીઆપી, પછી ગર્ગઋષિની સલાહથી પોતાના નામની પ્રસિધ્ધિને માટે વિશ્વકર્મા પાસે વામનસ્થલી બંધાવી;

Aho ! Shrutgyanam

ને ત્યાં વામનેશ્વરની તથા સિદ્ધેશ્વરની સ્થાપના કરી. ત્યાં સૂર્યકુંડમાં સ્નાન કરી વામનેશ્વર તથા સિદ્ધેશ્વરની જે પૂજા કરે છે, તે વિષ્ણુલોકમાં જાય છે. વામનસ્થલીમાં સંક્રાંતિ, ગ્રહણ, પૂર્ણિમા, અમાવાસ્યા, અગિઆરશ, વીગેરે પુણ્ય દિવશે સ્નાન કરી તે જગાએ પિતૃનું શ્રાધ્ધ કરવુ. તેથી પિતૃની અક્ષય તૃપ્તિ થાય છે.

## स्वर्ण रेखानुं माहात्म्य.

જગતની આદિએ એક દિવસ બ્રહ્મા વસ્ત્રાપથક્ષેત્રના પર્વત ઉપર એક ચિત્તથી જપ કરવા બેઠા હતા ત્યારે મહામંત્રથી મંત્રેલું જળ પોતાના હાથે પર્વતના શૃંગ ઉપર મૂક્યું. તેજ વખત તે જળ પર્વતના નાળાંની સાથે પ્રવાહરૂપ થઇ વહેવા લાગ્યું. તે પર્વતના પ્રભાવથી તેમાં સ્વર્ણરૂપ ચળકતી રેતી તે જળ સાથે દેખાવાથી તેનું નામ સ્વર્ણરેખા પ્રખ્યાત થયું.

## दातारनो महीमा.

### (શંકર પાર્વતીને કહે છેઃ)

સત્યયુગમાં માંધાતા રાજાનો પુત્ર મુચુકુંદ હજાર વર્ષ

Aho ! Shrutgyanam

સુધી લડાઇ કરી દૈત્યોને માર્યા પછી દેવતાઓના વરદાનથી રેવતાચલની ગુફામાં સુઇ રહયો છે. દ્વાપરયુગમાં યાદવો પોતાના ગોર ગર્ગઋષિની નપુંસક શબ્દ વાપરીને મશ્કરી કરશે. તેથી ગર્ગઋષિ શંકરનો તપ કરશે. શંકર તેને યદુકુળનો નાશ કરનાર કાલયવન નામનો પુત્ર આપશે. તે નારદની ઉશ્કેરણીથી ત્રણ ક્રોડ સૈન્ય લઇ કૃષ્ણ ઉપર ચડાઇ કરશે. કૃષ્ણ મથુરાં તજીને નાશી જશે. ને દ્વારિકા વસાવી કાલયવન તરફ જશે. કાલયવન તેની પાછળ પડશે. કૃષ્ણ નારદની સૂચનાથી મુચુકુંદની ગુફામાં જશે કાલયવન ત્યાં આવી કૃષ્ણ સૂતો છે એમ જાણી મુચુકુંદને લાત મારશે. મુચુકુન્દ કોપ કરી નેત્રના તેજથી તેને બાળી નાંખશે. પછી મુચુકુન્દ પોતાના મોક્ષને માટે ને કાલયવનને વરદાન આપવા માટે કૃષ્ણને વિનંતી કરશે. તે તે ઉપરથી કૃષ્ણ કહેશે કે, યવનો કાલયવનની પુજા કરશે. ને તું ( મુકુન્દ ) પણ જન્માન્તરમાં દ્વિજને ઘેર જન્મીને મુકિત પામીશ.

## अंबिका माहात्म्य.

( સારસ્વતઋષિ ભોજરાજાને કહે છે. )

બલિના અનુગ્રહ માટે વિષ્ણુએ વામનનો અવતાર લીધો.

Aho ! Shrutgyanam

તેમણે ગિરનાર ઉપર આવીને જગદંબા આગળ બલિદાન ધરી કુમારજનની, પાર્વતી, વેદમાતા, અષ્ટાદશ ભુજા, કાત્યાયની એવા શબ્દો વાપરી પુજા કરી છે, સાત માસ સુધી જે તેની સ્તુતિ કરે છે તેની સર્વ કામમાં સિદ્ધિ થાય છે. ગીરનારમાં ગિરિ, ગિરીશ; ગંગા ગિરિજા, ને ગુરૂ એ પાંચ રત્નો રહેલા છે.

## जीर्णदुर्ग माहात्म्य.

પૂર્વે સૂર્યવંશી ચંદ્રકેતુ નામે રાજા હતો. તેણે સાઠ હજાર વર્ષ સુધી ભૂમંડલનું રાજય કર્યું. તેને હમેશાં વૈકુંઠ તથા કૈલાસમાં જવાનો નિયમ હતો. એક દીવસે હરિ નારાયણે તેને વૈકુંઠમાં કહ્યું કે, તમારે વૃદ્ધાવસ્થામાં અત્રે આવવાનો કલેશ થાય છે. માટે રેવતાચલ જે સર્વ પર્વતોમાં શ્રેષ્ટ છે ને જે સર્વ દેવતાના તેજના અંશથી ઉત્પન્ન થયો છે, ત્યાં જઈ નગર વસાવો, ને ત્યાંજ રહો. હું ને શંકર બંને જણ ત્યાં નિવાસ કરીને રહીશું. આ ઉપરથી ચંદ્રકેતુએ રેવતાચલ આવી નગર વસાવ્યું. ને તે નગર કલિયુગમાં જીર્ણદુર્ગના નામથી પ્રસીદ્ધ થયું. તે જીર્ણદુર્ગમાં નંદા, પૂર્ણા, રક્તદંતી, શ્યામા, ભદ્રા, જયા, કાત્યાયની, માત્રિકા, ને સિદ્ધા, એવી નવ દુર્ગા રહેલાં છે.

Aho ! Shrutgyanam

## वसिष्ठ तीर्थ माहात्म्य.

જીર્ણદુર્ગની ઇશાન દિશામાં સ્વર્ણરેખા નદીને તીરે વસિષ્ઠે દુસ્તર તપ કર્યો, તેથી શંકરે પ્રસન્ન થઈને વરદાન આપ્યું કે, આ સ્થલે જે તપ કરશે તેને હું પ્રસન્ન થઈશ. ને આ જગ્યાનું નામ વસિષ્ઠ તીર્થ પડશે. હું પણ અહીં તમારી પાસે રહીશ. ને અહીં જે સ્નાન કરશે તે સિદ્ધિને પ્રાપ્ત થશે. તે ઠેકાણે વામને પણ સિદ્ધેશ્વર નામના શિવ સ્થાપેલા છે.

## पर्वत माहात्म्य.

પૂર્વે યુગાદિમાં સર્વ પર્વતો પાંખવાળા હતા. તે ઉડતા ને પોતાની મેળે ઇચ્છા પ્રમાણે પડતા. પણ મેરૂ મંદરાચલ ને કૈલાસ, એ ત્રણ પર્વતો બ્રહ્માના વચનથી સ્થિર રહ્યા છે.

## ज्ञान माहात्म्य.

સઘળાં તીર્થો જલે ભરેલા છે, અને સઘળા દેવો પાષાણ ને મૃન્મય મૂર્તિવાળા છે. જ્યાં સુધી પરમાત્માને

Aho ! Shrutgyanam

જ્ઞાન વડે જે દેખતો નથી તે કદી પણ ત્યાં સુધી તત્પદને પામતોજ નથી.

## ગાયનું માહાત્મ્ય.

શ્રી વિષ્ણુ ગોલોકમાં રહેતા હતા, ત્યારે જગતના કલ્યાણને અર્થે શું કરવું એમ વિચારતાં તેમના રોમકૂપમાંથી કોટી ચંદ્રની કાંતિ સમાન તેજ પ્રગટ થયું. તેમાંથી તેમણે સુરભિ ઉત્પન્ન કરી. ધેનુના દર્શનથી સર્વ પાપ નાશ પામે છે. તેના રોમાંચને વિશે તેત્રીસક્રોડ દેવતા તથા ગંગાદિ સર્વ તીર્થો રહેલાં છે. તેના સ્પર્શથી સર્વ તીર્થયાત્રાનું ફળ મળે છે. નમસ્કારથી યજ્ઞફળની પ્રાપ્તિ થાય છે પ્રાચીન મુનિઓ ગાયની પૂજાથી તપની સિદ્ધિ પામ્યા છે. ધેનુની પૂજા કરવી તે સર્વ ધર્મમાં ઉત્તમ ફળ કહેવાય છે. પંચગવ્ય (ઘી, દુધ, દહીં, છાણુ, મૂત્ર,) નું નિત્ય પાન કરવાથી બ્રહ્મહત્યાદિ પાપ કરનાર પણ પવિત્ર થાય છે. વસિષ્ઠ ઋષિના આદેશથી ધેનુની સેવા કરવાથી અયોધ્યાના સૂર્યવંશી દિલીપ રાજાને રઘુ નામનો ચક્રવર્તી પુત્ર થયો.

Aho ! Shrutgyanam

# गीरनारा ब्राह्मणनुं माहात्म्य.

પૂર્વે રેવતાચમળમાં આવી વિષ્ણુએ, પાપ નાશ કરનાર તીર્થમાં વિપ્ર વિના કેમ ચાલશે એમ વિચારી પોતાના મુખમાંથી એક વિપ્ર ઉત્પન્ન કર્યો. તેથી ચિંતાતુર થઈ સૂર્યને બોલાવ્યા. સૂર્યે પણ તેમની આજ્ઞાથી બીજા આઠ વિપ્રો ઉત્પન્ન કર્યા. એમ દ્વિજના નવ ભેદ થયા, પણ દૈવ-યોગથી ત્રણ ત્યાં રહ્યા. પછી નારદે વિષ્ણુની આજ્ઞાથી આ-કાશમાર્ગે હિમાલયની તળેટીમાં જઈને વિષ્ણુના અંશ-માંથી નીકળેલા ઋષિઓને લાવીને તેમની કન્યાઓ ઉપરના નવ તથા શંકરથી પેદા થયેલા ત્રણ, એમ બાર વિપ્ર સાથે પરણાવીને કુળદેવીના ઠપકાથી તેમની કન્યાના મામાઓનાં પણ ત્યાં વિષ્ણુએ દર્શન કરાવ્યાં. વસ્ત્રાપથમાં રહેનારા ચંદ્રકેતુ રાજાએ તે પરણેલા વિપ્રોને કેટલાંક ગામ આપી પોતાના રાજયમાં રાખ્યા. વિષ્ણુએ પણ વરદાન આપ્યું કે, હે ગિરિનારાયણ વિપ્રો તમે આ સ્થળે તીર્થ રૂપ થશો. મારી ચતુર્ભુજ મૂર્તિ તમને પ્રીતિપાત્ર થશે. આ તીર્થમાં તમારી પૂજા કરવાથી તીર્થનું ફળ મળશે. આ દામોદર તીર્થમાં તમારી આજ્ઞા શિવાય જે સ્નાન કરશે, તેને તેનું ફળ મળશે નહિં, એમ કહી વિષ્ણુ અંતર્ધાન થયા.

Aho ! Shrutgyanam

# पचीस तत्वनुं माहात्म्य.

પ્રથમ પ્રકૃતિ ઉત્પન્ન થઇ તેમાંથી બુદ્ધિ, અહંકાર, રૂપ, રસ, ગંધ સ્પર્શ, ને શબ્દ એ સાત ઉત્પન્ન થયાં, એમ આઠ પ્રકારની પ્રકૃતિ; શ્રોત્ર, ત્વચા, ચક્ષુ, જીવ્હા, ને પ્રાણ, એ પાંચ જ્ઞાનેંદ્રિય; વાક્, પાણિ, પાદ, વાયુ, ને ઉપસ્થ, એ પાંચ કર્મેંદ્રિય તથા અગિઆરમું મન; પૃથ્વી, અપ, તેજ, વાયુ, ને આકાશ, એ પંચભૂત એમ સર્વ મળી ૨૪ તત્વ કહેવાય છે. પચીસમો તત્ત્વ આત્મા જ્ઞાનાભ્યાસથી ઓળખાય છે.

# सौराष्ट्रनो इतिहास.

ભગવાનલાલ સંપતરામનો સૌરાષ્ટ્રનો ઇતિહાસ પૃષ્ટ ૧૧—

"આ તીર્થોમાં ઘણાં પવિત્ર અને આખા હિંદુસ્થાનમાં પ્રસિધ્ધ એવાં મુખ્ય ચાર સ્થલો છે. દ્વારિકા અને પ્રભાસ. બ્રાહ્મણ ધર્મના લોકોમાં, અને શત્રુંજય તથા ગીરનાર, જૈન ધર્મના લોકોમાં મ્હોટાં તીર્થનાં સ્થલો ગણાય છે."

શ્રેણિક
કોણિક

Aho ! Shrutgyanam

ચંદ્ર પ્રદ્યોતનો પૌત્ર પાલક
નમનંદ
ચંદ્રગુપ્ત
બિંદુસાર અથવા અમિત્રકેતુ
અશોક
સંપ્રતિ
પુણ્યમિત્ર
બલમિત્ર ને ભાનુમિત્ર
નભવાહન
ગર્દભિલ્લ
શકરાજા
વિક્રમાદિત્ય

ઈસવીસનની સાતમી સદીમા હ્યુએનસાંગ નામનો ચીનનો મુસાફર હિંદુસ્તાનમાં પ્રવાસ કરવા આવ્યો હતો. તેણે સોરાષ્ટ્રનું વર્ણન આપ્યું છે (તે ઉપરથી તથા ભાલનો ભાગ જોવાથી એમ અનુમાન થાયછે કે, સોરાષ્ટ્ર દેશ અસલ ટાપુ હશે. પ્રાચીન પુસ્તકોમાં સોરાષ્ટ્રનું કુશદ્વીપ એવું નામ આપેલું છે, તેથી પણ આ બાબતને ટેકો મળે છે કૃષ્ણ વાસુદેવના વખતમાં કુશદ્વીપમાં આનર્ત નામનો રાજા હતો. તે ઉપરથી કુશદ્વીપના કેટલાક ભાગને આનર્ત કહેતા આનર્ત પુત્ર રેવતઉપરથી ગીરનારને અસલ રેવતાચલ કહેતા.) રેવતની પુત્રી રેવતી જે કૃષ્ણના ભાઈ બલભદ્રને પરણી હતી, તેના નામ ઉપરથી હાલ રેવતીકુંડ પ્રસિદ્ધ છે. (કૃષ્ણ તથા પાંડવોના વખતમાં મગધ દેશમાં કોઈ સહદેવ નામનો રાજા હતો

Aho ! Shrutgyanam

તેની ૩૫ મી પેઢીએ અજાતશત્રુ રાજા થયો. તેના વખતમાં ગૌતમ બુદ્ધ થયો. અજાતશત્રુની છઠ્ઠી પેઢીએ નંદરાજા થયો.) નંદનો સાળો રૌદ્રાક્ષ જુનાગઢનો સુબો થયો; (નવ માં નંદની ગાદીએ મૌર્યવંશનો ચંદ્રગુપ્ત રાજા થયો. ) ઇ. સ. પૂર્વ ૩૨૭ વર્ષે ગ્રીસના સિકંદર બાદશાહે હિંદુસ્તાન ઉપર સ્વારી કીધી. ત્યાર પછી તેનો સરદાર સેલ્યુકસ ગ્રીક એશિઆનો હાકેમ થયો. તે અરસામાં ચંદ્રગુપ્ત રાજા મગધદેશના પાટલીપુત્ર ( પટના ) માં રાજ્ય કરતો હતો. તેના સાળા પુષ્પગુપ્તે ગિરનારની તલેટીમાં ઇ. સ. પૂર્વે ૩૦ વર્ષ ઉપર સુદર્શન નામનું તલાવ બંધાવ્યું. ( ચંદ્રગુપ્તનો પુત્ર બિંદુસાર થયો. તેને સો પુત્ર હતા. તેમાંનો અશોક નામનો પુત્ર ગાદીએ બેઠો. ( ઈ. સ. પૂ. ૨૬૩થી ૨૨ ). તેના લેખ *ગિરનારમાં, પેશાવર પાસેના કપર્દીગિરિમાં, ઓરીસામાં ધવળી ગામ આગળ, અને દિલ્લી તથા અલ્હાબાદમાં લાઠ ઉપર છે. અશોકના સુબા યવનતુશસ્પે સુદર્શન સરોવરને વધારે શોભાયમાન કર્યું. (ઈ. સ. પુર્વ ૨૪૦). (અશોકનો પુત્ર કુણાલ થયો. ને કુણાલનો પુત્ર સંપ્રતિ થયો. સંપ્રતિ રાજાએ સ્વદેશ તથા

* ગીરનારના લેખનું ઇંગ્રેજી ભાષાંતર જેમ્સ બરજેસ સાહેબે સોરઠી તવારીખ તથા ઇન્ડીયન એન્ટીકવરીમાં પુરેપુરૂં આપેલ છે. આ લેખ દામોદરજી જવાના ટોડાની પાજના રસ્તા ઉપર જમણી બાજુએ એક મ્હોટા પહાડી ખડક ઉપર જુની પાલી ભાષામાં કાતરેલા છે.

Aho ! Shrutgyanam

ચરદેશમાં હજારો જૈનદેવળો બંધાવ્યાં, ગિરનાર ઉપર એક દેરૂં છે તેને હાલ પણ સંપ્રતિ રાજાનું દેરૂં કહેછે.) ઇ. સ. પૂ. ૧૪૦ માં બાક્ત્રિયાના રાજા મિનેન્ડરનું રાજ્ય સોરાષ્ટ્ર ઉપર હતું. તે પછી શક અથવા શાહ કહેવાતા. લોકો બાક્ત્રિયાના રાજ્યનો નાશ કરી પશ્ચિમ હિંદુસ્તાનમાં ઉતરી પડયા. તેઓમાં કનિષ્ક કરીને બૌદ્ધધર્મી રાજા થયો. તેણે કાશ્મીરમાં રાજ્ય સ્થાપી ત્યાં કનિષ્કપુર નામનું નગર વસાવ્યું ને સોરાષ્ટ્રમાં આવી કનકાવતી, કનકવતી વીગેરે નગરીઓ સ્થાપી હશે. મહાવીર સ્વામીના નિર્વાણ પછી ૪૭૦મે વર્ષે પરમારવંશમાં વિક્રમ રાજા થયો. તેનો અમલ સૌરાષ્ટ્રમાં પણ હતો. વિક્રમે પોરવાડ વણિક ભાવડશા શેઠને મહુવા બંદર જાગીરમાં આપ્યું, ભાવડના પુત્ર જાવડશાહે શત્રુંજય તથા ગિરનારનો તેરમો ઉદ્ધાર કર્યો.) (સંવત ૧૦૮. ઇ.સ. ૫૨). કનિષ્કના વખતમાં મહાક્ષત્રપ રૂદ્રદામા થયો રૂદ્રદામાએ પોતાની તીજોરીમાંથી લાખો સોનૈયા કાઢી પોતા તરફના સૌરાષ્ટ્રના સુબા કુલૈયના પુત્ર સુવીસાક પલ્હવ પાસે ઇ. સ. ૧૨૯ ની મોટી રેલથી નાશ પામેલું સુદર્શન સરોવર ફરીને બંધાવ્યું.* સુવીસાકે આશરે ઇ. સ. ૧૩૭ માં તે કામ

* આ વીશેનો લેખ અશોકના લેખની થડમાંજ છે.

Aho ! Shrutgyanam

પૂરૂં કર્યું. (ઈ. સ. ૪૨૦ માં ખેડાના દેવાદિત્ય નામના બ્રાહ્મણની દીકરી સુભગાનો પુત્ર શિલાદિત્ય સૂર્યદેવતાની સહાયતાથી વલભિપુર (ભાવનગર પાસે, વળા ગામની નજીક) નો રાજા થયો. ભરૂકચ્છ (ભરૂચ) ના રાજા વેરે પરણાવેલી પોતાની બહેનના દીકરા શ્રીમલ્લદેવના ઉપદેશથી જૈનધર્મ પાળીને શિલાદિત્યે શત્રુંજય તથા ગિરનારમાં ઘણું દ્રવ્ય ખરચ્યું. શિલાદિત્યના વખતમાં ધનેશ્વરસૂરિએ શત્રુંજય માહાત્મ્ય રચ્યું.)

કુમાર ગુપ્તના પુત્ર સ્કંદગુપ્તે સોરાષ્ટ્રનું રાજ્ય શક અથવા ક્ષત્રપ લોકો પાસેથી જીતી લીધું, ને ઈ. સ. ૪૪૯ માં પરણદત્તના પુત્ર ચક્રપાલિતને સોરાષ્ટ્રનો અધિકારી નીમ્યો.† તે અરસામાં અતિવૃષ્ટિથી સુદર્શન તલાવ ફાટી ગયું. તેથી તેણે ઈ. સ. ૪૫૬ ના ચૈત્ર વૈશાખમાં ૧૫૦ ફુટ લાંબી, ૧૦૨ ફુટ પોહોળી ને ૩૫ ફુટ ઉંચી પાળ બાંધી. એ પાળ કયારે તૂટી તે નકકી નથી. સ્કંદગુપ્ત પછી તેના વંશજોનું જોર નરમ પડવાથી ભટ્ટારક નામના તેમના સેનાપતિએ વલ્લભિપુરમાં આવી ત્યાં રાજ કર્યું

† આ બાબતનો લેખ પણ અશોકના લેખવાળા પથ્થર પાસેજ છે.

Aho ! Shrutgyanam

હતું, એમ કહેવાય છે.‡

વલભિપુરમાં વસનારા પા ીના વાણીયા કાકુની કન્યાની કંચનની કાંશકી શિલાદિત્યે જોર જુલમથી લઇ લીધી. તેથી કાકુએ ક્રોડ સોનૈયાની લાલચ આપી પંજાબમાં ગુજરાત ગામમાં રહેનાર, જયોર્જીયન લોકો પાસે વલભિપુરનો

---

‡ભટ્ટારક
- ધરસેન
- ધ્રુવસેના (શાકે ૧૩૧૦)
- ધરપટ
  - ગૃહસેન
    - ધરસેન
      - ધર્માદિત્ય
        - ડેરભટ
          - શિલાદિત્ય (શાકે ૩૪૫)
          - ખરગ્રહ
          - ધ્રુવસેન
      - ખરગ્રહ
        - બાલાદિત્ય
          - ધરસેન

નાશ કરાવ્યો, એમ કેટલાક કહેછે તે વખતથી તે દેશનું નામ ગુજરાત (ગુર્જરરાષ્ટ્ર) પડયું.

ભાવનગરની પાસે આવેલા વળા ગામમાં પીલુડીનું વન છે, તેમાં અસલના વલ્લભિપુરની ઘણી નિશાનીઓ જોવામાં આવેછે. તેનો નાશ અર્વાચીન ઇતિહાસ કર્તાએ ઇ. સ. ના સાતમા સૈકામા થયાનું લખેછે.

પોતાના પુત્ર સેવના ગજના મૃત્યુથી શોક ગ્રસ્ત થયેલા બીજા ધ્રુવસેનના રાજ્યમાં શ્રી ભદ્રબાહુસ્વામીએ મહાવીરસ્વામીના નિર્વાણથી ૯૮૦ વર્ષે આણંદપુરમાં કલ્પસૂત્ર રચ્યું. આણંદપૂર વલ્લભીપુરથી ૧૪૦ માઇલ ઉત્તર પશ્ચિમ છે.

કોઇ જૈનસાધુની મદદથી માત્ર જયશિખરી અથવા જસરાજ બચ્યો હતો તેણે પંચાસરમાં રાજ્ય સ્થાપ્યું.

(જયોર્જીઅન લોકોથી આશરે ઇ. સ. ૭ મા સૈકામાં વલ્લભિપુરનો નાશ થયા પછી) ચોરા લોકોએ દેવપાટણમાં રાજ્ય સ્થાપ્યું. ત્યાં દેવકોપે દરિઓ ફરી વળવાથી એ લોકોમાંથી જે બચ્યા તેઓએ વઢીઆર પ્રગણામાં કચ્છના રણની પાસે પંચાસર નગર સ્થાપ્યું. (કલ્યાણીના સોલંકી રાજા ભુવડે ચાવડારાજા જયશિખરને હરાવ્યો. ત્યાર પછી તે ચૌર લોકોએ વસાવેલા પંચાસરમાં પોતાનો પ્રતિનિધિ મૂકી ગયો. પણ જયશિખરના પુત્ર વનરાજે જૈનમુનિ

Aho ! Shrutgyanam

શીલગુણસુરિના આશ્રયથી અણહિલપુરમાં રાજ્ય સ્થાપ્યું (ઇ. સ. ૭૪૬). ને પંચાસરથી પાર્શ્વનાથની મૂર્તિ લાવીને ત્યાં પધરાવી. વનરાજ ને તેની પછીના રાજાઓની સત્તા સારાષ્ટ્ર તથા કચ્છ સુધી જામી ગઈ હતી.) ચાવડા રજપૂતો સૂર્યવંશી ગોહીલ અથવા ગીલોટ જાતના હતા. છેલ્લા ચાવડા રાજા સામંતસિંહને સંતાન નહિ હોવાથી તેની બહેન લીલાદેવીનો પુત્ર મૂળરાજ જે સોલંકી ભુવડની પાંચમી પેઢીએ હતો તે પાટણની ગાદીએ આવ્યો. (ઇ. સ. ૯૪૨). પાટણના રાજા મૂળરાજના વખતમાં સોરઠની ગાદીએ ગૃહરિપુ રાજા હતો, તે ગિરનાર તથા પ્રભાસપાટણના યાત્રાળુઓને હરકત કરતો હતો. તેથી મૂળરાજે તેને હરાવ્યો તથા કચ્છનો રાજા લાખોફૂલાણી જે ગૃહરિપુની મદદે આવ્યો હતો તેને માર્યો. ગૃહરિપુએ જુનાગઢનો ઉપર કોટનો કિલ્લો બાંધ્યો. એમ દ્વયાશ્રમ નામના પુસ્તકમાં લખ્યું છે. ) સિંધમાં હાલ જ્યાં નગર ઠઠ્ઠા છે ત્યાં સામી નગર હતું તે નગરમાં કૃષ્ણકુમાર સાંબથી ઉતરી આવેલા યાદવો રાજ્ય કરતા હતા. ત્યાંથી ચુડચંદ્ર નામનો યાદવ જુનાગઢની પાસે વનથલીમાં આવી ઇ. સ. ૮૭૫ માં પોતાના મામા વાળારામની ગાદીએ બેઠો. ચુડચંદ્ર પછી તેના પુત્ર હમીરનો પુત્ર મુળરાજ ઇ. સ. ૯૦૭ માં થયો. મુળરાજનો પુત્ર વિશ્વવરાહ ઇ. સ. ૯૧૫ માં ગાદીએ આવ્યો.

Aho ! Shrutgyanam

તેનો પુત્ર ગૃહરિપુ જેને સોલંકી મૂળરાજે હરાવ્યો તે ઇ. સ. ૯૪૦ માં વનથલીની ગાદીએ આવ્યો હતો. તે વખતે જુનાગઢ નામ હતુંજ નહિ. માત્ર ઉપરકોટને ગઢ કહેતા હતા. ઉતરમાંથી વનથલી ઉપર ચઢી આવતા દુશ્મનના લશ્કરને રોકી દેવામાં અને બીજી કોઈ દીશાએથી મજબુત હુમલો થાય ત્યારે નાશીને રક્ષણાર્થે ભરાઈ બેસવાના ઉપયોગ સારૂ આ કિલ્લો બંધાયાનું સંભવે છે. ભાટ લોકોના કવિતોમાં મૂળરાજને ગિરનારનો રાજા કહેલો છે. ગૃહરિપુ પછી રાહકવાટ સોરઠની ગાદીએ ઇ. સ. ૯૮૨ માં આવ્યો.

રાહકવાટના મામાનું નામ ઉગોવાળો હતું, તે તળાજાનો રાજા હતો અને બહુ બળવાન હતો. એક વખત વનથલીમાં રાહની કચેરીમાં ઉગાવાળાના પરાક્રમની બહુ પ્રસંશા થતી હતી ત્યારે રાહે અદેખાઈમાં કહ્યું કે બધું જોર વનથળીની અર્થાત્ પોતાની મદદથી છે. નહીં તો ઉગોવાળો કંઇ ગણત્રીમાં નથી. આથી ઉગાવાળાને ગુસ્સો આવ્યો. અને પોતે એક હાથે તાળી પાડી શકે તેમ છે એમ કહી કચેરીમાંથી ઉઠી ગયો, અને તળાજે ચાલતો થયો.

રાહકવાટનો સમકાલીન ભદ્રેસર યાને શીયાળ બેટનો રાજા વીરમદે પરમાર હતો. તે ઘણોજ બળવાન હોઇને ઘણા રાજાઓને પોતાની દરબારમાં કાષ્ટના પાંજરાની અંદર

Aho ! Shrutgyanam

કેદ કરી રાખતો હતો એટલે સોરઠના રાજા રાહકવાટને પણ યુક્તિ પ્રયુક્તિથી પકડી એજ પાંજરાને સ્વાધીન કીધો. આ ખબર સાંભળી તળાજેથી એક બારોટ શીયાળ બેટમાં રાહને જોવા આવેલ તેની સાથે તેણે નીચેનો દુહો પોતાના મામા ઉગાવાળાને કહાવ્યો.

છાતી ઉપર શેયડો, માથા ઉપર વાઢ,
બાબુજોવાળા ઉગલા, કટ પાંજરે કવાટ.
તુ કહેતો તક આવ્ય, તાળી તળાજા ધણી;
વાળા હવે વજાડય, એવ હાથે ઉગળા.

ઉપરનો દુહો બારોટે રાહની મરજી મુજબ તળાજે ઉગાવાળા પાસે જઇને કહ્યો કે તરત ફોજ એકઠી કરી ઉગોવાળો શીયાળબેટ ઉપર ચઢી આવ્યો. અને વીરમદે પરમારને હરાવી રાહકવાટ અને બીજા બધા કેદ થએલ રાજાઓને મુકત કરી પોતપોતાના રાજયમાં મોકલ્યા.

આ પ્રમાણે સ્વપરાક્રમથી એક હાથે તાળી પાડી શકવાની વાત ઉગાવાળાએ સિદ્ધ કરી આપી.

ઉગાવાળાએ લાત મારી કાષ્ટનું પાંજરૂં તોડી નાખી રાહકવાટને છુટો કર્યો પણ તે વખતે તેની લાત વાગવાથી રાહકવાટે એમ જાણ્યું કે મારૂં અપમાન થયું, તેથી ચિત્રાસર આગળ તેણે ઉગાવાળા સાથે લડાઇ કરી. તેમાં રાહકવાટે પોતાના મામા ઉગાવાળાને મારી નાંખ્યો તેનો

Aho ! Shrutgyanam

પાળીઓ ઉભો કરવામાં આવ્યો. તે સાંભળી ઉગાવાળાની બહેન પોતાના ભાઈના પાળીયાનાં દર્શન કરવા આવી, પણ ત્યાં ઘણા પાળીઆ હોવાથી ભાઈનો પાળીઓ ઓળખી શકી નહી. તેથી ઇશારત કરવા બોલી એટલે ઉગાવાળાનો પાળીઓ પોતાની ભગનીને માથું નમાવતો હોય તેમ જરા નમ્યો. તે સ્થિતિમાં હાલ પણ તે પોળીયો બાબરીઆવાડમાં શાહીસા પાસે જોવામાં આવે છે.

ઈ. સ. ૧૦૦૩ માં રાહકવાટની ગાદીએ તેનો પુત્ર રાદયાસ બેઠો. રાદયાસે અણહિલપુરના રાજાની રાણીઓ ગિરનાર યાત્રા કરવા આવી હતી તેમને કંઈ અપમાન આપ્યું તેથી પાટણના રાજાએ ચઢાઈ કરી વનથળી લઇ લીધું ને ઉપરકોટ ઉપર ઘેરો ઘાલી ઢાંકેલા યોધ્ધાઓને ગઢ ઉપર ચઢાવી મારી નાંખ્યા. (ઇ. સ. ૧૦૨૦). આ વખતથી ઉપરકોટનો ગઢ જુનાગઢના નામથી પ્રસિદ્ધ થયો. રાયદાસની રાણી સતી થઈ, ને તેનો નોંઘણ નામનો કુંવર બોડીધરના આહીર દેવાઇતને ઘેર ગુપ્તપણે રહ્યો. જુનાગઢમાં પાટણ તરફથી થાણદાર રહેતો હતો. તેને છાના સમાચાર મળવાથી એ કુંવરનો નાશ કરી રાહના વંશનો અંત આણવા અને સોરઠને કાયમપણે પાટણને તાબે રાખવાના ઈરાદાથી તેણે દેવાઇતને બોલાવ્યો. દેવાઈતે નોંઘણને જુનાગઢ મોકલવાનો પત્ર પોતાની સ્રી ઉપર લખ્યો. પણ

Aho ! Shrutgyanam

ખાનગી સંદેશો પોતાના દીકરાને મોકલવાનો કહેવરાવેલ તે ઉપરથી તેની પત્નીએ પોતાનો તરતનો પરણાવેલો વાસણુ નામનો પુત્ર વરરાજાના પોશાકમાં મોકલ્યો. તે જાણે પરભવમાં દેવાંગનાને પરણવાના પરમ હર્ષમાં હોય એવી સ્થિતિમાં મૃત્યુવશ થયો, પછી દેવાઇતે લગ્નને બહાને થાણદારને પોતાને ઘેર બોલાવીને તેને મારી નાંખ્યો, ને આહીરની મદદથી નોંઘણને ગાદી ઉપર સ્થાપ્યો (ઇ. સ. ૧૦૨૦) નોંઘણે દેવતાઈની પુત્રી જાસલ ઉપર જુલમ ગુજારનાર સિંધના સરદાર હમીર સુમરાને સિંધમાં જઇને હરાવ્યો. દેવાઇને પોતાના રાજાનો કીમતી જાન પોતાના વહાલા પુત્રનો ભોગ આપી બચાવ્યો તેથી સોરઠનું રાજ્ય પામ્યો એ પ્રજા ધર્મનો તેમજ રાજાએ જાસલને મદદ કીધી એ તેની ભુજનો આ જેવો તેવો દાખલો ન ગણાય.

સિંધથી સોરઠમાં આવી નોંઘણ ખોડીઆર માતાના દર્શન કરવા શેત્રુંજીના કિનારે આવેલા ધારી ગામમાં ગયો. ત્યાં પોતાની અમૂલ્ય વીંટી ગલધરો તલાવમાં પડી જવાથી તે તલાવ ખાલી કરવા માંડયું પણ તેમાં ફતેહમંદ થયો નહીં. ઈ. સ. ૧૦૨૪ માં મહમદ ગીજનીએ સોમનાથ ઉપર સ્વારી કરી ઘણું દ્રવ્ય લીધું; સુવર્ણની સાંકળે લટકતા દીપથી દીપ્યમાન થયેલા દેવલમાં દાખલ થઇ, નવ ફુટ ઉંચા લિંગને તોડી, ગંડાવાના કિલ્લા ઉપર છાપો મારી

* કચ્છવાગડનો કંથકોટ કે ગણદેવી હશે.

Aho ! Shrutgyanam

ભીમદેવને નસાડી દુ:લભસેનને અણુહિલવાડની ગાદી ઉપર બેસાડી ગીજની ગયો. ઇ. સ. ૧૦૯૪ માં અણુહિલવાડની ગાદીએ સિદ્ધરાજ જયસિંહ આવ્યો. તે વખતે જુનાગઢમાં નોંઘણ રાજ્ય કરતો હતો. ને તેજ વખતે જુનાગઢ સોરઠની રાજધાની થઇ સિદ્ધરાજે નોંઘણના મોંમાં તૃણ લેવાની ફરજ પાડી હતી તેથી તેનું વેર લેવાને તેનો પુત્ર રાખેંગાર બીજો જે ઇ. સ. ૧૦૯૮ માં સોરઠની ગાદીએ આવ્યો તેણે સિદ્ધરાજ માલવામાં હતો ત્યારે પાટણ ઉપર સ્વારી કરી, તેના દરવાજા તોડીને દ્વાર જુનાગઢમાં લાવ્યો ને તેને કાલવે દરવાજે ચઢાવ્યા. વળી રાણકદેવી નામે સિંધના રાજાની કુવરી જે અપશુકન વાળી હોવાથી વગડામાં રખડતી મૂકવામાં આવીહતી ને જેને લઇને હડમતીઆનો કુંભાર જુનાગઢ પાસેના મજેવડી ગામમાં આવી વસ્યો હતો તેને પ્રથમ સિદ્ધરાજ વેરે વરાવ્યા છતાં રાખેંગાર પરણ્યો. આથી સિદ્ધરાજ સૈન્યની સગવડતા સારૂ ઠામોઠામ વાવ, તળાવ, ધર્મશાળા બંધાવી, અગાઉથી રસ્તો તૈયાર કરાવી, વઢવાણથી સાયલા તથા સરધારને રસ્તે ગોંડલ આવ્યો, ને ત્યાંથી વીરપુર ને જેતપુર આવી જુનાગઢ પાસે સ્વારી કરી. સિદ્ધરાજના કોઈ સગાવેરે પરણાવેલી રાખેંગારની બહેનના દીકરા દેહલ ને વીહલના દગાથી સિદ્ધરાજે અફીણને બહાને ૧૪૦ સિપાઈને પોઠમાં ભરી ઉપરકોટમાં પહોંચાડી દીધા.

Aho ! Shrutgyanam

ને પોતે દરવાનને મારી કિલ્લામાં પ્રવેશ કીધો ઉપર જઈ રણશિંગુ ફુંકયું, એટલે રાખેંગાર મહેલમાંથી લડવા નીકળી પડયો, પણ અંતે રાખેંગાર મરાયો, સિદ્ધરાજે તેના પાંચ વર્ષના ડગાયચા નામના કુંવરને રાણકદેવીની નજર આગળ રાક્ષસી ક્રુરતાથી મારીને કેર વરતાવ્યો. મોટો પુત્ર જેનું નામ માંઢેરો હતું, તે મા, મા, કરતો પોતાની માતા પછવાડે સંતાઇ ગયો, ત્યારે માતાએ નીચેનો દુહો કહ્યો:—

માંઢેરા તું મ રોય, આંખ્યો મ કર રાતીઓ;
કુળમાં લાગે કલંક, મરતાં મા ન સંભારીઓ.

તે સાંભળી સિદ્ધરાજે તેને જીવતો મૂકયો. રાણકદેવીને પાટણ લઇ જઈ પોતાની પટરાણી કરી રાખવા ઘણું સમજાવી પણ તેણીએ માન્યું નહીં. તેથી આખરે તેના મોટા પુત્રને પણ તેના દેખતાં માર્યો, આથી રાણકદેવીએ પોતાના પતિ રાખેંગારની પાઘડી ખોળામાં મૂકી ચિતામાં પ્રવેશ કરી કહ્યું, હે ભોગાવા, મને રાખેંગારે ભોગવી છે, ને હવે તું ભોગવ. સિદ્ધરાજે પોતાની પછેડી તેના ઉપર ફેંકી. પણ રાણકદેવીએ કહ્યું, જો મારી સાથે પરભવમાં પરણવા ચાહતો હોય તો તું પણ ચિતામાં પ્રવેશ કર. સિદ્ધરાજે ના પાડી. તેથી પોતે બળીને સતી થઈ. તેની દેરી હાલ પણ વઢવાણમાં છે.

Aho ! Shrutgyanam

વનરાજનો વણિક મંત્રી ચાંપો જેણે ચાંપાનેર વસાવ્યું હતું તેના વંશમાં સાજન થયો. સાજનને સૈરાષ્ટ્રનો કારભાર સિદ્ધરાજે સોંપ્યો હતો તે દરમીયાન તેણે બારવરસની સોરઠની ઉપજ પાટણ મોકલી નહિ. પણ ગીરનાર ઉપર નેમિનાથનું દેરૂં ફરી બંધાવવામાં ખરચી. કોઈએ ચાડી ખાવાથી સિધ્ધરાજ સોરઠમાં આવ્યો. તે ઉપરથી જુનાગઢના શ્રાવકોએ અગાઉથી સિદ્ધરાજને આપવા માટે ટીપ કરવા માંડી તે વખતે વનથલીમાં ભીમો કુડલીઓ નામે વાણિઓ જે પોતાના પુન્ય પ્રતાપથી ઘણો પૈસાદાર હતો તેણે એકલાએ સિધ્ધરાજ માગે એટલું નાણું આપવા સાજન આગળ કબુલ કર્યું.

અનુક્રમે ગીરનાર ઉપર હવા ખાવાને બહાને સાજન સિધ્ધરાજને તેડી ગયો. તે વખતે ડુંગર ઉપર ચડવાના પગથીઆં તથા નેમિનાથનું દેરૂં તથા બીજાં દેરાં જોઇ સિધ્ધરાજ અત્યંત હર્ષ પામ્યો. તેણે કહ્યું, આ દેરાં કરાવનારને ધન્ય છે. સાજનદે બોલ્યો; રાજાજી, આપને ધન્ય છે. આપનો પૈસો મેં એમાં વાપર્યો છે. મારા ખાનગી કામમાં ખરચ્યો નથી. સાજનને પુષ્કળ ધન આપી તેની પ્રશંસા કરી શત્રુંજય તથા ગીરનારના તીર્થ તેને સોંપી સિધ્ધરાજ પાટણ ગયો. હવે ભીમો વાણીઓ લાખો રૂપિઆ લઇ જુનાગઢના સંઘ આગળ આવીને કહે છે;

Aho ! Shrutgyanam

મેં સાજનને રૂપિઆ આપવા કહ્યા હતા તે મારે જોઇએ નહિ. માટે તેને તમે શુભ કામમાં ખરચો. શ્રાવકોએ પછી તે રૂપિઆ ખરચી ભીમકુંડ બાંધ્યો. તથા જીર્ણોદ્ધાર વગેરેમાં બાકીના રૂપિઆ વાપર્યા. સિદ્ધરાજે શત્રુંજયની યાત્રા કરીને બ્રાહ્મણોએ બદ સલાહ આપી તોપણ શત્રુંજય તીર્થ મંડન ઋષભનાથના દેવાલયના ખરચ ખુંટણ વાસ્તે બાર ગામ આપ્યાં. સિદ્ધરાજ પાટણ ગયો કે તરત જુનાગઢના લોકોએ થાણુદારને કાઢી મુકી નોંઘણ ત્રીજાને ગાદીએ બેસાડયો (ઇ. સ. ૧૧૨૫). ત્રીજા નોંઘણ પછી રાહ કવાટ બીજો ઈ. સ. ૧૧૪૦ માં ગાદીએ બેઠો. ઇ. સ. ૧૧૪૨ માં સિદ્ધરાજ રાણકદેવીના શ્રાપથી સંતાન વગર પંચત્વપણાને પામ્યો. તેથી ભીમદેવના પુત્ર ત્રિભુવનપાળનો પુત્ર કુમારપાળ ગુજરાતનો રાજા થયો. તેણે પાટણમાં કુમારવિહાર નામે જીનાલય તથા મહારૂદ્ર બંધાવ્યો. કુમારપાળે પોતાના ગુરૂ હેમાચાર્યના આશ્રય તળે રહીને સોમનાથનું દેરૂં સમરાવ્યા પછી શત્રુંજય, ગિરનાર તથા તારિંગાની યાત્રા કરી અત્યંત પૈસો ખરચ્યો. ગિરનાર ઉપર ભીમકુંડની પાસેનું દેરૂં હાલ પણ કુમારપાળનું દેરૂં કહેવાય છે. ખંભાત તથા ધંધુકામાં પણ સરસ દેરાં કરાવ્યાં. શ્રીમાલીક વણિક ઉદાયન મંત્રીના પુત્ર બાહડે શંત્રુજયની યાત્રા કરીને પાલીતાણાની પાસે

Aho ! Shrutgyanam

વહાડપુર ગામ વસાવ્યું. બાહડના ભાઈ વાગ્ભટ મંત્રીશ્વરે તે ગામમાં ત્રિભુવનપાળવિહાર નામનું જીનાલય બાંધ્યું. કુમારપાળે પણ શત્રુંજય જવાનો રસ્તો સમરાવ્યો. ને ગોઠી તથા ભાટના ભરણ પોષણ માટે જમીન આપી. ઈ સ. ૧૧૫૭ માં બાહડ શાહના હાથે શત્રુંજય । ચાદમો ઉદ્ધાર થયો. શંત્રુજય માહાત્મ્ય જે ઇ. સ ૪૨૦ માં ધનેશ્વર સૂરિએ સૌરાષ્ટ્રના રાજા શિલાદિત્યની વિનંતિથી વલભિપુરમાં બનાવીને વાચ્યું હતું તેમાં પણ બાહડના ઉદ્ધાર વિષે અગાઉથી લખેલું છે. દેવપાટણમાં પણ કુમારપાળે દેરૂં કરાવેલું છે, તથા ત્યાં ભદ્રકાળીના લેખમાં લખેલું છે કે કાન્યકુબ્જ દેશમાં નંદીશ્વરે શિવની આજ્ઞાથી ભાવ બૃહસ્પતિ નામના બ્રાહ્મણના રૂપમાં જન્મ લીધો. ભાવ બૃહસ્પતિએ બલ્લાલ, ધારાનગર તથા જાંગલ દેશના રાજારૂપી હાથીઓના કુંભસ્થળ ઉપર ફરનાર સિંહસમાન કુમારપાળને સોમનાથનું દેરૂં સમરાવવા વિનંતી કરી. તેથી કુમારપાળે ભાવબૃહસ્પતિને જીર્ણોધ્ધારના કામમાં મુખ્ય ગંડ (ગોર) નીમ્યો. જે દેરૂં સોમરાજે (ચંદ્રે) સુવર્ણનું, રાવણે રૂપાનું, કૃષ્ણે લાકડાનું, ને ભીમદેવે પથરનું કરાવ્યું હતું તે દેરૂં કુમારપાળે સમરાવ્યું. ને તેનું મેરૂપ્રાસાદ એવું નામ પાડયું. તથા ભાવ બૃહસ્પતિને બ્રહ્મપુરી ગામ અર્પણ કર્યું,



Aho ! Shrutgyanam

કુમારપાળને પુત્ર ન હોવાથી તેના પછી તેના ભાઇ મહીપાળનો દીકરો અજેપાળ ઇ. સ. ૧૧૭૩ માં ગુજરાતની ગાદીનો વારસ થયો. તેણે કુમારપાળનાં બંધાવેલાં ઘણાં દેરાં તોડી નાંખ્યાં. ગિરનાર આગળના કુમારપાળના દેરાની આસપાસની દેરીઓ તે વખતે તોડી નાખી હોય એમ લાગે છે.

અજેપાળ પછી બાળ મૂળરાજ ઇ. સ.૧૧૭૬ માં રાજા થયો. તેના વખતમાં શાહાબુદ્દીન ગોરીએ હિંદુસ્તાન ઉપર સ્વારી કરી. ઇ. સ ૧૧૭૮ માં ભેળોભીમ ગાદીએ આવ્યો. તેને દિલ્હીના રાજા પૃથુરાજ ચોહાણ સાથે લડાઇ થઇ તેમાં ગિરનારનો રાજા ચુડાસમાં જયસિંહ ભીમની મદદે આવ્યો હતો. આ જયસિંહ, ઉપર આવી ગએલા રાહુકવાટ બીજાનો પુત્ર હતો. તે કનોજના રાજા જયચંદ્રનો સગો હતો અને ત્યાંથી સોરઠ આવતાં તેણે ગ્વાલિઅર જીતી લઈ મેવાડના રાજાને હરાવ્યો હતો. જયસિંહ મૃત્યુવશ થવાથી તેની ચિતામાં તેની રાણી બળીને સતી થઈ. જયસિંહ પછી રાયસિંહ, (ઇ. સ. ૧૧૮૦ મા) ને તે પછી ગજરાજ અથવા મહીપાળ બીજો ઇ સ. ૧૧૮૪ માં જુનાગઢની ગાદીએ આવ્યો. ગજરાજની મોતીનાદે નામની પુત્રી સીરસાના રાજા વછરાજના પુત્ર મલખાંને પરણી હતી. ગજરાજ પછી જયમલ ગાદીએ આવ્યો. (ઇ. સ. ૧૨૦૧) તેને

Aho ! Shrutgyanam

ઘણા રાજાઓ ઘોડાની ભેટ કરતા. તેના પછી ઈ. સ. ૧૨૩૦ માં મહેપો ગાદીએ આવ્યો મહેપોના વખતમાં કાઠી લોકોએ તેના પ્રધાન મોતીચંદને હરાવી ઢાંક તાબેનાં ગામડાં લઇ લીધાં. ભોળોભીમ જૈન જતિ અમરસિંહનો ભક્ત હતો. શાહબુદ્દીનના સરદાર કુતુબુદ્દીને ઈ. સ. ૧૧૯૦ માં ગુજરાત પર ચઢાઈ કરી, ત્યારે ભોળાભીમે તેને અજમેરમાં ઘેર્યો હતો પણ તેમાં તે ફાવ્યો નહિ; આખરે તેને નાશી જવું પડયું ને ઈ. સ. ૧૨૧૪ માં મરી ગયો. આ પ્રમાણે સોલંકી (ચૌલુક્ય) વંશનો અંત આવ્યો.

આનક અથવા અર્ણોજ નામનો રજપૂત કુમારપાળનો મસીઆઈ ભાઇ હતો. કુમારપાળે તેની ચાકરીના બદલામાં વ્યાઘ્રપલ્લી ગામની જાગીર આપી હતી. આનકનો પુત્ર લવણપ્રસાદ ભીમદેવના વખતમાં મંત્રીપદ પામ્યો. તેણે પોતાના દાદાના નામ ઉપરથી ધોળકા ગામ પોતાની જાગીર પાસે વસાવ્યું. લવણપ્રસાદને મદનરાજ્ઞી સ્ત્રીથી વીરધવળ પુત્ર થયો. તેણે પૃથુરાજની સામે ભીમદેવને મદદ કરી; ને ધોળકામાં પોતાની રાજધાની સ્થાપી વીરધવલે વસ્તુપાળ અને તેજપાળ નામના બે વણિક પુત્રોને પોતાના મંત્રી ઠરાવ્યા. ધોળકા (ધવલકપુર) નું તખ્ત લવણપ્રસાદને સોંપી તથા ધોલકા તથા ખંભાતનો અધિકારી વસ્તુપાળને ઠરાવી વીરધવળ અને તેજપાળ મોટું સૈન્ય લઈ સોરાષ્ટ્રમાં

Aho ! Shrutgyanam

સ્વારી કરવા નીકળ્યા તે વખતમાં વીરધવળની સ્ત્રી જયતલદેવીના ભાઇ સાંગણ તથા ચામુંડ વનથલીમાં રાજ્ય કરતા હતા. તેમને હરાવી ૧૪૦૦ ઘોડા તથા કોટી ધન લઇ બેટ તરફ ચાલ્યા. ત્યાંથી પણ અપાર દ્રવ્ય લઇ વેલાકૂલ (વેરાવળ) ના રાજા ભીમસિંહ પ્રતિહારનો પરાજય કરી ધોલકે આવ્યા. ત્યારપછી ૧૪૦૦ રજપુતોને લઇ તેજપાળ ગોધરાના રાજા ઘુંઘળનો પરાજય કરી તેને વીરધવળની કચેરીમાં પકડી લાવ્યો. ત્યારપછી દક્ષિણના યાદવ વંશના રાજા શ્રીધનને તથા તેની કુમકે આવેલા લાટદેશ (નર્મદાની દક્ષિણનો દેશ). ના તથા મારવાડના રાજાઓને ભરૂકચ્છ (ભરૂચ) આગળ હરાવ્યા. આ વખતે વસ્તુપાળ પણ નિરાંતે બેસી રહયો નહોતો. ખંભાતના અસલના રાજાઓથી ઉતરી આવેલો શંખ નામનો ચાંચીઓ ઘોઘાબંદરની પાસે વડવા બંદરમાં રાજ્ય કરતો હતો. તેણે પોતાનો મિત્ર સદીક જે ખંભાત બંદરનો મોટો શાહુકાર હતો, ને જે વસ્તુપાળને નમતો નહોતો, તેની મદદે આવીને વસ્તુપાળ સાથે યુદ્ધ કર્યું. પણ આખરે તેમાં હાર્યો, પછી વસ્તુપાળ તથા વીરધવળ તથા તેજપાળ ત્રણે ધોળકામાં આવ્યા. તે વખતે ઉપરા ઉપરી જય મળવાથી ધોળકાનો દેખાવ ઘણોજ હર્ષ યુકત ને પ્રફુલ્લિત હતો. જ્યારે ગુલામવંશના પાદશાહ સુલતાન મવઝુદ્દીનની ફોજ ગુજરાત જીતવા આવી, ત્યારે વસ્તુ

Aho ! Shrutgyanam

પાળે એક લાખ લડવૈયા લઇને આબુ આગળ તેને હરાવી. તોપણ સુલતાનની બીક હમેશને માટે દૂર કરવા સારૂ તેની મા ગુજરાતને રસ્તે ખંભાત બંદરથી વહાણમાં બેસી અને તેનો માલ ચાંચીયા લોકો લઇ ગયા હતા તે પકડયો. મક્કે હજ કરવા ગઇ તે વખતે જતાં આવતાં વસ્તુપાળે તેની સારી અરદાસ કરી. તે ઉપરથી સુલતાને વસ્તુપાળને કહાવ્યું કે, તમે ઈનામ માગો. વસ્તુપાળે કહ્યું કે તમારે ગુજરાત દેશને હેરાન કરવો નહિ. સુલતાને તે કબુલ કર્યું. આ પ્રમાણે પરાક્રમી તથા ડાહ્યા મંત્રીઓએ ગુજરાતનું રાજ્ય વીરધવળના વખતમાં ઘણું સમૃધ્ધિવાળું તથા બળવાન કર્યું. આખો સોરઠ તાબે કર્યો એટલુંજ નહિ, પણ મહારાષ્ટ્ર સુધીના સર્વ રાજાઓને ખંડીઆ કર્યા. સેંકડો રાજાઓ વારંવાર લાખો રૂપિઆની ભેટ મોકલતા હતા. ગુજરાતના રાજ્યને આવી સ્થિતિમાં મૂકી વીરધવળે દેહત્યાગ કર્યો. તે એવો તો ધર્મિષ્ટ, ન્યાયી, અને દયાળુ હતો કે તેની ચિતામાં તેના ૧૦૮ ચાકરો બળી મુઆ. વસ્તુપાળે તેના પુત્ર વીશળદેવને ગાદીએ બેસાડયો, મેરૂતુંગાચાર્યની સ્થવિરાવલી પ્રમાણે વીશળ વાઘેલો (વ્યાઘ્રપલ્લીપતિ, ઈ. સ. ૧૨૪૩ માં ગુજરાતની ગાદીએ બેઠો

વસ્તુપાળ તેજપાળના લેખો ગિરનારમાં ઘણા છે, તે ઉપરથી તથા કેટલાક ગ્રંથો ઉપરથી માલૂમ પડે છે. તેમણે

Aho ! Shrutgyanam

નીચે પ્રમાણે ધર્મનાં કાર્ય કર્યા છે.

| | |
|---|---|
| ૧૩૦૦ જીનપ્રસાદ શિખર બંધ કરાવ્યા | ૩૬ ગઢ. |
| ૩૨૦૨ જીર્ણોદ્ધાર. | ૮૪ સરોવર. |
| ૧૦૦૦૦૦ મહાદેવનાં લિંગ સ્થાપ્યાં | ૪૦૦ પાણીનાં પરબ. |
| ૧૦૫૦૦૦ નવા જીનબિંબ કરાવ્યાં. | ૪૬૪ વાવ. |
| ૮૪ મશીદ. | ૯૦૦ કુવા. |
| ૯૮૪ ઔષધશાળા. | ૭૦૦ ધર્મશાળા. |

છત્રીસ લાખ દ્રવ્ય જ્ઞાન ભંડારમાં.

અઢારક્રોડ ને છંનુ લાખ દ્રવ્ય શત્રુંજય તીર્થે. ;

અઢારક્રોડ ને ત્યાસી લાખ ગીરનાર તીર્થે.—( ૧૨ક્રોડ ;

એંસીલાખ. ગુ. પાંચમી ચોપડી )

બારક્રોડ ને ત્રેપનલાખ આબુ તીર્થે. (સંવત ૧૨૮૬ થી ૧૨૯૨ સુધી

કૂલ દ્રવ્ય ત્રણ અબજ તેરક્રોડ બોતેર લાખ અરાડ હજાર આઠસેં પુણ્યના કામમાં ખરચ્યુ. તીર્થયાત્ર કરવામાં તેમની સાથે સાત લાખ માણુસ હતાં.

વસ્તુપાળે સંવત ૧૨.૮ માં,·ને તેજપાળે સવંત ૧૩૦૮ સ્વર્ગારોહણ કર્યું.—

વસ્તુપાલ સં. ૧૨૪૨ માં મરણ પામ્યો જે ત્યાર પછી દશ વર્ષે તેજપાલનો કાલ થયો ( ગુજરાતી પાંચમી ચોપડી પાઠ ૮૬)

Aho ! Shrutgyanam

| ગુજરાતના રાજા. | | ગાદીએ આવ્યાનું વર્ષ ઇ. સ. |
|---|---|---|
| ચાવડા. | વનરાજ | ૭૪૬ |
| | યોગરાજ | ૮૦૬ |
| | ક્ષેમરાજ | ૮૪૨ |
| | ભુવડ | ૮૫૬ |
| | વીરસીંહ | ૮૯૫ |
| | રત્નાદિત્ય | ૯૨૦ |
| | સામંતસિંહ | ૯૩૫ |
| સોલંકી. | મૂળરાજ | ૯૪૨ |
| | ચામુંડ | ૯૯૭ |
| | વલ્લભસેન | ૧૦૧૦ |
| | ભીમ પહેલો | ૧૦૨૨ |
| | કરણ | ૧૦૭૨ |
| | સિદ્ધરાજ | ૧૦૯૪ |
| | કુમારપાળ | ૧૧૪૩ |
| | અજેપાલ | ૧૧૭૪ |
| | મૂળરાજ બીજો. | ૧૧૭૩ |
| | ભીમ બીજો | ૧૧૭૯ |
| | ત્રીભૂવનપાળ | ૧૨૪૨ |
| વાઘેલા. | વિશાળદેવ | ૧૨૪૪ |
| | અર્જુનદેવ | ૧૨૬૨ |
| | સારંગદેવ | ૧૨૭૫ |
| | કરણઘેલો | ૧૨૭૯–૧૩૦૪ |

Aho ! Shrutgyanam

૧૪૦૩ થી ૧૫૬૧ સુધી સ્વતંત્ર પાદશાહો થયા (ગુજરાતમાં) ૧૫૭૩ થી ૧૭૫૭ સુધી મોગલ પાદશાહોના સુબેદાર થયા. પછી પેશ્વાની વતી ગાયકવાડ. ૧૮૧૮ પછી અંગ્રેજ થયા.

નેમીનાથના દેવલના દક્ષિણ બારી બહાર પશ્ચિમ તરફ આંગણામાં એક દેરીની ભીતમાંનો લેખ—नमः श्री नेमिनाथायः ज ज.........वर्षे फाल्गुन सुदि ५ गुरौ......श्री .........तिलक महाराज श्री महीपाळ×पमेरसिंह भार्या×फा-नसुतसा×सुतसा२ल्हाइ आपा×सेठा मेठा×जनुरा सडीगांगी प्रमृतो×नाथ प्रासादा कारिता प्रतिष्ठि+दसुरि.

गिरनार उपर वस्तुपाल तेजपाळना देराबहारना जमणी तरफना द्वार उपर नीचे प्रमाणे संस्कृतमां लेख छे.

---

श्रीपार्श्वनाथायनमः स्वस्ति श्री विक्रम संवत् १२८८ वर्षे फाल्गुन सुदी १० बुधे ठा. चंडपात्मज ठा श्रीचंद्र प्रासादागज ठा. श्री सोमतनुज ठा. आसाराज नन्दनस्य ठा. श्रीकुमारदेवी कुक्षीसंभूतस्य श्रीमाल देवी तनुजस्य श्री पालाग्रजात्मज महामात्य वस्तुपालस्यात्मजे यजेमहं श्री ललिता देवीकुक्षी सरोवर राजहंसायमाने महं. श्री जयातिसहे संवत् ७९ वर्षे पूर्वं स्तंभतीर्थे मुद्रा व्यापारान् व्याप्नवति सति संवत् ७७७ वर्षे श्रीशत्रुंजयोज्जयंत प्रभृति महा-

Aho ! Shrutgyanam

तीर्थ यात्रोत्सव प्रभावाविर्भूत श्रीमद्देवाधिदेव प्रासादासादित संघाधिपत्येन सौत्सुकयकुल नभस्तल प्रकाशनैक मार्तंडमहाराज श्रीलवणप्रसाद देव भूः अस्तंभन कपूर स्तंभतीर्थदर्भवतीधवलक्कक प्रमुख नगरेषु तथा अन्यसमस्तस्थानेष्वपि कोटिशो अभिनव धर्म स्थानानि प्रभूत जीर्णोद्धारा श्चकारिताः तथा सचिवेश्वर श्री वस्तुपालेन इहैस्वयं निमापित श्री शत्रुंजय महा तीर्थावतार श्रीमदादि तीर्थंकर ऋषभदेव स्तंभनक पुरावतार श्री पार्श्वनाथदेव सत्य पुरावतार श्री महावीरदेव प्रशस्ति सहित काश्मीरावतार श्री सरस्वती मूर्तिदेव कुलिका चतुष्टय जिनयुगल अश्वाव लोकना साम्ब प्रद्युम्न शिखरेषु श्री नेमिनाथ देवालंकृत देवकुलिका चतुष्टय दुर्गाधिरूढ स्वपितामह श्री सोमसिंहात्मेत्री ठा॰ आसाराज मूर्तिद्वितय चारु तोरण त्रय श्री नेमिनाथ देव आत्मीय पूर्व जाग्रजानुज पुत्रादि मूर्ति समन्वित मुखोद्घाटनकस्तंभ श्री अष्टापद महातीर्थ प्रभृति अनेक कीर्तन परंपरा विराजते श्री नेमिनाथ देवाधिदेव विभूषित श्रीमत् उज्जयंत महातीर्थे आत्मनस्तथा स्वधर्म चारिणो प्राग्वाट ज्ञातीय ठा॰ कान्हड पुत्र्याः ठा रानकुक्षि संभूताया महं श्री ललिता देव्या अर्थो विभिहि श्री नागेंद्र गच्छे भट्टारक श्री महेंद्रसूरि संताने शिष्य श्री शांतिसूरि शिष्य श्री आनंदसूरि श्री अमरसूरि पदे भट्टारक श्री हरिभद्रसूरि पट्टालंकरण प्रभु श्री विजयसेनसूरि प्रतिष्ठित श्री अजितनाथ देवादि विंशति तीर्थंकरालंकृताय अभिनवस मंडप श्री संमेतशिखर महा तीर्थावतार प्रासादःकारितः इत्यादि॰

Aho ! Shrutgyanam

મહિપો પછી ઈ. સ. ૧૨૫૩ માં રાખેંગાર ત્રીજો ગાદીએ આવ્યો. રાખેંગારે પોતાના વજીર કલ્યાણ શેઠને મારી નાંખ્યો, તેથી તેનો દીકરો લવો દિલ્હી નાશી ગયો; તેણે બાદશાહને ગુજરાત જીતવાની ઉશ્કેરણી આપી, તે દરમીયાનમાં રાખેંગારે કોઈ શહેરની બાઈ ઉપર જુલમ ગુજાર્યો, તેથી તેનાં સગાંઓએ તેને ઘાયલ કરી મારી નાંખ્યો. કલ્યાણ શેઠની જગોએ માલણ મહેતાને, ને તે મરાયા પછી તેના દીકરા મહીધરને ખેંગારે દીવાનગીરી આપી હતી. રાખેંગાર પછી રામંડળીક પહેલો થયો. ઈ. સ. ૧૨૬૦. તેના વખતમાં અલાઉદ્દીન ખીલજી તરફથી આલખાને ગુજરાતપર ચડાઈ કરીને સોમનાથનું દેરૂં તોડયું. મંડળીકે તેના લશકરના એક ભાગને હરાવ્યો. તેથીજ તેને રેવતી કુંડના લેખમાં મોગલનો જીતનાર કહયો છે. ત્યાર પછી નોંઘણ ચોથો થયો. (ઈ. સ. ૧૩૦૬). તે પછી મહીપાળ ત્રીજો (ઈ. સ, ૧૩૦૮) ને તે પછી રાખેંગાર ચોથો ઈ. સ. ૧૩૨૫ માં થયો. તેના વખતનાં મહમદ તઘલખે જુનાગઢ તાબે કરી તેને કેદ કર્યો ને પછીથી ખોરાસાનો વીરો મદદે આવવાથી તેને છોડી મૂકયો. આ ખેંગારે અઢાર બેટ કબજે કર્યા. તથા ૮૪ રાજાઓને જીતી લીધા હતા એમ કહેવાય છે. તેના પછી

Aho ! Shrutgyanam

જયસિંહ, (૧૩૫૧), તે પછી મહીપાલ ચોથો, (૧૩૬૯), ને તે પછી મોકલસિંહ ઇ. સ. ૧૩૭૩માં જુનાગઢનો રાજા થયો. મોકલસિંહના પ્રધાન ગદાધરના પુત્ર વિજયનાથે ધંધુકામાં વાવ બંધાવી. તે વીશેનો લેખ તે વાવમાં છે. તેના વખતમાં ફીરોજશાહ તઘલખે જુનાગઢમાં થાણદાર નીમ્યો, તેથી તે વનથલીમાં રહેવા લાગ્યો. જુનાગઢની ગાદીએ મોકલસિંહ પછી ઇ. સ. ૧૩૯૭ માં મંડળીક બીજો થયો. ને તે પછી તેનો ભાઇ મેલક થયો (ઇ. સ. ૧૪૦૦). આ રાજાને ઉપર કોટના લેખમાં જીર્ણદુર્ગનો યાદવરાણો કહેલો છે. ગુજરાતના પાદશાહ અહમુદશાહે અમદાવાદ વસાવી ઈ. સ. ૧૪૧૩ એટલે સંવત ૧૪૬૯ માં પ્રથમ વનથળીને ઘેરો ઘાલ્યો, પણ ત્યાંના ૧૮ રાજકુમારો જુનાગઢમાં નાશી જવાથી જુનાગઢને ઘેર્યું. પણ મંડળીક ગીરનારમાં નાશી જવાથી અહમુદનું કંઈ વળ્યું નહિ. મીરાતે સીકંદરીમાં આ લડાઈના હકીકત આપી છે, તેમજ તેમાં મરાએલ રાહ તરફના શૂરવીરોના પાલીઆઓ વનથળીમાંથી મળી આવેલા હાલ જુનાગઢ સંગ્રહસ્થાનમાં જોવામાં આવે છે.

ઇ. સ. ૧૪૧૫ થી ૧૪૪૦ સુધી જયસિંહ ત્રીજો રાજા થયો. રેવતીકુંડના લેખમાં લખેલું છે કે આ જયસિંહે ઝાંઝરમેર આગળ યવન લોકોને હરાવ્યા. તેના પછી મહી-

Aho ! Shrutgyanam

પાળ ચોથો થયો તે ધર્મદ્રઢ હતો અને યાત્રાળુઓની સારી બરદાસ રાખતો.

મંડળીક ત્રીજો પોતાના પિતા મહીપાળની ગાદીએ ઈ. સ. ૧૪૫૧ માં આવ્યો. તે વીર પુરૂષ ભીમ ગોહેલના પુત્ર અર્જુનની પુત્રી કુંતાદેવીને પરણ્યો હતો. અર્જુનનો ભાઈ દુદો જે અર્થીલાનો રાજા હતો તે આ મંડળીકને હાથે રણસંગ્રામમાં મરાયો—અને તેના વંશજોએ લાઠીમાં રાજ્ય સ્થાપ્યું. બેટના રાજા સાંગણ વાઘેલાને પણ મંડળીકે હરાવ્યો.

સીંથા ગામમાં કુવાના રાજપુત્ર ભીમસિંહજીની કુંવરીને તથા બીજી ચંદ્રવંશી ઝાલા તથા સૂર્યવંશી ગોહેલ રાજપુત્રીઓને ત્રીજો મંડળીક પરણ્યો હતો, તોપણ તેને કંઈ સંતાન નહોતું. સોમનાથપાટણનો રાજા વીંજલવાજો તેનો મિત્ર હતો. તે કોહોડીઓ હતો, તેથી એક વખત ગીરનારની જાત્રા કરી દામોદરકુંડમાં નાહીને સોનાનો હાથી બ્રાહ્મણોને આપી પોતે મંડળીકથી છાનો જેતલસર ગયો. સોનાનો ભાગ પાડતાં બ્રાહ્મણો લડી પડયા. તે વાત કાને પડવાથી મંડળીક પોતાના મિત્ર વીંજલવાજાને મળવાને નીકળ્યો. વડાલ અને કથરોટા વચ્ચે એક માણસ જે ગંગા નદીનું પાણી હમેશાં મંડળીકને માટે લાવતો હતો તે મળ્યો. તે ગંગાજલ મંડળીકે પોતાના ઉપર રેડી દી-

Aho ! Shrutgyanam

ધું* અને ભીને લુગડે હર્ષભેર મિત્રનો મેળાપ કરવા ચાલ્યો. દૂરથી વીંજલવાજાએ ના કહી તોપણ મંડળીક તેને ભેટી પડયો. તેના સ્પર્શથી વીંજલવાજાનો કોહોડ મટી ગયો.

તેનો પુત્ર શામળદાસ વડનગરના નાગર મદનજીની પુત્રીને પરણ્યો તેની પુત્રી કુંવરબાઇ ઉના શહેરમાં ઝવેરીપુરાના ફળીયામાં રહેનાર શ્રીરંગ નામના નાગરના પુત્રને પરણી. તે બંને વખતે નરસીહમેતાને શ્રી કૃષ્ણ મહારાજે સહાય કરી દુનીયાને છક કરી દીધી હતી.

એ વખતમાં નરસિંહ મહેતો થઇ ગયો. તેનું મંડળીકે અપમાન કર્યું, તેથી અથવા તો પોતાના મંત્રી વીશળ વાણીયાની† સ્ત્રી મદનમોહનાની તથા સરસાઇ પાસેના મોણીઆ ગામની નાગબાઇ નામની ચારણીઆણીની લાજ લીધી, તેના શ્રાપથી જુનાગઢનું રાજ્ય મુસલમાનના હાથમાં ગયું, એમ વહેમની વૃદ્ધિ કરનાર ભાટ લોકો કહે છે. પોતાનું અપમાન કરતી વખત નાગબાઇ નીચેના દુહા બોલ્યાનું કહેવાયછે. તે વખતે જમીયલ શા દરવેશ હાજર હતો તે જમીયલ શા પીરનો તકીયો દાતારના ડુંગર ઉપર છે તેની જાત્રા કરવા હજારો મુસલમાન દરવર્ષે આવે છે.

---

* હાલ ત્યાં ઝરો છે તે ગંગાજળીયો કહેવાય છે.

† જુનાગઢમાં આવેલી વીશલવાવ બંધાવનાર.

Aho ! Shrutgyanam

ગંગાજળ ગઢેશા, પંડ તહારૂં હું તું પવિત્ર;
બીજાને રગત ગયાં, મને તો વાલા મંડળીક.
નહી રહે રાની રીત, રાપણું રહેશે નહીં;
ભમતો માગીશ ભીખ, ત્યારે મું સંભારીશ મંડળીક.
હતુંઃ હતું ગઢેશા ગઢનો પતિ, રગત કોઢ વાલા;
વાલાનો રોગ કાંટા રાપણું, રાજાપણું મુઃ મેને.

ગમે તેમ હોય પણ ઇ. સ. ૧૪૬૭ માં (1469 meadows Tayla) ગુજરાતના પાદશાહ મહુમદ બેગડાએ *જુનાગઢ ઉપર સ્વારી કરી. મંડળીક જખમી થવાથી ઉપરકોટમાં ભરાઇ બેઠો. ને મહુમદ નજરાણો મળવાથી અમદાવાદ ગયો. પણ ઇ. સ. (૧૪૭૨ માં 1470 meadows Tayla) મોટી સેના લઇ ફરી ચડાઇ કરી. મંડળીક બહાદુરાઇથી લડયો, પણ આખરે તાબે થયો. મહુમદે તેના કુંવર ભુપતસિંહને સીલઆગસરાની ચોત્રીસી આપીને તાતારખાનને થાણદાર નીમી જુનાગઢનું નામ મુસ્તફાબાદ પાડયું. ઉપરકોટમાં દેરાંની મસીદ કરીને શહેરની આસપાસ દીવાલ બાંધી. અમદાવાદથી સૈયદ, કાજી, અને બીજા

*જુનાગઢ ને ચાંપાનેર એ બે ગઢ જીત્યા તેથી બેગડો કહેવાય છે. તેન પિતા અહમદશાહે ઇ. સ. ૧૪૧૨માં અમદાવાદ વસાવ્યું ને તેણે મહેમદાવાદ વસાવ્યું. ચઉદ વર્ષની ઉમરે મહમદ બેગડો ગાદીએ બેઠો. તેણે શીરોહી તથા ઇડરના રાજાને હરાવ્યા.

Aho ! Shrutgyanam

તવંગર મુસલમાનોને તેડાવીને તેમને મહમદે મુસ્તફાબાદમાં વસાવ્યા, ને જીર્ણદુર્ગના છેલ્લા રજપુત રાજા મંડળીકને વટલાવી તેનું નામ ખાજહાં પાડીને અમદાવાદ પકડી ગયો. મંડળીકની ઘોર માણેકચોક પાસે કહોઇઓળમાં હાલ હયાત છે. અતિ વિષયીને એવું વિષ સમાન ફળ મળે તેમાં નવાઇ નથી. ચુડાસમા રજપૂતોએ સોરઠ ઉપર આશરે ૬૦૦ વર્ષ રાજ્ય કર્યું. તે પછી મુસલમાનોનો અમલ બેઠો તોપણ સો વર્ષ સુધી ચુડાસમા રજપૂતો જાગીરદારના નામથી ઓલખાતા હતા ......................

................તાતારખાન પછી મહમદ બેગડાનો શાહજાદો મીરઝાં ખલીલ જુનાગઢનો બીજો થાણદાર નીમાયો તેણે ખલીલપુર વસાવ્યું. ત્રીજો થાણદાર મલીક ઈયાઝ પોર્ટુગીઝ લોકોના હુમલા અટકાવવાને માટે ઘણે ભાગે દીવમાં રહેતો. તેની કબર ઉનામાં છે. ચોથો થાણદાર તાતારખાંગોરી થયો. તેના વખતમાં જામરાવળે હાલાર જીતીને નવાનગર બાંધ્યું. મંડળીક પુત્ર ભૂપતસિંહ પછી ખેંગાર છઠો ને તે પછી નોંઘણ છઠો ઇ. સ. ૧૫૨૫ માં જાગીરદાર થયો. ને નોંઘણ પછી ૧૫૫૧ માં શ્રીસિંહ જાગીરદાર થયો. તાતારખાં ગોરીના મૃત્યુ પછી તેનો દીકરો અમીનખાં ગોરી જુનાગઢનો પાંચમો થાણદાર થયો. ગુજરાતના સુલતાન બહાદુરશાહને જીતીને અકબર આગે ગયો ત્યારે તેના

Aho ! Shrutgyanam

હુકમથી વજીરખાંએ સોરઠ જીતવાનો પ્રયત્ન કર્યો. પણ નિષ્ફળ થયો. કારણ કે મીરઝાં ખલીલ જે બહાદુરશાહ પહેલાં સુલતાન મુજફ્ફર થયો હતો તે ૧૫૮૩ માં નાશી ગયો. તે વખતે આખા ગુજરાતમાં અંધેર ચાલતું હતું. તેથી અમીનખાં સ્વતંત્રપણે સોરઠમાં રાજ્ય કરવા લાગ્યો. પણ ૧૫૯૧ માં નવરંગખાન, સૈયદ કાસમ અને ગુજરખાંએ જુનાગઢને ઘેરો ઘાલી તાબે કર્યું.

આ વખતે શ્રી સિંહનો પુત્ર ખેંગાર પોતાની સીલ બગસરા ને ચોરવાડની જાગીરમાં નાશી ગયો. ત્યાં તે ૧૬૦૮માં ગુજરી ગયો. તેના વંશજો હાલ પણ ત્યાં જોવામાં આવેછે. ઇ. સ. ૧૫૯૧ થી સોરઠ ખાલસા સરકાર થયું, ને થાણદાર મટી ફોજદાર થયા. નવરંગખાન સોરઠનો પહેલો ફોજદાર થયો. તેના પછી મીરજા ઇસા તારખાં પ્રખ્યાત ફોજદાર થયો. આજમખાં કે જેના વખતમાં ઝાલાવાડના રાણપુરનો કિલ્લો બંધાયો તેના પછી મીરજા ઈસા તારખાં ૧૬૪૨ માં ગુજરાતનો સુબો નીમાયો. તેના વખતમાં જુનાગઢનો કિલ્લો સમરાવ્યો. ત્યાર પછી કુતુબુદ્દિન નામના ફોજદારે ઈ. સ. ૧૬૬૪ માં જામરાય સિંહજીને શેખાપાટ આગળ યુદ્ધમાં મારી નવાનગર જીતી લઇ તેનું નામ ઇસ્લામનગર પાડી ખાલસા કર્યું. તેથી તેને સોરઠના કેટલાક મહાલ જાગીરમાં મળ્યા. ઈ. ૧૬૬૬ થી ૧૬૮૨ સુધી

Aho ! Shrutgyanam

સરદારખાં જુનાગઢનો ફોજદાર થયો; તે ૧૬૭૦ માં પોતાના દીકરા દીલીરખાંને ફોજદારી આપી ઇડર ગયો હતો. સરદારખાં પછી મીરઝાં ખૂરમને પછીથી શાહુજહાં બાદશાહ થયો. તે જે પ્રથમ જુનાગઢનો બે વાર મુતશદ્દી અથવા ફોજદાર થયો હતો તે ત્રીજીવાર ચાર વર્ષ સુધી જુનાગઢનો ફોજદાર થયો એટલે કુલ આઠ વર્ષ મીરઝાં ખૂરમે જુનાગઢમાં રાજ્ય કર્યું.

સરદારખાંએ ઇ. સ. ૧૬૮૧ માં પોતાના મીત્ર ઘોરીપીર પાસે સરદારબાગ બનાવરાવી તેમાં પોતાનો મુકરબો કર્યો. પણ પોતે સિંધમાં નગરઠઠ્ઠાનો સૂબો નીમાયો, ને ત્યાંજ ગુજરી ગયો. સરદાર તલાવ જે જુનાગઢમાં પશ્ચિમ દિશાએ છે અને જેને મોટું તળાવ પણ કહે છે તે પણ તેણે ખોદાવ્યું. ઇ. સ. ૧૬૭૩ માં મહારાજા જસવંતસિંહના વચે પડવાથી રાયસિંહજીના પુત્ર જામ તમાચીને નવાનગર પાછું સોંપાયું. પણ ત્યાં મોગલ રાજ્ય તરફથી ફોજદાર રહેવા લાગ્યો. પણ ઈ. સ. ૧૭૦૭માં ઓરંગજેબનું મૃત્યુ થયું એ અંધાધુની ચાલી. એટલે ૧૭૦૯ માં જામે ફોજદારને કાઢી મુકયો. ૧૭૧૪ માં મારવાડના મહારાજા અજીતસિંહે પોતાની પુત્રી ફરૂકશિઅર બાદશાહને પરણાવી. તેથી પોતે ગુજરાતનો સૂબો થયો. તેનો પુત્ર અભે-

સિંહ સોરઠનો ફોજદાર થયો. અજીતસિંહની વતી અમદાવાદમાં વજેરાજ ભંડારી રહેતો હતો. અને અભેસિંહની વતી જુનાગઢમાં ફતેહસિંહ કાયસ્થ રહેતો.

શાહજહાં બાદશાહની કચેરીમાં અફ્ઘાનીસ્તાનનો વતની બાહદુરખાં બાબી કરીને એક પ્રખ્યાત પુરૂષ હતો. તેણે પોતાના દીકરા શેરખાંને ગુજરાતમાં મોકલ્યો. ગુજરાતના સૂબા મુરાદબક્ષે શેરખાંને હાકેમ નીમ્યો. શેરખાંનો એક દીકરો સફદરખાં ઈ. સ. ૧૬૯૦ માં પાટણનો મદદનીશ હાકેમ થયો. બીજો દીકરો મુબારિઝ વડનગરનો ઉપરી નીમાયો. ૧૭૦૪ માં સફદરખાં વીજાપુરમાં નીમાયો. ને ૧૭૦૬ માં તેણે દુર્ગાદાસ ઠાકોરને હરાવ્યો. તેથી પાટણમાં બીજીવાર નીમાયો. સફદરખાંનો એક દીકરો જવાંમર્દખાં ઇ. સ. ૧૭૧૬ માં રાધનપુરમાં નીમાયો, અને બીજો દીકરો સલાબત મહમદખાં ગુજરાતના સુબા મહારાજા અજીતસિંહ તથા સુરત અને ખંભાતના ઉપરી હૈદર કુલીખાં વચેનો કજીયો પતાવવા ગોહીલવાડમાં નીમાયો. હૈદર કુલીખાં સાથે કંઈ તકરાર થવાથી બાબી મુસલમાનોને આ વખત પાલણપુરમાં આશ્રય લેવાની ફરજ પડી. જ્યારે તકરાર બંધ પડી ત્યારે સફદરખાંને ગોધરામાં, સલાબત મહમદખાંને વીરમગામમાં, અને તેના દીકરા મહમદ બહાદુરને પ્રથમ અમદાવાદમાં ને પછી મહીકાંઠામાં

Aho ! Shrutgyanam

વીરપુર અને સાદરામાં નોકરી મળી. ત્યાર પછી ગુજરાતની સુબેદારી માટે નીઝામઉલમુલ્ક ને હૈદરકુલીખાં વચ્ચે તથા પછીથી હામીદખાં ને સુજાતખાંની વચ્ચે ગડબડાટ મચી રહ્યો. તે દરમીયાનમાં બાબી કુટુંબે પોતાની સત્તા વધારી. જ્યારે દીલ્લીથી સરબુલન્દખાં હાગીદખાં સાથે લશ્કર લઈને ગુજરાતમાં આવ્યો, ત્યારે સલાબત મહુમદખાં ઘોઘાની જાગીર સાથે વીરમગામનો ઉપરી ઠર્યો. ૧૭૨૩ માં ભાવસિંહજીએ પીલાજી ગાયકવાડની બીકથી સિહોરથી વડવાબંદર જઈને ત્યાં ભાવનગર સ્થાપ્યું. તે હળવદના રાજાની દીકરીને પરણ્યો હતો ને જામતમાચીને ગાદી આપવામાં સામેલ હતો. ઈ. સ. ૧૭૨૮ ના અરસામાં જુનાગઢનો ફોજદાર અસદઅલી ગુજરી જવાથી સલામત મહુમદખાંએ પોતાના દીકરા શેરખાંને જુનાગઢ મોકલ્યો. પણ દિલ્લીના પાદશાહે અસદઅલીના દીકરાને નીમ્યો. તેથી શેરખાંને ઘોઘે જવું પડ્યું. જવાંમર્દખાં ગુજરી ગયા પછી તેના એક દીકરાને સમીમુજપુરની જાગીર મળી, ને બીજાને રાંધણપુરની ફોજદારી મળી. વીરમગામના દેસાઈ ઉદેકરણના ખુનનું કામ ચાલતું હતું તેવામાં સલાબત મહુમદખાં ઇ. સ. ૧૭૩૦ માં પાલડીમાં મરી ગયો; તેજ વરસમાં મહારાજા અભયસિંહ ગુજરાતનો સૂબો થયો. શેરખાંએ અમદાવાદ જઇ તેને હાથીની

Aho ! Shrutgyanam

ભેટ આપી, ને પોતાના બાપની ધોઘાની જાગીર મેળવી. પીલાજી ગાયકવાડનું ડભોઇમાં ખૂન થયા પછી શેરખાં વડોદરામાં ફોજદાર નીમાયો. પીલાજીના ભાઇ મહાદજી ગાયકવાડે વડોદરા કબજે કર્યું ત્યારે શેરખાં વીરમગામનો ફોજદાર થયો, પણ ભાવસિંહજી દેશાઇના કાવતરાથી દામાજી ગાયકવાડે વીરમગામ લઇ લીધું. તેથી શેરખાં પોતાના સગાં ભેગો રહેવા માટે ખેડે ગયો. ઇ. સ. ૧૭૩૬ માં મહારાજા અભયસિંહના મદદનિશ રતનસિંહ ભંડારીએ શેરખાંને અમદાવાદમાં બોલાવી ઘણા માન સાથે પેટલાદમાં નીમ્યો, ઇ. સ. ૧૭૩૮ માં મોમીનખાંએ અમદાવાદને ઘેરો ઘાલી રતનસિંહ ભંડારીને કાઢી મુકયો, ને પોતે ગુજરાતનો સુબો થયો.

તેની સાથે અણબનાવ હોવાથી શેરખાં બાલાસિનોર રહેવા લાગ્યો. જુનાગઢના ફોજદાર સોરાબખાંને રતનસિંહ ભંડારીએ ધંધુકા પાસે ધોળીની લડાઇમાં કતલ કર્યો હતો તેથી તેની જગોએ મોસનખાંની નીમણુક થઇ. અને મોસનખાંની પછી મીરહજમર અલીખાં જુનાગઢનો ફોજદાર થયો. આગલાં જવાંમર્દખાં બાબીનો દીકરો જે તેજ નામથી ઓળખાતો હતો તેણે મોમીનખાંને મદદ કરી હતી, તેના બદલામાં તે પાટણનો અધિકારી થયો. ને તેના ભાઇ જોરાવરખાંને ખેરાળુ પરગણું સોંપાયું. આ પ્રસંગે શેરખાં

Aho ! Shrutgyanam

બાબી પણ મોમીનખાંને સલામ ભરવા આવ્યો. તે ઉપરથી તેને હુજબર અલીખાંના નાયબ ફોજદારની જગો મળી. મોમીનખાંનો ભત્રિજો હીમતઅલી સોરઠનો ફોજદાર થયો, ત વેળા દામાજી ગાયકવાડના સરદાર રંગોજીએ બોરસદ કબજે કર્યું. મોમીનખાં ગુજરવાથી ફીદાઉદ્દીનખાં અમદાવાદનો સુબો થયો. રંગોજીનો પક્ષ લેવા માટે ફીદાઉદ્દીનખાંની ઇતરાજી થવાથી શેરખાં બાલાસિનોરમાં રહેવા ગયો. ને દામાજીના ભાઈ ખંડેરાવ ગાયકવાડે અમદાવાદ ઉપર ચઢાઇ કરી ત્યારે જવાંમર્દખાં જે મોગલનો હુકમ બતાવી અમદાવાદનો ધણી થઇ પડયો હતો તેની મદદમાં શેરખાં આવ્યો. ૧૭૪૪ માં ફખરૂદૌલા ગુજરાતનો સુબો થઇને અમદાવાદ આવ્યો ત્યારે શેરખાં તથા ઇડરના મહારાજા રાયસિંહજીની મદદ માગીને જવાંમર્દખાં તેની સામો થયો. ખંડેરાવ ગાયકવાડે રંગોજીને બદલે ત્રંબકરાવને પોતાનો ડેપ્યુટી બનાવ્યો. તેથી રંગોજીએ શેરખાંની મદદ માગી. શેરખાંએ તે ઉપરથી મહુધા ને નડીયાદ લૂટયાં. પણ આખરે શેરખાં તથા રંગોજી એ બંનેને કપડવંજમાં આશ્રય લેવાની જરૂર પડી. ખંડેરાવ ગાયકવાડે બોરસદને ઘેરો ઘાલ્યો. તે વખતે શેરખાં, રંગોજી તથા રાયસિંહજી ત્રણે જણે તેનો બચાવ કર્યો. પણ અંતે ફાવ્યા નહીં. તેથી શેરખાં જુનાગઢમાં આવતો રહ્યો, ને રાયસિંહજી ઇડર

Aho ! Shrutgyanam

જતો રહ્યો. આ વખતે બાલાસિનોરમાં શેરખાંનો દીકરો સરદાર મહુમદખાં રાજ કરવા લાગ્યો. શેરખાંની ગેર-હાજરીમાં તેની સ્ત્રીઓ લાડડીબીબી ને અમીનબીબી જુનાગઢનો સઘળો કારભાર ચલાવતી. પણ પોતે હવેથી નવાબ બહાદુરખાં એવું નામ ધારણ કરી સ્વતંત્ર થયો. બહાદુરખાં નવાબ જયારે ગુજરાતમાં ગયા ત્યારે વસંતરાય નામના પુરવીયાએ જુનાગઢ પોતાને હસ્તગત કર્યું. પણ દલપતરામ દિવાને તેને કાઢી મૂકયો.

દલપતરામના ગુજરી જવા પછી જગન્નાથ ઝાલા તથા તેનો ભાઈ રૂદરજી જુનાગઢમાં સત્તાવાળા થઈ પડયા. આરબ લોકોને ચઢેલો પગાર નહી મળવાથી ઉપરકોટ કબજે કરીને હુલડ મચાવી રહ્યા. તેમની પાસેથી યુકિતથી જગન્નાથ ઝાલાએ દારૂગોળો બહાર નંખાવી દીધો, ને ગોંડલના કુંભોજી પાસેથી ધોરાજી બદલ રૂપિઆ લઈને આરબ લોકોને આપ્યા. છેવટે ઘણાખરા આરબને જુનાગઢ મૂકી જવું પડયું. ઈ. સ. ૧૭૫૯ માં નવાબ બહાદુરખાન (શેરખાં) ગુજરી જવાથી તેની ગાદીએ મહોબતખાં બેઠા. પણ તેની ફોઇ સુલતાનબીબીએ તેને ઉપરકોટમાં કેદ કરી પોતાના પૌત્ર મુજફ્ફરખાંને નવાબ ઠરાવ્યો. તેથી શમી મુજપુરના નવાબ બીજા જવાંમર્દખાંએ મહોબતખાંને છોડવવાના બહાનાથી જુનાગઢ ઉપર ચઢાઇ કરી. ગોંડલનો જાડેજા કુંભોજી વચે

Aho ! Shrutgyanam

પડયો, તેણે મહાબતખાં પાસે પોતાના નામ ઉપર ઉપલેટા લખાવી લઈ એવો ઠરાવ કરી આપ્યો કે સુલતાનબીબીએ પોતાના પૌત્રો સહિત ઉબેરને કાંઠે રાણપુરમાં રહેવું ત્યાર પછી આરબ લોકોએ પોતાના પગાર માટે ફરી ઝગડો કર્યો, ને ઉપરકોટમાં ભરાઈ બેઠા. આ વખતે માંગરોળનો અમરજી નામનો નાગર જમાદાર સાલમીન તથા પોરબંદરના કેટલાક આરબો લઈને અઢાર વર્ષની ઉમરે જુનાગઢમાં પેટને અર્થે નોકરી ખોળવા આવ્યો. આરબ લોકોને વશ કરવાનું કામ પ્રથમ તેને સોંપવામાં આવ્યું, તેમાં તે ફતેહમંદ થયો, ને વાઘેશ્વરી દરવાજો કબજે કર્યો એટલુંજ નહિ પણ આરબલોકોને અરધો પગાર ચુકવી ઉપરકોટમાંથી કાઢયા.

સુલતાનબીબી વેરાવળ હાથ કરવા ગઈ હતી પણ શેખમિયાં ને સુંદરજી દેસાઈ તેને કાઢી મુકીને તે બંદરના રાજ્યકર્ત્તા થઈ પડયા હતા. તેમને પણ અમરજીએ કેદ કર્યા. શેખમિયાં માંગરોળ નાશી ગયો. ત્યાં જઈને અમરજીએ સીલ, દીવાસા, મહીયારી, ને બગસરા લઈ લીધાં. ને જુનાગઢને પોતાના રાજ્યનો અર્ધ ભાગ આપવાને શેખમિયાંને ફરજ પાડી. નવાબ મહોબતખાંના કોઈએ કાન ભંભેરવાથી અમરજી દીવાન તથા તેનો ભાઈ દુલભજી બંને કેદમાં પુરાયા. પણ પછી ૪૦૦૦૦ કોરીનો દંડ કરી તેમને છોડી મુકવામાં આવ્યા. અમરજી દીવાન

Aho ! Shrutgyanam

જેતપુર જઇ રહ્યા. નવાબ સાહેબે માંગરોળ ઉપર ચડાઇ કરી, પણ તેમનું કાંઇ ચાલ્યું નહિ. તેથી અમરજીને મનાવીને ફરીને દીવાનગીરી આપી. અમરજી દીવાને માંગરોળના શેખમિયાંને તાબે કર્યો; ને તુરતજ સુતરાપાડા જીતી લીધું. ઇ. સ. ૧૭૬૮ માં ભાવનગરના રાવળ વખતસિંહજીને તળાજાના કોળી લોકો સામે મદદ કરી.* ૧૭૭૦ માં બાંટવાનો શેરઝમાનખાં જે મહાબતખાંનો કાકો હતો તેણે જુનાગઢ ઉપર ચઢાઇ કરી પણ નિષ્ફળ થયો. તેજ વર્ષમાં અમરજીએ જેતપુરના વાલાકુંપોને દીલખાણીઆ લેવામાં મદદ કરી. પછી હાસમખાં પાસેથી કુંતીયાણા લઇને તેને મજેવડી આપ્યું; ને પોતાના ભાઇ દુલભજીને કુંતીઆણામાં મૂક્યો પછી માળીઆના મિયાણા, બાબરીઆ લોકો, તથા ઉનાના કસબાતી લોકોને તાબે કર્યા.

ગોંડલના જાડેજા કુંભોજીને ધોરાજી તથા ઉપલેટાની બીક લાગી, તેથી તેણે નવાબ સાહેબને આડું અવળું સમજાવી મરાઠા લશ્કરની સાથે પોતાનું લશ્કર ભેગું કરી પોતે અમરજીની સામે થયો. પણ અંતે વળ્યું નહીં ઇ. સ. ૧૭૭૪ માં નવાનગરના જામજસાજી કારભારી મેરામણ ખવાસે ઓખાના વાઘેર લોકો સામે લડવાને અમરજીની

* ત્યારપછી ખંભાતના નવાબને તળાજા સોંપાયું. પણ ૧૭૭૩ માં વખતસિંહજીએ તેની પાસેથી ખરીદ કર્યું.

Aho ! Shrutgyanam

મદદ માગી. વાઘેરનું મથક પોસિત્રા હતું તેને અમરજીએ લઈ લીધું; ને લુંટનો સઘળો ખજાનો કબજે કર્યો.

આ વખતે મહોબતમાં ગુજરી ગયા એવી ખબર પડતાં વારનેજ જુનાગઢ આવી તેના આઠ વરસના શાહુજાદા હામીદખાંને ગાદી ઉપર સ્થાપીને આ બહાદુર દીવાન ઝાલાવાડમાં મુલકગીરીની ચઢાઈ કરવા નીકળ્યો. તેની ગેરહાજરીમાં નવાબસાહેબની મા સુભાનકુંવરે બાંટવાના મુખત્યારખાં સાથે મળીને વનથળીનો કિલ્લો હાથ કર્યો. ને અમદાવાદના સુબા મહીપતરાય તથા આબુરાયની મદદ માગી પણ એટલામાં અમરજી દીવાન આવી પહોચ્યો. તેથી મહીપતરાયે જે ખંડણી ઉઘરાવી હતી તે અમરજીને સોંપી દીધી. ને મુખત્યારખાં બાંટવે નાશી ગયો. ઇ. સ. ૧૭૭૬ માં પેશવા તથા ગાયકવાડના સુબેદાર અમૃતરાવ તથા બે ભણુ ખંડણી ઉઘરાવવા જેતપુર સુધી આવ્યા. પણ જાડેજા કુંભોજી વચે પડયો ને અમરજી આગળ તેમનું કંઈ ચાલ્યું નહિ. મોરબીના ઠાકોર વાઘજીએ વાગડમાં ચઢાઈ કરવામાં મદદ માંગવાથી અમરજી રણ ઓળગી વાગડમાં લુટફાટ કરવા લાગ્યો. પણ કચ્છના રાવે ભેટ મોકલી સભ્યતાથી તેમ ન કરવા સંદેશો મોકલ્યો, તેથી અમરજી દીવાન પાછા ફર્યા. પછી અમરેલીમાં જઇ ગાયકવાડના સુબેદાર જીવાજી શામરાજને હરાવી તેને પોતાની પાંડોશમાંથી કાઢી અમરેલીનો કિલ્લો તોડી પાડયો. ત્યાર પછી માંગરોળના સેખ-

Aho ! Shrutgyanam

મિયાં સામે પોતાના ભાઈ દુલભજીને મોકલ્યો. અમરજીની વહુ ગુજરી ગઈ તે પ્રસંગે શેખમિયાં ખરખરો કરવા આવ્યો ત્યારે તેણે એવું વચન આપ્યું કે હવેથી જુનાગઢના રાજ્યને હરકત પહોંચાડવી નહીં. ઈ, સ. ૧૭૭૮ માં પોતાના સુબેદાર જીવાજી શામરાજનું વેર લેવાને ફતેસિંહ ગાયકવાડ ચઢ્યો, ને જેતપુર સુધી આવી પહોંચ્યો પણ આસપાસના રાજા એકઠા થઈ જવાથી તેણે અમરજીને કીંમતી પોશાક મોકલ્યો, ને તે ઉપરાંત ચઢેલી જમાબંધી માફ કરી.

પોરબંદરના રાણા સુલતાનજીએ પ્રેમજી લવાણા નામે પોતાના પ્રધાનની ઉશ્કેરણીથી બર્ડામાં બંડ ઉઠાવ્યું. પણ અમરજી ત્યાં આવી પહોંચ્યો. તેથી રાણાએ પોતાના હાથમાં આવેલો એક વહાણનો કીંમતી માલ તેને સોંપી દીધો. જાડેજા કુંભોજીની મદદ કરી સીંધી લોકો પાસેથી દેવડા ને ખાગસરીના કીલ્લા લઈ લીધા. પછી અમરજી દીવાનજીએ ઇ. સ, ૧૭૮૨ માં ઉના દેલવાડાના કસબાતી શેખતાહીરને હરાવી પ્રભાશંકર નામના નાગરને ત્યાં રાખ્યો, આ નાગરથી મુજફ્ફરાબાદ (જાફરાબાદ) ના હબશી તથા દીવના પોર્ટુગીઝ લોકો ઘણા બીહીતા હતા. આ વખતે ગુણીયલ અમરજીની ગંજાવર કીર્તિ આખા ગુજરાતમાં ગાજી રહી હતી, પણ હવેથી તેની પડતી આવી, નવાબને

Aho ! Shrutgyanam

સમજાવીને પોરબંદરના રાણાસુલતાનજીની તથા જામનગરના પ્રધાન મેરામણ ખવાસની સેના સાથે પોતાની સેના એકત્ર કરી ગોંડલનો જાડેજા કુંભોજી કુતિયાણામાં લુંટફાટ ચલાવવા લગ્યો, પણ પાંચપીપળાના રણક્ષેત્રમાં અમરજીએ તે સર્વેને હરાવ્યા તેથી સર્વે પોતપોતાને સ્થાને વીખરાઇ ગયા. આ લડાઈમાં માંગરોળના શેખમીયાં અમરજી તરફ હતા. અમરજીએ ઘણીજ હોશીઆરીથી પોરબંદરના રાણાને એવો તો ત્રાસ પમાડયો કે દેવડાનો કીલ્લો જે પાંચપીપળાની લડાઈ પછી તોડી પાડયો હતો તે રાણાએ પોતાના ખરચે પાછો બાંધ્યો, ત્યાર પછી નવાબસાહેબને સાથે લઈને અમરજી ઝાલાવાડ ને ગોહીલવાડમાં ખંડણી લેવા નીકળ્યા, પણ નવાબસાહેબ મંદવાડનો ઢોંગ કરી જુનાગઢ તરફ વળ્યા ને ગોંડલમાં કુંભોજીના મેમાન તરીકે રહ્યા, ત્યાં કુંભોજીએ એવી તો કાનમાં ફુંક મારી કે અમરજીને મારી નાંખવાને કાવતરૂં રચાયું. તેથી અમરજીના જુનાગઢ આવવા પછી મહોબતખાંનની વિધવા રાણીએ રાધનપુરના નવાબની દીકરીનું ઘરેણું દેખાડવાને બહાને તેને મહેલમાં બોલાવી તરકટથી આરબો પાસે મરાવી નાંખ્યો. અને તેના ભાઇ દુલભજી અને દીકરા રણછોડજીને કેદ કર્યા. પણ અમરજીના મિત્ર મહાદજી સિંધીઆના ભાઇ રૂપોજી સિંધીઆ તથા મોરારરાવ ગાયકવાડ જે તે વખતે ગોહીલવાડમાં હતા તેમની ભલામણ તથા આરબોના દબાણને

Aho ! Shrutgyanam

લીધે તેમને છોડી મુકવામાં આવ્યા. જુનાગઢની વતી મહુવામાં મુકેલા થાણુદારને ભાવનગરના રાવળ લખતસિંહજીએ કાઢી મુકયો. અમરજીના ગુજરી ગયા પછી જુનાગઢમાં ઘણું અંધેર જામી રહ્યું. આરબ લોકો નવાબને રંગમહેલમાં પોતાને તાબે રાખવા લાગ્યા. તેમના મુખ્ય જમાદાર ગુલશાને મરાવી નંખાવીને નવાબ છુટા થયા. પણ આરબ લોકોએ વનથલી કબજે કર્યું. આ વખતે પોરબંદરના રાણાના પ્રધાન પ્રેમજી લુવાણાને બોલાવવાનો પ્રયત્ન કર્યો, પણ નિષ્ફળ ગયો. તેથી અમરજીના ભાઇ દુલભજી તથા દીકરા રઘુનાથજીને બોલાવી તેમને દિવાનગીરી આપી. આ વર્ષે નવાબ સાહેબ સમી મુજપુરના નવાબ ઘાજીઉદીનની દીકરીને મોરબીમાં દબદબાથી પરણ્યા.

ચોરવાડનો સંગજી રાયજાદો પાલીઆદમાં કપાઈ મુઓ; તેની સાથે સગપણનો હક ધરાવીને પોરબંદરના રાણાએ ચોરવાડ લીધું. ને સને ૧૭૮૮ માં વેરાવળ પણ કબજે કર્યું. પણ હામીદખાં નવાબે પોતાના દીવાનોની મદદથી વેરાવળ પાછું લીધું ને રાણાને નજરાણો ને દંડ આપવાની જરૂર પાડી. તથા મોકાજીરાયજાદાને કુંભોજીની સલાહુથી રહેવા દીધો. સુતરાપાડાના કસબાતીએ નવાબ સાહેબની ઉશ્કેરણીથી દીવાન રણછોડજીને પ્રથમ ત્યાંથી કાઢી મુકેલ તે કસબાતીઓ એ ગામના ધણી થઈ બેસવાથી તેમને કઢાવી મુકી એ દીવાનને

Aho ! Shrutgyanam

નવાબ સાહેબ તરફથી ત્યાં પાછો રાખવો પડયો. હામીદખાંને દીવાન રણછોડજી વચે અણબનાવ ચાલતો હતો. તેવામાં ત્રણ લાખ જામશાઈ કોરીના દેવાને પેટે કુંભોજીએ ગોંડલ, જેતલસર, વગેરે ગામો પકકે પાયે લખાવી લીધાં. સને ૧૭૮૮ માં કેશોદના રાયજાદા ડાયોજીએ બાંટવા ઉપર ચઢાઈ કરી, તેથી એદલખાં તથા મુખતીઆરખાંએ દીવાન રઘુનાથજીની મદદ માગી. તે ઉપરથી તેમના ભાઈ દીવાન રણછોડજી તથા કાકા દુલભજીએ ડાયોજીને હરાવ્યો, અંતે પોતાના સિપાઈઓનો પગાર ચુકવવા માટે એકલાખ જામશાઈ કોરી માટે ડાયોજીએ નવાબ સાહેબને કેશોદ વેચ્યું.

ઇ. સ. ૧૭૯૦ ની સાલમાં હીમ પડવાથી પાકને નુકશાન થયું, ને ૧૭.૧ ની સાલમાં કાળ પડયો. તથા બળીઆથી હજારો જીવની ખુવારી થઈ. તેજ સાલમાં આરબલોકો ચોરવાડને કબજે કરી બેડા. તેમને દીવાન રણછોડજીએ હરાવી કાઢી મૂક્યા. ૧૭૯૨ માં જમાદાર હામીદસિંધી ગાયકવાડનું લશ્કર લઈ ખંડણી ઉઘરાવવા આવ્યો તેને જુનાગઢના લશ્કરે હરાવ્યો, ને પોતે કપાઈ મુઓ. ઈ. સ. ૧૭૯૩ માં કલ્યાણશેઠ તથા ગોંડલના કુંભોજીની સલાહથી નવાબ સાહેબે નાગરવાડાની મસીદમાં ચારસેં માણસનો જમાવ કરીને દીવાન રઘુનાથજી તથા તેના ભાઈઓને તથા બીજા નાગરોને *કેદ કરી ના

*નાગરવાડાની મસીદથી લશ્કર મોકલી મોરારજીને પકડયો. ને એક

Aho ! Shrutgyanam

ગરવાડો લુટયો, ને રઘુનાથજીના કપટી મસલતીઆનું માથું પોસ શુદી પડવાની રાત્રે કાપી નાંખ્યું. આ ઉપરથી દીવાન રણછોડજીએ કોડીનાર ને પાટણ લઇ લીધાં. છેવટે નાગરોને કેદમાંથી છોડયા. ને રણછોડજી દીવાન જામ સાહેબની નોકરીમાં રહ્યા. તેમાં તેને પડધરી આટકોટ જાગીરમાં મળ્યાં. અને તેના કાકા દુલભજી ભાવનગરમાં ગયા. ત્યાં તેને પણ ચાર ગામની જાગીર મળી. રણછોડજીના નાના ભાઇ દલપતરામને પણ લીંબડીના ઠાકોરે નોકરી આપી.

નાગર લોકોનું જોર પડી ભાગ્યા પછી વણિક કલ્યાણશેઠ તથા ગુજરાતના નાગર માધવરાય ખુશાલરાયને દીવાનગીરી મળી. ને નવાબ સાહેબે જુનાગઢના નાગર તથા સોમપરા બ્રાહ્મણ પાસેથી દશ લાખ કોરીનો દંડ લીધો ૧૭૯૪ માં ભાવનગરના રાવળ વખતસિંહે ચિતળમાંથી જુનાગઢનું થાણું ઉઠાડી મુકયું. કલ્યાણશેઠ સાથે ટંટો

---

નાનો છોકરો જે પ્રભાશંકરને વહાલો હતો તેને પ્રભાશંકરને ઘેર કપટથી મોકલ્યો. પ્રભાશંકર માંદો હતો તેથી તે છોકરાને તેણે પોતાની પાસે સુવાડયો. છોકરાને શીખવ્યું તું તે પ્રમાણે તેણે પ્રભાશંકરને ઘાયલ કર્યો ને તેની વહુ વચ્ચે પડી તેને પણ ઘાયલ કરી. આમ કરવાનુ કારણ એ હતું કે રઘુનાથજીએ નવાબને પ્રથમ કહી રાખ્યું હતું કે પ્રભાશંકર તથા મોરારજીને પ્રથમથી મારી નાંખવા કે જેથી શાંતિથી રાજ્ય ચલાવાય.

Aho ! Shrutgyanam

થવાથી માધવરાયે વનથલી વશ કર્યું. પણ નવાબ સાહેબની ફરમાશથી દીવાન રણછોડજીએ તેને હરાવ્યો ૧૭૯૫ માં રાજકુંવર બાઇએ બહાદુરખાંને જન્મ આપ્યો.

૧૭૯૬ માં ભુજના વજીર જમાદાર ફતેહમહમદે હાલાર ઉપર ચઢાઈ કરી. પણ કલ્યાણશેઠ, દીવાન રણછોડજી તથા હળવદના રાજસાહેબ વચ્ચે પડયા. તેથી સલાહ થઈ.

રાવળ વખતસીંહે કુંડળા તથા રાજુલા લઈ લીધું; તેથી નવાબ સાહેબે ભાવનગર ઉપરચઢાઇ કરી. ઢસા આગળ આખો દિવસ યુદ્ધ ચાલ્યું પણ છેવટે વખતસીંહે એક લાખ પંદર હજાર રૂપિઆ આપવા ને નવાબે કુંડલા ને રાજુલા પરગણાં આપવાં એવા કોલ કરારથી ર્‍હુનામું થયું. ૧૭૯૭ માં જુનાગઢ સરકારે માળીઆ જીત્યું. ૧૭૯૮ માં જમાદાર હામીદના દીકરા આમીન સાહેબે પોતાના પિતાનું વેર વાળવા ગાયકવાડનું લશ્કર લઇ મજેવડીમાં આવીને તેનો કિલ્લો તોડયો. ને ત્રણ ગણી ખંડણી લઈ પાછો ગયો. ૧૭૯૯ માં કલ્યાણશેઠે સાયલાના ઠાકોરની મદદે જઇ પંચાણના ધાંધલપુર ઉપર ચઢાઈ કરી. પણ તે ફાવ્યો નહીં. ઈ. સ. ૧૮૦૦ માં પોતાના સિપાઇઓને પગાર આપવાને માટે કલ્યાણશેઠે બાંટવાના મુખત્યારખાં બાબીની સાથે ધ્રાફા, હાલાર ને પોરબંદરના ગામોમાં લુંટફાટ કરી; ને કુંતીઆણા કબજે કર્યું પણ નવાબ સાહે-

Aho ! Shrutgyanam

બના સંદેશાથી દિવાન રઘુનાથજી તથા દીવાન્ રણુછોડજીએ કુંતીઆણાને ઘેરો ઘાલી લઈ લીધું ને કલ્યાણ શેઠને તેના કુંટુંબ સહિત કેદ કર્યો. અને તેનો દીકરો દીવમાં નાશી ગયો.

ઓગણીસમી સદીની શરૂઆતમાં દીવાન રઘુનાથજીએ પોતાના ભાઈ રણછોડજીને કુંતીઆણા સોંપીને ગોંડળના કુંવર દેવાજી સાથે ખંડણી ઉઘરાવવા માટે ઝલાવાડ ઉપર સ્વારી કરી. રણછોડજી દીવાન પણ ઉના તથા ચોરવાડ નવાબ સાહેબ માટે જીતી લીધા પછી લીંબડીમાં આવી મળ્યો. ૧૮૦૩ માં રણછોડજી દીવાને ઝાલાવાડમાંથી બમણી ખંડણી લીધી; તેમાં ગાયકવાડની તરફથી શીવારામ ગાદી સામે થયો પણ તેનું કાંઇ વળ્યું નહી. ૧૮૦૪ માં ગાયકવાડના દીવાન બાબાજીએ આપાજીએ વનથલીને ઘેરો ઘાલ્યો પણ દીવાન રણછોડજીએ તેને હેરાન કર્યો, ને તેની ઉઘરાવેલી ખંડણી છીનવી લીધી. ૧૮૦૫ દીવાન રણછોડજીએ રાજકોટ સુધી ખંડણી ઉઘરાવી નવાબ સાહેબે દીવાન રઘુનાથજી કુંતીઆણા ગીરવી આપ્યું, તેથી ૧૮૦૬ માં બંને ભાઈઓ ચાર લાખ રૂપિઆ ચુકવી આપી ત્યાં રહેવા ગયા. ૧૮૦૭ માં કર્નલ વોકરે બાબાજી આપાજી સાથે કાઠીઆવાડમાં આવીને સર્વ રજવાડાઓની ખંડણી હમેશને માટે મુકરર કરી. ૧૮૦૯ સુધી વોકર સાહેબ રહ્યા તે વખતમાં રેવાશંકર જુનાગઢ સરકારમાં મુખ્ય કારભાર ચલાવતો ૧૮૧૧ માં નવાબ સાહેબ હામી-

Aho ! Shrutgyanam

દમાં મૃત્યુવશ થયા. કહાનદાસ તથા જમાદાર ઉમર મુખાસને બહાદુરખાંને પાટણથી લાવીને ૧૭ વર્ષની ઉમરે જુનાગઢની ગાદીએ બેસાડયા. કુંતીઆણેથી રઘુનાથજીને બોલાવી તેને દીવાનગીરી સોંપી. ૧૮૧૨ માં કેપટન કર્નાક તથા ગંગાધર શાસ્ત્રીએ જામસાહેબને હરાવી જુનાગઢ પાસે લાલવડ સુધી આવી નજરાણું માંગ્યું.

દીવાન રઘુનાથજીએ તેમની સાથે અમરેલી જઇને કોલકરાર કરવા શરૂ કર્યા. રણછોડજી દીવાને મુકુંદરાયને ત્યાંથી કાઢી મૂકયો હતો, તથા રાજકુંવરબાઇએ વેંત જેટલી પણ જમીન આપવાની ના પાડવાથી રઘુનાથજીએ રાજીનામું આપ્યું હતું. તે છતાં પણ ગાયકવાડના દીવાન વિઠ્ઠલરાવે લાંચ આપીને જુનાગઢના કારભારીઓને ફોડયા; ને અમરેલી તથા કોડીનાર પરગણાં નવાબ સાહેબ પાસેથી લખાવી લઇ અમરેલીનો કિલ્લો ફરીને બંધાવ્યો. ૧૮૧૩ માં પૂછડીઓ તારો દેખાયો, ને દેશમાં દુકાળ પડયો. ૧૮૧૪ માં * ઉંદરીયાવરસની મરકી તથા દુકાળથી ઘણા માણસો યમરાજાના ધામમાં પ્હોંચી ગયાં. ૧૮૧૫ માં જમાદાર ઉમર મુખાસનનું જોર વધ્યું તેથી નવાબ સાહેબને ભય

આ ઉંદરીઆ સાલમાં અસંખ્ય ઉંદરોએ પાકમાં ઘણો બગાડ કર્યો. ૧૮૪૦ માં પણ ઉંદરોનાં ધાડા વધી પડયાં હતાં.



Aho ! Shrutgyanam

લાગ્યો. નેટીવ એજન્ટ સુંદરજી સવજી, દીવાન રઘુનાથજી, તથા રણછોડજીની સલાહથી કર્નલ બેલેન્ટાઇને જુનાગઢ આવી ઉમર મુખાસનને ટીંબડી ને પીપરીયા ગામ આપ્યાં. ને નવાબ સાહેબને ભયમાંથી મુક્ત કર્યા. તેના બદલામાં ૧૮૧૭ માં નવાબ સાહેબે ધંધુકા, રાણપુર ઘોઘા ને ધોલેરાની જોર તલબી લેવાનો હક કંપની સરકારને લખી આપ્યો.

૧૮૧૮ માં બ્રિટીશ સરકારની મદદથી સુંદરજી સવજી જુનાગઢનો દીવાન નીમાયો. ૧૮૧૯ માં કાઠીયાવાડમાં ધરતીકંપ થયો. ને દિવાન રઘુનાથજીએ આ ફાની દુનીઆનો ત્યાગ કર્યો. ૧૮૨૦ ગાયકવાડે કાઠીયાવાડના રજવાડા ઉપરનો હક અંગ્રેજને સોંપી દીધો. તેથી અમરેલીનો સુબો જે અત્યાર સુધી સ્વતંત્ર સત્તા ધરાવતો હતો, તે ટોપીવાળાના હાથમાં આવ્યો. ૧૮૨૧ માં જુનાગઢ સ્વસ્થાને પોતાનો જોર તલબીનો હક અંગ્રેજ સરકારની મારફત લેવાનો ને તેના ખર્ચને માટે તેનો ચોથો હિસ્સો અંગ્રેજ સરકારને આપવાનો તેમની સાથે કરાર કીધો. ૧૮૨૦ માં નવાબ સાહેબ કચ્છના રાવની કુંવરી કેસરબાઇને પરણ્યા. તે પ્રસંગે પોલિટીકલ એજન્ટ કેપ્ટન બારનેલ તથા તેનો નેટીવ એજન્ટ છોટમલાલ બાપાજી જે અમદાવાદનો નાગર હતો તે જુનાગઢમાં હાજર હતા.

Aho ! Shrutgyanam

૧૮૨૨ માં વાલાબાવા રાણીંગને મારીને તેના હાથમાંથી ગ્રેંટ સાહેબને નવાબ સાહેબે છોડાવ્યો. ને તેનું વિસાવદર પરગણું જુનાગઢમાં જોડાવી દીધું. ૧૮૨૩ માં નવાબ સાહેબનો ધર્મગુરૂ અહુમદખાં ગુજરી ગયો ને તેના દીકરા યુસફખાંને બે ગામ બક્ષીસ મળ્યાં. ૧૮૨૪ માં ધોરાજી વિગેરે ઠેકાણે જમાલ ખાંએ જુનાગઢના સિપાઇઓ લઇ લૂટફાટ કરવા માંડી; પણ છેવટે તે પકડાયો. તેની ૨૦૦૮૦ કોરી દંડ થઇ, તથા નવાબ સાહેબનો પણ ૫૦૦૦ કોરી દંડ થયો. આ વખતે ગોવિંદજી ઝાલા દીવાન હતો, કારણ કે સુંદરજી સવજી ૧૮૨૩ માં ગુજરી ગયો હતો, ૧૮૨૫ માં કાઠીઆવાડમાં દુકાળ પડયો,

૧૮૨૮ માં બ્લેની પોલિટિકાલ એજંટ થયો, ૧૮૩૧ માં સંવત ૧૮૮૭ નો સતાશીઓ કાળ પડયો, ઈ, સ, ૧૮૩૪ માં સદા શીવરાવની દીવાનગીરીમાં ખડીઆના બલોચને નવાબ સાહેબે હરાવી તાબે કર્યો. ૧૮૩૫ માં અનંતજીનો ભાઈ અમૃતલાલ અમરચંદ દીવાન થયો, ૧૮૩૬ માં નથુરામ અમરજી બુચ દીવાન થયા. ૧૮૩૮ માં અંગ્રેજ સરકારની સલાહથી સતી થવાનો ઘાતકી ચાલ સોરઠમાં બંધ કરવામાં આવ્યો, ૧૮૪૦ માં બહાદુરખાંએ કાળ કર્યો. તેથી તેમના પુત્ર હામીદખાં ૧૨ વર્ષની ઉમરે ગાદી નશીન થયા. ૧૮૪૨ માં સોનરેખની રેતીમાંથી સોનું કરવાના

Aho ! Shrutgyanam

પ્રયોગ કરવામાં આવ્યા હતા પણ ખરચ ઉપજ કરતાં વધી જવાથી તે કામ છોડી દેવામાં આવ્યું એમ સર જયોજ લીગ્રેન્ડ જેકબ સાહેબ કહેછે. તે વર્ષમાં અનંતજી અમરચંદ દીવાન થયા, ૧૮૪૭ માં ઓખાના વાઘેર વીઘા માણેક તથા રબારી રૂડાએ કેપ્ટન લોકને ગોળીથી માર્યો. પણ પાછળથી બંને પકડાયા. ૧૮૫૦ માં અતિ-વૃષ્ટિ થવાથી ઘણાં ગામડાં રેલમાં તણાઇ ગયા, હોશીઆર અને ચાલાક નવાબ ૧૮૫૧ માં ૨૩ વર્ષની નાની વયમાં બહેસ્તનશીન થયા ને તેમની ગાદીએ તેમના ભાઇ મહોબતખાં ચૌદ વર્ષની ઉમરે રાધણપુરથી આવીને બેઠા, તેમણે કર્નલ લેંગની સલાહથી પ્રથમ કાઉન્સીલથી રાજ ચલાવ્યું. પણ એકવીશ વર્ષની ઉમરે આવ્યા ત્યારે અનંતજી અમરચંદ તથા મીયાં હામદને દીવાન નીમ્યા. રાધણપુરના નવાબ જોરાવરખાંની દીકરી કમાલબખ્તા, સામતખાં બાબીની પુત્રી સરદારબખ્તા, તથા જુનાગઢના રહીશ શેખ હાસમભાઈની દીકરી લાડડી બીબી એ રીતે ત્રણ સ્ત્રીઓ મહોબતખાં પરણ્યા. બીબી કમાલબખ્તા જે બાદશાહી ઠાઠથી રહેતાં હતાં, તેના કુંવર હામદખાંને સરકારે ખોટો ઠરાવ્યો, તેથી તે રાધણપુર ગયાં ને ત્યાં ગુજરી ગયાં, સરદાર બખ્તાને કંઇ સંતાન સાંપડયું નહીં. ને લાડડી બીબીને બહાદુરખાં કુંવર ૧૮૫૬ માં જનમ્યા, બીજી બે સ્ત્રીઓથી રસુલખાં ૧૮૫૮

Aho ! Shrutgyanam

માં જનમ્યા, તથા એદલખાં ૧૮૬૭ માં જનમ્યા. વળી ૧૮૫૯ માં નાનીબુને તાજબખ્તા કુંવરી જન્મ્યાં, તેને બાટવાના બાબી રૂસ્તમખાંના ભાઈ શેરબુલંદખાંને ૧૮૭૩ માં પરણાવ્યાં, નવાબ સાહેબની મા નાન્જુબીબી સાહેબ તથા તેની બેનપણી ચાઈતીબુ અનંતજી દીવાનની વિરૂદ્ધ હતાં. તેથી તેઓએ ખટપટ મચાવી. પણ પોલિટિકાલ એજંટ ફોરબસ સાહેબે ૧૮૬૦ માં ડુંગરશી દેવશીને દીવાન નીમ્યો. ચાઈતીબુના માનીતા લુવાણા કેશવજી ને વીરજીની મદદથી ડુંગરશી ૧૪ મહિના સુધી ટકી રહયો પણ ૧૮૬૧ માં ઝાલા ગોકળજી સંપત્તિરામ દીવાન થયા. ૧૮૬૭ માં વાઘેર લોકોની માંછરડા પાસે ટોબરના ડુંગર ઉપર પૂર્ણ હાર થઈ, પણ કેપટન હેબર્ટ ને લાટુચ તેમાં મરી ગયા. ડુંગરશી શેઠ ઉપર વાઘેરને મદદ આપવાનો આરોપ મુકાયો, અને ડોસા પારેખના ખુનના કેસમાં ડુંગરશી, કેસવજી તથા મીયાં હામીદ રાજકોટમાં કેદ થયા. ૧૮૭૦ માં મુંબઇના ગવર્નર ફિટઝારાલ્ડ સાહેબે રાજકુમાર કોલેજ સ્થાપી. તેજ સાલમાં ભાવનગરના ઠાકોર સાહેબ જસવંતસિંહજી તથા ગોંડલના ઠાકોર સાહેબ સંગરામજી દેવલોક પામ્યા, કોનન બારીસ્ટરની મદદથી કેશવજીએ જુનાગઢ સ્ટેટ સામાં ઘણાં લખાણ છપાવ્યા. પણ ૧૮૭૧ માં દશ વર્ષની કેદ ભોગવી રહ્યા પછી બે મહિને મરી ગયો, ને

Aho ! Shrutgyanam

તેનો ભાઇ વીરજી પણ ઉપરકોટના કેદખાનામાં બારીએથી પડી અગર કોઇએ પાડવાથી મરણ પામ્યો. ૧૮૭૨ માં મહારાણીસાહેબનો કુંવર ડયુક ઓફ એડીનબરો આવ્યો ત્યારે નવાબ સાહેબ મુંબઇ પધાર્યા. તેજ વર્ષમાં કાઠીયાવાડ જ્યુડીશીઅલ એસિસ્ટંટની નવી જગો નીકળી. ૧૮૭૩ માં રાજસ્થાનિક કોર્ટ સ્થપાઇ. ૧૮૭૬ માં ભોપાળની બેગમને જી. સી. એસ. આઇ. નો ખિતાબ આપવાના પ્રસંગે નવાબ સાહેબ ફરી મુંબઇ ગયા ને ત્યાં પ્રીન્સ ઓફ વેલ્સની મુલાકાત થઇ. ૧૮૫૭ માં વઢવાણના ઠાકોર સાહેબ રાજસિંહ ગુજરી ગયા. ૧૮૭૭ માં મહારાણી સાહેબે કૈસરેહિંદની પદવી ધારણ કરી તે પ્રસંગે નવાબ સાહેબ દીલ્લી પધાર્યા ત્યારે તેમનું ૧૧ તોપનું માન વધારી ૧૫ તોપનું કર્યું. આ વર્ષમાં ઘણો ઓછો વરસાદ પડયો. ૧૮૭૮ માં રાવબહાદુર ગોકુળજી ઝાલા ગુજરી જવાથી ખાનબહાદુર સાલેહિંદી સી. આઇ. ઈ. દીવાન થયા. આ વર્ષમાં ઘણો વરસાદ પડવાથી પાકને નુકસાન પોચ્યું ને ટાઢો કાળ પડયો. તેમાં વળી તીડનો ઉપદ્રવ ને તાવની સખત બીમારી ચાલવાથી જુનાગઢની વસ્તીનો પાંચમો ભાગ પંચત્વપણાને પામ્યો. ૧૮૮૦ માં ગવર્નર સાહેબ સર જેમ્સ ફર્ગ્યુસને ભાવનગર ગોંડલ રેલવે ઉઘાડી. ૧૮૮૧ માં ભાવનગરવાળા બાપાલાલ નાયબ દિવાન થયા,

Aho ! Shrutgyanam

તેજ સાલમાં હાજીરાજને વઢવાણુનો કુલ અખત્યાર મળ્યો. ૧૮૮૨ માં મેયાનું તથા ૧૮૮૫ માં મકરાણીનું હુલડ થયું. ૧૮૮૨ ના સપ્ટેંબરની ૨૯ મી તારીખે નવાબ સર મહોબતખાનજી કે. સી. એસ. સ્વર્ગવાશી થતાં કુંવર બહાદુરખાનજી ગાદીનશીન થયા. તેમના વખતમાં વજીર બહાઉદ્દીનભાઈ હાશમભાઈ સી. આઈ. ઈ. એ તથા દીવાન હરિદાસ વિહારીદાસે રાજ્યની સારી સેવા બજાવી. મહોબત મદરેસા, જુનાગઢ તરફની રેલ્વે, વગેરે આ નવાબ સાહેબના વખતમાં થયાં. સંવત ૧૯૪૭ ના કાર્તિક માસમાં લોર્ડ હેરિસના હસ્તથી બહાદુરખાનજીને જી. સી. આઈ. નો કિતાબ મળ્યો. ને સંવત ૧૯૪૮ ના પોષવદ ૭ ને ગુરૂવારે બહાદુર બાબી બહાદુર ખાનજી દેવલોક પામવાથી નવાબ સાહેબ મહમદ રસુલખાનજી ગાદિપતિ થયા. તેમના વખતમાં મુંબઈના ગવર્નર લોર્ડ હેરીસના હાથથી લેપર એસાઇલમ સ્થપાયું. ને વજીર સાહેબ બહાઉદ્દીનભાઈ કે જે સંવત ૧૯૦૧ ની સાલથી રાજ્યની સેવા બજાવતા આવ્યા છે તેમને સને ૧૮૪૩ ના નવંબર માસની તા- ૨૩ મી એ લોર્ડ હેરીસે સી. આઈ. ઈ. નો ચાંદ રાજકોટ મુકામે પહેરાવ્યો.

દીવાન હરિદાસ પછી તેમના ભાઈ સરદાર બહાદુર બહેચરદાસ તથા ચુનીલાલ સારાભાઈ દીવાન થયા. સને ૧૮૦૩

Aho ! Shrutgyanam

માં નાયબદીવાન પુરસો-તમરાય સુંદરજી રાજ્યની નોકરી-માંથી દુર થયા ને સરદાર બહાદુર બહેચરદાશ બીજી વાર દીવાન થયા. ૧૮૦૬ માં મીરઝાં અબાસ અલીબેગ દીવાન થયા

जनक श्चोपकर्ता च यस्तु विद्यां प्रयच्छति.
अन्नदः प्राणदश्चैव पंचैते पितरःस्मृताः
राजपत्नी गुरोःपत्नी पत्नीमाता तथैवच
स्वमाता चोपमाताच पंचैते मातरःस्मृताः
सहोदरःसहाध्यायी मित्रं वा रोग पालकः
मार्गे वाक्यसखायश्च पंचैते भ्रातरःस्मृताः
प्रत्यक्षे गुरवःस्तुत्याः परोक्षे मित्र बांधवाः
कर्मान्ते दास भृत्याश्च पुत्रानैव मृतास्त्रियः
गन्तव्यं राजकुले द्रष्टव्या पूजिता लोकाः
यद्यपि न भवत्यर्था स्तथाप्य नर्थाः विलीयन्ते
उत्तमा बुद्धि कर्माणः करकर्मा च मध्यमाः
अधमा पाद कर्माणः शिरः कर्माच धमाधमः ॥
क्रूरं व्यसनीनं लुब्धमप्रगल्भं सदाभयं
मुर्खं मन्याय कर्त्तारं नाधिपत्ये नियोजयेत् ॥
इक्षुक्षेत्र समुद्रश्च योनि पोषण मेवच
प्रसादो भुभुजां चैव सद्योघ्नंति दरिद्रतां ॥

Aho ! Shrutgyanam

लक्ष्मी वसति वाणिज्ये किंचिद स्ति च कर्मणे
अस्ति नास्ति च सेवायां भिक्षायां न कदाचन ॥
कोदेश कानि मित्राणि कःकालःकौव्ययागमौ
कंचाहं काच मे शक्ति रिति चिंत्यं मुहुर्मुहुः ॥
धर्मारंभेऋणच्छेदे कन्यादाने धनागमे; शत्रुघाते ऽग्नि रोगेच कालक्षेपंन कारयेत् ॥ वैद्यो गुरुश्च मंत्रीच, यस्य राज्ञःप्रियं
वदाः शरीर धर्म कोशेभ्यःक्षिप्रं सपरिहीयते ॥
मामंस्य क्षीयते वित्तं, दीयमानं कदाचन
कूपाराम गवादीनां ददतामेव संपदः ॥
दरिद्रंभर राजेन्द्र मा समुधं कदाचन
व्याधि तस्यौषधं पथ्यं निरोगस्य किमौषधं
संतोष स्त्रिषु कर्तव्यः स्वदारे भोजने धने
त्रिषुचैव न कर्तव्यो दाने चाध्ययने तपे
दुष्टस्यदंडःस्वजनस्यपूजा न्यायेन कोशस्य च संपद्वृद्धिः
अपक्षपातः रिपुराष्ट्र रक्षा पंचैव यज्ञाः कथिता नृपाणां ॥
नरपति हितकर्त्ता द्वेष्यतां याति लोके जनपद हितकर्ता मुच्यते पार्थिवेन

इति महति विरोधे वर्तमाने समाने नृपति जनपदानां
दुर्लभः कार्यकर्ता

Aho ! Shrutgyanam

# અશોકના લેખનુ ભાષાંતર.

## શાસન ૧.

દેવના પ્રિય પ્રિયદર્શી રાજાનું આ શાસનછે. જીવહિંસા તદ્દન બંધ કરવી જોઇએ; જેમાં હીંસા થાય તેવા યજ્ઞો કરવા નહીં. મોટો સમાજ એકઠો કરવા દેવો નહીં. કારણકે દેવના પ્રિય પ્રિયદર્શી (અશોક) રાજા આવા મોટા સમાજને દોષરૂપ ગણે છે. ખરેખરી તો એકજ સમાજ છે જેને દેવના પ્રિય પ્રિયદર્શી રાજા કબુલ રાખે છે. આગળ ધર્મશાસન બહાર પાડવામાં આવેલું છે કે સત્કર્મમાં પ્રાણીઓ મારી શકાય; અને આજસુધી આવી રીતિ ચાલતી આવી છે, પણ તે રીતિ હવે કબુલ નથી; તેથી આ ધર્મશાસન બહાર પાડવામાં આવે છે કે હવેથી પ્રાણીઓને મારવાં નહીં.

## શાસન ૨.

દેવના પ્રિય પ્રિયદર્શી રાજાના સઘળા મુલકોમાં તથા પાસેના દેશ ચોળ, પાંડયદેશ, સત્યપુત્ર, કેરલપુત્ર, તામ્રપર્ણી (લંકા) માં તથા યવન રાજા એન્ટિયોકસ તથા તેના સામંત રાજાઓ હોય તે સર્વને માલુમ થાય કે રાજાએ બે બાબતો કરી છે. એક, મનુષ્યના સુખના ઉપાય, તથા બીજા, પશુઓના સુખના ઉપાય. એ બંને ઉપાયને માટે મનુષ્ય તથા પશુઓને ઉપયોગી જે જે ઔષધિઓ જે જે સ્થાને નથી તે તે ઔષધિઓ મંગાવીને ત્યાં ત્યાં રોપાવી છે. તેમજ ફળ મૂળ જે ઠેકાણે નથી ત્યાં તે મંગાવી રોપાવેલાં છે. તથા મનુષ્યોના અને પશુઓના ઉપયોગ સારૂં માર્ગમાં કૂવા ખોદાવ્યા છે તથા ઝાડ વવરાવ્યાં છે.

Aho ! Shrutgyanam

## શાસન ૩.

દેવના પ્રિય પ્રિયદર્શી રાજા કહે છે કે ગાદીએ બેઠાં મને બાર વર્ષ થયાં ત્યારે મેં એ પ્રમાણે આજ્ઞા કરી કે, જે લોકો ધર્મના નિયમથી બંધાયલા છે તે ગમે તો પરદેશના હોય અથવા મારી પ્રજા હોય તોપણ તેમણે નીતિનાં બંધન જેવાં કે માતાપિતા, મિત્ર, દાસ ને બાળક સંબંધી તથા બ્રાહ્મણ અને શ્રમણ સંબંધી કર્તવ્ય અમલમાં લાવવા સારૂં પાંચ વર્ષ પ્રાયશ્ચિત કરવું. ઉદારતા સારી છે. જીવતાં પ્રાણીને પીડા નહીં કરવી એ સારૂં છે. ઉડાઉપણું ને નિંદાથી દૂર રહેવું એ સારૂં છે. શ્રદ્ધાવાળા લોકોને આ સ્થાને ગણાવેલા સદ્‌ગુણ સંબંધી દાખલાથી અને ખુલાસાથી સમાજ પોતેજ ઉપદેશ આપશે.

## શાસન ૪.

ઘણો કાળ થયાં હિંસા ઘણી થાય છે; જ્ઞાતિમર્યાદા રહેતી નથી; બ્રાહ્મણ શ્રમણનું માન રહેતું નથી; માટે દેવના પ્રિય પ્રિયદર્શી રાજા ગજાદિક સહિત સ્વારી કહાડી, વાજીંત્ર વજડાવી તથા આતશ બાજી ફોડાવી અગાઉ કોઇ દિવસ નહીં આપેલો એવો હુકમ આપે છે કે, પ્રાણી હિંસા કરવી નહીં. બ્રાહ્મણ શ્રમણનું માન રાખવું. માબાપની સેવા કરવી તથા વૃદ્ધની સેવા કરવી. આ અને બીજાં ધર્માચરણ દેવના પ્રિય પ્રિયદર્શી રાજાએ વધાર્યાં છે. અને હજુ પણ વધારશે. દેવના પ્રિય પ્રિયદર્શીના પુત્ર પોત્રાદિકો પણ પ્રલય પર્યંત ધર્મ તથા શીલ પાળી આ ધર્માચરણની વૃદ્ધિ કરશે. કારણકે જે દુઃશીલ હોય છે તે પોતે પણ ધર્મ પાળી શકતો નથી. ધર્માચરણની વૃદ્ધિ થાય તથા ઘટારો ન થાય એમાં સારૂં છે

Aho ! Shrutgyanam

એમ ધારી આ લખેલું છે. આ બાબતની વૃદ્ધી થાઓ. હાની ન થાઓ. ગાદીએ બેઠે બાર વર્ષ થયા પછી દેવના પ્રિય પ્રિયદર્શી રાજાએ આ લખાવેલું છે

## શાસન. ૫

દેવના પ્રિય પ્રિયદર્શી રાજા ફરમાવે છે કે કોઇનું કલ્યાણ કરવું એ કઠણ છે તથા પાપ કરવું એ સહેલું છે. માટે મેં જેમ શુભ કૃત્ય કર્યાં છે તેમ મારા પુત્ર, પૌત્ર તથા પ્રપૌત્રાદિક પણ દરેક સમયે ઘણાં સારાં કામ કરશે. લોકો પણ તેજ પ્રમાણે ચાલશે તો સુખી થશે. જે આ માર્ગને તજશે તે દુઃખ પામશે, પાપ સુકર છે. માટે મારા રાજ્યના તેરમા વર્ષમાં :સર્વ ધર્મના લોકોમાં નીતિ-ની દેખરેખ રાખવા સારૂં મહ્ગુણીની વૃદ્ધિ થવા, અને યવન, કાં-બોજ, ગંધાર, રાષ્ટ્રિક અને પિનેનિકના સુધર્મી લોકોમાં સુખની વૃદ્ધિ કરવા સારૂં મેં ધર્મમહામાત્ર નીમ્યા છે. તેઓ લડવૈયા લોકોમાં, બ્રાહ્મણ, શ્રમણ તથા બીજા લોકોમાં ભિન્ન હરકતે સારા લોકનું કલ્યાણ થવા સારૂં, બંધિવાનોના બંધ તોડાવવા સારૂં અને પૂરેલાને બહાર કાઢવા સારૂં પવિત્રગુરૂએ આપેલા જ્ઞાનના સાધન વડે કરશે. પાટલી પુત્ર શહેરમાં અથવા બહાર જ્યાં મારાં ભાઇ બ-હેન અથવા સગાંવહાલાં હશે, ત્યાં પણ તેઓ જશે. આ ધર્મમહા-માત્ર જે નીતિની દેખરેખ માટે નીમવામાં આવ્યા છે તેઓ જેજે સ્થાનોએ નીતિનો કાયદો સ્થપાયો છે ત્યાં ત્યાં પુણ્યવાન અને સદ્-ગુણીજનોને ઉત્તેજન આપશે. આવા ઇરાદાથી આ શાસન લખ્યું છે તે મારી પ્રજાએ માનવું.

Aho ! Shrutgyanam

## શાસન ૬.

પ્રાચીનકાળમાં પ્રજાના હિત ઉપર ધ્યાન આપવામાં આવ્યું હોય તેમ જણાતું નથી. તેમજ કોઇ અમલદારોએ પણ ધ્યાન આપ્યું નથી. માટે હવે મારા રાજ્યમાં સ્ત્રીઓ ઉપર, ધર્મસ્થાન ઉપર, યાત્રાળુ ઉપર, વ્યાપાર ઉપર તથા બાગબગીચા ઉપર મેં ચોકીદાર રાખેલા છે, અને હરેક રીતે મારી પ્રજાના સુખમાં વધારો થાય તેમ કર્યું છે. હું અને મારા મહામાત્ર જે જે જાહેર કરીએ તે મંજૂર થવા માટે સભામાં મૂકવામાં આવશે. મંજૂર થયા પછી મને ખબર આપવામાં આવશે. આવી આજ્ઞા મેં સર્વ ઠેકાણે કરી છે. જગતનું હિત કરતાં કરતાં મને સંતોષ થતો નથી. આખી દુનીઆને આબાદ કરવી એ ઘણોજ સ્તુતિપાત્ર પ્રયત્ન છે. જ્યારે સર્વ લોકો આ લોકમાં સુખી થાય અને અંતે સ્વર્ગમાં જવા શક્તિમાન થાય ત્યારેજ હું તેમનાં ઋણથી છુટું. આવા ઋણથી મુક્ત થવા માટે મારા સઘળા યત્ન છે. આવા વિચારથી આ નીતિનું શાસન લખવામાં આવ્યું છે. આ ઘણા કાળ સુધી ટકો મારી પાછળ મારા પુત્ર, પૌત્ર તથા પ્રપૌત્ર આખી દુનીઆના ભલાને માટે યત્ન કરો આ કામ અત્યંત શ્રમવિના બને તેવું નથી.

## શાસન ૭.

દેવપ્રિય પ્રિયદર્શી રાજા એવી ઇચ્છા રાખે છે કે સર્વ ધર્મગુરૂઓ સંપથી રહે. તેઓ ઇચ્છે કે અમે જેવા નિયમ પાળીએ છીએ તેવાજ નિયમ બીજા લોકો પાળે તથા રાખે. પણ સર્વ મનુષ્યના મત તથા ઇચ્છાઓ જૂદી જૂદી હોય છે. માટે કેટલાએક બધું પાળે, તેમજ કેટલાએક થોડું પણ પાળે; તોપણ એટલું તો

Aho ! Shrutgyanam

ખરૂં કે નિયમ, દાન ઇત્યાદિ ઘણાં છે. તેમજ સંયમ, ભાવશુદ્ધિ, કૃતજ્ઞતા, દ્રઢભક્તિ એ શ્રેષ્ઠ છે.

## શાસન ૮.

આગળના વખતમાં રાજાઓ મૃગયા (શિકાર) વગેરે મોજશોખ માટે મુસાફરી કરતા. પણ દેવપ્રિય પ્રિયદર્શી રાજાને તો ગાદીએ બેઠા પછી દસમે વર્ષે જ્ઞાન થયું કે સર્વ યાત્રાઓ કરતાં ધર્મયાત્રાજ શ્રેષ્ઠ છે. જેમાં બ્રાહ્મણ શ્રમણનું દર્શન થાય. તથા તેમને દાન અપાય. વૃદ્ધ જનોનું દર્શન થાય તથા તેમને સુવર્ણની બક્ષીસ આપી શકાય પોતાના દેશના લોકોની મુલાકાત લઇ શકાય. ધર્મનો બોધ આપી શકાય. તથા તે વિષે પુછપરછ થઇ શકે. પોતાનો અગાઉનો વિચાર ફેરવીને ધર્મયાત્રા સ્વીકારી, તેથી દેવપ્રિય પ્રિયદર્શી રાજા પોતે ઘણા રાજી થયા છે.

## શાસન ૯.

દેવપ્રિય પ્રિયદર્શી રાજા કહે છે કે કંઇ હરકત હોય, પુત્ર પ્રસવે, પ્રવાસ કરવો હોય તથા એ શિવાય બીજા ઘણા પ્રસંગ આવે ત્યારે મનુષ્યો નાનાં મોટાં માંગલિક કૃત્યો કરે છે. જે માણુસો આવાં નિરર્થક અને ક્ષુદ્ર અનેક મંગળ કરે છે તે મૂઢ છે. માંગલિક કૃત્યો તો અવસ્ય કરવા જોઇએ. પણ એવાં મંગળ કૃત્યોનું બહુજ થોડું ફળ છે. ધર્મમંગળ એજ મહામંગળ છે. એ મંગળમાં નીચેની બાબતો છે. નોકર ચાકરની ખબર રાખવી, ગુરૂની સારી રીતે સેવા કરવી. જીવને સારી રીતે નીયમમાં પ્રવર્તાવવા. બ્રાહ્મણ તથા ભિક્ષુકોને સારૂં દાન આપવું. એ તથા એવા પ્રકારનાં બીજાં સત્કર્મ કરવાં એનું નામ ધર્મમંગળ છે. આ મંગળ કરવાનો બોધ બાપ હોય તો બાપે, દીકરાએ, ભાઇએ, કે ઉપરીએ જયાં સુધી સામા

Aho ! Shrutgyanam

માણુસના મનમાં ઉતરે ત્યાં સુધી કરવો. આગળ કહ્યું છે કે દાન કરવું તે સારૂં છે પણ જેવાં ધર્મ સંબંધી દાન તથા અનુગ્રહ છે તેવાં બીજાં કોઇપણ દાન કે અનુગ્રહ નથી- શુભ અંતઃકરણવાળા મિત્રે, જ્ઞાતિલાએ તથા સલહકારે પ્રસંગ આવે ત્યારે કહેવું કે ઉપર કહેલાં કામ સારાં છે માટે તે કરવાં. આ સઘળું જે કરે છે તે અંતે સ્વર્ગે જાય છે. સ્વર્ગે લઇ જનારાં આ કામ જરૂર કરવાં જોઇએ.

## શાસન ૧૦.

જો દેવપ્રિય પ્રિયદર્શી રાજાની પ્રજા ધર્મસેવન ન કરત અથવા ધર્મજ્ઞાને ન અનુસરત તો તે યશ કે કીર્તિને પરમ લાભકારી ન ગણુત. પરંતુ તેની પ્રજા ઉપર પ્રમાણે પ્રવર્તે છે માટે તે યશ અથવા કીર્તિને ચાહે છે. દેવપ્રિય પ્રિયદર્શી રાજા જે કંઇ પરાક્રમ કરેછે તે કેવળ પરલોકને માટે કરેછે. તેથી પોતે બિલકુલ કલંકમુકત રહે ખરો. કલંક તો પાપજ છે. પરંતુ જો માણુસ સર્વકામ મૂકી દઇ આ કામને વાસ્તે અત્યંત પરિશ્રમ લે, તો ભલે તે ઉંચી કે નીચી પંકિતનો હોય તોપણુ તેનાથી આ કામ બનવાનું નથી- તેમાં પણુ ઉંચી પદવીના માણુસથી તો આ કામ બનવું ઘણુંજ અશકય છે.

## શાસન ૧૧.

દેવના પ્રિય પ્રિયદર્શી રાજા એમ કહેછે કે જેવું ધર્મદાન, ધર્મચર્ચા, ધર્મસંબંધી ઉદારતા કે ધર્મનો સંબંધછે એવું કોઇ પણુ દાન નથી. ધર્મદાન વગેરેમાં નીચેની બાબતો છે ........... નોકર ચાકરની સારી બરદાસ્ત રાખવી. માતાપિતાની ભકિત કરવી,

Aho ! Shrutgyanam

મિત્ર, ઓલખીતા, જાતિભાઇ, બ્રાહ્મણ તથા ભિક્ષુકોને સારી રીતે દાન દેવું. તથા જીવની રક્ષા કરવી. આ શુભ કર્તવ્ય છે. એમ બાપે, દીકરાએ, ભાઇએ, મિત્રે, ઓળખીતા માણસે, જાતિભાઇએ તથા પાડોશીએ પણ કહેવું. આ પ્રમાણે જે :કરેછે તે આ જગતમાં સર્વની પ્રીતિને પાત્ર થાયછે તથા પરલોકમાં પણ અનંત પુણ્યનું ફળ ભોગવે છે.

## શાસન ૧૨.

દેવપ્રિય પ્રિયદર્શી રાજા સર્વ સંપ્રદાયના ભિક્ષુકમંડળ તથા ગૃહસ્થનો દાન માનાદિથી સત્કાર કરે છે. દેવપ્રિય પ્રિયદર્શી રાજા એમ માને છે કે, જે દાન કે પૂજાથી સર્વ સંપ્રદાયની યશોવૃદ્ધિ થાય તેના જેવુ બીજું કોઇ દાન કે પૂજા નથી. સંપ્રદાયનું બળ અનેક રીતે વધી શકે છે. પણ સંપ્રદાયના ઉદયનું મૂળ તો એજ છે કે વાચા નિયમમાં રાખવી. કારણ કે તેથી પોતાના સંપ્રદાયની પ્રશંસા અથવા પર સંપ્રદાયની નિંદા ન થાય, તથા પ્રસંગ વિનાનુ હલકું બાષણુ ન થાય. પ્રસંગ આવે ત્યારે એક સંપ્રદાયવાળા મનુષ્યોએ બીજા સંપ્રદાયવાળાને [illegible] આપવું. જેઓ પ્રસંગે એક બીજાના સંપ્રદાયને ઉત્તેજન આપે છે તેઓ પોતાના સંપ્રદાયને વધારે છે, ને પર સંપ્રદાયનો ઉપકાર કરે છે. જે આથી વિરૂદ્ધ વર્તે છે તે પોતાના સંપ્રદાયનો ક્ષય કરે છે, તથા પર સંપ્રદાયનો અપકાર કરે છે. તથા હું મારા સંપ્રદાયની ઉન્નતિ કરૂંછુ એમ સમજી જે પોતાના સંપ્રદાયની કેવળ સ્તુતિ કરે છે તે પણ પોતાના સંપ્રદાયનો અત્યંત નાશ કરે છે. માટે સર્વ સંપ્રદાયવાળાએ હળી મળીને રહેવું એ સારૂં છે, તેઓ એકબીજાના

Aho ! Shrutgyanam

ધર્મથી વાકેફ થાય તથા એકબીજાને મદદ કરે એવી દેવપ્રિય પ્રિયદર્શી રાજાની ઇચ્છા છે. કારણ કે, સર્વ સંપ્રદાયવાળા બહુશ્રુત તથા..............થાય જેથી સર્વ સંપ્રદાયનો યશ વધે તથા તેમને માન મળે એવા દાન શિવાય બીજા દાન કે પૂજનને તે માનતો નથી. આટલા સારૂ ધર્મ મહામાત્ર, સ્ત્રીઓ વિષે તપાસ રાખનારાઓ, સન્યાસીઓ આદિકની સાર સંભાળ રાખનારાઓ તથા એવા બીજાઓ કામે લગાડયા છે, આમ કરવાનું ફળ એટલુંજ કે, પોતાના સંપ્રદાયની વૃદ્ધિ થાય તથા ધર્મ પ્રકાશ પામે.

## શાસન ૧૩.

( અક્ષરો ઘણાખરા ઘસાઇ ગયા છે. )

આ ધર્મલિપી દેવપ્રિય પ્રિયદર્શી રાજાએ લખાવેલી છે. કોઇ ઠેકાણે સંક્ષેપમાં લખાયેલી છે, કોઇ ઠેકાણે મધ્યમ રીતે તથા કોઇ સ્થાને વિસ્તારથી લખાયેલી છે. બધે ઠેકાણે બધું લખેલું નથી. દેશ મોટો છે માટે મેં જે લખાવ્યું છે તે ઘણું છે. કેટલીક બાબતો વિષયની મધુરતાને લીધે ફરી ફરીને લખી છે. કારણ કે તે બાબતોને લોક વિશેષ પ્રીતિથી ગ્રહણ કરે. જો આ કોઇ સ્થાને અપૂર્ણ અથવા અયોગ્ય લખ્યું હોય તો તેનું કારણ એમ ધારવું કે અસલ સાથે તેની નકલ મેળવી નહીં હોય અથવા તો કોતરનારે ભૂલ કરી હશે.

Aho ! Shrutgyanam

# સ્કંદગુપ્તના લેખનું ભષાંતર.

જેણે બલિરાજા પાસેથી પોતાના પ્રીતિપાત્ર ભક્તોને ભોગવવા યોગ્ય ઘણા કાળથી સંગ્રહ કરેલી સમૃદ્ધિને ઈંદ્રના સુખને માટે હરી લીધીછે, ને જે કમળમાં રહેનારી લક્ષ્મીનું વાસગૃહ છે તે અતિશય વિજયી તથા દુઃખ હરનાર વિષ્ણુનો જય થાઓ. તે પછી રાજાઓને ઘટે તેવા ગુણનો ભંડાર, શોભાયમાન વક્ષસ્થળવાળો, જેણે પોતાની ભુજાવડે પરાક્રમ કરેલાં છે તથા જે પુષ્કળ લક્ષ્મીવાન છે તે સ્કંદગુપ્તનો જય થાઓ. તે સ્કંદગુપ્ત માન અને ગર્વરૂપી ફૂલેલી ફણાવાળા નૃપરૂપી સર્પોને ગરૂડની ખાણુ સમાન તથા તેમનું વિષ ઉતારનાર છે. તેણે પોતાના પિતાના દેવલોક પામ્યા પછી ચાર સમુદ્રમાં ઉત્પંન થયેલાં રત્નોથી ભરપૂર એવી ચો તરફ વસેલા દેશવાળી પૃથ્વીને તાપે કરી શત્રુઓને નમાવ્યા. એ રાજાનો યશ પ્રસરતી વેળાએ જેમનો ગર્વ મૂળથી ગયો હતો તેવા મ્લેચ્છ દેશમાં વસનાર તેના શત્રુઓ જીતાયેલ જેવાજ હતા, અને લજ્જાને લીધે તેઓ પોતાનાં મુખ રાજાને દેખાડી શકતા નહોતા. લક્ષ્મીએ ડહાપણથી વિચારીને તથા ગુણદોષનાં કારણો ધ્યાનમાં લઇને સર્વ રાજકુમારોનો અનાદર કરી સ્વયંવરમાં સ્કંદગુપ્તને પસંદ કર્યો. તેની પ્રજામાં કોઇ પણ અધર્મના માર્ગે ચાલનાર, દુઃખી, દરિદ્રી, દંભી, લોભી, દંડયોગ્ય કે પીડિત નહોતું. એમ તેણે સઘળી પૃથ્વીને જીતીને શત્રુઓનો ગર્વ ભંગ કરી તથા સર્વ મુલકમાં રક્ષક નીમીને આ પ્રમાણે અનેક પ્રકારે વિચાર કરવા માંડયો. લાયક બુદ્ધિશાળી, વિવેક, વિચાર ને સ્મરણશકિતવાળો

Aho ! Shrutgyanam

સત્ય, સરલતા, ઉદારતા ને નીતિયુક્ત, મધુરતા, વિદગ્ધતા ને યશ-વાળો, પ્રીતિયુક્ત, પુરૂષત્વવાળો, નિષ્કપટ, સકલ કર્તવ્ય કર્મમાં તત્પર, સર્વ જનના કલ્યાણની કાળજી રાખનાર, એવો કોઈ મનુષ્ય મારા અમલદારોમાં હશે? વળી તે નીતિમાર્ગે દ્રવ્યનો સંગ્રહ કરવામાં, તથા તેનો યોગ્ય રસ્તે ઉપયોગ કરવામાં સમર્થ હશે? જે આખા સૌરાષ્ટ્ર દેશ ઉપર અમલ ચલાવી શકે એવો મારા અમલદારોમાં કોણ છે? અરે હા, યાદ આવ્યું. આ બધો બોજો ઉઠાવવાને સમર્થ પર્ણદત્તજ છે. આ પ્રમાણે કેટલાએક દિવસ સુધી વિચાર કરી અંતે દ્રઢ નિશ્ચય કરીને પર્ણદત્તને કેટલીએક આજીજી સાથે સોરાષ્ટ્રના રક્ષણને માટે નીમ્યો. જેમ પશ્ચિમ દિશાના અધિપતિ તરીકે વરૂણને નીમીને દેવતાઓ નિશ્ચિંત થયા, તેમ પશ્ચિમ દિશામાં સૌરાષ્ટ્ર ઉપર પર્ણદત્તને નીમીને સ્કંદગુપ્ત રાજા નિશ્ચિંત થયો. પર્ણદત્તને એક પુત્ર હતો તેનામાં ખરૂં પુત્રપણું હતું. તે બીજો પર્ણદત્ત હોય તેવો હતો. તથા તેને તેના બાપે પોતાના આત્માની પેરે ઉછેર્યો હતો. તેનું મન શાંત તથા આકૃતિ કામદેવના જેવી રૂપાળી હતી. તેનું મુખ તળાવમાં ખીલેલા ફૂલ સરખું હતું. પોતાને ઘટે તેવી અનેક તરેહની રમતોથી તે હમેશાં ખુશીમાં રહેતો. શરણે આવેલા લોકોનો રક્ષક હતો. તેનું નામ ચક્રપાલિત હતું. તે લોકપ્રિય હતો. તથા પોતાના ઉત્તમ ગુણો વડે તેણે પોતાના પિતાની કીર્તિ વધારી. ક્ષમા, અમલ, વિવેક, નીતિ ગર્વરહિતશોર્ય,.....દાન, ખુશમિજાજ, ડહાપણ, ઋણમુક્તિપણું, ચંચળાઇ, સોંદર્યતા, દુષ્ટને દંડ દેવો, ધૈર્ય ઉદારતા એ સર્વ ગુણો તેનાથી કોઇ દિવસ છુટા પડતા નહીં જેની ઉપમા આ ચક્રપાલિતને અપાય તેવો કોઈ

Aho ! Shrutgyanam

પણ માણસ જગતમાં નથી. પણ સર્વ ગુણ તેમાં છે, માટે તેની ઉપમા બીજાને અપાય છે. આ તથા બીજા ગુણોની પરીક્ષા કરીને તેને તેના બાપે સોરાષ્ટ્રની સરદારી સોંપી ત્યારથી તેણે પોતાના પૂર્વજો કરતાં પણ સારી રીતે શેહેરનું રક્ષણ કર્યું. તેણે પોતાની ભુજાઓના પરાક્રમ શિવાય કોઇ બીજા ઉપર આધાર રાખ્યો નથી. તેણે ગર્વથી કોઇને દુઃખ દીધું નથી. શહેરમાં જે દુષ્ટ જન હતા તેને શિક્ષા કરી. સર્વ પ્રજાનો તેના ઉપર ભરોંસો હતો. તે પ્રજાના ગુણદોષની પરીક્ષા કરીને તેમની સાથે હસ્તે મોડાડે વાત કરીને તથા તેમને યોગ્ય સન્માન આપીને પોતાનાં બાળબચ્ચાંની માફક રાજી કરે છે. એક બીજાને ઘેર જવા આવવાથી તથા કુલાચાર પ્રમાણે તેમનો આદરસત્કાર કરવાથી તેણે લોકોની પ્રીતિમાં વધારો કર્યો છે. તે બ્રાહ્મણપણું જાળવી રાખનાર, સમર્થ, પવિત્ર ને દાનશીલ છે. તે જે દર્શનીય પદાર્થ મળે તેનો ધર્મ ને અર્થને હરકત ન આવે તેવી રીતે ઉપભોગ કરે છે. પર્ણદત્તનો દીકરો નીતિવાન થાય એમાં કંઇ આશ્ચર્ય નથી. કારણકે મોતીનાં ઝુમખાં તથા પાણીમાં થતાં કમળ જેવાં શીતળ ચંદ્રમાંથી કદી પણ ગરમી ઉત્પન્ન થશે ? ઋતુના ક્રમ પ્રમાણે ઉનાળો ઉતરી જ્યારે ચોમાસું આવ્યું ત્યારે ગુપ્તના કાળથી ગણતાં ૧૩૬ ની સાલમાં ભાદરવા શુદ ૬ ની રાત્રીએ લાંબા વખત સુધી ઘણો વરસાદ વરસ્યો. જેથી સુદર્શન તળાવ એકદમ ફાટયું. રૈવત પર્વતમાંથી નીકળેલી આ સઘળી નદીઓ તથા રેતીથી ચળકાત મારતી પળાશિની (સોનરેખ) નદી જે આજ ઘણા કાળ સુધી બંધનમાં રહી હતી તે આજ હર્ષ પામી આગળની માફક ઉતાવળી

Aho ! Shrutgyanam

પોતાના પતિ (સમુદ્ર) તરફ ચાલતી થઈ. વરસાદ થવાથી હર્ષ પામેલા સમુદ્રને જોઇ તેનું પ્રિય ચાહનાર ઉજ્જયંત પર્વતે પાણીમાં ઉગેલા કમળથી શોભાયમાન નદીરૂપી હાથ લાંબો કર્યો. કેટલાક રાતમાં જાગી ઉઠેલા તથા કેટલાએક પાછલી રાત્રે જાગેલા લોકો ખેદ પામી ચિંતા કરવા લાગ્યા કે હવે શું કરવું? તેટલામાં સુદર્શન તળાવ અદર્શન થયું (નાશ પામ્યું.) લોકો કહેવા લાગ્યા કે સુદર્શન તળાવ જે હાલ દેખાતુંજ નથી તે ફરી કોઇ દીવસ સમુદ્રનો દેખાવ આપશે............ચક્રપાલિત પિતાનો ભક્ત હતો તેથી રાજાના તથા શહેરના હિતને વાસ્તે ૧૩૭ની સાલમાં............ ઉનાળાના માસ (ચૈત્ર)............પહેલે દિવસે ઘણોએક શ્રમ તથા પૈસા ખરચી........ ...

## રૂદ્રદામાના લેખનું ભાષાંતર.

સિદ્ધ, આ સુદર્શન તળાવ ગિરનાર પર્વતના પડધાર......માટી તથા પથ્થરથી લાંબુ પહોળું તથા ઉંચુ પથરાની સાંધ માલમ ન પડે તેવી રીતે મજબુત ચણેલી પાળવાળું છે. તેથી તે ડુંગરની ધારની બરોબરી કરે છે. તેના બંધ ઘણા સજ્જડ છે......તેને એક સ્વાભાવિક પુલ છે. તથા તેને પાણી જવા માટે રસ્તા રાખેલા છે તેની ત્રણ શાખા છે......વગેરે ઉપકારોથી ઘણુંજ વૃદ્ધિ પામ્યું છે. આ તળાવ પ્રાતઃકાળે નામ લેવા યોગ્ય મહાક્ષત્રપ સ્વામિચષ્ટા રાજાના પૌત્ર......(મહાક્ષત્રપ જયદામાના) પુત્ર જેનું નામ મોટા પુરૂષો પણ વારંવાર લે છે તે રૂદ્રમાના ૭૨ મા વર્ષમાં માર્ગશીર્ષ વદી પડવાને દિવસે......જ્યારે પૃથ્વી સમુદ્ર જેવી થઇ હતી ત્યારે ઉજ્જયંત પર્વતમાંથી વહેતી સુવર્ણ જેવી

Aho ! Shrutgyanam

સોનરેખ, પળાશિની વગેરે નદીઓના વધેલા પુરના વેગને લીધે પુલ........ફાટે નહીં તેને માટે જોઇએ તે જેવી યુક્તિઓ કરી રાખ્યા છતાં પણ પર્વતનાં શિખર, ઝાડ, અગાશી, ઘર, જયસ્તંભ, બારણું વગેરેનો નાશ કરનાર પ્રલયકાળ સમાન ભયંકર અત્યંત વેગવાળા પવનને લીધે ઉછળતા પાણીમાં ભાગી ગયેલ......પથરાઓ ઝાડનાં મૂળ, તથા વેલાઓનાં જાળાં આવી પડયાં, તેથી પુલ તુટયો

તથા તેમાં મથાળેથી નદીનાં તળસુધી ચારસેં વીસ હાથ લાંબો, તેટલોજ પહોળો, તથા પંચોતેર હાથ ઉંડો રસ્તો પડી ગયો. જે માર્ગે સઘળું પાણી નીકળી જવાથી એ તળાવ મારવાડ જેવું અત્યંત દુર્દર્શન થયું......સારૂં મૌર્યવંશી રાજા ચંદ્રગુપ્તના સુબા વૈશ્યજાતિ પુષ્પગુપ્તે બંધાવ્યું હતું. તથા મૌર્યવંશી યવન રાજાના (સેવક) યવન રાજા તુશસ્પે નહેરોથી સણુગાર્યું હતું. રાજાને કરાવવી ઘટે તેવી કરાવેલી નહેર જે તે પુલના ફાટેલા ભાગમાં નજરે પડી તેથી મોટા પુલ.........જન્મથીજ મોટા લક્ષ્મીવાન હોવાથી સઘળા વર્ણોએ શરણે જઇ જેને પોતાના રક્ષણને માટે સ્વામી તરીકે સ્વીકાર્યો છે. સંગ્રામમાં સન્મુખ આવેલા પોતાના બરોબરીઆ શત્રુને મારવા શિવાય જીવતાં સુધી કોઇપણ મનુષ્યવધ નહીં કરવાની જેણે પ્રતિજ્ઞા લીધેલી છે. દાનાદિ ગુણ ........જે દયાવાન તથા પોતાની મેળે શરણે આવેલા લોકોનું વિશેષપણે રક્ષણ કરનાર છે. પૂર્વ પશ્ચિમ આકરાવંતી, અનૂપ દેશ, આનર્ત, સુરાષ્ટ્ર, શ્વભ્ર, મરૂકચ્છ, સિંધુ, સૌવીર, કુકર, અપરાંત, નિષાદ વગેરે સર્વ દેશો જેમાંનાં નવાં શહેરોના તથા બજારના માણસો પણ ચોર, સર્પ, પશુ, રોગ વગેરે ઉપદ્રવથી મુક્ત છે. જેઓ

Aho ! Shrutgyanam

પોતાના પરાક્રમથી મેળવેલી રાજભક્ત પ્રજાવાળા છે; જેઓમાં તેના પ્રભાવને લીધે........ઇષ્ટવસ્તુ મળી શકે છે; તેઓનો જે સ્વામી છે. સર્વ ક્ષત્રીઓની અંદર મળેલી વીર પદવીને લીધે ગર્વ પામી તાબે નહીં રહેલા યોદ્ધાઓનો જેણે બળાત્કારે જડમૂળથી નાશ કર્યો. દક્ષિણાપથના રાજા સાતકર્ણિને ખુલ્લી રીતે બે વાર જીતીને પોતાનો નિકટનો સંબંધી હોવાથી જીવતો છોડી દઇ જેણે યશ મેળવ્યો ........જે વિજયી તથા પદભ્રષ્ટ થયેલા રાજાઓને ફરીને બેસારનાર છે. યોગ્ય ઉદારતાથી જેણે ધર્મની ઉત્કૃષ્ટ પ્રીતિ મેળવી છે. વ્યાકરણ, તર્ક, સંગીત, નીતિ વગેરે મોટી વિદ્યાઓનો અભ્યાસ કરવાથી, તેમને યાદ રાખવાથી, તેમનો સારાંશ સમજવાથી તથા તેમનો ઉપયોગ કરવાથી જેણે પુષ્કળ યશ મેળવ્યો છે. હાથી, ઘોડા, રથને ફેરવવા, ઢાલ, તરવાર વગેરેથી યુદ્ધ........જેનું કામ શત્રુની સેના ઉપર ટુંકું તથા સહેલું જણાય છે. દાનમાન આપવાનો તથા અપમાન નહીં કરવાનો જેનો સ્વભાવ છે. જે દીર્ઘદ્રષ્ટિ છે. જેનો ખજાનો યોગ્ય ભેટ તથા કરથી આવેલાં સોનું, રૂપું, હીરા, વૈદૂર્યમણિની પુષ્કળતાથી ઉભરાઇ જાય છે. જેની ગદ્યપદ્યાત્મક વાણી સ્ફુટ, કોમળ, મધુર, વિચિત્ર, મનોહર શબ્દ તથા ગંભીર અર્થયુકત, ને અલંકારવાળી છે ઉત્તમ લક્ષણ જણાવનાર કદ, ઉંચાઇ, અવાજ, ચાલ, બળ, વગેરેથી જેની આકૃતિ મનોહર છે. જેણે પોતાના પરાક્રમથી મહાક્ષત્રપની પદવી મેળવી છે. રાજકન્યાઓના સ્વયંવરમાં જેના કંઠમાં અનેક વરમાળા રોપાયેલી છે. તે મહાક્ષત્રપ રૂદ્રદામાએ હજાર વર્ષ સારૂં ગાય......બ્રાહ્મણ......સારૂં પોતાના ધર્મ તથા કીર્તિની વૃદ્ધિ વાસ્તે શહેરની તથા દેશની પ્ર-

Aho ! Shrutgyanam

જાને કર, વેઠ તથા પ્રીતિનાં કામોથી પીડા.........પોતાના ભંડાર-માંથી અથાગ દ્રવ્ય ખરચી થોડા વખતની અંદર હતો, તેથી ત્રણુ ગણો લાંબો પહોળો તથા મજબુત પૂલ બંધાવી સુદર્શન તળાવને વધારે સુદર્શન કર્યું છે. આ કામમાં તે રાજાના મંત્રીઓ તથા કામદારો જોકે કારભારીને યોગ્ય ગુણુવાળા છે તોપણુ ફાટ ઘણીજ મોટી હોવાથી ઉત્સાહભંગ થઇ તેમણે એ પૂલ ફરી બાંધવાનુ કામ શરૂ કરવાની ના પાડી. આથી નિરાશ થયેલી પ્રજામાં શોકનો પોકાર ઉઠયો. ત્યારે આ જગાએ સૌરાષ્ટ્ર તથા આનતના રક્ષણુને માટે નીમેલો, ધર્મ તથા અર્થને અનુસરીને પ્રજાની પ્રીતિમાં વધારો કરનાર, શક્તિવાન, ઇંદ્રિયો વશ રાખનાર, સ્થિર મનવાળો, ગભરાય નહીં એવો, પોતાના ધણીના ધર્મ ને કીર્તિને વધારનાર, જે કુલેયનો પુત્ર સુવિશાખ પેલ્હવ છે તેણે આ કામ પુરૂં કર્યું.

કાળીકાના ખપ્પર જેવો, શેષ નાગના ઉચ્છવાસને પલાશના પર્ણ જેવો, શંકરના ત્રીજા નેત્ર જેવો રાતો સુર્ય ખીલ્યો.

સ્નાયુ હિંસા, ધમની, ધારણી, ધરા, તંતુકી, વાયુકી, સ્થિરાને જીવન્ના એ ૯ નાડી છે.

# સમાપ્ત.

Aho ! Shrutgyanam